જૈન તેમ જ પૌરાણિક અનુશ્રુતિમાં શ્રીકૃષ્ણ અને દ્વારકા એવાં ઘનિષ્ઠપણે સંકળાયેલાં છે કે એકબીજાનો સાવ સ્વતંત્રપણે વિચાર કરવો મુશ્કેલ છે, તેમ છતાં શક્ય તેટલી પુનરુક્તિને ટાળી, જૈન આગમ ગ્રંથોમાં મળતા દ્વારકાના ચિત્રને ઉપસાવવા અહીં પ્રયત્ન કર્યો છે.

આ ગ્રંથોમાં દ્વારકાનગરીનો ઉલ્લેખ પ્રાકૃતમાં 'બારવઈ,' 'બારવતી', કે 'બારમતી' એ નામે, અને સંસ્કૃતમાં દ્વારવતી નામે આપે છે. પ્રાચીન આગમો મોટે ભાગે 'બારવઈ' અભિધાન જ વધારે પ્રયોજે છે[૭૩]. જૈન આગમ પરની વૃત્તિઓમાં 'દ્વારકાવતી' નામ પણ પ્રયોજાયું છે[૭૪].

આ નગરીનું વર્ણન આગમગ્રંથોમાં નીચે પ્રમાણે મળે છે : આ નગરી ૧૨ યોજન લાંબી, નવ યોજન પહોળી, મનને પ્રસન્ન કરનારી, દર્શનીય અને અલકાપુરી જેવી અપ્રતિમ હતી. ધનપતિએ તેને નિર્મેલી હતી. તેના પ્રાકારો સોનાના હતા. તેની બહાર ઈશાનકોણમાં ઊંચો અને ગગનચુંબી શિખરોવાળો રૈવતક પર્વત હતો. તેની પાસે નંદનવન નામનું ઉદ્યાન હતું જેમાં સુરપ્રિય નામના યક્ષનું આયતન હતું. તેમાં અશોક નામનું વૃક્ષ હતું, તેની નીચે એક શિલાપટ્ટક હતો. આ નગરીમાં સહસ્રામ્રવન નામનું એક બીજું ઉદ્યાન પણ હતું. યાદવોની પ્રખ્યાત સુધર્મા સભાનો નિર્દેશ જૈન આગમોમાં ભેરીઓના સંદર્ભમાં ખાસ મળે છે[૭૫].

**મહાભારત, હરિવંશ** વગેરેમાં મળતા વૃત્તાંત પ્રમાણે કુશસ્થલીને ઠેકાણે શ્રીકૃષ્ણે દ્વારકા વસાવી. શ્રીકૃષ્ણના કહેવાથી વિશ્વકર્માએ આ પુરીનું નિર્માણ કર્યું. આ પુરી માટે સાગરે ૧૨ યોજન જમીન કાઢી આપી હતી. **હરિવંશ**માં આપેલું વર્ણન જૈન ગ્રંથોમાંના વર્ણનને ઘણું મળતું આવે છે. **હરિવંશ** પ્રમાણે રૈવતકનું સ્થાન દ્વારકાની પૂર્વ દિશાએ છે[૭૬] જ્યારે જૈન ગ્રંથોએ એને દ્વારકાને ઈશાન ખૂણે બતાવ્યો છે. અરિષ્ટનેમિએ રૈવતક પર્વત પર પ્રવ્રજ્યા લીધી હોવાને કારણે જૈન ધર્મમાં એનું ખાસ મહત્ત્વ છે.

**દ્વારકા અને રૈવતક :**

**મહાભારત** અને **હરિવંશ**માં પણ દ્વારકા અને રૈવતકનું સામીપ્ય દર્શાવ્યું છે. **માઘકાવ્ય**માં પણ દ્વારકાનગરીને રૈવતક પાસે આવેલી જણાવી છે[૭૭]. આ વાતને જૈન આગમોનું સમર્થન પણ મળી રહે છે.

રૈવતક અને દ્વારકાના સામીપ્યને આધારે વિદ્વાનો યાદવકાલીન દ્વારકાનો સ્થળનિર્ણય કરવા ઘણો પ્રયત્ન કરે છે, પણ મુશ્કેલી એ નડે છે કે હાલની દ્વારકા પાસે રૈવતક પર્વત નથી ને રૈવતક વગરની દ્વારકા વિચારવી અશક્ય છે. કેટલાક વિદ્વાનો એવું અનુમાન કરે છે કે દ્વારકાની પાસે આવેલો રૈવતક નાનો ટેકરો કે ક્રીડાશૈલ હશે. ગમે તેમ પણ યાદવકાલીન દ્વારવતી તથા રૈવતકના સ્થાનની સમસ્યા હજી અણઊકલી જ રહી છે. **કલ્પસૂત્ર**માં અરિષ્ટનેમિએ રૈવતક ઉદ્યાનમાં દીક્ષા લીધી તેમ કહ્યું છે, તે બાબત પણ નોંધપાત્ર છે[૭૮]

**દ્વારકા અને સમુદ્ર :**

પ્રાચીન જૈન આગમોમાં દ્વારકાનો સંબંધ ક્યાંય સમુદ્ર સાથે દર્શાવાયો નથી, જે તેના સ્થળનિર્ણયની દૃષ્ટિએ એક મહત્ત્વનો મુદ્દો છે. પ્રમાણમાં ઓછી પ્રાચીન એવી **નિશીથસૂત્રચૂર્ણિ** (ઈસ્વી ૬૭૬)માં દ્વારકા અને વેરાવળ વચ્ચેના જળમાર્ગનો નિર્દેશ થયો છે[૭૯], જે પરથી દ્વારકા સમુદ્રકિનારે હોવાનું સૂચવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**મહાભારત**ના પ્રાચીનતમપર્વ ''સભાપર્વ''માં પણ દ્વારકાના વર્ણનમાં સમુદ્ર નથી. એનો સમુદ્ર સાથેનો સ્પષ્ટ સંબંધ મૌસલપર્વમાં મળે છે, જે પ્રમાણમાં ઓછું પ્રાચીન છે. દ્વારકા અને રૈવતકનો સંબંધ દ્વારકા અને સમુદ્રના સંબંધ કરતાં વધારે પ્રાચીન ઠરે છે. આથી કેટલાક વિદ્વાનો એવું પણ સૂચન કરે છે કે યાદવોના સમયમાં જ બે દ્વારકા હોય. રાજસૂય યજ્ઞ વખતે રૈવતક પર્વત નજીકની દ્વારકા હશે અને મૌસલયુદ્ધ વખતે સમુદ્રકિનારાવાળી દ્વારકા હશે[૮૦].

**દ્વારકાના રાજા કૃષ્ણ અને તેના રહેવાસીઓ :**

જૈન આગમો પ્રમાણે અંધકવૃષ્ણિ, વસુદેવ, બલદેવ અને કૃષ્ણ આ નગરીના રાજાઓ હતા, પણ મુખ્યત્વે દ્વારકાના રાજા કૃષ્ણ ગણાય છે. તેમને 'દ્વારવતી'ના પૂર્ણચંદ્ર કહ્યા છે. જૈન આગમોમાં પણ 'કૃષ્ણની દ્વારકા' એવા શબ્દો મળે છે[૮૧]. બન્ને પરંપરાઓ આ બાબતમાં એકમત છે. બન્નેમાં દ્વારકાના નાશથી કૃષ્ણને વ્યથિત થતા દર્શાવ્યા છે, જે એમની દ્વારકાપુરી પ્રત્યેની આત્મીયતા દર્શાવે છે. આજથી ૧૫૦૦ વર્ષ પહેલાં પણ હાલની દ્વારકા શ્રીકૃષ્ણની દ્વારકા તરીકે જાણીતી હતી. એમ પુરાતત્ત્વીય પુરાવાઓથી પણ સાબિત થાય છે[૮૨].

આ દ્વારકા ૨૫ આર્યદેશો પૈકીના એક એવા સુરાષ્ટ્રદેશની[૮૩] રાજધાની હતી, એમ આ આગમોમાં જણાવ્યું છે. તેમાં અનેક વીરો, રાજાઓ, દુર્દાન્ત યોદ્ધાઓ, સ્ત્રીઓ, ગણિકાઓ, શેઠીયાઓ, કોટવાળો, તેમજ સાર્થવાહો રહેતા હતા. તેમાં સ્થાપત્યા નામની સ્ત્રી અને તેનો સ્થાપત્યાપુત્ર નામે પુત્ર રહેતાં હતાં. આ નગરમાં વૈતરણિ અને ધન્વતરિ નામના બે વૈદ્ય રહેતા હતા, જેમાંના ધન્વન્તરિને અભવ્ય કહ્યો છે, કારણ કે તે સાધુઓને સાવદ્ય ઔષધ આપતો હતો, જ્યારે વૈતરણિ નિર્દોષ ઔષધ આપતો હતો, માટે ભવ્ય કહ્યો છે. તેમાં વીરક નામનો કૃષ્ણભક્ત વણકર અને અર્હત્મિત્ર નામનો શ્રેષ્ઠી પણ રહેતો હતો. નારદ આ નગરીમાં વારંવાર આવતા હતા. એક વાર, ઇન્દ્રમહોત્સવ પ્રસંગે બહારથી આવેલા આભીર લોકો, આ નગરીને સાધુલોકોએ વર્ણવેલો દેવલોક સમજી બેઠા હતા. તેમણે અહીંના લોકોને मंडियपसाहियं सुगंधविच्चित्तणेवत्थम् કહ્યા છે, તે દ્વારકાની શોખીન પ્રજાને સૂચવે છે[૮૪].

દ્વારકા, અરિષ્ટનેમિનું પ્રવ્રજ્યાગ્રહણનું સ્થળ હોવા ઉપરાંત તેમનું પ્રથમ ભિક્ષાસ્થાન હતું, તેથી જૈન આગમમાં તેનું મહત્ત્વ વધારે છે

**દ્વારકાનો નાશ :**

**અં૰દ૰**માં મળતા નિર્દેશ પ્રમાણે આવી સમૃદ્ધ નગરી દ્વારકાનો નાશ અગ્નિ, મદિરા અને દ્વૈપાયન ઋષિના ક્રોધને કારણે થશે, એવી આગાહી અરિષ્ટનેમિએ કરી હતી. **દ૰વૈ૰હા૰**માં જણાવ્યા પ્રમાણે, ૧૨ વર્ષ પછી દ્વૈપાયનથી દ્વારકા નાશ પામશે એવી આગાહી સાંભળી દ્વૈપાયન ઉત્તરાપથ ગયા, પણ ૧૨ વર્ષની ગણતરીમાં કંઈક ભૂલ થવાથી, તે પહેલાં એ દ્વારવતી આવી ચડ્યા ને યાદવકુમારોની કનડગતથી કોપને વશ થઈ નિદાન કરી કાળ પામ્યા અને અગ્નિકુમાર તરીકે જન્મ્યા[૮૫]. **સ્થા૰સૂ૰અ૰**ની **વૃત્તિ**માં આ વિગતનો નિર્દેશ છે[૮૬], પણ પૂરેપૂરી વિગત તો **ઉ૰સૂ૰ને૰**માં મળે છે, જેનો ટૂંક સાર નીચે પ્રમાણે છે : અરિષ્ટનેમિએ ૧૨ વર્ષ પછી દ્વારકાના નાશની કરેલી આગાહીથી યાદવોએ બધાં જ માદક દ્રવ્યોને કાદંબ ગુફામાં સંતાડી દીધાં. એક વખત સાંબ વગેરે કુમારો અચાનક ત્યાં જઈ ચઢ્યા. એમણે મન મૂકીને સુરાનો આસ્વાદ માણ્યો અને ચકચૂર થઈને ગિરિવર આગળ ફરતા હતા, ત્યાં તપ કરતા દ્વૈપાયનને જોયો અને તેમને શત્રુ સમજીને માર્યો. દ્વૈપાયનને ખૂબ ક્રોધ થયો. કૃષ્ણ-બલદેવે ઘણી માફી માગી છતાં માન્યા નહીં. કૃષ્ણ બલદેવે ઘોષણા કરાવી કે હવે નગરીનો નાશ થશે, તેથી સાંબ, પ્રદ્યુમ્ન વગેરે બધાં પ્રવ્રજ્યા લઈને તપ ભણી વળ્યાં. દ્વૈપાયન તપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરી, નિદાન કરી, મૃત્યુ પછી અગ્નિકુમાર તરીકે જન્મ્યા. તે દ્વારકા નાશ કરવા યાદવોનું છિદ્ર શોધતો રહ્યા. ૧૨ વરસ વીતી ગયાં છે તેમ માની યાદવો સુરાપાન કરવા લાગ્યા. તેથી દ્વૈપાયને આખી દ્વારકાને બાળી મૂકી, માત્ર કૃષ્ણ અને બલરામ બચ્યા. **ચઉપ્પન્નમહાપુરિસચરિય** (ઈ૰સ૰ ૮૫૯)માં પણ આ પ્રસંગ ખૂબ વિગતે મળે છે[૯૭].

આમ અગ્નિથી દ્વારકાનો નાશ થયો એવી અનુશ્રુતિ જૈન આગમોમાં મળે છે. પૌરાણિક પરંપરા અહીં સાવ જુદી પડે છે. તેમાં દ્વારકાના અને ખાસ કરીને યાદવોના નાશની આગાહી પહેલાં ગાંધારીએ અને પછી શ્રીકૃષ્ણે પોતે કરી હતી[૯૮].

મૌસલપર્વમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે અર્જુન યાદવ સ્ત્રીઓને લઈને નીકળ્યો. પછી દ્વારકાને સમુદ્રે ડુબાડી દીધી[૯૯]. આ બંનેમાંથી પૌરાણિક અનુશ્રુતિ વધારે શ્રદ્ધેય લાગે છે; કારણ કે શાસ્ત્રીય પદ્ધતિએ થયેલા ખોદકામ પર આધારિત પુરાતત્ત્વીય પુરાવાઓથી સમર્થન મળે છે[૯૦] કે દ્વારકા સમુદ્રમાં ડૂબી ગઈ હતી એ આખ્યાયિકા સાચી છે, જ્યારે અગ્નિથી દ્વારકાનો નાશ થયાની વાતને પુરાતત્ત્વીય સમર્થન મળતું નથી.

**ઉપસંહાર :**

આમ આ વિષય અંગેની જૈન અનુશ્રુતિનો અભ્યાસ કર્યા પછી સ્પષ્ટ થાય છે કે પૌરાણિક પરંપરામાં જેમ શ્રીકૃષ્ણનું પુરુષોત્તમ તરીકે, તેમ જૈન અનુશ્રુતિમાં, તેમનું ઉત્તમ પુરુષ તરીકે વિશિષ્ટ સ્થાન છે. આને લીધે, તેમને વિશે ઘણી માહિતી જૈન આગમોમાં મળે છે, જ્યારે પૌરાણિક પરંપરાએ ઋષભદેવ કે અરિષ્ટનેમિ વિશે સદંતર મૌન સેવ્યું લાગે છે. વળી એ વાત પણ સ્પષ્ટ થાય છે કે આ જૈન અનુશ્રુતિ કેટલીક બાબતોમાં પૌરાણિક અનુશ્રુતિથી જુદી પડે છે, તો કેટલીક બાબતોમાં નવી માહિતી પણ આપે છે. આમ શ્રીકૃષ્ણ અને દ્વારકા વિશે જૈન આગમસાહિત્ય ઘણી ઉપયોગી સામગ્રી પૂરી પાડે છે.

**ટિપ્પણો :**

૧. **સમવાયાંગ સૂત્ર**, રાજકોટ ૧૯૬૨, પૃ૰ ૧૦૯; જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિસૂત્ર, (સોલાપુર, ૧૯૫૮), ૨.૧૮૩.

૨. **આવશ્યકનિર્યુક્તિ**, પૂર્વભાગ મુંબઈ ૧૯૨૮, ભા૰ગા૰ ૪૦, પૃ૰ ૨૩૭

૩. **આ૰નિ૰**, પૂર્વભાગ, નિ૰ગા૰ ૪૦૩-૪૧૧; **સ૰સૂ૰**, પૃ૰ ૧૦૯૧-૧૦૯૪.

૪. **આ૰નિ૰**, પૂર્વભાગ, નિ૰ગા૰ ૪૦૪.

૫. **સ૰સૂ૰**, પૃ૰ ૧૦૯૫; પ્રશ્નવ્યાકરણસૂત્ર, દ્વિતીય ભાગ, (અમદાવાદ ૧૯૩૭), પૃ૰ ૭૩.

૬. **જ્ઞાતાધર્મકથાંગ**, દ્વિતીય વિભાગ ભાવનગર ૧૯૩૦, પૃ૰ ૧૭૮.

૭. **મહાભારત** (સંશોધિત આવૃત્તિ) ૨.૧૩.૧૯.

૮. **દેવાશ્રયી ઉમા**, 'બ્રહ્મવૈવર્તપુરાણમાં શ્રીકૃષ્ણ,' **બુદ્ધિપ્રકાશ** જાન્યુ૰ ૮૨, પૃ૰ ૩૧-૩૭.

૯. Sumana P. Jadeja, *A critical study of the Epical and Purāṇic Traditions of the Yādavas and their geneologies* (Unpublished Thesis, Guj. Uni, Ahmedabad 1965), p. 181.

૧૦. યાદવોની વંશાવળી માટે જુઓ ઉપર્યુક્ત શોધપ્રબન્ધ, પૃ૰ ૧૬૧-૨૨૫;

૧૧. **પ્ર૰વ્યા૰**, દ્વિતીય ભાગ, પૃ૰ ૭૩.

૧૨. **અન્તકૃદ્દશાસૂત્ર** રાજકોટ ૧૯૫૮, પૃ૰ ૩૦-૩૩.

૧૩. **પ્રવ્યા૰**, દ્વિતીય ભાગ, પૃ૰ ૨૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૪. **વસુદેવહિંડી,** સં. ભાવનગર ૧૯૩૦, પૃ. ૭૭.

૧૫. **ઉ.સૂ.,** પૂના ૧૯૫૯, ૨૨.૧-૨.

૧૬. J.C. Jain, *'Life in Ancient India as depicted in the Jain canons,'* (Bombay 1947), p. 377; શાસ્ત્રી હરિપ્રસાદ ગં., "પ્રાચીન જૈનસાહિત્યમાં દ્વારકા અને ત્યાંના યાદવ," **દ્વારકા સર્વસંગ્રહ,** દ્વારકા ૧૯૭૩ પૃ. ૨૨૫-૨૩૦.

૧૭. જાડેજા સુમનાબેન, **ઉપર્યુક્ત શોધપ્રબન્ધ,** પૃ. ૧૬૧-૨૨૬.

૧૮. **ઉ.સૂ.,** ૨૨.૧-૩; ભો.જ. સાંડેસરા, **જૈન આગમમાં ગુજરાત** (અમદાવાદ ૧૯૫૨), પૃ. ૧૭૮-૧૭૯.

૧૯. **દશવૈકાલિક-હારિભદ્રીયવૃત્તિ** નિર્ણયસાગર પ્રેસ, મુંબઈ ૧૯૦૦, પૃ. ૩૬.

૨૦. શાસ્ત્રી હરિપ્રસાદ ગં. "હરિવંશમાં દ્વારકા અને શ્રીકૃષ્ણ," **પથિક** એપ્રિલ ૭૬, પૃ. ૯.

૨૧, **દ.વૈ.હા.,** પૃ. ૩૬; **દશવૈકાલિકચૂર્ણિ,** ઇન્દોર ૧૯૩૩, પૃ. ૪૧.

૨૨. **પ્ર.વ્યા.,** દ્વિતીય ભાગ, પૃ. ૭૩.

૨૩. **સ.સૂ.,** પૃ. ૮૫૧; *Jain, Life in.* p. 385; જાડેજા ઉપર્યુક્ત શોધપ્રબન્ધ, પૃ. ૩૮૮.

૨૪. **અં.દ.,** પૃ. ૪૫-૧૨૮.

૨૫. **ઉ.સૂ.,** ૨૨.૨.

૨૬. **ઉ.સૂ.**-નેમિચંદ્રસૂરિની વૃત્તિ, નિર્ણયસાગર પ્રેસ, મુંબઈ ૧૯૩૭, પૃ. ૪૦-૪૧.

૨૭. **ઉ.સૂ.,** ૨૨.૨, **અં.દ.,** પૃ. ૯૮-૧૦૧.

૨૮. જાડેજા સુમનાબેન, ઉપર્યુક્ત શોધપ્રબન્ધ પૃ. ૧૬૭-૧૮૧; પૃ. ૨૮૩.

૨૯. **અં.દ.,** પૃ. ૪૫-૧૨૮.

૩૦. **અં.દ.,** પૃ. ૧૨૦-૧૨૧, **વૃષ્ણિદશા,** રાજકોટ ૧૯૬૦ પૃ. ૩૪૧

૩૧. **જ્ઞા.ધ.,** દ્વિતીય વિભાગ, પૃ. ૧૭૦

૩૨. **સ્થાનાંગસૂત્ર,** ઉત્તર ભાગ, મુંબઈ ૧૯૨૦, સૂ. ૭૩૫, સૂ., ૭૩૫, **સમવાયાંગસૂત્ર,** પૃ. ૧૨૫; **આ.નિ.,** નિ.ગા. ૪૦૨-૪૦૩, **પ્રકીર્ણકદશક,** પૃ. ૩૮

૩૩. **જ્ઞા.ધ.,** દ્વિતીય વિભાગ, પૃ. ૧૭૩-૧૭૮, **સ.સૂ.,** પૃ. ૧૦૯૪, ૧૦૯૮, પ્ર.વ્યા., પૃ. ૭૬. **આ.નિ.,** ભા.ગા. ૩૯,

૩૪. **આવશ્યકચૂર્ણિ;** પૂર્વભાગ રતલામ ૧૯૨૯, પૃ. ૧૧૭-૧૧૮, પૃ. ૩૫૯, ક્ષમાશ્રમણકૃત **વિશેષાવશ્યકભાષ્ય** મુંબઈ, ૧૯૨૪), પૃ. ૫૧૦-૫૧૨; કોટ્યાચાર્ય કૃત **વિશેષાવશ્યકભાષ્ય** પૃ. ૪૧૮ **વૃ.દ.,** પૃ. ૩૪૮, **જ્ઞા.ધ.,** દ્વિતીય વિભાગ, પૃ. ૧૬૭.

૩૫. **આવ.ચૂ.,** પૂર્વભાગ પૃ. ૧૧૭-૧૧૮.

૩૬. **આચારાંગચૂર્ણિ,** રતલામ ૧૯૪૧, પૃ. ૨૧૧, પૃ. ૨૯૬; **સ.સૂ.,** પૃ. ૧૦૯૪-૧૧૨૦; **પ્ર.વ્યા,** પૃ. ૭૨-૭૭;

૩૭. **આવ.ચૂ.,** ઉત્તર ભાગ રતલામ ૧૯૨૯, પૃ. ૧૯; **અં.દ.,** પૃ. ૧૦૬; **જ્ઞા.ધ.,** દ્વિતીય વિભાગ, પૃ. ૧૭૬, **ઉ.સૂ.ને.,** પૃ. ૪૦-૪૧.

૩૮. **પ્ર.દ.** પૃ. ૧૩૦, **ઉત્તરાધ્યયનસૂત્ર-ચૂર્ણિ** રતલામ ૧૯૪૨ પૃ. ૭૬; **આવ.ચૂ.,** પૂર્વભાગ, પૃ. ૧૧૭.

૩૯. **મહાભારત,** ૨.૨૫. ૧૬-૨૧,

૪૦. **પ્ર.વ્યા.,** પ્રથમ ભાગ, પૃ. ૭૨-૭૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪૧. દ૰વૈ૰હા૰ પૃ૰ ૩૬.

૪૨. પ્ર૰વ્યા૰, **જ્ઞાનવિમલવૃત્તિ**, પૃ૰ ૮૫.

૪૩. જ્ઞા૰ ધ૰ દ્વિતીય વિભાગ, પૃ૰ ૧૬૪-૧૭૮; **સ્થાનાંગસૂત્ર-અભયદેવવૃત્તિ**, ઉત્તર ભાગ, મુંબઈ ૧૯૨૦, પૃ૰ ૫૨૪; **કલ્પસૂત્ર-ધર્મસાગરવૃત્તિ** (ભાવનગર, ૧૯૨૨) પૃ૰ ૩૪; **કલ્પસૂત્ર-શાંતિસાગરવૃત્તિ**, રતલામ ૧૯૩૬, પૃ૰ ૩૩.

૪૪. જ્ઞા૰ધ૰, પ્રથમ વિભાગ (ભાવનગર, ૧૯૨૯), પૃ૰ ૧૫૯; અંદ, પૃ૰ ૧૮, ૫૪; વૃદ, પૃ૰ ૩૪૧.

૪૫. જ્ઞા૰ધ૰, પ્રથમ વિભાગ, પૃ૰ ૧૪૬-૧૫૩; આ૰નિ૰, પૂર્વભાગ, ભા૰ ગા૰ ૪૩.

૪૬. આવ૰ચૂ૰, ઉત્તરાર્ધ, પૃ૰ ૧૯૪; **પાક્ષિકસૂત્ર-યશોદેવપ્રણીત** વિવરણ, મુંબઈ ૧૯૧૧, પૃ૰ ૬૨.

૪૭. અં૰દ૰, પૃ૰ ૧૮, પ્ર૰વ્યા૰ દ્વિતીય ભાગ, પૃ૰ ૭૨.

૪૮. **મહાભારત**, ૧.૬૧; ૧૬.૬.

૪૯. અં૰દ૰, પૃ૰ ૧૩૩-૧૫૩; જ્ઞા૰ધ૰, પ્રથમ વિભાગ, પૃ૰ ૧૫૯. વૃ૰દ૰, પૃ૰ ૩૪૬; ઉ૰સૂ૰ને૰, પૃ૰ ૩૯, પ્ર૰વ્યા૰, પૃ૰ ૮૫.

૫૦. **ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત**, પર્વ ૮, સર્ગ ૬, પૃ૰ ૧૨૫.

૫૧. અં૰દ૰, પૃ૰ ૧૨૮, વૃ૰દ૰, પૃ૰ ૩૪૧, આવ૰ચૂ૰, પૂર્વભાગ પૃ૰ ૧૧૨-૧૧૪; આવ૰ચૂ૰, ઉત્તર ભાગ, પૃ૰ ૧૯.

૫૨. **મહાભારત**, ૧૬.૨.૮-૧૦.

૫૩. **ઉત્તરાધ્યયનસૂત્રચૂર્ણિ**, પૃ૰ ૭૬.

૫૪. જ્ઞા૰ધ૰, દ્વિતીય વિભાગ, પૃ૰ ૧૫૩-૧૮૪.

૫૫. એજન, પૃ૰ ૧૮૦-૧૮૨.

૫૬. ઉ૰સૂ૰ને૰, પૃ૰ ૪૧.

૫૭. **મહાભારત**, ૧૭.૨.૪૪; ૧૮.૩.૧૬

૫૮. આ૰નિ૰, પૂર્વભાગ, નિ૰ગા૰ ૪૨૦; ઉ૰સૂ૰ ૨૨.૨૭; અં૰દ૰, પૃ૰૮૮; પૃ૰ ૧૩૪; વૃ૰દ૰, પૃ૰ ૩૫૦.

૫૯. **વસુદેવહિંડી**, પૃ૰ ૭૭.

૬૦. જાડેજા સુમનાબેન, ઉપર્યુક્ત શોધપ્રબન્ધ, પૃ૰ ૧૬૦

૬૧. ઉ૰સૂ૰, ૨૨.૬; અં૰દ૰, પૃ૰ ૧૩૪

૬૨. ઉ૰સૂ૰ને૰, પૃ૰ ૨૭૭-૨૭૮

૬૩. ઉ૰સૂ૰; ૨૨.૧૪-૩૦

૬૪. ઉ૰સૂ૰ને૰, પૃ૰ ૪૦-૪૧; પ્ર૰દ૰, પૃ૰ ૧૨૭-૧૨૮

૬૫. અં૰દ૰, પૃ૰ ૧૪૫-૧૪૬; જ્ઞા૰ધ૰, પ્રથમ વિભાગ, પૃ૰ ૧૬૪

૬૬. અં૰દ૰, પૃ૰ ૧૪૦; સ૰સૂ૰, પૃ૰ ૧૧૧૪-૧૧૧૫; **સ્થાનાંગસૂત્ર-અભયદેવવૃત્તિ**, ઉત્તરભાગ, પૃ૰ ૪૩૩; ઉ૰સૂ૰ને૰, પૃ૰ ૪૦-૪૧.

૬૭. ઉ૰સૂ૰ને૰, પૃ૰ ૩૮-૪૧, પ્રવ્યા દ્વિતીય ભાગ, પૃ૰ ૭૭; પ્રદ, પૃ૰ ૧૨૧

૬૮. એજન, પૃ૰ ૩૭-૪૧.

૬૯. ચઉપ્પન્નમહાપુરિસચરિય, પૃ૰ ૧૯૮-૨૦૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૭૦. **મહાભારત,** ૧૧.૨૫.૪૦; ૧૩.૧૪૪.૩૮; ૧૬.૫.૧૬-૨૩.

૭૧. **સ૰સૂ૰,** પૃ૰ ૧૧૧૪, **આ૰નિ૰,** નિ૰ગા૰ ૪૧૨-૪૧૩; **સ્થાનાંગસૂત્ર,** ઉત્તર ભાગ, સૂ૰ ૭૩૫, **અં૰દ૰,** પૃ૰ ૧૪૩.

૭૨. મહાભારત, ૧૬.૫.૨૧-૨૫.

૭૩. **વૃ૰દ૰,** પૃ૰ ૩૪૦; **જ્ઞા૰ધ૰,** પ્રથમ વિભાગ, પૃ૰ ૧૫૮; **આવ૰ચૂ૰,** ઉત્તરાર્ધ, પૃ૰ ૨૦૨; **કલ્પસૂત્ર-ધર્મસાગરવૃત્તિ,** (ભાવનગર, ૧૯૨૨), પૃ૰ ૩૪.

૭૪. **સ્થાનાંગસૂત્ર**-અભયદેવવૃત્તિ, ઉત્તર ભાગ, પૃ૰ ૪૩૩.

૭૫. **અં૰દ૰,** પૃ૰ ૧૭, પૃ૰ ૮૬; **વૃ૰દ૰,** પૃ૰ ૩૪૦-૩૫૧; **આવ૰ચૂ૰,** પૂર્વાર્ધ, પૃ૰ ૩૫૫.

૭૬. કે૰ કા૰ શાસ્ત્રી, "હરિવંશમાં દ્વારવતી નિવેશન," **દ્વારકાસર્વસંગ્રહ,** દ્વારકા ૧૯૭૩, પૃ૰ ૨૦૯-૨૧૩.

૭૭. જોષી ઉમાશંકર, **પુરાણોમાં ગુજરાત,** અમદાવાદ ૧૯૪૬, પૃ૰ ૯૫; શાસ્ત્રી, હ૰ ગં૰ 'માઘકાવ્યમાં દ્વારકા', **દ્વારકાસર્વસંગ્રહ,** પૃ૰ ૧૬૬.

૭૮. **કલ્પસૂત્ર૰,** અમદાવાદ ૧૯૫૨, પૃ૰ ૫૧.

૭૯. **નિશીથસૂત્રચૂર્ણિ,** આગ્રા ૧૯૫૭, પ્રથમ વિભાગ, પૃ૰ ૬૯.

૮૦. જોષી, **પુરાણોમાં૰,** પૃ૰ ૯૩.

૮૧. **અં૰દ૰,** પૃ૰ ૨૨, પૃ૰ ૪૫, પૃ૰ ૧૨૦, પૃ૰ ૧૩૪; **પ્ર૰વ્યા૰,** દ્વિતીય ભાગ, પૃ૰ ૭૭; **અં૰દ૰,** પૃ૰ ૫૪.

૮૨. હસમુખ સાંકળિયા, પ્રમુખશ્રીનું વ્યાખ્યાન, **દ્વા૰સ૰સં૰** પૃ૰ ૪૬.

૮૩. **પ્રજ્ઞાપનાસૂત્ર,** રાજકોટ, ૧૯૭૪, પૃ૰ ૪૪૯; શીલાંકાચાર્યરચિત **સૂત્રકૃતાંગવૃત્તિ,** મુંબઈ ૧૯૧૭, પૃ૰ ૧૨૩; **બૃહત્કલ્પસૂત્ર,** તૃતીય વિભાગ, પૃ૰ ૯૧૩.

૮૪. વૃ૰દ૰, પૃ૰ ૩૪૦; **જ્ઞા૰ધ૰,** પ્રથમ વિભાગ, પૃ૰ ૧૫૯; **આ૰નિ૰,** ઉત્તર ભાગ નિ૰ગા૰ ૧૩૦૩-૧૩૧૯; **આવ૰ચૂ૰,** પૂર્વ ભાગ પૃ૰ ૧૧૨, પૃ૰ ૪૬૦-૪૭૫૰ **આવ૰ચૂ૰,** ઉત્તર ભાગ, પૃ૰ ૧૬, પૃ૰ ૧૯૪, પૃ૰ ૨૦૨.

૮૫. અં૰દ૰, પૃ૰ ૧૮૪ દવૈહા, સૂત્ર ૫૬, પૃ૰ ૩૬.

૮૬. સ્થાનાંગસૂત્ર - અભયદેવવૃત્તિ, પ્રથમભાગ સૂત્ર ૧૩૮, પૃ૰ ૨૫૫; ઉત્તરભાગ સૂત્ર ૬૨૫, પૃ૰ ૪૩૩.

૮૭. ઉસ્ને, પૃ૰ ૪૦-૪૫; ચઉપન્નમહાપુરિસચરિય, પૃ૰ ૧૯૮-૨૦૪.

૮૮. મહાભારતમ્, વો૰ ૧૯, મૌસલપર્વ, ૧૬.૮.૪૦.

૮૯. હસમુખ સાંકળિયા, પ્રમુખશ્રીનું વ્યાખ્યાન, દ્વારકાસર્વસંગ્રહ, પૃ૰ ૪૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# કુમુદચન્દ્રાચાર્ય પ્રણીત " ચિકુર દ્વાત્રિંશિકા "

મધુસૂદન ઢાંકી
જિતેન્દ્ર શાહ

નિર્ગ્રન્થ-દર્શનના કર્ણાટક-સ્થિત દિગમ્બર સમ્પ્રદાયના, મધ્યકાળે થઈ ગયેલા, આચાર્ય કુમુદચન્દ્રની એક કૃતિથી ઉત્તરની પરમ્પરામાં પ્રભવેલ શ્વેતામ્બર સમ્પ્રદાય પ્રાયઃ ૮૫૦ વર્ષોથી સુપરિચિત છે : એ છે જિન પાર્શ્વને ઉદ્દેશીને રચાયેલું સુપ્રસિદ્ધ **કલ્યાણમંદિરસ્તોત્ર**. ઉપર્યુક્ત બન્ને પ્રધાન નિર્ગ્રન્થ સમ્પ્રદાયો અને તેના ઉપામ્નાયોમાં સમાન રૂપે પ્રતિષ્ઠિત આ સ્તોત્રનું સ્થાન માનતુંગાચાર્યના જગત્પ્ખ્યાત **ભક્તામરસ્તોત્ર** પછી તરતનું છે; પરન્તુ તેનાં કૃતિત્વ એવં કાળ સંબંધમાં બન્ને સમ્પ્રદાયોમાં ભિન્ન મત પ્રવર્તે છે. રાજગચ્છીય પ્રભાચન્દ્રાચાર્યના **પ્રભાવકચરિત** (ઈ૦ સ૦ ૧૨૭૮)ના કથનના આધારે શ્વેતામ્બર એને સિદ્ધસેન દિવાકરની રચના માને છે[1], અને એ કારણસર ત્યાં તે ગુપ્તકાલીન હોવાની ધારણા આપોઆપ બની જાય છે[2]. સ્તોત્રના અન્તિમ પદ્યમાં કર્ત્તાએ શ્લિષ્ટરૂપે કુમુદચંદ્ર નામ સૂચિત કર્યું છે એ વાતને લક્ષમાં રાખી પ્રભાચન્દ્રે કલ્પી લીધેલું કે સિદ્ધસેનાચાર્યનું દીક્ષા સમયે અપાયેલ અભિધાન કુમુદચન્દ્ર હતું[3]. શ્વેતામ્બર વિદ્વાનોમાં સ્વ૦ હીરાલાલ રસિકદાસ કાપડિયા[4] તેમ જ (સ્વ૦) મુનિવર ન્યાયવિજયાદિ પ્રાયઃ સમસ્ત મુનિગણને પ્રભાચન્દ્ર-કથિત માન્યતા અભિમત છે[5] . કિન્તુ દિગમ્બર વિદ્વાનો (અને સમસ્ત દિગમ્બર સમાજ) કર્ત્તાને સ્વસંપ્રદાય અંતર્ગત મધ્યયુગમાં થઈ ગયેલા કુમુદચન્દ્રની કૃતિ માને છે[6] . એ જ રીતે શ્વેતામ્બર વિદ્વાનોમાં (સ્વ૦) પં૦ સુખલાલજી તથા (સ્વ૦) પં૦ બેચરદાસ દોશી[7], (સ્વ૦) શ્રેષ્ઠિવર અગરચંદ નહાટા[8] એવં જૈનેતર વિદ્વાનોમાં પિનાકિન ત્રિવેદી[9] તેને સિદ્ધસેન દિવાકરની કૃતિ માનતા નથી. અમારો પણ એવો જ અભિપ્રાય છે, જે નીચેનાં કારણો એવં પ્રમાણો પર આધારિત છે :

૧. શ્વેતામ્બર સમ્પ્રદાયમાં કુમુદચન્દ્ર અભિધાન ધરાવતા કોઈ જ આચાર્ય વા મુનિ થઈ ગયા હોય તેવું અભિલેખો, ગ્રન્થ-પ્રશસ્તિઓ, કે પછી પટ્ટાવલીઓ-ગુર્વાવલીઓમાં પણ ક્યાંયે સૂચિત નથી : પ્રસ્તુત નામ ત્યાં બિલકુલેય, પરોક્ષ રીતે પણ, જ્ઞાત નથી[10]. બીજી બાજુ દિગમ્બર સમ્પ્રદાયમાં કર્ણાટકના મધ્યકાલીન શિલાલેખોમાં કુમુદચન્દ્ર નામ ધરાવતા પ્રાયઃ પાંચેક આચાર્યો યા મુનિઓ વિષે ઉલ્લેખો પ્રાપ્ત છે[11], ત્યાં પ્રસ્તુત અભિધાન આમ ઠીક પ્રમાણમાં પ્રચલિત હતું.

૨. સ્તોત્રની શૈલી સિદ્ધસેન દિવાકરની સ્તુતિઓથી તદ્દન ભિન્ન પ્રકારની છે. સંરચનાની દૃષ્ટિએ, અને ક્યાંક ક્યાંક ભાવ-વિભાવાદિના અનુલક્ષમાં, એ વિશેષ વિકસિત પણ છે; તેમજ તેમાં અન્યથા અનેક મધ્યકાલીન લક્ષણો સ્પષ્ટ રૂપે વરતાય છે. વિશેષમાં શબ્દોની પસંદગી અને લગાવ[12], એ જ રીતે ઉપમાઓ, અલંકારાદિના ત્યાં પ્રયોગમાં લેવાયેલ અનેકવિધ પ્રકારો[13] પણ પ્રસ્તુત કૃતિ મધ્યકાલીન હોવાના તર્ક પ્રતિ દોરી જાય છે.

૩. એ અમુકાંશે **ભક્તામરસ્તોત્ર** (પ્રાય:ઈસ્વી ૫૭૫-૬૨૫)ની અનુકૃતિ જેવું, અને એ જ પ્રમાણે વસન્તતિલકા છન્દમાં નિબદ્ધ છે; પદ્યોની સંખ્યા પણ પ્રકૃત સ્તોત્રની જેટલી—૪૪—જ છે; પણ તેનાં કાવ્યકલા-કક્ષા, સંગ્રથન, અને છન્દોલય સરસ[14] હોવાં છતાં **ભક્તામર**ની તુલનામાં તો નીચલા દરજ્જાનાં હોવાનું વરતાય છે[15]. તે **ભક્તામર** પછી પાંચસોએક વર્ષ બાદ રચાયું હોય તેવું તેની પ્રકૃતિ અને રચના-પદ્ધતિ પરથી સ્પષ્ટ જણાઈ આવે છે.

૪. તેમાં જો કે કેટલાંક પદ્યો સુરમ્ય અને મનોહર જરૂર છે[14], પરન્તુ કેટલાંયે પદ્યોનાં ચરણોનું બંધારણ ક્લિષ્ટ, અસુષ્ઠુ, આયાસી ભાસે છે; એ તત્ત્વો કાવ્યના પ્રવાહમાં રુકાવટ ઊભી કરે છે[15].

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫. ત્યાં પ્રયોજિત કોઈ કોઈ શબ્દો અને શબ્દસમૂહો અન્ય શ્વેતામ્બર સ્તુતિ-સ્તોત્રાદિમાં નથી મળતાં, જ્યારે દિગમ્બર કૃતિઓમાં તે જોવા મળે છે[16].

૬. કાપડિયા એને શ્વેતામ્બર કૃતિ માનતા હોવા છતાં તેના ૨૫મા પદ્યમાં વર્ણિત સુરદુન્દુભિ-પ્રાતિહાર્યનું કલ્પન વા આકલન દિગમ્બર-માન્ય ગ્રન્થ **तिलोयपण्णत्ती** (**त्रिलोकप्रज्ञप्ति** : પ્રાયઃ ઈસ્વી ૫૫૦) અનુસાર હોવાનું બતાવે છે[17].

૭. પ્રાતિહાર્યના વિષયમાં શ્વેતામ્બર માન્યતાથી જુદા પડતા, પણ દિગમ્બર માન્યતાને પૂર્ણતયા અનુકૂળ, એવા અન્ય પણ બે દાખલા સ્તોત્ર અંતર્ગત મોજૂદ છે, ચામર પ્રાતિહાર્ય વિષે જોઈએ તો શ્વેતામ્બરમાં તો બે યક્ષો (વા બીજી માન્યતા અનુસાર બે ઇન્દ્રો) દ્વારા ગૃહીત ચામર-યુગલનો જ ભાવ પ્રત્યક્ષ યા પરોક્ષ રૂપે વ્યકત થયેલો છે; પરન્તુ દિગમ્બર સમ્પ્રદાયમાં તો સહસ્રો ચામર[18], "ચામરાવલી", તથા "૬૪ ચામરો"[19] નો વિભાવ રહ્યો છે. **કલ્યાણમંદિરસ્તોત્ર**માં ચામર પ્રાતિહાર્યની વર્ણનામાં "ચામરૌઘ" સરખા સમૂહવાચક શબ્દસમાસનો પ્રયોગ છે[20], જે વાત નોંધનીય બની રહે છે[21].

હવે દિવ્યધ્વનિ-પ્રાતિહાર્ય વિષે જોઈએ. શ્વેતામ્બર પરમ્પરાની માન્યતા અનુસાર સમવસરણ-સ્થિત જિનેન્દ્ર नमो तित्थस्स કહી અર્ધમાગધી ભાષામાં દેશના આપે છે, જે શ્રોતાઓની પોતપોતાની ભાષામાં સ્વતઃ પરિવર્તિત થાય છે : જ્યારે દિગમ્બર પરિપાટીમાં તો તીર્થંકરના હૃદયસમુદ્રમાંથી—મુખમાંથી પ્રકટતા ભાષા-પુદ્ગલોને લઈને નહીં— દિવ્યધ્વનિ ઊઠે છે, જે શ્રવણકર્ત્તા સૌ નિજીનિજી ભાષામાં સમજી લે છે. **કલ્યાણમંદિરસ્તોત્ર**માં પ્રસ્તુત પ્રકારનું આકલ્પન સ્પષ્ટ રૂપે પરિલક્ષિત છેઃ યથા :

**स्थाने गभीरहृदयोदधिसम्भवायाः**
**पीयूषतां तव गिरः समुदीरयन्ति**
**पीत्वा यतः परमसम्मदसङ्गभाजो**
**भव्या व्रजन्ति तरसाऽप्यजरामरत्वम्**

**- कल्याणमन्दिरस्तोत्रम् २१**

૮. કુમુદચન્દ્રકૃત એક અન્ય કૃતિ, યુગાદિ ઋષભદેવને સમર્પક સ્તુતિ, તેમાં આરંભે આવતા 'ચિકૂર' શબ્દથી **ચિકૂર-દ્વાત્રિંશિકા** અભિધાનથી જ્ઞાત છે, જે અહીં સંપાદિત કરવામાં આવી રહી છે. તેમાં પણ **કલ્યાણમંદિરસ્તોત્ર**ની જેમ છેલ્લા પદ્યમાં કર્તાનું શ્લેષપૂર્વક કુમુદચન્દ્ર નામ જોવા મળે છે, અને આ સ્તુતિથી શ્વેતામ્બર સમાજ તદ્દન અજાણ છે, પણ તે દક્ષિણ તરફ અલ્પાંશે પણ જાણમાં છે. તેમાં દ્વિતીય પદ્યમાં આવતો 'હેવાક'[22] શબ્દ, જે મૂળે અરબી ભાષાનો છે, તેના તરફ ડૉ૦ પિનાકિન દવેએ ધ્યાન દોર્યું છે[23]. કુમુદચન્દ્ર મધ્યકાળમાં થઈ ગયા હોવાના તથ્યને આથી વિશેષ પુષ્ટિ મળે છે.

કુમુદચન્દ્ર આમ દિગમ્બર સમ્પ્રદાયમાં થઈ ગયા હોવાની સાથે પ્રાચીનને બદલે મધ્યયુગમાં થઈ ગયા છે. તેઓ કયા શતકમાં થઈ ગયા તે વિષે વિચારતાં એમ જણાય છે કે ઈ૦ સ૦ **૧૧૨૫** માં સોલંકીરાજ જયસિંહદેવ સિદ્ધરાજની અણહિલ્લપાટકની રાજસભામાં, બૃહદ્ગચ્છીય વાદી દેવસૂરિ સાથે વાદ કરનાર દિગમ્બર મુનિ કુમુદચન્દ્ર હોવાનો ઘણો સંભવ છે[24]. પ્રબન્ધો અનુસાર પાટણ જતાં પહેલાં તેઓ કર્ણાવતીમાં કેટલોક કાળ રોકાયેલા. સંભવ છે કે તે સમયે તેમના **કલ્યાણમંદિરસ્તોત્ર**ની પ્રતિલિપિઓ થઈ હશે. સૌ પ્રથમ તો તે ગુજરાત-સ્થિત તત્કાલીન દિગમ્બર સમાજમાં પ્રચારમાં આવ્યું હશે અને તે પછી શ્વેતામ્બર ગ્રન્થભંડારોમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેની નકલોનો પ્રવેશ થઈ જતાં, એવં સ્તોત્ર ભાવાત્મક અને અન્યથા ઉત્તમ કોટીનું હોઈ, શ્વેતામ્બર સમ્પ્રદાયમાં તેને વિના વિરોધ અપનાવી લેવામાં આવ્યું હોય. કાળાંતરે એના કર્ત્તાના સમ્પ્રદાયનું જ્ઞાન ન રહેવાથી તેને શ્વેતામ્બર કર્ત્તાની કૃતિ માની લેવામાં આવી હોય અને તેમાં પદ્યાન્તમાં આવતા કુમુદચન્દ્ર અભિધાનનો ખુલાસો પ્રભાચન્દ્રાચાર્યે સિદ્ધસેન દિવાકરનું દીક્ષા સમયનું નામ હોવાની કલ્પના કરીને કરી દીધો હોય! (એ વખતે તેમણે વિચાર ન કર્યો કે પ્રસ્તુત સ્તોત્ર દ્વાત્રિંશિકા વર્ગનું નથી[૨૫].) ઉપર ચર્ચિત ઐતિહાસિક પશ્ચાદ્‌ભૂમાં જોઈએ તો મૂળ સ્તોત્ર ઈસ્વીસનના ૧૨મા શતકના પ્રથમ ચરણમાં રચાયું હોવું ઘટે. પ્રભાચન્દ્ર સ્તોત્રના અસલી રચનાકાળથી લગભગ દોઢસોએક વર્ષ ઉપરાન્તના કાળ બાદ તેની નોંધ લે છે; એટલે અજ્ઞાનવશ તેમણે જે લખી નાખ્યું તેને યથાતથા સત્ય માની શ્વેતામ્બરોમાં આજ દિવસ સુધી આ ભ્રાન્તિ ચાલી આવી છે, જેનાથી વર્તમાને જૂજવા જ વિદ્વાનો પર રહી શક્યા છે.

દેવ-સ્તુતિ કરનારા આ 'ચિકુર' સ્તોત્રમાં દેવ-વિષયક રતિનિર્વેદ સ્થાયિભાવને કારણે શાંતરસ સ્પષ્ટતયા પ્રસ્ફુરિત થયો છે. શિખરિણી છન્દમાં નિબદ્ધ આ સ્તોત્રમાં ભગવાન્ ઋષભદેવના કેશની વિભિન્ન ઉપમાઓ દ્વારા સ્તુતિ કરવામાં આવી છે[૨૬]. કાવ્યના અપેક્ષિત લક્ષણોમાં જોઈએ તો નવીન અર્થયુક્તિ, સંસ્કારિત ભાષા, શ્લેષરહિતતા, સરળતા, સ્ફુટ રસયુક્તિ, અને વિકટાક્ષરબંધવાળી રચના સર્વોત્તમ મનાઈ છે. કિન્તુ એક જ કાવ્યમાં આ તમામ ગુણોની પ્રાપ્તિ દુષ્કર હોય છે. કુમુદચંદ્રાચાર્ય વિરચિત પ્રકૃત સ્તુતિકાવ્યમાં પણ શ્લેષરહિતત્વ અને સારલ્ય સરખા ગુણો અનુપસ્થિત છે, પરંતુ બાકીના સૌ ગુણોને યથાસ્થાને યથાસંયોગમાં પ્રયોજિત કરવામાં આવ્યા છે. કવિએ સ્તુતિમાં જિનના કેશને લક્ષ્ય કરી અનેકવાર શ્લેષાલંકારનો પ્રયોગ કર્યો છે[૨૭], તેમજ દીર્ઘ સમાસબહુલ તથા પર્યાયબહુલ એવં અલંકાર-પ્રધાન તથા ઓછા વપરાતા શબ્દોનો વિનિયોગ કરતું હોવાને કારણે સંરચનામાં સરસતા હોવા છતાંયે સ્વાભાવિક સરળતા વિલુપ્ત થઈ ગઈ છે. આથી કેટલીક પંક્તિઓ કિલષ્ટ બની છે, જે સામાન્ય બુદ્ધિવાળાઓને સમજવામાં ક્લેશ કરે તેવું હોવાથી એમના અન્ય વિખ્યાત, **કલ્યાણમંદિરસ્તોત્રની** જેમ આ સ્તોત્ર જનસામાન્યમાં પ્રચલિત બની શક્યું નથી[૨૮].

આખરી પદ્ય અનુસાર સ્તોત્ર "વિમલાચલ-શ્રૃંગાર મુકુટ" એટલે કે શત્રુંજયગિરિના અધિનાયક ભગવાન આદીશ્વર ઋષભદેવને સંબોધીને, એમને લક્ષ્ય કરીને રચવામાં આવ્યું હોઈ, સ્તોત્રનું ઐતિહાસિક મૂલ્ય પણ રહ્યું છે. (જોકે એક દિગમ્બર મુનિ શ્વેતામ્બર તીર્થાધિપતિને ઉદ્દ્‌બોધીને સ્તોત્ર રચે તે ઘટના વિરલ ગણવી જોઈએ.)

પ્રસ્તુત સ્તુતિની ૧૬મા-૧૭મા સૈકામાં લખાયેલી પ્રત શ્રી ભારતીય વિદ્યાભવન, મુંબઈથી પ્રાપ્ત થયેલી. અહીં મુદ્રિત સ્તોત્રનો પાઠ એક માત્ર ઉપલબ્ધ પ્રત પરથી તૈયાર કર્યો હોઈ કેટલીક અશુદ્ધિઓ દૂર થઈ શકી નથી. પ્રતની નકલ માટે તેમ જ સંપાદન કરવાની પરવાનગી આપવા બદલ સંપાદકો સદરહુ સંસ્થાના આભારી છે[૨૯].

---

## ટિપ્પણો :-

૧. જુઓ **પ્રભાવકચરિત**, સં૦ જિનવિજય, સિંઘી જૈન ગ્રન્થમાળા, ગ્રંથાંક ૧૩, "વૃદ્ધવાદી સૂરિચરિત", અમદાવાદ-કલકત્તા ૧૪૦, પૃ૦ ૫૬. અહીં કહ્યું છે કે, સિદ્ધસેને વાદમાં હારીને વૃદ્ધવાદી પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરી તે સમયે તેમનું નામ 'કુમુદચંદ્ર' રાખવામાં આવેલું.

૨. સિદ્ધસેનના સમય સંબંધમાં મતભેદ છે. અમારા મતે તેઓ (હાલ કેટલાક દિગમ્બર વિદ્વાનો અકારણ માને-મનાવે છે તેમ છઠ્ઠા સૈકા ઉત્તરાર્ધના નહીં પણ) પાંચમા શતકના પૂર્વાર્ધમાં થઈ ગયા છે. આ વિષય પર વિસ્તારથી ચર્ચા અમે અમારા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીબૃહદ્‌સ્તુતિમણિમંજૂષાના પ્રથમ ખંડમાં કરી રહ્યા છીએ.

૩. આ શકયતા ઘણી જોરદાર છે.

૪. કાપડિયા લખે છે : "....**કલ્યાણમંદિર**ના કર્તાની પ્રતિભા વિચારતાં તો તે શ્રી સિદ્ધસેન દિવાકરની કૃતિ તરીકે ગણવા લાયક છે એમ કહેવામાં વાંધો જણાતો નથી." જુઓ એમની "પ્રસ્તાવના", **भक्तामरकल्याणमंदिरनमिउणस्तोत्रत्रयम्**, શ્રેષ્ઠિ દેવચન્દ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ગ્રન્થાંક ૭૯, સુરત ૧૯૩૨, પૃ૦ ૩૩. એ પુસ્તકમાં એમણે અનેક સ્થળે પ્રસ્તુત સ્તોત્રને સિદ્ધસેનની જ કૃતિ ઘટાવી છે.

૫. મુનિરાજ દર્શનવિજય, "શ્રી ભકતામર સ્તોત્ર", **જૈન સત્ય પ્રકાશ**, વર્ષ ૮, અંક ૧, પૃ૦ ૨૫.

૬. આ જગજાહેર હકીકત પ્રસ્તુત સંપ્રદાયના વિદ્વાનોનાં અનેક સ્થળોનાં લખાણોમાં પ્રકટ થઈ ચૂકી હોઈ અહીં તેના સન્દર્ભો ટાંકવા જરૂરી માન્યા નથી.

૭. **સન્મતિપ્રકરણ**, દ્વિતીય આવૃત્તિ, અમદાવાદ ૧૯૫૨, પૃ૦ ૧૦૨.

૮. જુઓ એમનો લેખ, "कल्याण मंदिर स्तोत्र के रचयिता", **शोधादर्श**, ૨૫, નવે૦ ૧૯૯૧, પૃ૦ ૨૯.

૯. Siddhasena Divakar : A Study, "Summary of the content of his thesis" in '3. Studies etc. by Modern Scholars' in *Siddhasena's Nyāyāvatāra and Other works*, Ed. A.N. Upadhye, Bombay 1971, p. 68.

૧૦. અપવાદ રૂપે શત્રુંજય પર મળેલા સં૦ ૧૩૮૩(ઈ૦ સ૦ ૧૩૨૭)ના લેખમાં બુદ્ધિનિવાસના ગુરુરૂપે 'કુમુદચંદ્ર'નો ઉલ્લેખ થયેલો છે : જુઓ "શત્રુંજયગિરિના કેટલાક અપ્રકટ પ્રતિમાલેખો", સં૦ મધુસૂદન ઢાંકી અને લક્ષ્મણ ભોજક, *Sambodhi*, Vol. 7, Nos. 1-4, પૃ૦ ૨૧, લેખાંક ૨૨. પરંતુ પ્રસ્તુત કુમુદચન્દ્ર તો ઈસ્વીસનના ૧૩મા શતકના આખરી ચરણમાં થઈ ગયા હોઈ તેઓ પ્રભાવકચરિતકારના સમકાલીન છે. એ કાળે 'કુમુદચંદ્ર' એ સિદ્ધસેન દિવાકરનું દીક્ષાકાળનું અભિધાન હતું એવી માન્યતા પ્રચારમાં આવી ગયેલી; અને એના પ્રભાવ નીચે જ આવું અભિધાન આ શ્વેતામ્બર મુનિએ ધારણ કર્યું હોવાનો સંભવ રહે છે. ગમે તેમ પણ આ એક જ અને પશ્ચાત્‌કાલીન દાખલો છે.

૧૧. નેસર્ગીના ૧૧-૧૨મીના લેખમાં કુમુદચન્દ્ર ભટ્ટારક દેવનો ઉલ્લેખ છે. જુઓ **જૈન શિલાલેખ સંગ્રહ** : દ્વિતીયો ભાગ, માણિકચન્દ્ર-દિગમ્બર-જૈન ગ્રંથમાલા, પુષ્પ ૪૫, સં૦ પં૦ વિજયમૂર્તિ, મુંબઈ ૧૯૫૨, પૃ૦ ૩૬૪, ત્યાં લેખાંક ૨૪૬. તદુપરાંત ચિડગુરુ(પ્રાય: ઈસ્વી ૧૨૯૦)ના લેખમાં 'કુમુદચંદ્ર દેવ'નો ઉલ્લેખ છે. જુઓ **જૈન શિલાલેખ સંગ્રહ** : તૃતીયો ભાગ, સં૦ પં૦ વિજયમૂર્તિ, મા૦–દિ૦–જૈ૦–ગ્ર૦, પુ૦ ૪૬, મુંબઈ વિ૦ સં૦ ૨૦૧૩/ઈ૦ સ૦ ૧૯૫૭, ત્યાં પૃ૦ ૨૯૮, લેખાંક ૪૩૨. તે સિવાય તે જ ગ્રંથમાં ઐહોળેના ૧૨મી-૧૩મી સદી લેખમાં : કુમુ(દ ? દે)ન્દુ એવા મુનિનો ઉલ્લેખ થયો છે. પૃ૦ ૨૬૯, લેખાંક ૪૪૪. અને હળેબીડના સન્ ૧૨૬૫ના લેખમાં આચાર્યોની નામાવલીમાં કુમુદેન્દુ-માધવનન્દિ-કુમુદચન્દ્ર એવો ઉલ્લેખ થયેલો છે : જુઓ **જૈન શિલાલેખ સંગ્રહ** (ભાગ ૪), મા૦–દિ૦–જૈ૦–ગ્ર૦, ગ્રન્થાંક ૪૮, પૃ૦ ૨૫૮-૨૫૯, લેખાંક ૩૪૨. એ સિવાય જોઈએ તો કેલગેરેના ૧૩મી સદીના ઉત્તરાર્ધના લેખમાં પણ માઘનન્દિ-શિષ્ય કુમુદચંદ્રનો ઉલ્લેખ છે. (એજન, પૃ૦ ૨૭૧-૨૭૨, લેખાંક ૩૭૬).

૧૨. જેમ કે कल्याणमन्दिरमुदारमवद्यभेदि (१'), आस्तामचिन्त्यमहिमा.... (७'), **चौरैरिवाशु यशवः प्रपलायमानैः** (७''') (७) द्रास्तास्तदा वत कथं किल कर्मचौरा (१३''), पानीयमप्यमृतमित्यनुचिन्त्यमान (१७''), ઇત્યાદિ અનેક દાખલાઓ છે.

૧૩. જુઓ તદ્‌વિષયક ડા૦ કાપડિયાની વિસ્તૃત ચર્ચા "સ્તોત્રયુગલનું તુલનાત્મક પર્યાલોચન," **भ० क० न० स्तो० त्र०**, પૃ૦ ૧૯-૩૧.

૧૪. જેવા કે, પદ્ય ૩૯, ૪૧.

त्वं नाथ ! दुःखिजनवत्सल ! हे शरण्य !
कारुण्यपुण्यवसते ! वशिनां वरेण्य ! ।
भक्त्या नते मयि महेश ! दयां विधाय
दुःखाङ्कुरोद्दलनतत्परतां विधेहि ॥३९॥
देवेन्द्रवन्द्य ! विदिताखिलवस्तुसार !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

संसारतारक ! विभो ! भुवनाधिनाथ ! ।
त्रायस्व देव ! करुणाहृद ! मां पुनीहि
सीदन्तमद्य भयदव्यसनाम्बुराशेः ॥४१॥

૧૫. જેમ કે, પદ્ય ૩૩નાં પહેલાં અસુંદર વા ક્લિષ્ટ બે ચરણો,

ध्वस्तोर्ध्वकेशविकृताकृतिमर्त्यमुण्ड–
प्रालम्बभृद्भयदवक्त्रविनिर्यदग्निः ।

અને ૩૪નું ત્રીજું ચરણ,

भक्त्योल्लसत्पुलकपक्ष्मलदेहदेशाः

૧૬. જેમ કે પદ્ય ૩૯માં हे शरण्य !, वशिनां वरेण्य !, પદ્ય ૪૦માં शरणं शरण्य ! આવાં કેટલાંયે દૃષ્ટાન્તો છે.

૧૭. "...કલ્યાણમન્દિરસ્તોત્રના ૨૫મા પદ્યમાં સુરદુન્દુભિ દ્વારા જે સૂચન કરાયું છે તે દિ૦ સર્વનન્દિ (ઈ૦ સ૦ ૪૫૮) પછી અને દિ૦ વીરસેન (ઈ૦ સ૦ ૮૧૬)ની પૂર્વે થઈ ગયેલા દિ૦ યતિવૃષભે **તિલોયપણ્ણત્તિ**(મહાધિયાર ૪)ના ૯૨૪મા પદ્યમાં 'સુરદુન્દુભિ' વિષે કર્યું છે." (જુઓ એમનો **જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ**, ખંડ ૨ : ધાર્મિક સાહિત્ય, ઉપખંડ ૧ : લલિતસાહિત્ય, પ્ર૦ ૨૭, શ્રી મુક્તિ-કમલ-જૈન-મોહનમાલા : પુષ્પ ૬૪, સૂરત ૧૯૬૮, પૃ૦ ૨૯૬.)
ડા૦ કાપડિયા નિર્દેશિત ગાથા નિમ્નોક્ત છે.

विसयकसायासत्ता हदमोहा पविस जिणपहू सरणं ।
कहिदुं वा भव्वाणं गहिरं सुरदुंदुही सरई ॥
– **तिलोयपण्णत्ती-४. ९३३.**

(સ૦ ચેતનપ્રકાશ પાટની, **तिलोयपण्णत्ती** (દ્વિતીય ખણ્ડ), પ્ર૦ સં૦ કોટા ૧૯૮૬, પૃ૦ ૨૮૩. (ડા૦ કાપડિયાએ અગાઉના સંસ્કરણમાં ગાથાનો ક્રમાંક ૪.૯૨૪ બતાવ્યો હશે.)

૧૮. પુન્નાટસંઘીય જિનસેનના **હરિવંશપુરાણ**(ઈ૦ સ૦ ૭૮૪)માં અષ્ટપ્રાતિહાર્યોમાં ચામર પ્રાતિહાર્યની વાત કરતાં સહસ્રો ચામરોનો ઉલ્લેખ છે. સં૦ પન્નાલાલ જૈન, જ્ઞાનપીઠ મૂર્તિદેવી જૈન ગ્રન્થમાલા, સંસ્કૃત ગ્રન્થાંક ૨૭, દિલ્હી-વારાણસી ૧૯૭૮, ૫-૬ / ૧૧૭, પૃ૦ ૬૪૪-૬૪૫.

૧૯. પઞ્ચસ્તૂપાત્વયી વીરસેન-શિષ્ય જિનસેનના **આદિપુરાણ**(પ્રથમ ભાગ)માં 'ચામરાલી' તથા '૬૪ ચામર'નો પ્રાતિહાર્યો અંતર્ગત સ્પષ્ટ ઉલ્લેખ થયો છે. જુઓ સં૦ પન્નાલાલ જૈન, ભારતીય જ્ઞાનપીઠ મૂર્તિદેવી જૈન ગ્રન્થમાલા, સંસ્કૃત ગ્રન્થાંક ૮ (પ્રથમ ભાગ), દ્વિતીય સંસ્કરણ, કાશી ૧૯૬૩, ૨૩/૨૪-૭૩, પૃ૦ ૫૪૨-૫૪૯ પર અપાયેલું વર્ણન.

૨૦. જુઓ **કલ્યાણમંદિરસ્તોત્ર**નું નીચેનું પદ્ય :

स्वामिन् ! सुदूरमवनम्य समुत्पतन्तो
मन्ये वदन्ति शुचयः सुरचामरौघाः ।
येऽस्मै नतिं विदधते मुनिपुङ्गवाय
ते नूनमूर्ध्वगतयः खलु शुद्धभावाः ॥२२॥

૨૧. નોંધનીય એટલા માટે છે કે, શ્વેતામ્બર પરંપરામાં ચામરોના સમૂહની વાત જ પ્રાતિહાર્ય વિષય પરના પ્રમાણભૂત જૂના સાહિત્યમાં મળતી નથી.

૨૨. જુઓ અહીં પ્રકાશિત કૃતિ, પદ્ય ૨.

૨૩. જુઓ ૨ ૨. P. N. Dave, *Kumudachandra, Summaries of papers,* 21st session, All India Oriental Conference, Srinagar 1961, pp. 104-105, as in corporated in Upadhyaya, 3. Studies, in Siddhasena's, p. 34. Therein it is thus recorded." The second vs. of C'. Dvr. Contains the word *hevāka* of Persian or Arabic origin, not current till 11th Century A.D."

૨૪. શૈલી ૧૨મા શતકના પૂર્વાર્ધની છે. અને કેમ કે આ સ્તોત્રનો પ્રચાર ગુજરાતમાં થઈ શક્યો છે તે કારણે પણ તે આ જ કુમુદચન્દ્ર હોવા જોઈએ. (અમને સ્મરણ છે કે, પં૦ જુગલકિશોર મુખ્તારે પણ **કલ્યાણમંદિર સ્તોત્ર**ના રચયિતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રસ્તુત કુમુદચન્દ્ર હોવાનો તર્ક ક્યાંક પ્રકાશિત કર્યો છે.)

૨૫. ભદ્રેશ્વરની **કહાવલિ** (ઈસ્વી ૯૫૦-૧૦૦૦)થી લઈ, આમ્રદેવસૂરિ (ઈસ્વી ૧૧૩૩) આદિ સૌ મધ્યકાલીન શ્વેતામ્બર કર્ત્તાઓ સિદ્ધસેનની કૃતિઓ સંબંધમાં **દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા**ની જ વાત કરે છે; તેમાંના કોઈએ ૪૪ પદ્યવાળા **કલ્યાણમંદિરસ્તોત્ર**નો તેમની કૃતિ હોવા સંબંધમાં જરા સરખો પણ નિર્દેશ દીધો નથી.

૨૬. સ્તોત્રમાં પ્રયોગમાં લેવાયેલ ઉપમાઓ આદિ અનેકવિધ અલંકારાદિ વિષે અન્ય વિદ્વાન્ ચર્ચા કરનાર હોઈ અહીં તે સંબંધમાં ચર્ચા છોડી દીધી છે.

૨૭. એજન.

૨૮. સ્તોત્ર જોતાં જ દેખાઈ આવે છે કે તે વિદ્વદ્ભોગ્ય, અમુકાંશે ક્લિષ્ટ કૃતિ છે, કંઠસ્થ કરવા માટે નથી.

૨૯. મૂલપ્રતની નકલ પરથી સ્તોત્રનું સંશોધન પં૦ મૃગેન્દ્રનાથ ઝા, શ્રી અમૃત પટેલ, અને પં૦ રમેશભાઈ હડિયાએ કર્યું છે, જે બદલ સંપાદકો એ ત્રણે વિદ્વાનોના આભારી છે. થોડાં વર્ષ અગાઉ ડા૦ પિનાકિન ત્રિવેદીએ દ્વિતીય સંપાદકને આ સ્તોત્રની પ્રત ભારતીય વિદ્યાભવન, મુંબઈમાં હોવાનું જણાવેલું, જ્યાંથી તે સંપાદનાર્થ પછીથી પ્રાપ્ત કરવામાં આવેલી. સંપાદકો ડા૦ દવેના આભારી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# श्री कुमुदचन्द्राचार्य कृताः
# श्री आदिनाथ स्तुति अपरनामा
# श्री चिकुरद्वात्रिंशिका

(शिखरणी छन्द)

मुदेवस्तादेवस्त्रिदिवयुवतीमौलिवलभी-
विटङ्कप्रक्रीडन्मुकुटपटलीलालितपदः ।
स चिंतामाणिक्यामरसुरभिकल्पावनिरुहां-
सनाभिर्नाभेयस्त्रिभुवनवनीजीवनघनः ॥१॥

गलद्गर्वग्रन्थिः प्रथमजिननाथस्तुतिपथे-
न पांथीभूयन्ते धिषणधिषणाऽपि प्रथयति ।
ममायं विस्फायत्तरणि किरणश्रेणिसरणे-
तदेवं हेवाको वियतिनियतं वल्गनमयः ॥२॥

स्फुरत्बाल्यावस्थासुलभविभवाचापल-कला-
विलास-व्यासंग-व्यसनरसतः किं नु नटितः ।
इमां बालां बुद्धिं तव नव नवक्रीडनलवै
स्तदिक्ष्वाकुश्रीणां रमण ! रमयिष्यामि किमपि ॥३॥

उदञ्चत्पौलोमी हृदयदयित-प्रार्थन-कथा-
प्रथाबीजं स्कन्धद्वयसुचरितश्रीपरिणते ।
त्रिलोकीनेत्राणाममृतमयसिद्धाञ्जनमियं-
कवीनां सञ्जीवीवरदकबरी ते विजयते ॥४॥

त्वदीयाङ्गे रङ्गत्कनककणिकाकान्ति-कपिशे-
जगद्बन्धोस्कन्धद्वयशिखरभित्तौ कचलता ।
युगादौ सद्धर्मप्रथनभवने दोषहुतये-
दधौ नीलीनीलाञ्जनमयनवस्थासककलाम् ॥५॥

बभौ नाभिक्षोणीधवभव ! भवत्केशकुरली-
निलीना पीनांसस्थलफलकयोः कज्जलकला ।
गृहीतेवोन्मादयन्मदमदनसंरंभकदना-
भुजाभ्यां मायूरीस्फुटमुपरितश्छत्रयुगली ॥६॥

अहं मन्ये धन्ये नहि महिमभूयिष्ठ ! भवता-
भवांभोधिर्भीमोप्युभयभुजहेलाभिरभितः ।
ललङ्गे दुर्लङ्घो लघु लसति केशावलिनिभा-
न्निरेना येनांसे सलिलशबला शैवललता ॥७॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ध्रुवं सा श्रीर्देवीवरदमरुदेवा भवभवन्-
मुखाम्भोजक्रीडाकनकवलयौ खेलति मुदा ।
सदोपास्ते पार्श्वे हरिरिह रिरंसा लसदमा(दिमा)
कचव्याजाद्येनोज्वलतमतमालद्युतिततिः ॥८॥

विभो श्रुत्वा गङ्गां घनतरतरङ्गाम्बुतरलां-
त्रिलोकीजङ्घालां किल निपतनाद्भैरव भुवि ।
ध्रुवं साम्ये काम्ये त्वयि जयिनि तीर्थे कचलता-
छलान्मौलेः शृङ्गाल्लसति पतयालू रविसुता ॥९॥

त्रिलोकीतिग्मांशो ! मिलदमललावण्यलहरी-
परीतं स्फीतं श्रीमुखसरसिजं ते विजयते ।
सदोपान्ते कान्ता चिकुरकुरलीनीलनलिनी-
विनीलालीना यद्भ्रमरतरुणीधोरणिरियम् ॥१०॥

जगद्दृश्वन्निश्वान्यवतु भवतः काञ्चनरुचौ-
कपोले लोलन्ती ललितवलिता कुन्तललता ।
तपोलक्ष्मीलीलापरिणयमहापर्वणि कृता-
विचित्रापत्रालीं मृगमदमयीवाग(घ)दमनः ॥११॥

तदा सत्यं सत्त्वाच्छकटमुखभाजा स्मितमुख ! ।
त्वया दध्रेऽनद्धानणुगुणमहासंयमभरः ।
यतः स्कन्धाबन्धे चिहुरनिवहश्रीपरिणते-
किणाः श्रेणीभूताः वृषभ ! विजयन्ते जिनपते ! ॥१२॥

अहं जाने हेलाहतवृजिननीरञ्जनजिन ! ।
प्रदीपस्तेस्वान्ते ज्वलति विमलः केवलमयः ।
समन्ताद्येनायं श्रवणविवरान्निर्गत हि तेंऽ-
जनस्तोमः सोमानन ! घनविनीलो विलसति ॥१३॥

ध्रुवं देवोदध्रे विष(य)मयजंबालकलिलात्-
त्रिलोकी कारुण्यात्कलिकलुषकूलंकषमुखम् ।
वृषस्कन्धोत्तंसप्रवरकवरीमञ्जरिमिषा-
द्विलग्ना येनेयं भुजशिखरयोः पङ्कणिका ॥१४॥

अमन्दम्भिन्दाने भृशतमम विद्यांधतमसं-
शुचिब्रह्मज्योतिर्बत नियतमन्तःस्फुरति ते ।
शिरोजालीव्याजाद्यदमुकुलनीलोत्पलदल-
प्रभाचौरी चञ्चत्युपरि परितो धूमलतिका ॥१५॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

स्वयंबोधो बोधामृतरसभृतः पूर्णकलश-
त्रिलोकीमाङ्गल्यस्त्वमसि कपिशः काञ्चनरुचा ।
कृतोत्कण्ठे कण्ठे लुठति यदियं कुन्तलमयी
लसद्लक्ष्मी लीलालयकुवलयस्मेरवलयी ॥१६॥

अविद्यामूर्च्छाल-त्रिभुवनजनोज्जीवन ! जिन !
स्फुरच्छुक्लध्यानामृतलहरिपूर्णं ध्रुवमसि ।
अखण्डं त्वं कुण्डं यदमलमिलत्कुन्तलमिषा-
दुपान्तं नोमुञ्चत्युरगनिकरा यामिकवराः ॥१७॥

प्रभाभिर्दिक्कुक्षिंभरिभिरुदयी कल्मषमुषो-
मुखेन्दुर्नँधात् ते त्रिभुवनसुधापारणमहः ।
कुहूः सूचीभेद्यांधतमसमयी संगमसुखा-
न्यवाप्तुं तत्पूर्वं यमिव समुपास्ते कचमिषात् ॥१८॥

अतर्क्यान्तस्तत्त्वोनमदसुमतां वाङ्मनसयोः-
समन्तादस्ताधः समरसमहानीरधिरसि ।
वितेने तेनेयं ननु चिकुरवल्ली विकसता-
तताभीसुवेलावनघनतमालावनिरुहः ॥१९॥

त्रिलोकीमाध्यस्थं दधदधिकमाकालमचलः-
सुमेरुस्त्वं स्वामिन्विकचरुचिकल्याणरुचिरः ।
भुजाशृङ्गोत्संङ्गे चिकुरनिभतो नन्दनवनी-
विनीला यद्दत्ते हृदि मुदमुदग्रां सुमनसाम् ॥२०॥

कषोत्तीर्णस्वर्णत्विषि वपुषि सैषा सुखयुता-
ज्जगन्ति प्रेङ्खन्ती तव चिकुरलेखा जिनवृष ! ।
गिरेः शृङ्गेत्तुङ्गे बहुलविलसत्गैरिकरसे-
शयालुर्नीरंध्रा नवमुदिरमालेव मधुरा ॥२१॥

जगन्नेतर्नेता हरिहरिहरित्केशकणिका-
भवत्कंठक्रोडान्तिकविसृमराः किं पुनरमी ।
परीरंभारंभाद्भुतरभसन्मुक्तितरुणी-
भुजामालोद्वेल्लन्मणिगणरणत्कङ्कणकिणाः ॥२२॥

ध्रुवं कर्मक्लेशावलिनिखिलदन्ताब(व)लबल-
च्छिदाऽलंकर्मीणस्त्वमसि जिनगन्धेभकलभ ! ।
कपोलान्ते लोलाविरलविगलद्दानसलिल-
छटाछायां धत्ते भ्रमरहरिणी येन कबरी ॥२३॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मुमुक्षोस्ते दीक्षोपगमसमये कुंतलतति-
र्लुलन्तीयं कार्तस्वरमयभुजस्तम्भशिरसि ।
प्रवेशे तत्कालं प्रसृमर मनःपर्यवविदो-
मुदामाङ्गल्यस्रग्दलवलयलीलां कलयति ।।२४।।

मुमुक्षो निक्षिप्य स्वतनुकनकं दुस्तपतपो-
ऽनले ज्वालाश्रयिणि नियतं शोधितमिदम् ।
तवांसे येनेश ! स्फुटति कबरीवल्लरिनिभा-
द्विभात्युच्चैरेषा गलितमलकालुष्यपटली ।।२५।।

उदञ्चद्ब्रह्मद्वाःसदनवलभीं केवलविदो-
ऽधिरोढुं बिभ्राणा हरितमणिनिश्रेणिकरणिम् ।
त्रिलोकं सल्लोकंप्रि(पृ)णंमसृणकेशांकुरवनी-
पुनीतां शीतांशुद्युतिविततिसर्वंकषमुखाः ।।२६।।

हतक्लेशाः केशाः कुलकरकुलीनांऽसलुलिता-
स्तवोन्मीलन्नीलांबुरुहसुभगं भावुकविभाः ।
दधुर्नीलोत्फुल्लद्वदनकमलार्हन्त्यकमला-
विलासार्थं दोलायुगललतिका-रज्जुतुलनाम् ।।२७।।

जगद्द्रोहो मोहः स खलु विषमेषुः खलतमो
महायोधः क्रोधः समितिसममेते बत जिता ।
तथाप्यावां नाथः कथमपि दृशा नेक्षत इति-
त्वदीयांसौ कार्ष्ण्यं विमद ! दधतु स्तौ कचमिषात् ।।२८।।

त्रिलोकीकल्पद्रो ! किल युगलधर्मव्यतिगमे-
धराकल्पाः कल्पावनिजनिवहा वैभवजिताः ।
त्वया तत्कालं ये समदमुदमूल्यन्त विकटा-
जटाजाली तेषां परिणमति केशावलि तदा ।।२९।।

मुमुक्षूणां तादृक् शमरसकृते ध्यानविवरम्-
विविक्षूणां क्षीणांतरतमतमः पुस्तकमसि ।
महार्थंकल्पस्य ध्रुवमय विकल्पस्य यदिमा-
जिनेन्दो ! दीप्यन्ते किमपि लिपयः केशकपटात् ।।३०।।

तवाबन्धस्कन्धस्थलविलुलिता लुम्पतु सता-
मतान्तं लिम्पन्ती भृशममृतपङ्कैरिव दृशः ।
युगादिश्रीतीर्थंकर चिकुरलेखा नवयवां-
कुराली कर्णान्ते नियतमवतंसाय रचिता ।।३१।।

इति श्रीनाभेयस्तवलवमिदं यस्तवनवं-
सुधासध्रीचीभिर्विमलगिरिशृङ्गारमुकुट ! ।
ब्रुवाणो वाणीभिस्त्वयि लयमयीमंचति कलां-
स एव श्रीदेवो जनकुमुदचन्द्रः कविरविः ।।३२।।

इतिश्री चिकुरद्वात्रिंशिका पूर्णा ।

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# જિન ઋષભની કેશવલ્લરી સંબંધ બે અપ્રગટ સ્તોત્રો

**અમૃત પટેલ**

પ્રથમ તીર્થનાથ શ્રીઋષભદેવે જ્યારે પ્રવ્રજ્યા ગ્રહણ કરી ત્યારે ઇન્દ્રની પ્રાર્થનાથી પંચમમુષ્ટિથી કેશલોચ કર્યો નહિ : અને કેશછટા એમના સ્વર્ણિમ સ્કંધપ્રદેશ પર શ્યામલ કુંતલ લટો રૂપે લહેરાવવા લાગી.

આ કેશ-લટો વિષે અભિનવ ઉત્પ્રેક્ષા, કલ્પનાવૈભવ, અને ભાષાની પ્રાસાદિકતા તેમ જ પ્રૌઢ કવિત્વ ધરાવતા બે અપ્રકાશિત સ્તોત્રકાવ્યો રજૂ કર્યાં છે. તેમાં પહેલું છે **ઋષભકુંતલ-પંચવિંશતિકા.** અને બીજું છે **ઋષભકુંતલ અષ્ટક. અષ્ટક** અને **પંચવિંશતિકા**ની પ્રતિઓ લા૦દ૦ભા૦સં૦ વિદ્યામંદિરના હસ્તપ્રતભંડારની છે. યથા :

**ઋષભકુંતલ અષ્ટક** લા૦દ૦ ભે૦સૂ૦ ૫૮૫૨/૨

**ઋષભકુંતલ દ્વાત્રિંશિકા** લા૦દ૦ ભે૦સૂ૦ ૨૨૨૫૫ પત્ર ૧.૨ ૨૬x૧૧ સે૦મી૦

લા૦દ૦ ભે૦સૂ૦ ૩૫૨૪ પત્ર ૨ ૨૬x૧૧ સે૦મી૦

વસંતતિલક વૃત્તમાં રચાયેલ **અષ્ટક** અજ્ઞાતકર્તૃક છે, અને શાર્દૂલવિક્રીડિત છંદમાં **પંચવિંશતિકા.**જેના કર્ત્તા વિષે જોકે સ્પષ્ટતા થયેલી નથી. પરંતુ ૨૪ / ૨૫માં પદ્યમાં આવતા **વિબુધપ્રભુત્વ** શબ્દમાંથી શ્લેષાત્મક રીતે 'વિબુધપ્રભસૂરિ' એવું કર્ત્તૃ-અભિધાન ઉદ્ભવી શકે. ઉપરાંત લા૦દ૦ સંગ્રહ હ૦પ્ર૦નં૦ ૨૨૨૫૬ ભેટસૂચિ પુષ્પિકામાં **પંચવિંશતિ**ના કર્ત્તા તરીકે વિબુધપ્રભસૂરિ વર્ણવ્યા છે.

વિબુધપ્રભસૂરિ નામે બે આચાર્યોના ઉલ્લેખો થયેલા જોવા મળે છે. એક તો ચંદ્રગચ્છના[1] વિબુધપ્રભસૂરિ તથા બીજા નાગેન્દ્રગચ્છના વિબુધપ્રભસૂરિ. આ બન્નેના શિષ્યોએ ગ્રંથો રચ્યાના[2] ઉલ્લેખો મળે છે, પરંતુ તેઓ બેમાંથી એકેયની રચેલી કૃતિ હોય એવો નિર્દેશ મળતો નથી[3]. જો આ બેમાંથી કોઈપણ એક વિબુધપ્રભસૂરિ હોય તો **પંચવિંશતિકા**નો રચનાસમય ૧૩મી સદી (ઉત્તરાર્ધ ?) ગણાય. **અષ્ટક**નો સમય પણ ૧૩મી શતાબ્દીથી તો અર્વાચીન લાગતો નથી.

**પંચવિંશતિકા**માં કેશલતાને અલગ અલગ પદાર્થરૂપે રજૂ કરી છે. જેમકે ૧) હૃદયમાં બળતા ધ્યાનદીપની ધૂમ્રસેર; ૨) નજર ઉતારવા માટે નીલવર્ણ વસ્ત્રખંડ; ૩) રાજ્યરથ ધુરાનો વ્રણ-ગણ; ૪) લક્ષ્મી પ્રેષિત ભ્રમર સમૂહ; ૫) સંસારસાગર ઊતરતાં સ્કંધે ચોરેલી શૈવલ-વલ્લરી; ૬) ધ્યાનાગ્નિનો ધૂમપટલ; ૭) મેઘ; ૮) રાગાદિવિજયપ્રશસ્તિ; ૯) કેશલતાનું વિશ્વવૈભવનિધિનું સૂચન; ૧૦) કાળોતરો નાગ; ૧૧) આમ્રપર્ણ; ૧૨) શ્રી શારદનો ગૃહ સમાન વદનની આસપાસનું ઉપવન; ૧૩) ડરી ગયેલો અંધકાર; ૧૪) ભ્રમર અને ચંદ્રકલંકનું એકત્ર રહેવું; ૧૫) શ્રવણયુગલમાં પ્રવેશવા માટે સંકોચાઈ ગયેલો સમુદ્ર; ૧૬) મુખકમલના કંઠ-નાલની આસપાસનો પંક; અથવા મુખરૂપ ચંદ્રની પાછળ પાછળ આવેલી પત્ની રાત્રિ; ૧૭) પૂર્વમિત્ર ચંદ્રથી પણ વધુ આહ્લાદક મુખચંદ્રને જોવા માટે સંઘરૂપ પર્વત ઉપર ચઢી ગયેલી કુવલય શ્રેણિ; ૧૮) ત્રિભુવનજનની નજરોથી પીવાતાં છતાં મુખ-જ્યોત્સ્ના ઓછી ન થવામાં કારણરૂપ કૃષ્ણચિત્રક લતા; ૧૯) કૈલાસ પર્વત ઉપર ધ્યાનસ્થ શંકરની જટામાં રહેવાથી ઉન્મત્ત થયેલી ગંગાને જોઈ, વિમલાચલ વિભૂષણ ઋષભદેવના મસ્તક ઉપર કેશલતા રૂપે યમુના વસી છે; ૨૦) ગિરિરાજ શત્રુંજય એ ગજવર છે અને એમાં ચમકતી વીજળી યુક્ત મેઘ એ હેમ-મઢી ઝૂલ છે : તેમાં ઊંચા મંદિર એ અંબાડી છે; તેમાં ધર્મરૂપી ધનુષ્ય છે. રાગદ્વેષ મોહ શત્રુઓ જીતવાના છે માટે ઋષભદેવે સ્કંધ પીઠે બે ભાથા રૂપે કેશકલાપ ધારણ કરેલ છે; ૨૧-૨૨) કપોલરૂપી ચંદ્રયુગલનાં બે મૃગલાઓ દીક્ષાસમયે ધર્મચક્રમાં આવી વસ્યા છે કારણ કે તેઓ ઊંચા સ્કંધપ્રદેશમાં પથરાયેલી કેશ-લતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રૂપી જાલ, બે કર્ણકલિકા રૂપી પાશથી ડરે છે (૨૩).

ઋષભદેવના કર્ણપ્રદેશ આસપાસ દેવેન્દ્ર વગેરેની સ્તુતિઓ બેસુમાર સુધા વર્ષાવે છે. આથી જ સ્કંધસ્થલ ઉપર કેશકલાપ રૂપે પાવન દૂર્વાવન ઊગ્યું છે.

આમ હે ઋષભપ્રભુ, જેઓ સમયે સમયે આપના આ કુંતલવર્ણન-સ્તવનનું રટણ કરે છે તે ઇન્દ્રત્વ આદિ વૈભવને પામ્યા પછી શિવપદને પણ પામે છે.

હવે **ઋષભકુંતલ-અષ્ટક**માં આવતી ઉત્પ્રેક્ષાઓ વિષે જોઈએ :

૧. ઋષભદેવના સ્કંધપ્રદેશ ઉપરનો શ્યામ કેશકલાપ મોહરાજ, કામદેવ, અને માનગજની વિજયપ્રશસ્તિ રૂપે શોભી રહ્યો છે;

૨. ઋષભદેવનું મુખ એ કમલ છે અને તેની સુગંધથી લુબ્ધ ભ્રમરગણ કેશ-પાશ રૂપે તેની આસપાસ ભમી રહેલ છે;

૩. ઋષભદેવનું હૃદય એ ગૃહ સમાન છે અને કેશલતા એની ઉપર શોભતી વંદનમાલિકા (તોરણ) સમાન છે;

૪. ઋષભદેવના અંતઃકરણમાં તો ધ્યાનાગ્નિ પ્રજ્જ્વલે છે માટે જ તેમાંથી ઊઠતી ધૂમ્રશ્રેણી કેશછટા રૂપે બહાર આવે છે;

૫. સંયમના ભારથી ઋષભદેવના સ્કંધ ઉપર જ ઘા પડ્યા તેના ઘસરકાની કાલિમા ઊપસી, તે જાણે કે કોમલ કેશલતા રૂપે શોભે છે;

૬. ઋષભદેવનો દેહ સુવર્ણ વર્ણો છે અને કેશલતા શ્યામવર્ણી છે, તે જાણે કે મેરુની નજીક રહેલ મેઘરાશિની શોભાને પરાસ્ત કરે છે.

૭. લાગે છે કે બ્રહ્માએ ચંદ્ર-બિંબને શુદ્ધ કર્યા પછી જ ઋષભદેવનું મુખ સર્જ્યું છે. કારણ કે ચંદ્રની કલંક-રેખાઓ ત્યાં કેશલતાની છાયા રૂપે પડે છે.

૮. ઋષભદેવના વિગ્રહ-રૂપી ગ્રહ(શરીર રૂપી સંગ્રામ)માં શ્રેષ્ઠ સંયમરૂપી લક્ષ્મી આશ્રય કરે છે. તેને ક્રીડા કરવા માટે મરકત-રત્નની બનેલી ભૂમિ સમાન સ્કંધપ્રદેશ ઉપર કેશલતા શોભે છે.

આમ ઋષભદેવનાં કુંતલ વિષેની આ બન્ને લઘુકૃતિઓમાં ઉત્પ્રેક્ષા સુંદર રીતે વ્યક્ત થાય છે.

---

**ટિપ્પણો :**

૧. તેમના શિષ્ય પદ્મપ્રભસૂરિએ પ્રાકૃત ભાષામાં **મુનિસુવ્રતચરિત્ર**ની રચના સંવત ૧૨૯૪ / ઈ૰ સ૰ ૧૨૪૮માં કરી હતી. જુઓ **જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ**, મોહનલાલ દલિચંદ દેસાઈ, મુંબઈ ૧૯૩૧, પૃ૰ ૪૬૯.

૨. તેમના શિષ્ય ધર્મકુમારે **શાલિભદ્રચરિત** સંવત્ ૧૩૩૯ / ઈ૰સ૰ ૧૨૭૮માં રચ્યું હતું.

૩. આચાર્ય પ્રદ્યુમ્નવિજયસૂરિએ તાજેતરમાં ડા૰ જિતેન્દ્ર શાહને ઉદયપ્રભસૂરિ-શિષ્ય વિબુધપ્રભસૂરિની એક કૃતિ, **વ્યાખ્યાપ્રજ્ઞપ્તિસૂત્રસ્તુતિ**, તેમને પ્રાપ્ત થયાનું જણાવ્યું છે. આ ઉદયપ્રભસૂરિ તે વિખ્યાત નાગેન્દ્રગચ્છીય વિજયસેન સૂરિના શિષ્ય નહીં પણ **વાસુપૂજ્યચરિત્ર**ના કર્તા વર્ધમાનસૂરિના શિષ્ય, નાગેન્દ્રગચ્છના જ, પણ અન્ય ઉદયપ્રભસૂરિ હોવાનો સંભવ છે. એમ હોય તો એમનો સમય ઈસ્વી ૧૩મી સદી આખરી ચરણ માની શકાય.

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ऋषभकुंतल पंचविशंतिका
### ( शार्दूलविक्रीडित )

चञ्चत्पञ्चममुष्टिकुंतलततिः प्राचीपति प्रार्थनाऽ
नुत्खाता तव राजति श्रवणयोः पार्श्वे युगादिप्रभो ! ।
स्नेहद्रोहसमिद्धमानहृदयध्यानप्रदीपोद्भवा
सज्जेवाऽञ्जनमञ्जरीश्रुतियुगद्धाभ्यां विनिर्गत्वरी ॥१॥

श्रीनाभेय ! भवान् नवाभ्युदयिनः श्रीधर्मभूमीपतेः
प्रासादेऽभिनवोऽस्ति सर्वभुवनप्रीत्यै धृतः स्वस्तिकः ॥
स्कंधे तच्चिकुरच्छलादुभयतो दृग्दोषमोषक्षमा
नीलीचर्चितचीरखंडयुगलीलोलेयमालोक्यते ॥२॥

गोस्वामिन्नसहाय एव वृषभ-स्कंध-स्थलास्थायिनम्
त्वं प्राग् यं बिभरांबभूविथ महाधुर्यो युगादौ स्थितः ॥
भारे राज्यरथस्य तत्र भरत स्कंधाऽर्पिते कुंतल
व्याजादंसतटे तव व्रणकिणश्रेणिर्ध्रुवं दृश्यते ॥३॥

प्रव्रज्यां प्रतिपन्न-वत्सल ! जगन्नाथ ! प्रपद्य त्वया
किं त्यक्ताऽहमतीव विज्ञपयितुं संप्रेषिता पद्मया ॥
तद्गेहाम्बुरुहोपजीवनपरा स्वामिन् ! सुवाणिर्भवत्-
कर्णान्ते निभृता विभाति चिकुर-व्याजेन भृंगावलिः ॥४॥

क्षेत्रे श्रीभरतेऽत्र तत्रसमये केनाप्यतीर्णं पुरा
प्राक् संसारमहार्णवं प्रतरतः स्वामिँस्तव स्कंधयोः ॥
लग्ना शैवलवल्लरी ध्रुवमियं नीलाऽलकाऽलिच्छलात्
पश्चात् तीर्णवतामियं यदजिताऽऽदीनां तु नो व्यज्यते ॥५॥

श्रीमन्नाभिनरेन्द्रपुत्र ! भवतो हृन्मध्यभागे सदा
शुद्धध्यानधनंजयस्य दहतः कर्मद्रुमाणां वनम् ॥
प्रोन्मीलत्कुटिलाऽलकाऽऽवलि-लता व्याजेन निर्जग्मुषी
रेजे ध्यामलधूमधोरणिरियं श्रोत्रद्वयद्वारतः ॥६॥

क्षीयेऽहं बहिरंगवायुपटलेनाऽपि त्वया नु प्रभो ।
यस्याभ्यंतरवायुरप्यनुचरो योगायितं जन्मनः ॥
तन्मे वायुजयं वदेति जलदः प्रष्टुं कचच्छद्मना
कर्णान्ते स्थितवान् परोपकरणक्रीडासनीडस्तव ॥७॥

स्वामिन् यद् भवता व्रतं कलयिता सामायिकास्त्रोर्जितैः
रागद्वेषमहाभटद्वयपराभूतिः समासूत्र्यते
तेनेयं मरूदेवि-संभव ! तव स्कंधोपरिष्टात् कच -
श्रेणी संतनुते प्रशस्ति-युगली सख्यं मषीवर्णभाक् ॥८॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

त्रैरत्नी-त्रिपदी-त्रिकालविषयज्ञान-त्रिलोकाद्‌भुत-
स्वामिन् वप्रभृतिच्छदत्रयभृतः सद्ब्रह्मवृक्षस्य ते ॥
श्लिष्ट-स्कंधतटाः शिरोरुहजटाः पुण्यैकलभ्यं सदा
पादाधः स्थितविश्ववैभवनिधिं संसूचयन्ति प्रभो ! ॥९॥

सन्मार्गं व्रजतां सतामभिमुखी-भूत स्त्रिलोकीवधू-
शीर्षालंकरणं शिवाय भवसि त्वं पूर्णकुंभः प्रभो ! ॥
पूर्णस्य प्रशमामृतेन भवतः कर्णोपकंठे लुठत्
केशौघ-व्यपदेशतो विलसति श्रीवृक्ष-पत्रावलिः ॥१०॥

त्वं स्वामिन् ! परितापहृत् ! त्रिजगतामानंदनश्चंदनः
कुंडं ज्ञानसुधारसस्य सुगुणश्रेणीमणीनां निधिः ॥
युक्तं त्रिष्वपि रूपकेषु भवतः कचानां कुलम्
नीलाम्भोजविभं निलीनफणभृद्भृंगीनिभं गीयते ॥११॥

दोर्दण्डद्वयदंभतोरणमहास्तंभाग्र जाग्रद्-गुरु-
स्कंधप्रोन्नतकुंभकोटिविलसत्केशौघचूतच्छदः ॥
वक्त्रांभोरुहविभ्रमभ्रमदलिव्याजोल्लसत्तोरण-
स्त्रग्रम्योऽद्भुतसिद्धिसौधपुरतो द्वारायसे त्वं प्रभो ! ॥१२॥

स्मेरत्पक्ष्मकपाटनेत्रयुगली वातायनं प्रांतयोः
स्कंधाऽऽक्रीडनगोपरि श्रुतिलता-व्यालंबि दोलाद्वयम् ॥
वक्त्रं गौर-कपोल-भित्ति भवतो वाग्देवता-पद्मयोः
क्रीडा-सौधमुपान्तयोरुपवनप्रायोल्लसत्-कुंतलम् ॥१३॥

त्वद्वक्त्रस्य सुधारुचेः पुर इह स्थातुं न शक्तो द्विषा
मप्याह्लादमस्य चारिमगुणं व्यालोकितुं चोत्सुकः ॥
उच्चैः स्कंधगिरीन्द्रयोरुभयतो भीत्या निलीय प्रभो !
मन्ये श्यामल-कुंतल-स्थलमुपादायांधकारः स्थितः ॥१४॥

योगिन्नाननकानने सुरभिणि द्योतिःप्रधाने तव
त्यक्त्वा शाश्वत-मत्सरं निवसतः पाथोज-चंद्रश्रियौ ॥
तस्मिन् शुद्धिभृति प्रसंगमनयोरप्राप्नुवंतौ ध्रुवम्
पर्यन्ते चिकुरस्थलेन मधुपश्रेणीकलंकौ स्थितौ ॥१५॥

"नित्यं कांतिकलः कलङ्कविकलस्त्वद्वक्त्रचंद्रो यथा
देव ! त्वं वद तादृशः कथमयं मत्पुत्रचंद्रो भवेत्"
एवं प्रष्टुमिवाभितः श्रुतियुगं संकुच्य कल्लोलिनी-
कान्तः कुंतलकैतवादुपययौ गांभीर्यमंत्रं तव ॥१६॥

सौरभ्यातिशयेन ते यदि मुखं श्रीसद्म-पद्मं, स्फुरत्-
द्योतिः पाथसि कंठनालमभितः पंकंति तत्कुंतलाः ॥
विश्वाह्लादि-विभावशाद् यदि मुखं चंद्रोऽथ तत्पृष्ठत-
स्तत्कान्ता चिकुरच्छलेन रजनिः केनाऽत्र नो मन्यते ॥१७॥

स्वामिँस्त्वन्नयनाद्भुताद्भुततमश्री-निर्जिता लज्जया
न स्थातुं पुरतः क्षमा कुवलयश्रेणिर्निलीय ध्रुवम् ॥
प्रागमित्रीकृतचंद्रतोऽप्यतिसुखं द्रष्टुं त्वदीयं मुखम् ।
प्रान्तस्कंधशिलोच्चयोपरि समारूढा शिरोजच्छलात् ॥१८॥

नित्यं मानवदेवदानवदृशां व्यूहेन लेह्याप्यसौ
श्रीनाभेय ! भवन्मुखौषधिपतेर्ज्योत्स्ना कथं क्षीयताम् ॥
यस्मादत्र जगत्त्रयी-परिवृढ ! प्रान्तद्वये कुंतल-
व्याजाद् राजति कृष्ण-चित्रकलताजालप्रवालावलिः ॥१९॥

आलोक्य त्रिदिवापगां परिलसत्-कैलाशशैलाशनाऽ
ध्यासीनस्य वृषध्वजस्य शिरसि प्रेंखोलनादुन्मदाम् ॥
संहर्षादिव देव ! ते रविसुता मूर्धानमासेवते
केशश्रेणिमिषाद् वृषाङ्क ! विमलक्ष्माभृत्-तटीमंडनम् ॥२०॥

श्रीशत्रुंजय एष कुंजरवरः प्रोद्दामसौदामिनी-
श्लिष्टाम्भोद-मिषेण हेमखचितप्रत्यङ्गरङ्गद्गुडः ॥
तत्रोच्चैस्तर चैत्यकोष्टकगतो धर्मं दधानः प्रभो ! ।
विश्लिष्यद् विषमेषुमद्भुतगुणं त्वं नाभिभूतो भटः ॥२१॥

दृष्ट्वा कुंतलदंभतोऽसतटयो स्त्वत्पृष्ठबद्धोल्लसत् -
तूणीरद्वयबाणसंचयशिखा संदोह पिच्छच्छविः ॥
जेतव्यस्तव सज्जित स्त्रिभुवनद्रोहश्च मोहः स्फुरन्
राग-द्वेष-कषायपंचविषयप्रायः प्रवीरै र्वृतः ॥२२॥ युग्मम्

उच्चांऽसस्थलसंस्थकुंतललताजालप्रवालश्रित-
प्रत्यासन्नविलोलकर्णलतिका-पाशद्वयत्रासतः ॥
देव ! त्वत्क-कपोल चंद्रयुगलस्यैणौ प्रणस्य ध्रुवम्
त्वद्दीक्षा-रसिकौ स्थितौ पुर इमौ श्रीधर्मचक्रान्तिके ॥२३॥

अश्रान्तं विबुधप्रभुप्रभृतिकत्रैलोक्यलोकस्तुति
र्वर्षन्ती परितः सुधां श्रवणयोः प्रान्ते तव स्फूर्जति ॥
तस्याः स्यन्दवशाद् दिवोद्गतमिदं स्वामिँस्तवांऽसस्थले
श्रीनाभेय ! शिरोजराजिमिषतो दूर्वावनं पावनम् ॥२४॥

एवं नाभितनूद्भव ! प्रतिलवं कृत्वा मनः सौष्ठवं
स्वामिन् ! वर्णित-कुंतलं तव नवं यः पापठीति स्तवम् ॥
प्राप्य प्राक् विबुधप्रभुत्व-विभवं मुक्त्वाऽथ दूरे भवं
संप्राप्नोति शिवं गलत्परिभवं निःश्रेयस-श्री-भवम् ॥२५॥

इति श्रीविबुधप्रभसूरिकृता
श्रीऋषभकुंतल स्तुतिः ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अष्टक

( वसंततिलका )

देवः स वः शिवमसौ तनुतां युगाद्यो
यस्यांसपीठलुलिता शितिकुंतलाली ॥
दोःस्तम्भयोरुपरि मन्मथ-मोह-दर्प-
जैत्र प्रशस्तिफलकश्रियमाश्रयेताम् ॥१॥

आदिप्रभोरनिशमंसतटीनिषण्ण-
केशच्छलेन परितो वदनारविन्दम् ॥
किं नीलिकादलमिदंतउपेयुषा वा
सद्‌गंधलुब्धमधुपावलिराविभाति ॥२॥

निःकासिताऽविरतियोषित बाहुदंभ[ ड ]-
स्तम्भोपरिस्थकिशलोपमकेशकांतिः ॥
श्रीनाभिजस्य हृदयावसथे विशन्त्या[ न्ती ]:
++++स्फुरति वंदनमालिकेव ॥३॥

एषा यदादिमजिनस्य शिरोरुहश्री-
रुद्भूतधूमलहरीव विभौ विभाति ॥
सद्‌ब्रह्मरूपमनुमेयमथेंधनेद्ध-
मन्तः स्फुरत्तदिह नूनमनूनर्मार्चिः ॥४॥

शंके पुरः स्फुरति कोमलकुंतलश्री-
दंभादमुष्य वृषभस्य विभोरभीक्ष्णम् ॥
स्कंधाधिरूढदृढसंयमभूरिभार-
व्यक्तीभवत्किणगणोल्बणकालिकेयम् ॥५॥

सैष प्रभुः कनकभङ्गनिभाङ्गयष्टि-
र्लोकम्पृणो न कथमस्तु यदंसदेशे ॥
मेरोरुपान्तविलसद्‌घनराजगर्व-
सर्वंकषा स्फुरति पेशल-केशलक्ष्मीः ॥६॥

मन्ये विशोध्य विधिरैंदवमेव बिम्बम्
श्रीनाभिपार्थिवभुवो मुखमुच्चकार ॥
तस्य ध्रुवं तदियमंतः निवेश-केश-
छायाच्छलादपतदङ्क-कलङ्क-लेखा ॥७॥

अंसस्थली चिकुर-कंचुकिता युगादि-
देवस्य विग्रहग्रहे विहिताश्रयायाः ॥
क्रीडाकृते मरकतोपलबद्धभूमि-
शोभां दधाति गुरुसंयमराज्यलक्ष्मीः ( लक्ष्म्याः ) ॥८॥

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## તપાગચ્છીય નયવિમલગણિ વિરચિત
## શ્રી શંખપુર-પાર્શ્વનાથ સ્તોત્ર

**અમૃતભાઈ પટેલ**

પ્રસ્તુત સ્તોત્રના રચયિતા ઈસ્વીસનના ૧૭મા શતકમાં થયેલા તપાગચ્છીય નયવિમલગણિએ સ્વયં લખેલી એક પાનાની હસ્તપ્રત (લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર ભેટ સૂચિ ક્રમાંક ૬૯૯૨) ઉપરથી આ સ્તોત્રનું સંપાદન કર્યું છે[૧]. આની બીજી પ્રત મળી નથી.

પંડિત નયવિમલગણિ (પછીથી આચાર્ય જ્ઞાનવિમલસૂરિ)થી ઉત્તરમધ્યકાલીન જૈન સાહિત્યના અભ્યાસીઓ પરિચિત છે. તેઓએ સંસ્કૃતભાષામાં **પ્રશ્ન દ્વાત્રિંશિકા, પ્રશ્ન વ્યાકરણ** પર **વૃત્તિ,** તથા ગૂર્જર ભાષામાં **શ્રીપાલ ચરિત્ર, ચંદ્ર કેવલીરાસ,** અને ઘણાં સ્તવનો, સજ્ઝાયો, ઢાળો વગેરે રચ્યાં છે[૨]. જિન પાર્શ્વનાથનાં સ્તોત્રો તો ઘણા વિદ્વાન્ મુનિવરોએ રચ્યાં છે, પરંતુ તે બધામાં અહીં પ્રસ્તુત કરેલી ૨૩ પદ્યો ધરાવતી કૃતિ સાહિત્યિક મૂલ્યો ધરાવતી શાંતરસ-પ્રધાન કૃતિ છે. ઉપા૦ યશોવિજયની કૃતિઓ જેનાથી આરંભાય છે તે ઐંદ્ર શબ્દ આ સ્તોત્રના (તથા **પ્રશ્નદ્વાત્રિંશિકા**ના) આરંભમાં ધ્યાન ખેંચે છે. શાર્દૂલવિક્રીડિત તથા સ્રગ્ધરા જેવા પ્રૌઢ છંદો ઉપર કવિનો અધિકાર સ્પષ્ટપણે દેખાઈ આવે છે. આઠમા પદ્યના પૂર્વાર્ધમાં સ્રગ્ધરા, અને ઉત્તરાર્ધમાં શાર્દૂલવિક્રીડિતનો પ્રયોગ થયો છે. તો ૧૦મા પદમાં-૧, ૪ પાદમાં શાર્દૂલવિક્રીડિત અને ૨, ૩ પાદમાં સ્રગ્ધરાનાં લક્ષણ ઘટે છે. ભાષાપ્રભુત્વ, ભાવભંગિમા ઉપમા, રૂપક, અનુપ્રાસ, યમકાદિ કાવ્યાલંકારો આ લઘુ સ્તોત્રના આભૂષણરૂપ બન્યા છે. (જુઓ પદ્ય ૩, ૭, ૮, ૧૬, ૧૯, ૨૦). ઉપરાંત ૧૯મા પદ્યમાં પોતાના ગુરુ 'ધીરવિમલ'નું નામ ગૂંથી લીધું છે. ૯ અને ૧૦મા પદ્યમાં પાર્શ્વનાથ ભગવાનના પ્રભાવક બે મંત્રોનો ઉપયોગ કર્યો છે. વિશિષ્ટ પ્રયોગ ''સંસ્થાપયિત્વા'' ઉપસર્ગ હોય તો સંબંધક ભૂતકૃદંતમાં ધાતુ પછી 'ય' પ્રત્યય લાગે છે, પરંતુ અહીં ત્વા પ્રત્યય લગાવ્યો છે. આવી વિશિષ્ટ શૈલી––''જૈન સંસ્કૃત''––ના ભરપૂર પ્રયોગો **પ્રબંધપંચશતી** ઇત્યાદિ મધ્યકાલીન જૈન પ્રબંધ સાહિત્યમાં જોવા મળે છે. પશ્ચાત્કાલીન હોવા છતાં ઝળઝમક અને પ્રાસાનુપ્રાસના પ્રયોગથી સભર અને સરસ છન્દોલય ધરાવતી આ એક ઉત્તમ રસોજ્જ્વલ રચના છે. શંખપુર - પાર્શ્વનાથ સમ્બદ્ધ રચાયેલાં સ્તોત્રોમાં આ રચનાથી એક વધારો થાય છે.

---

**ટિપ્પણો** :

(૧) **જૈન સ્તોત્ર સંદોહ** ઇત્યાદિ સ્તુતિ-સ્તોત્રના ગ્રન્થો તેમ જ મુનિ જયન્તવિજય સંપાદિત **શંખેશ્વર મહાતીર્થ** જોઈ જતાં સાંપ્રત સ્તોત્ર અપ્રકાશિત હોવાનું જણાયું છે.

(૨) સમય વિક્રમ સંવત ૧૬૯૪-૧૭૮૨. તેઓની દીક્ષા ૧૭૦૨માં, પંડિત પદવી ૧૭૨૭માં તથા આચાર્ય પદપ્રાપ્તિ ૧૭૪૮માં થયેલી. પ્રસ્તુત સ્તોત્રને અંતે लिखिता पं. नयविमलगणिना આવો ઉલ્લેખ છે. એટલે આ સ્તોત્રને વિક્રમ સં૦ ૧૭૨૭-૧૭૪૮ (ઈ૦ સ૦ ૧૬૭૧-૧૬૯૨)ના ગાળામાં મૂકી શકાય.

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## शार्दूलविक्रीडितम्

ऐंद्रश्रेणिनतावतंसनिकरभ्राजिष्णुमुक्ताफल- ।
ज्योतिर्ज्वालसदालवाललहरीलीलायितं पावितम् ॥
यद्पादाद्भुतपारिजातयुगलं भाति प्रभाभ्राजितं ॥
श्रीशंखेश्वरपार्श्वनाथजिनपं श्रेयस्करं संस्तुवे ॥१॥

यन्नामाभिनवप्रभूतसुमहो-धाराधरासारतः ।
कल्याणावलीवल्लरी कलयति प्रस्फूर्ज्जतां सान्द्रताम् ॥
भव्यानां भवदीयपादयुगलोपास्तिप्रसत्तिजुषाम् ।
श्रीशंखेश्वरपार्श्वनाथजिनपं श्रेयस्करं संस्तुवे ॥२॥

यद्ध्यानोत्कटचित्रभानुरनिशं नीरोत्करै र्दिद्युते ।
मुक्तै र्दुष्टशठेन तेन कमठेनाऽनिष्टकृत्कर्मणा ॥
स्पष्टं जुष्टफणीफणामणिगणाऽऽश्लिष्टक्रमांभोरुहं ।
तं शंखेश्वरपार्श्वनाथजिनपं श्रेयस्करं संस्तुवे ॥३॥

दुर्यवनाधिकवातकंपितपरप्रौढप्रभावे महत्-।
यस्मिन् कालकरालिते कलियुगे कल्पान्तकालोपमे ॥
जागच्चारुयशोभिरामममलयोद्भुताभितः सौरभं ।
तं शंखेश्वरपार्श्वनाथजिनपं श्रेयस्करं संस्तुवे ॥४॥

श्रीमद्ध्यानविधानतानमनसां भव्यात्मनां भाविनां ।
यन्नामापि पिपर्ति पुण्यजनितान् कामान् मनोऽभीष्टकान् ॥
विश्वाशापरिपूरणाय किमिमं विश्वागतं स्वस्तरुं ।
तं शंखेश्वरपार्श्वनाथजिनपं श्रेयस्करं संस्तुवे ॥५॥

श्रीमत्काप्यविलोकना मम करे स्फूर्जन्महासिद्धयः ।
संप्राप्ता द्युसदामधीशविनुत ! प्राज्यप्रतिष्ठाः पुनः ॥
संजाता परमा-रमा सहचरी सौख्यं सदाऽऽलिंगितम् ।
श्रीमच्छंखपुरावतंस ! जिनप ! प्रौढ प्रभावाद्भुत ! ॥६॥

क्षीणाऽज्ञानभरो नतामरनरश्रेणिप्रयुक्तादरः ।
ध्वस्ताशेषदरस्तमोभरहरः कर्मद्रुमे मुद्गरः ॥
लोकोद्योतकरः स्मरज्वरहरः सौख्य-द्रु-धाराधरो ।
दद्याद् भूरितरप्रमोदनिवहं त्वन्नाममंत्राक्षरः ॥७॥

## स्रग्धरा

नष्टं दुष्टोग्रकर्माष्टककरटिगणै र्निर्गतं क्रोधमान-
प्रोद्यत्पञ्चप्रमादादिकचटुलतरक्षत्किरैः क्रूररूपैः ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

शार्दूल विक्रीडितम्

भग्नं पातकजातशाखिनिवहैरापच्छिवाभिर्गतम् ।
दृष्टेऽस्मिन् भवदीय-दर्शनमहानादे दयायुक् प्रभो ॥८॥

ॐकारादिमसिद्धसाध्यमहिमा ऐंकार ह्रींकारयुक् ।
मायाबीजसमन्वितो विसहर स्फुलिंगनाऽऽश्लेषितः ॥
अर्हं श्रीनमिऊणपासकलितस्त्रैलोक्यसौख्याकरो-
भूयाश्च्छ्रीधरणेन्द्रसेवितपदः पार्श्वप्रभुर्भूतये ॥९॥

[शार्दूल]

ॐकारप्रथितावदाततरयुक् ह्रींकारसाराश्रितः-
पद्मावत्यै नमो+ म्लस्यु हन[ हन ]दहता रक्ष रक्षेति युक्तः ॥
क्लीं श्रीं क्लीं ह्रौं+,++ प्रतियति समयं सस्वधामंत्रबीजम्,-
प्रोद्यद्धामप्रतापान्वितविशदतरस्फारवीर्यप्रचारः ॥१०॥

स्रग्धरा

ये जानन्ति जपन्ति संततमभिध्यायंति मंत्रद्विकम् ।
तेषां साम्राज्यलक्ष्मीः, कृतकलनिलया जायते संमुखीना ॥
सप्ताङ्गा गाङ्गनीराकृतिविशदयशोराशिरुज्जृम्भतेऽस्मिन् ।
लोके संपूर्णकामोऽमितगुणनिकरस्थैर्यमालंबते ते ॥११॥

कृत्वाऽलीके च वामेतरभुजयुगले नाभिदेशे सुवत्से ।
शस्ते हस्तद्वये वा अभिमतफलदं मूर्ध्नि संस्थापयित्वा- ॥
पार्श्वं शंखेश्वराख्यं सुरतरुकरणिं ये जपंतीति शश्वत् ।
ते भव्या यांति सिद्धिं तनुतरदुरिताः द्वि-त्रिकैः सद्भवैश्च ॥१२॥

शार्दूलविक्रीडितम्

पार्श्व ! त्वत्पदपद्मपूजनकृते सत्केतकीनां वने ।
तीक्ष्णैस्तत्कटकंटकैश्च सततं विध्यंति येषां कराः ॥
तेषां चारु-पतिंवरेव भविनां चक्रित्वशक्रश्रियः ।
स्वैरं स्थैर्यतया चलत्वरहिता भव्यान् भजन्ते प्रभो ॥१३॥

आकल्पं जनुषो मयाऽद्य सुतरां जातं प्रशस्योदितः ।
श्लाघ्यं जीवितमद्य हृद्य सफलं श्रेयानयं स क्षणः ॥
जाताकृत्य कृतार्थिनी बहुफला सा धारिका कारिका ।
सौख्यस्यैव यदीश ! शर्मकृदिदं त्वद्ध्यानमध्यापितं ॥१४॥

लोला त्वद्भुति-लोलुपे तव गुणग्रामाय ते मे श्रुती ।
नित्यं त्वद्वदनावलोकनजुषी स्वामिन् पुनश्चक्षुषी ॥
शीर्षं त्वत्पदमंडनं तव विभो ! ध्यानैकतानं मनो ।
जातं तन्मम सर्वमेव शुभकृदात्माप्ययं त्वन्मयः ॥१५॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

शष्यत्वद्गुणचक्रवालजलधेः पारं न यामि प्रभो ।
आत्मीयोत्कटदुष्टदुष्कृतत्तते नों यामि पारं तथा ॥
तस्माद्देव ! तथा विधेहि भगवन् ! प्राप्नोमि पारं तयोः ।
सम्यक्त्वेन विधाय भव्यकरुणां कारुण्यपात्रे मयि ॥१६॥

श्रीखंडागुरुधूपवासनिवहैः कर्पूरपूरैस्तथा ।
काश्मीरद्रवसांद्रचान्द्रविहितैः सद्वंदनैश्चांदनैः ॥
स्वामिँस्त्वद्-पदयामलं गतमलं येऽर्चंति चर्चाचणाः ।
लोके लोकिततत्त्वयुक्तहृदया स्तेऽप्यर्चनीयाः सदा ॥१७॥

विष्णुस्त्वं भुवनेऽसि भूपतिरसि श्रेयस्करः शंकरो ।
धाता सत्वमहाव्रती शतधृतिः कालारिरुग्रस्तथा ॥
ऋद्ध्या सिद्धियुतः कृतांतजनको गौरीगुरुस्त्वं सदा ।
जैने जैनपरैश्च भक्तिभरितैस्त्वं गीयसेऽस्यां भुवि ॥१८॥

दुर्ध्यानद्रुमखंडखंडनखटादुर्दम्यदंतावलः ।
श्रीधीराद्विमलप्रबोधकमलप्रीतिप्रदानोज्ज्वलः ॥
सद्ध्यानप्रबलप्रतापबहुलज्वालावलीधूमल-
ध्वस्ताशेषमलः खलीकृतमलः सिद्ध्यङ्गनाकामलः ॥१९॥

मूर्ध्नि स्फारफणीन्द्रजालजटिलोऽक्षुद्रक्षमाकंदलः ।
सम्यग्ज्ञानजलप्रवाहपयसाप्रक्षालितक्ष्मातलः ॥
धैर्यस्वर्गनगः सुसाधितकलादौर्गत्यवारार्गलः ।
दत्ताभीष्टफलः पुनाति भुवनं पार्श्वो घनश्यामलः ॥२०॥

त्वं मातापितरौ त्वमेव सुगुरुस्त्वं जीवनं त्वं सखा ।
त्वं त्राता भवसिंधुमज्जनभयात् तत्त्वं त्वमेवानिशम् ॥
त्वं विद्याः सकलास्त्वमेव परमाधारस्त्वमेवेहितं ।
ज्ञात्वेति प्रभुतां दिशेति भगवन् सर्वार्थसिद्धिप्रदाम् ॥२१॥

श्रीशंखेश्वरतीर्थभूषणमणे ! श्रीयुक्तपार्श्वप्रभो ।
भक्त्यैवं नय पूर्वता विमलयुक् नाम्ना मया संस्तुतः ॥
भूयास्त्वं भवभीतिभेदभिदुराकारोपमानः सदा ।
गीर्वाणद्रुमसंनिभो मम सदा सर्वेष्टसंपत्तये ॥२२॥

उपजाति

स्तोत्रं पवित्रं पठति प्रभाते ।
पार्श्वप्रभो र्यो मतिमान्नितांतम् ॥
त्रिसंध्यमेतत् खलु तस्य सर्वाः ।
विद्याः मुखाब्जे विलसंति हृद्याः ॥२३॥

## (ભાવાનુવાદ)

**૧. મંગલ :** કલ્યાણકારી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનવરને હું સ્તવું છું, કે જેમનું ચરણ-યુગલ નમેલા ઇન્દ્રોના મુકુટનાં મોતીઓની જ્યોતિથી ઝળહળે છે.

૨. હે પ્રભુ શંખેશ્વર પાર્શ્વનાથ ભગવન્ ! તમારા નામ રૂપી મેઘ આપનાં ચરણ-સેવક ભવ્યજીવોની કલ્યાણવલ્લીઓને પ્રફુલ્લિત કરે છે.

**૩. કમઠનો ઉપસર્ગ :** કમઠ દ્વારા વર્ષાવવામાં આવેલ જલ-પૂરથી પ્રભુનો ધ્યાનરૂપી અગ્નિ ઊલટું અત્યન્ત દીપી બની ઊઠ્યો, અને તે સમયે નાગરાજ ધરણેન્દ્રે પ્રભુના મસ્તક ઉપર ફણાચ્છત્ર ધારણ કર્યું.

**૪. વિશ્વવ્યાપી મહિમા :** દુર્ધ્યાનરૂપી ઝંઝાવાતથી બીજાઓના પ્રભાવને લુપ્ત કરનાર કલ્પાંતકાલ સમાન કલિકાલમાં શંખેશ્વર પ્રભુનો મહિમા મલયગિરિના ચંદનની જેમ મઘમઘે છે.

**૫. કામિતપૂરણ કલ્પતરુ :** શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુ, જાણે કે પૃથ્વી પર કલ્પવૃક્ષ અવતર્યું ન હોય ! કારણ તેમનું નામ જ ભવ્યાત્માઓની પુણ્યકામનાઓ પૂર્ણ કરે છે.

**૬. પ્રભુ-પ્રાપ્તિની મનોભાવના :** શંખેશ્વરપુરમંડન શ્રી પાર્શ્વ પ્રભુ ! આજે તો મહાસિદ્ધિઓ અને દેવગણથી પ્રશંસાપ્રાપ્ત એવી પ્રસિદ્ધિઓ મારે હાથ ચઢી છે. પરમ રમા મારી સહચરી થઈ છે. સુખ મને ભેટી પડ્યું છે. (કારણ કે પ્રભુ ! તમે મને મળ્યા છો !)

**૭. નામ-મંત્રાક્ષરનો પ્રભાવ :** પ્રભુનું નામ મંત્ર-રૂપ છે. તે અજ્ઞાનનો નાશ કરે છે; કર્મરૂપી વૃક્ષને માટે મુદ્ગર સમાન છે; લોકમાં જ્ઞાન-પ્રકાશ પ્રસરાવે છે; 'કામ'નો નાશ કરે છે, સુખની વાડી લીલીછમ રાખવા મેઘ સમાન છે. આ મંત્ર રૂપ નામ સ્મરણ કરતાં જ આનંદ આપનારું બને છે.

**૮. પ્રભુ દર્શન-ફલ :** હે પ્રભુ ! તારાં દર્શન રૂપી શંખનાદથી જીવન-વનમાંથી દુષ્ટકર્મ રૂપી ગાંડા હાથીઓ નાસી ગયા; ક્રૂર પશુ જેવા ક્રોધ-માન-પ્રમાદ વગેરે ભૂંડો ભાગી ગયાં; પાતકરૂપી વૃક્ષો ભાંગી ગયાં; આપત્તિરૂપી શિયાળો દૂર થઈ ગયા.

**૯-૧૨. મંત્રયુગ્મ અને તેનો પ્રભાવ :** ॐ ऐं ह्रीँ अर्हं श्री नमिऊण पास विसहर वसहर ह्रीँ नमः આદિ બે મંત્રો સાધ્યને સિદ્ધ કરનારાં છે, ત્રૈલોક્યસુખ આપનારા છે, ઘણા જ પ્રભાવશાળી છે.

આ બન્ને મંત્રોનો જેઓ સતત જાપ કરે છે, ધ્યાન કરે છે, તેઓને સપ્તાંગ સામ્રાજ્ય લક્ષ્મી સંમુખ બને છે; ગંગા જેવો પવિત્ર શુભ યશ પ્રાપ્ત થાય છે; તેની સર્વ કામના પૂર્ણ થાય છે; તે સર્વગુણસંપન્ન બને છે. જે ભવ્યો પોતાના લલાટમાં, દક્ષિણભુજામાં, નાભિપ્રદેશમાં, અને કરકમળમાં શંખેશ્વરપાર્શ્વ પ્રભુનું સ્થાપન કરી વારંવાર ધ્યાન કરે છે, તેઓ બે-ત્રણ ભવોમાં મુક્તિ પામે છે.

**૧૩-૧૪. પ્રભુ-પૂજાનું ફળ :** હે પ્રભુ ! તારા ચરણકમળમાં પૂજન માટે કેવડાનાં ફૂલ લેવા જતાં જેઓના હાથ અણિયાળા કાંટથી વીંધાયા કરે છે છતાં જેઓ સતત પૂજા કરે છે, તે ભવ્યોને 'સ્વયંવરા'ની જેમ નરરાજ કે દેવરાજની લક્ષ્મી સ્થિર થઈને સેવે છે.

હે પ્રભુ ! તારું ધ્યાન મને આજે પ્રાપ્ત થયું છે તેથી આ જન્મનું શુભ ફળ મને મળ્યું છે; આ જીવન, અને આ પળ ધન્ય બની ગયાં છે : જન્મ ધારણ કરવાની આ ક્રિયા પણ કૃતકૃત્ય થઈ છે.

**૧૫-૧૭. પ્રભુ ગુણનાં શ્રવણ-કીર્તન-ધ્યાન માટે ઝંખના :** હે પ્રભુ ! મારા કર્ણો તારા ગુણગણનાં શ્રવણ માટે સદા લોલુપ થયા છે ! મારાં નેત્રો હંમેશાં તારાં વદન-દર્શન માટે ઉત્સુક બન્યાં છે; મારું મસ્તક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તારાં ચરણોનું ભૂષણ બન્યું છે, અને મન તારા ધ્યાનમાં એકતાન બન્યું છે. આંખ-કાન-મસ્તક અને મન - આમ મારાં બધાં જ અંગો કલ્યાણકારી બન્યાં છે. અરે ! આ મારો આત્મા પણ તુજમય બની ગયો છે. આમ છતાં હે પ્રભુ ! તારા પ્રશસ્ત ગુણ-ગણો અને મારાં દુષ્ટ આચરણોનો હું પાર પામી શકતો નથી. આથી હે પ્રભુ ! કરુણાપાત્ર એવા મારા વિશે કરુણા કરીને સમ્યગ્દર્શન આપવા એવું કંઈક કરો જેથી હું એ બન્નેને પાર કરી જાઉં : કારણ કે (સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પછી) તારી પૂજામાં કુશલ ભવ્યો વિવિધ શ્રેષ્ઠ ચંદનધૂપ, કર્પૂર, કેસર, સુખડ વડે તારાં ચરણોને પૂજે છે અને લોકને વિષે પૂજનીય બની જાય છે.

૧૮. **(સર્વસેવ્ય હે જિનવર !)** : હે જિનવર ! જૈન અજૈન બધા તને માને છે, પૂજે છે. (જુઓ) તું પૃથ્વીપતિ વિષ્ણુ છે, કલ્યાણકારી શંકર છે. સત્ત્વરૂપ મહાવ્રતી બ્રહ્મા છે, તું વિધાતા છે, તું કાલશત્રુ (યમ) છે, ઉગ્ર છે, ઋદ્ધિ સિદ્ધિયુક્ત છે, તું યમપિતા છે, ગૌરી-ગુરુ છે.★

૧૯-૨૦. **(ભુવનપાવન પ્રભુ પાર્શ્વદેવ !)** : હે પાર્શ્વપ્રભુ ! તું દુર્ધ્યાનરૂપી વૃક્ષછેદનમાં અગ્નિરૂપ છો. તું શ્રી ધીરવિમલ (અથવા શ્રી શ્રી ધીર અને વિમલ) એવા જ્ઞાનરૂપી કમલ માથે ઉજ્જવલ (સૂર્ય) છો, તું સદ્ધ્યાનરૂપી પ્રબલ પ્રતાપથી સમગ્ર કર્મમળનો ધ્વંસ કરે છે, સિદ્ધિ તારી કામના કરે છે. તારા મસ્તકે ફણીન્દ્ર (ધરણેન્દ્ર નાગરાજની નાગફણો)રૂપી જટા છે. તું મહતી 'ક્ષમા'ને અંકુરિત કરે છે. તું સમ્યગ્જ્ઞાનરૂપી જલથી પૃથ્વીતલને પ્રક્ષાલિત કરે છે. તું ધૈર્યમાં દેવ-પર્વત સમાન છે. તું દુર્ગતિના દ્વારમાં આગળા સમાન છે. આવા હે ઘનશ્યામક અભીષ્ટફળદાતા પાર્શ્વપ્રભુ ! તું ભુવનને પાવન કરે છે.

૨૧. **તું જ સર્વસ્વ છો :** હે ભગવાન, તું માતા છો. તું જ પિતા, તું જ ગુરુ છો; તું જીવન છો; તું મિત્ર છો; તું ભાવસાગરતારક છો, તું તત્ત્વરૂપ છો. તું જ વિદ્યા છો; તું જ પરમાધાર છો, તું જ મને ઇચ્છિત છો. આમ જાણી હે પ્રભુ, મને સર્વાર્થની સિદ્ધિ કરનારી પ્રભુતા આપો.

૨૨-૨૩. **ઉપસંહાર રૂપે અંતિમ મંગલ :** આમ શંખેશ્વર પુરભૂષણ પાર્શ્વપ્રભુ ! ભક્તિપૂર્વક નયવિમલ નામધારી મારા વડે સ્તુતિ કરાઈ. તું ભવભીતિ ભંજક અને સર્વ ઇષ્ટ સંપત્તિ આપનાર કરનાર કલ્પતરુ સમાન થાઓ. આ પવિત્ર સ્તોત્રને જે ત્રણ સંધ્યાએ ભણે છે તેના મુખમાં સર્વ હૃદ્ય વિદ્યાઓ વિલસે છે.

---

★ સરખાવો : ભક્તામર સ્તોત્ર : ત્વામવ્યયં (પદ્ય ૨૯) બુદ્ધસ્ત્વમેવ (૨૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# આચાર્ય હરિભદ્રસૂરિકૃત મલ્લિનાહચરિયં અંતર્ગત અવાંતરકથાઓ

**સલોની જોષી**

પ્રાકૃત સાહિત્યમાં ચરિત્રકાવ્યની સુદીર્ઘ પરંપરા જોવા મળે છે. તીર્થંકરોનાં ચરિત્રો શલાકાપુરુષચરિત્ર અંતર્ગત તેમજ સ્વતંત્ર રીતે લખાયેલાં પણ મળે છે. ૧૯મા તીર્થંકર મલ્લિનાથ પર અનેક સંસ્કૃત-પ્રાકૃત કાવ્યો[1] રચાયાં છે. કુમારપાળના મંત્રી પૃથ્વીપાલના અનુરોધથી વડગચ્છીય શ્રીચંદ્રસૂરિના શિષ્ય હરિભદ્રસૂરિએ ૨૪ તીર્થંકરોનાં ચરિત્ર[2]ની રચના કરી હતી. હાલ તેમાંથી કેવળ ચાર ચરિત્રકાવ્યો ઉપલબ્ધ છે, **અજિયનાહ ચરિયં** (૨૦ સં૦ ૧૨૦૬), **મલ્લિનાહચરિયં**, **નેમિનાહચરિઉ**[3] (૨૦ સં૦ ૧૨૧૬) (અપભ્રંશ), અને **ચંદપ્પહચરિયં** (લે૦ સં૦ ૧૨૨૩).

સન્દર્ભગત **મલ્લિનાથચરિત્ર** અપ્રકાશિત (ગ્રંથાગ્ર ૯૦૦૦) છે : તે ત્રણ પ્રસ્તાવમાં વિભાજિત છે. પ્રથમ પ્રસ્તાવમાં મલ્લિનાથના પૂર્વભવની સાથે છ અવાંતર કથાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે; બીજા પ્રસ્તાવમાં મલ્લિનાથના જન્મનું વર્ણન, છ રાજાઓને પ્રતિબોધ, અને મલ્લિનાથના દીક્ષાના પ્રસંગનું વર્ણન કરવામાં આવ્યું છે. આ પ્રસ્તાવમાં માત્ર એક જ અવાંતર કથા વિસ્તૃત રૂપે આપવામાં આવી છે; જ્યારે ત્રીજો પ્રસ્તાવ સમગ્રતયા અવાંતરકથાઓથી છવાયેલો છે. તેમાં આઠ અવાન્તરકથાઓ તેમ જ મલ્લિનાથના કેવળજ્ઞાન પ્રાપ્તિ તેમ જ નિર્વાણના પ્રસંગો વર્ણવાયા છે.

**મલ્લિનાથચરિત્ર**માં પ્રાપ્ત અવાંતર કથાઓ નીચે મુજબ છે :

૧. દાનવિષયે જયશેખર કથા

૨. શીલવિષયે વિમલસુંદરી કથા

૩. તપવિષયે જયશ્રી કથા

૪. ભાવનાવિષયે મતિસુંદરી કથા (ચિત્રકાર દારિકા કથા)

૫. વિનયવિષયે કુલવર્ધનક કથા

૬. કામભોગત્યાગવિષયે અનંગસેન, પ્રદ્યોતરાય કથા

૭. દેહસૌંદર્યની ક્ષણભંગુરતા વિષયે રાજહંસકથા

૮. ધર્મકાર્યમાં ઉદ્યત થવા માટે બોધરૂપ સનત્કુમારચરિત્ર

૯. ધર્મકાર્યથી પ્રાપ્ત થતા લાભવિષયે સમરકેતુચરિત્ર

૧૦. કૃતઘ્નતાવિષયે સિંહકથા

૧૧. કૃતઘ્નતાવિષયે સુકુમારિકા કથા

૧૨. ધર્મકાર્ય અર્થે બોધરૂપ વીરસેન-કુસુમશ્રી કથા

૧૩. પૂર્વજન્મકૃત પુણ્યથી થતી પ્રાપ્તિ વિષયે નરવિક્રમનરેશ્વર કથા

૧૪. ભાવનાપૂર્વક કરવામાં આવતાં ધર્મકાર્યવિષયે નમિ પ્રત્યેકબુદ્ધચરિત્ર અને

૧૫. સમ્યક્ત્વ વિષયે સુમતિસચિવ કથા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રકારનાં કાવ્યોનો મુખ્ય હેતુ કથાના માધ્યમથી જનસમાજને ધર્મ પ્રતિ આકર્ષિત કરવાનો છે. ધર્મોપદેશ સાથે બોધપ્રદ નૈતિક કથાઓ ગૂંથવામાં આવતી હોવાથી લોકજીવનને ઉન્નત અને ચારિત્ર્યશીલ બનાવવામાં તેમ જ નૈતિક શિક્ષા પ્રદાન કરવામાં સહાયતા મળે છે.

**મલ્લિનાથચરિત્રની** અવાંતરકથાઓના આધારસ્રોતને ત્રણ વિભાગમાં વહેંચી શકાય : (૧) આગમ તથા નિર્યુક્તિ, ચૂર્ણિ, અને ટીકા સાહિત્ય; (૨) આગમેતર જૈન સાહિત્ય; અને (૩) અન્ય શિષ્ટ તેમ જ લોકકથાસાહિત્ય.

**આગમિક સાહિત્યમાં પ્રાપ્ત કથાઓ :**

ભાવના વિષયક મતિસુંદરી(ચિત્રકારદારિકા)ની કથા પ્રથમ પ્રસ્તાવમાં છે, જેનો ઉલ્લેખ **આવશ્યકચૂર્ણિ**[૪] (પ્રાયઃ ઈ૦ સ૦ ૬૭૫), **ઉત્તરાધ્યયન સુખબોધાટીકા**[૫] (ઈ૦ સ૦ ૧૦૯૦ પહેલાં), અને જયસિંહસૂરિકૃત **ધર્મોપદેશમાલા** વિવરણ[૬] (૨૦ સં૦ ૯૨૫/ઈ૦ સ૦ ૮૫૯)માં મળે છે. પરંતુ તેની અંતર્ગત આવતી કથાઓ ભિન્ન ભિન્ન પ્રકારની છે. આ જ કથા શ્રીચંદ્રકૃત **કહકોસુ**[૭] (અપભ્રંશ) (૨૦ સં૦ લગભગ ૧૧૨૭/ઈ૦ સ૦ ૧૦૭૧) તથા હરિષેણાચાર્ય કૃત **બૃહત્કથાકોષ**[૮] (૨૦ સં૦ ૯૮૯/ઈ૦ સ૦ ૯૩૩)માં બુદ્ધિમતિ-ચિત્રકાર દારિકાના સ્વરૂપે મળે છે; પરંતુ તેના નિરૂપણમાં થોડી ભિન્નતા જોવા મળે છે. આમાં કથા અંતર્ગત લઘુ અવાંતરકથા આપવામાં આવી નથી.

કામભોગ-ત્યાગ-વિષયક અનંગસેન અને પ્રદ્યોતરાયની કથા **આવશ્યકચૂર્ણિ**[૯] તથા[૧૦] ભગવાન મહાવીરના ચરિત્રની પરંપરામાં પ્રાપ્ત થાય છે. **મલ્લિનાથચરિત્રમાં આવશ્યકચૂર્ણિની** કથાનું અનુસરણ કરવામાં આવ્યું છે.

કથાઓની સાથે સાથે અહીં સંક્ષિપ્ત ચરિત્રો પણ ઉદાહરણ સ્વરૂપે નિરૂપાયાં છે. ધર્મકાર્યમાં પ્રવૃત્ત થવા વિષયક બોધપ્રદ ''સનત્કુમારચરિત્ર'' આગમેતર[૧૧] સાહિત્યમાં પ્રચુર પ્રમાણમાં નિરૂપાયું છે. ''પ્રત્યેકબુદ્ધ નમિ રાજર્ષિચરિત્ર'' ભાવનાપૂર્વક કરાયેલ ધર્મકાર્યના ઉદાહરણરૂપે આલેખાયું છે. જેનો ઉલ્લેખ **સૂત્રકૃતાંગચૂર્ણિ**[૧૨], **આવશ્યકચૂર્ણિ**[૧૩], **આવશ્યક ભાષ્ય**[૧૪], **ઉત્તરાધ્યયન નિર્યુક્તિ**[૧૫], **ઉત્તરાધ્યયનચૂર્ણિ**[૧૬], તેમ જ **આખ્યાનકમણિકોષવૃત્તિ**[૧૭](ઈ૦ સ૦ ૧૧૩૩)માં મળે છે.

**આગમેતર સાહિત્યમાં પ્રાપ્યકથાઓ :**

બીજા પ્રસ્તાવમાં દેહસૌંદર્યની ક્ષણભંગુરતા દર્શાવતી રાજહંસ કથા મળે છે. તેનો આધાર **આખ્યાનકમણિકોષવૃત્તિ**[૧૮] છે. **જિનધર્મપ્રતિબોધ**[૧૮/૧]માં આ કથા કુન્દકથાનકને નામે મળે છે. સંભવતઃ આ જ રાજહંસ કથાના મુખ્ય કથાઘટકના આધારે **"સિરિસિરિવાલકહા"**[૧૯]ની રચના થઈ હોય. આ શ્રીપાલ કથાના આધારે સંસ્કૃત, પ્રાકૃત, અને મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં અનેક રચનાઓ થઈ છે.

ત્રીજા પ્રસ્તાવમાં નિરૂપાયેલ ''સમરકેતુચરિત્ર'' અંતર્ગત દૃષ્ટાંતરૂપે રત્નશિખ કથાનક આલેખાયું છે. આ કથાનક સર્વપ્રથમ **પુહઈચંદ ચરિયં**[૨૦] (૨૦ સં૦ ૧૧૬૧/ઈ૦ સં૦ ૧૧૦૫)માં મળે છે. મુનિસુંદરકૃત **ઉપદેશપદ સુખસંબોધિનીવૃત્તિ** [૨૧] (૨૦ સં૦ ૧૧૭૪/ઈ૦ સં૦ ૧૧૧૮)માં પણ આ કથા મળે છે.

કૃતઘ્નતાના દૃષ્ટાંત રૂપે અપાયેલ સુકુમારિકા કથા **ધર્મોપદેશમાલા વિવરણ**[૨૨]માં 'મદનાતુરતાયાં સુકુમારિકાકથા'માં મળે છે. **આખ્યાનકમણિકોષવૃત્તિ**[૨૩]માં, **બૃહત્કથાકોષ**[૨૪]માં 'પંગુલમાં આસક્ત સ્ત્રી દેવરતિ તથા **કહકોસુ**[૨૫]માં નારીદોષ પર દેવરતિની કથા'ના રૂપમાં મળે છે. **સંવેગરંગશાલા**[૨૬] (૨૦ સં૦ ૧૨૦૩ કે ૧૨૦૭/ઈ૦ સ૦ ૧૧૪૭ કે ૧૧૫૧) **પંચતંત્ર**[૨૭]માં સંક્ષિપ્તરૂપે આ કથા મળે છે. ચુલ્લપદુમજાતક[૨૭/૧]માં પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રકારની કથા મળે છે. તેમ જ કૃતઘ્નતા વિષયક અન્ય સિંહ કથાનક વર્ધમાનસૂરિકૃત **જુગાઈ જિણિંદ ચરિયં**[૨૮] (૨૦ સં૦ ૧૧૬૦/ઈ૦ સં૦ ૧૧૦૪)માં વૈદ્યપુત્ર કથાનક રૂપે અને **પંચતંત્ર**[૨૯]માં સંક્ષિપ્ત રૂપે મળે છે.

પૂર્વજન્મકૃત કર્મથી થતી પ્રાપ્તિવિષયક ''નરવિક્રમ નરેશ્વર કથા'' ત્રીજા પ્રસ્તાવમાં મળે છે. સર્વપ્રથમ આ કથા ગુણચંદ્રકૃત **મહાવીરચરિયં**[૩૦] (૨૦ સં૦ ૧૧૩૯/ઈ૦ સં૦ ૧૦૮૩)માં વિસ્તારથી મળે છે. **આખ્યાનકમણિકોષવૃત્તિ**[૩૧]માં પણ મળે છે. **મલ્લિનાથચરિત્ર**માં **આખ્યાનકમણિકોષવૃત્તિ**નું અનુસરણ પ્રાપ્ત થાય છે. બંનેમાં કથા અંતર્ગત આવતા પ્રશ્નોત્તરી-કાવ્યગોષ્ઠિના પ્રસંગનું નિરૂપણ પ્રાપ્ત થાય છે. અલબત્ત પ્રશ્નોત્તર બંનેમાં સમાન જોવા મળતા નથી. પરવર્તી સંસ્કૃત-પ્રાકૃત સાહિત્યમાં પણ આ કથા મળે છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં આ કથાનું રૂપાંતર ચંદનમલયગિરિકથાના સ્વરૂપે મળે છે.

**અન્ય સાહિત્ય તેમજ લોકસાહિત્યમાં પ્રાપ્ત કથાઓ**

ઉપર નિર્દેશેલી કથાઓ સિવાય અન્ય આઠ કથાઓનો સમાવેશ પણ **મલ્લિનાથચરિત્ર**માં કરાયો છે. આ કથાઓની રચના લોકપ્રચલિત કથાઘટકોના આધારે કરવામાં આવી છે, જેનું યથાતથ નિરૂપણ પૂર્વવર્તી ગ્રંથોમાં ઉપલબ્ધ થતું નથી. શીલવિષયક ''વિમલસુંદરીકથા'' સંભવતઃ આ પ્રકારની શીલવિષયક પ્રાપ્ય કથાપરંપરાના આધારરૂપ છે, જે સોમપ્રભાચાર્ય સૂરિકૃત **કુમારપાળપ્રતિબોધ**[૩૨] (૨૦ સં૦ ૧૨૪૧/ઈ૦ સં૦ ૧૧૮૫) અંતર્ગત તેમ જ **શીલોપદેશમાલાબાળાવબોધ**[૩૩]માં ઉપલબ્ધ થાય છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં પણ આ કથાનો પ્રભાવ જોવા મળે છે. જયવંતસૂરિકૃત **શૃંગારમંજરી**[૩૪] (૨૦ સં૦ ૧૬૧૪/ઈ૦ સં૦ ૧૫૫૮)માં આ કથાનું રૂપાંતર પ્રાપ્ત થાય છે.

ધર્મથી મનુષ્ય બધું જ પામે છે તેના ઉદાહરણ રૂપે નિરૂપિત ''સમરકેતુચરિત્ર'' સ્વતંત્ર કૃતિની ક્ષમતા ધરાવે છે. પ્રચલિત કથાઘટકોના આધારે કવિએ એક નવી જ કથાની રચના કરી છે. **મલ્લિનાથચરિત્ર**માં આવતી અવાન્તરકથાઓમાં આ સૌથી લાંબી કથા છે : (લગભગ ૧૮૦૦ ગાથા). આમાં મુખ્યત્વે સમરકેતુનાં પરાક્રમ અને પરિણયની વાત ગૂંથાઈ છે. સમરકેતુના ત્રણ રાજકુમારીઓ સાથે વિવાહ, વિયોગ, અને મિલનની વાત નિરૂપાઈ છે. વળી સમરકેતુના બે પૂર્વ ભવોનું આલેખન પણ કરાયું છે.

વીરસેન-કુસુમશ્રી કથાનું નિરૂપણ પણ કેટલેક અંશે વિસ્તૃત રૂપે થયું છે. કુતૂહલ, નાટકીયતા, કરુણતા, વિયોગ, મિલન તથા આશ્ચર્યકારક તત્ત્વોથી ભરપૂર આ કથા રોચક અને લોકપ્રિય બની છે. ફલતઃ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં આ કથાનું આલંબન લઈ કથા રચાઈ છે : જેમકે કુસુમશ્રી વીરસેન કથા[૩૫].

**મલ્લિનાથચરિત્ર**માં વિસ્તૃત અને લઘુ બંને પ્રકારની કથાઓ મળે છે. આ અવાંતર કથાઓનું વર્ગીકરણ બીજી રીતે પણ કરી શકાય. જેમકે, પૂર્ણકથા, ખંડકથા, અને કથાંશ. જે કથામાં નાયકનું જન્મથી માંડી અંતિમ લક્ષ્યપ્રાપ્તિ સુધીનું નિરૂપણ કરવામાં આવ્યું હોય તેને પૂર્ણકથા કહે છે. તેમાં ક્યારેક પૂર્વજન્મ વૃત્તાંતનો સમાવેશ પણ કરવામાં આવે છે. ''કુલવર્ધનકકથા,'' ''રાજહંસકથા,'' ''સમરકેતુચરિત્ર,'' ''સનત્કુમાર ચરિત્ર,'' ''વીરસેન કુસુમશ્રી કથા'', ''નરવિક્રમ નરેશ્વર કથા'', ''નમિરાજર્ષિ કથા'' વગેરેનો સમાવેશ આ પ્રકારમાં કરી શકાય.

જે કથાઓમાં નાયકના જીવનના આંશિક વૃત્તાંતનું નિરૂપણ કરવામાં આવ્યું હોય તેને ખંડકથા કહી શકાય; જેમકે ''અનંગસેન, પ્રદ્યોતરાય કથા'', ''સુકુમારિકાકથા'' અને ''સુમતિસચિવકથા.'' કથાનાયકના જીવનની એકાદ ઘટનાને સંક્ષિપ્ત રૂપે દૃષ્ટાંત તરીકે પ્રયોજાયેલી જોવા મળે તેવી કથાઓને કથાંશના વર્ગમાં મૂકી શકાય; જેમકે ''જયશેખર કથા'', 'જયશ્રી કથા', ''મતિસુંદરી કથા'', ''વિમલસુંદરી કથા'', ''સિંહ કથા.''

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ કથાઓમાં દરેક પ્રકારનાં પાત્રોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. જેમકે, મનુષ્ય, દેવ, યક્ષ, વ્યંતર અને તિર્યંચ. અહીં ચમત્કારિક, અતિમાનવીય, અને દૈવીતત્ત્વનું નિરૂપણ વિશેષ રૂપે જોવા મળે છે.

સામાન્ય રીતે આ પ્રકારના કથાગ્રંથ-ચરિત્રગ્રંથમાં ચતુર્વિધ ધર્મ — દાન, શીલ, તપ, ભાવના — ની કથાઓની સાથે સાથે શ્રાવકના બાર વ્રતવિષયક કથાઓનું નિરૂપણ કરવામાં આવે છે. અહીં ચતુર્વિધધર્મ પર દૃષ્ટાંતકથા મળે છે પરંતુ શ્રાવકના દ્વાદશવિધ વ્રતવિષયક કથાઓ મળતી નથી. અહીં એ ઉલ્લેખનીય છે કે આ હરિભદ્રસૂરિ રચિત અદ્યાપિ અપ્રકાશિત **અજિયનાહચરિયં**માં દ્વાદશવિધ વ્રતવિષયક કથાઓ મળે છે. અન્ય નોંધનીય બાબત એ છે કે ''સમરકેતુ ચરિત્ર'' **અજિયનાહચરિયં**માં શબ્દશઃ મળે છે. તે જ રીતે દાન, શીલ, તપ, ભાવના તેમ જ સમ્યક્ત્વ વિષયક દૃષ્ટાંત કથાઓ **ચંદપ્પહચરિયં**માં શબ્દશઃ મળે છે. ''સનત્કુમાર ચરિત્ર''નું આલેખન કવિએ પોતાની જ કૃતિ **નેમિનાહચરિઉ**(અપભ્રંશ)માં કર્યું છે.

આ અવાંતર કથાઓમાંથી પાંચ કથાઓ **આખ્યાનકમણિકોષવૃત્તિ**માં પ્રાપ્ત થાય છે, જેની રચના કર્ત્તાના ગુરુ શ્રીચંદ્રસૂરિના ગુરુભ્રાતા શ્રીઆમ્રદેવસૂરિએ કરી છે.

આ કથાઓમાંથી ''સિંહ અને સુકુમારિકા કથા'' સંસ્કૃત ભાષામાં નિબદ્ધ છે. ''નરવિક્રમ નરેશ્વરકથા'માં પ્રથમ ચરણ સંસ્કૃતમાં અને દ્વિતીય ચરણ પ્રાકૃતમાં એમ મણિપ્રવાલ શૈલી પ્રયોજાઈ છે. આ અવાંતર કથાઓની ભાષા સમાસબદ્ધ હોવા છતાં સરળ અને પ્રવાહી છે. અલંકારોનો વિનિયોગ સુચારુ રૂપે થયો છે. પ્રકૃતિ અને પાત્રોનું વર્ણન વિસ્તૃત અને વિશદ રૂપે કરવામાં આવ્યું છે. કહેવતો અને સુભાષિતોનો પ્રયોગ યથોચિત સ્થાને કરાયો છે.

આ કથાઓનું પર્યાવસાન પાત્રો દ્વારા અંતતઃ દીક્ષાગ્રહણ કરવામાં કે ધર્મકાર્યમાં પ્રવૃત્ત થવાને કારણે આ ધર્મકથાઓ છે. આ કથાઓમાં પ્રરૂપિત ઉપદેશ કથારસમાં વ્યવધાનરૂપ બનતો નથી. સમગ્રતયા જોઈએ તો આ કથાઓ આસ્વાદ્ય છે.

---

**સંદર્ભ ગ્રંથો :**


૧. **જિનરત્નકોશ** / સંપા૦ એચ૦ ડી૦ વેલણકર. Bhandarkar Institute for Oriental Research પૂના ૧૯૪૪. પૃ૦ ૩૦૨.

૨. **ચંદપ્પહચરિયં** (અપ્રકાશિત તાડપત્રીય પ્રત, હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનભંડાર, પાટણ).

> चउवीसइ जिण-पुंगव-सुचरिय-रयणाभिराम-सिंगारो ।
> एसो विणेय-देसो जाओ हरिभद्दसूरित्ति ॥ પત્ર ૨૬૩૨.

૩. **નેમિનાહ ચરિઉ**, હરિભદ્રસૂરિ, સંપા૦ મધુસૂદન મોદી અને હ૦ ચૂ૦ ભાયાણી, લા૦ દ૦ ગ્રંથમાળા ૩૩. અમદાવાદ ૧૯૭૪.

૪. **આવશ્યકચૂર્ણિ**, જિનદાસગણિ. ઋષભદાસ કેસરીમલ પેઢી, રતલામ ૧૯૨૯. નવમ અધ્યયન, પૃ૦ ૧૪૫.

૫. **ઉત્તરાધ્યયન સુખબોધાવૃત્તિ**, નેમિચન્દ્રાચાર્ય, સંપા૦ વિજયઉમંગસૂરિ, પુષ્પચંદ્ર ખેમરાજ, આત્મવલ્લભગ્રંથાંક-૧૨. વળાદ ૧૯૩૭. પૃ૦ ૧૪૧.

૬. **ધર્મોપદેશમાલા વિવરણ**, જયસિંહસૂરિ, સંપા૦ લાલચંદ્ર ભગવાનદાસ ગાંધી, સિંઘી જૈન ગ્રંથમાલા, ગ્રન્થાંક ૨૮. મુંબઈ ૧૯૪૯. પૃ૦ ૧૩૭.

૭. **કહકોસુ**, શ્રીચંદ્રસૂરિ, સંપા૦ એચ૦ એલ૦ જૈન, પ્રાકૃત ગ્રન્થ પરિષદ ગ્રંથાંક-૧૩. અમદાવાદ ૧૯૬૯. સંધિ ૫, કડવક ૫-૧૦, પૃ૦ ૫૧-૫૩.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૮. **બૃહત્કથાકોષ,** હરિષેણાચાર્ય, સંપા૦ એ૦ એન૦ ઉપાધ્યે. સિંઘી જૈન ગ્રંથમાલા-૧૭. મુંબઈ ૧૯૪૩. કથાનક ક્રમાંક ૧૪; પૃ૦ ૨૮.

૯. **આવશ્યકચૂર્ણિ,** પૃ૦ ૩૯૭.

૧૦. **મહાવીરચરિયં,** ગુણચન્દ્ર. દે૦ લા૦ પુસ્તકોદ્ધાર ફંડ, મુંબઈ સં૦ ૧૯૮૫ (ઈ૦ સ૦ ૧૯૨૯), અષ્ટમ પ્રસ્તાવ પૃ૦ ૨૭૨.

૧૧. **"સણતુકુમારચરિઉ" (નેમિનાહચરિઉ અંતર્ગત),** હરિભદ્રસૂરિ, સંપા૦ હ૦ ચૂ૦ ભાયાણી, મ૦ ચિ૦ મોદી૦ લા૦ દ૦ ગ્રંથમાળા-૪૨, અમદાવાદ ૧૯૭૪. પૃ૦ ૪-૫.

૧૨. **સૂત્રકૃતાંગચૂર્ણિ,** જિનદાસગણિ, ઋષભદાસ કેસરીમલ પેઢી, રતલામ ૧૯૪૧. પૃ૦ ૧૨૦.

૧૩. **આવશ્યકચૂર્ણિ,** ભાગ-૨, પૃ૦ ૨૦૭-૮.

૧૪. **આવશ્યકભાષ્ય, વિજયદાનસૂરિ સીરીઝ,** સુરત ૧૯૩૯, ગાથા ૨૦૮-૨૧૪.

૧૫. **ઉત્તરાધ્યયન નિર્યુક્તિ,** ભદ્રબાહુ સ્વામી, શાન્ત્યાચાર્ય વિહિત **શિષ્યહિતૈષણીવૃત્તિ.** દે૦ લા૦ જૈનપુસ્તકોદ્ધારફંડ ગ્રંથાંક-૩૩. મુંબઈ ૧૯૧૬. ગાથા-૨૬૪; પૃ૦ ૨૯૯.

૧૬. **ઉત્તરાધ્યયનચૂર્ણિ,** જિનદાસગણિ. ઋષભદેવ કેસરીમલ પેઢી, રતલામ ૧૯૩૩ પૃ૦ ૧૭૭.

૧૭. **આખ્યાનકમણિકોશવૃત્તિ,** આમ્રદેવસૂરિ, સંપા૦ મુનિ પુણ્યવિજયજી. પ્રાકૃતગ્રન્થપરિષદ ગ્રંથાંક ૫, વારાણસી ૧૯૬૨. પૃ૦ ૨૭૮-૨૮૪.

૧૮. **આખ્યાનકમણિકોશવૃત્તિ,** પૃ૦ ૧૫૫-૧૬૦.

૧૮/૧. **કુમારપાલ પ્રતિબોધ,** સોમપ્રભાચાર્ય, સંપા૦ જિનવિજય, Vol. XIV બરોડા ૧૯૨૦, પ્રસ્તાવ-૨. પૃ૦ ૪૨-૪૭.

૧૯. **સિરિસિરિવાલચરિત,** રત્નશેખરસૂરિ, સંપા૦ ચન્દ્રસાગરગણિ. આનન્દચન્દ્ર ગ્રન્થાબ્ધૌ નવમ ગ્રંથરત્ન, ૧૯૪૮.

૨૦. **પુહઈચંદચરિયં,** શાન્તિસૂરિ, સંપા૦ રમણિકવિજય. પ્રાકૃતગ્રન્થપરિષદ ગ્રંથાંક-૧૬, વારાણસી ૧૯૭૨. પૃ૦ ૮૯-૧૦૨.

૨૧. **ઉપદેશપદસુખસંબોધનીવૃત્તિ,** મુનિચન્દ્રસૂરિ. સંશો૦ પ્રતાપવિજયગણિ, મુક્તિકમલ જૈનમોહનમાલા, વડોદરા ૧૯૨૫, પૃ૦ ૪૨૦-૪૩૧, ગાથાક્રમાંક ૧૦૩૧-૩૬.

૨૨. **ધર્મોપદેશમાલા વિવરણ,** પૃ૦ ૧૯૮-૧૯૯.

૨૩. **આખ્યાનકમણિકોશવૃત્તિ,** પૃ૦ ૧૮૬-૧૮૭.

૨૪. **બૃહત્કથાકોષ,** પૃ૦ ૨૧૦.

૨૫. **કહકોસુ** સંધિ ૩૪, કડવક ૮-૧૦. પૃ૦ ૩૪૫-૩૪૬.

૨૬. **સંવેગરંગશાળા મહાગ્રન્થનો ગુજરાતી અનુવાદ,** અનુ૦ વિજયભદ્રંકરસૂરિ, વિજયઅણસુર મોટોગચ્છ, સાણંદ ૧૯૭૬, પૃ૦ ૨૪૬, ગાથા ૪૪૨૧-૪૪૩૦.

૨૭. **પંચતંત્ર,** વિષ્ણુશર્મા; સંપા૦ નારાયણરામ આચાર્ય, નિર્ણયસાગરપ્રેસ, મુંબઈ ૧૯૫૦, પૃ૦ ૨૯૧. લબ્ધપ્રણાશમ્ સ્ત્રીજાત્યવિશ્વાસે બ્રાહ્મણીપંગુ કથા.

૨૭/૧. **જાતક,** ભદન્ત આનન્દ કૌશલ્યાયન, હિન્દી સાહિત્ય સંમેલન, પ્રયાગ ૧૯૫૮. દ્વિતીયખંડ, જાતકક્રમાંક-૧૯૩, પૃ૦ ૨૯૯.

૨૮. **જુગાઈ જિણિંદચરિયં,** વર્ધમાનસૂરિ, સંપા૦ રૂપેન્દ્રકુમાર પગારિયા. લા૦ દ૦ ગ્રંથમાળા-૧૦૪, અમદાવાદ ૧૯૮૭. "વેજ્જપુત્ત કહાણયં", પૃ૦ ૧૮-૧૯

૨૯. **પંચતંત્ર,** પૃ૦ ૩૨૧. अपरीक्षितकारकम् અંતર્ગત સામાન્યબુદ્ધિશૂન્યત્વે સિંહસંજીવકબ્રાહ્મણ કથા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩૦. **મહાવીરચરિયં,** ચતુર્થ પ્રસ્તાવ.

૩૧. **આખ્યાનકમણિકોશવૃત્તિ,** પૃ૰ ૨૮૯-૩૦૪.

૩૨. **કુમારપાલ પ્રતિબોધ,** સંપા૰ જિનવિજય, G.O.S. Vol. XIV, Baroda 1920 - ,પ્રસ્તાવ-૩, પ્રકરણ ૭, પૃ૰ ૨૨૪.

૩૩. **શીલોપદેશમાલાબાલાવબોધ,** મેરુસુન્દરગણિ, સંપા૰ હ૰ચૂ૰ ભાયાણી અને અન્ય, લા૰દ૰ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ ૧૯૮૦, પૃ૰ ૧૨૮-૩૧.

૩૪. **શૃંગારમંજરી,** જયવંતસૂરિ, સંપા૰ કનુભાઈ શેઠ. (લા૰ દ૰ ગ્રંથમાળા-૬૫), અમદાવાદ ૧૯૭૮. પૃ૰ ૬૬; પૃ૰ ૧૫૨-૧૫૫

૩૫. **કુસુમશ્રી રાસ,** ગંગવિજયજી, સંપા૰ જીવણચંદ ઝવેરી. મુંબઈ ૧૯૧૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# નરેન્દ્રપ્રભસૂરિના अलंकारमहोदधि માં सरस्वतीकंठाभरणનાં ઉદ્ધરણો - એક અધ્યયન

પારુલ માંકડ

વસ્તુ-તેજયુગ(ઈસવીસન ૧૩મી સદી પૂર્વાર્ધ)માં થયેલા નરેન્દ્રપ્રભસૂરિનો '**अलंकारमहोदधि**' ( **अलं॰ महो॰** ) ગ્રંથ પ્રસિદ્ધ છે, જેમાં વસ્તુપાળની વિનંતિથી અને વિદ્યાગુરુ નરચન્દ્રસૂરિની આજ્ઞાથી ૮ તરંગોમાં મહદંશે સમસ્ત અલંકારશાસ્ત્રને લગતી સામગ્રીનું સમન્વયાત્મક નિરૂપણ કરવામાં આવ્યું છે. નરેન્દ્રપ્રભસૂરિ ધ્વનિવાદી આલંકારિક છે, એટલે કે 'કાશ્મીરી પરંપરા'ને અનુસરે છે. આ કારણસર તેમણે નિરૂપેલાં કાવ્યનાં લક્ષણ, પ્રકારો, શબ્દની શક્તિઓ, રસમીમાંસા, ગુણ, અને અલંકારચિંતન વગેરેમાં આનંદવર્ધન, મમ્મટ, અને હેમચન્દ્રનું અનુકરણ-અનુસરણ અને અનુચિંતન સ્પષ્ટ રૂપે છતું થાય છે. આમ છતાં નરેન્દ્રપ્રભસૂરિ દંડી, વામન, અને ભોજનું પણ અનુકરણ—અનુસરણ કરે છે. એમ તો કુંતકનો પ્રભાવ પણ અછતો નથી રહેતો. છતાં નરેન્દ્રપ્રભનો પ્રધાન સૂર ધ્વનિવાદ પ્રત્યે ઢળેલો હોય એમ જણાય છે. ભોજની પરંપરાને કાવ્યશાસ્ત્રમાં 'માલવપરંપરા' તરીકે અલગ પાડી શકાય[१]. ભોજમાં રસવિવેચનમાં નિજી સિદ્ધાંતચર્ચા આવે છે, બાકી કાવ્યલક્ષણ, ગુણ, અલંકારવિવેચન, રીતિ, વૃત્તિ વગેરેમાં કાવ્યશાસ્ત્રના ઇતર પ્રવાહોનું સંમિશ્રણ વિશેષ જોવા મળે છે. તેમનામાં આનંદવર્ધનની જેમ રસધ્વનિસંગમે આ પ્રવાહોનું સંમિલન નથી સાધી શકાયું. પરંતુ કોણ જાણે કેમ નરેન્દ્રપ્રભસૂરિ પર ભોજનો—ખાસ કરીને તેમના ગ્રંથ **સરસ્વતીકંઠાભરણ (स॰ कं॰)**નો—પ્રભાવ વરતાય છે.

આનંદવર્ધન અને અભિનવગુપ્તપાદાચાર્યના દિગ્વિજય પછી કાવ્યશાસ્ત્રના અન્ય આચાર્યોએ તેમને જ અંજલિઓ સહિત વંદના કરી છે. ભટ્ટનાયક અને મહિમભટ્ટ જેવા સમર્થ પ્રતિસ્પર્ધીઓને મહાત કરવામાં એકમાત્ર મમ્મટ્ટ જ પૂરતા હતા. વળી કુંતક, મહિમભટ્ટ, અને ભોજ પણ પ્રતીયમાન તત્ત્વને તો સ્વીકારે જ છે. તેમનો મુખ્ય વિરોધ તો વ્યંજનાશક્તિ સામેનો છે. જગન્નાથ થોડાં નવીન પ્રદાનો સાથે અંતે તો ધ્વનિસિદ્ધાંતના જ સમર્થક, પ્રસારક, અને અનુમન્તા બની રહે છે. નરેન્દ્રપ્રભસૂરિ પણ હેમચન્દ્રની જેમ આનંદવર્ધન અને અભિનવગુપ્તનો ધ્વનિસિદ્ધાંત જ સ્વીકારે છે. પરંતુ કંઈક નવી કેડી, થોડી જુદી તરી આવતી કેડીની રચના કરવાની ધૂનને લીધે **अलं॰ महो॰**માં તેઓ અવારનવાર **सरस्वतीकंठाभरण**નાં ઉદ્ધરણો ઉદ્ધરે છે. આ ચેષ્ટા અલબત્ત પ્રકારો અને પેટા પ્રકારો પૂરતી જ સીમિત છે. વસ્તુતયા મૂળ પોતને નરેન્દ્રપ્રભે આંચ આવવા દીધી નથી. નરેન્દ્રપ્રભે આશરે ૬૦ પદ્યો **स॰ कं॰**માંથી ઉદ્ધર્યાં છે. આ બતાવે છે કે નરેન્દ્રપ્રભસૂરિ પર ભોજનો વિશિષ્ટ પ્રભાવ હતો. જો કે આપણે જોઈશું કે તેઓ પોતાની વિવેકબુદ્ધિનો ઉપયોગ કરીને આ પદ્યોમાંથી કેટલાંકનો વિનિયોગ પણ યોગ્ય રીતે કરે છે. સમય અને શક્તિની મર્યાદાને ધ્યાનમાં લઈને આપણે ભોજ અને નરેન્દ્રપ્રભસૂરિનાં મંતવ્યોનું અધ્યયન કેવળ સાદૃશ્યકમૂલક અલંકારો પૂરતું જ સીમિત કર્યું છે. એમાં ભોજની અસરની નોંધ, અને જરૂર જણાશે ત્યાં તુલનાત્મક વિવેચન પણ કરવામાં આવશે.

અર્થાલંકારનો પ્રારંભ નરેન્દ્રપ્રભે અતિશયોક્તિથી કર્યો છે, તે પછી તેમણે સહોક્તિને અતિશયોક્તિની સબ્રહ્મચારી ગણી બીજે ક્રમે મૂકી છે. સહોક્તિ અલંકારમાં સહાર્થના યોગમાં મુખ્ય અને ગૌણ પદાર્થોનો યોગ થાય છે. આમાં ક્રિયારૂપ ધર્મના ઉદાહરણ તરીકે નરેન્દ્રપ્રભસૂરિ ભોજે આપેલ[२] ઉદાહરણ આપે છે, જેમ કે,

> कोकिलालापमधुराः सुगन्धिवनवायवः
> यान्ति सार्धं जनानन्दैर्वृद्धिं सुरभिवासराः ॥
>
> – (**अलं॰ महो॰** ८/६२९, पृ॰ २३१, **स॰ कं॰** ४/१२९, पृ॰ ४८१)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નરેન્દ્રપ્રભસૂરિ અહીં સાધારણધર્મને ક્રિયારૂપ માને છે[3]. વિશેષમાં તેઓ નોંધે છે કે, અહીં જે ધર્મ (= સાધારણ ધર્મ)નો સંબન્ધ છે તે દિવસ માટે શાબ્દ છે અને જનાનન્દ માટે આર્થ છે.

ભોજ આને કર્તૃવિવિક્ત ક્રિયાસમાવેશનું ઉદાહરણ માને છે. તેઓ અહીં વસંતના દિવસોને જ કર્ત્તા માને છે, જે લોકોના આનંદ સાથે વધતી ક્રિયામાં સમાવિષ્ટ થઈ જાય છે. આમ કર્ત્તા કેવળ એક છે[4]. આ વૈસાદશ્યવતી સહોક્તિ છે.

સ્પષ્ટ રીતે જ નરેન્દ્રપ્રભસૂરિએ માત્ર ઉદાહરણ જ **स॰ कं॰** માંથી લીધું છે, અન્યથા ભોજથી તેઓ જુદા પડે છે. તેમણે દિવસ અને લોકોનો આનંદ એમ બન્નેને કર્તૃભૂત માન્યા છે. ક્રિયારૂપ ધર્મ એક જ છે. આમ ક્રિયારૂપ સાધારણધર્મવાળી સહોક્તિ વર્ણવી છે. નરેન્દ્રપ્રભ અહીં દંડી પ્રત્યે ઢળતા જણાય છે[5]. પરંતુ દંડીએ ક્રિયાની દૃષ્ટિએ અને નરેન્દ્રપ્રભે ધર્મની દૃષ્ટિએ ભેદ બતાવ્યો છે. આમ દંડી-ભોજમાંથી પદ્ય સ્વીકાર્યું હોવા છતાં નરેન્દ્રપ્રભનો અભિગમ તે બન્નેથી જુદો છે.

ક્રિયારૂપ ધર્મવાળી સહોક્તિનું એક બીજું ઉદાહરણ પણ નરેન્દ્રપ્રભે **स॰ कं॰** માંથી ઉદ્ધર્યું છે. એ પદ્ય **ગાથાસપ્તશતી**નું છે. બન્નેમાં બીજી પંક્તિમાં પાઠભેદ હોઈ આપણે અત્રે બન્ને ઉદ્ધરીશું :

उज्झसि पियाइ समयं तह वि अरे । भणसि कीस किसिअति ।
उ अरिभरेण अयाणुअ । मुयइ बइल्लो वि अंगाई ॥

– (**अलं॰ महो॰** पृ॰ २३२)

છાયા આ પ્રમાણે છે.

उह्यसे प्रियया समदं तथापि अरे । भणसि कथं कृशितेति ।
पश्यारिभरेणाज्ञ । मुञ्चति बलीवर्दोऽप्यङ्गानि ॥

નરેન્દ્રપ્રભ આ ઉદાહરણને ક્રિયારૂપ ધર્મૈક્યનું માને છે[6]. અહીં કર્મરૂપે પ્રયોજાયેલાં યુષ્મદર્થ અને પ્રિયા - બન્ને 'उह्यसे'એ ક્રિયારૂપ એક સાધારણધર્મથી જોડાયેલાં છે.

ભોજમાં આ ઉદાહરણમાં દ્વિતીય પંક્તિનો પાઠ જુદો છે :-

उवरिभरेण अ अण्णुअ मुअइ बइल्लो वि अङ्गाइं ॥

છાયા-

उपरिभरेण च हे अज्ञ मुञ्चति वृषभोऽप्यङ्गानि ॥

ભોજ અહીં સંબોધ્યમાન એવો યુષ્મદર્થ (= त्वं) કર્મત્વને પ્રાપ્ત થયો છે — उह्यसे — એ રીતે તે ક્રિયામાં 'કેવળ' રૂપે છે - એમ સમજાવે છે. તે ક્રિયાપદાર્થ સાથે સમાવિષ્ટ થયો છે. આથી આ 'વિવિક્ત કર્મક્રિયાસમાવેશા' - જેમાં ક્રિયામાં કેવળ = એકલા કર્મનો સમાવેશ થયો છે, તેવી સહોક્તિ છે[7]. આ પણ ભોજના મતે વૈસાદશ્યા સહોક્તિ છે. આમ નરેન્દ્રપ્રભે ભોજમાંથી ઉદ્ધરણ લીધું છે. એટલું જ, બાકી અભિગમ અલગ છે. બન્નેએ **ગાથાસપ્તશતી**માંથી આ પદ્ય સ્વતંત્ર રીતે લીધું હોય તેમ પણ બની શકે.

એ પછી धीरेण समं॰ વગેરે ઉદાહરણ નરેન્દ્રપ્રભે **स॰ कं॰**માંથી ગ્રહણ કર્યું છે, અને રુય્યકાદિના પ્રભાવ નીચે માલારૂપી દીપકોપસ્કૃતા સહોક્તિ તરીકે ઘટાવ્યું છે. ઉદાહરણ આ મુજબ છે :

धीरेण समं जामा हिअएण समं अणिट्ठिआ उवएसा ।
उत्सा(च्छा)हेण सह भुआ बाहेण समं गलंति से उल्लावा ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છાયા

धैर्येण समं यामा हृदयेन सममनिष्ठिता उपदेशाः ।
उत्साहेन समं भुजौ बाष्पेण समं गलन्ति तस्य उल्लापाः ॥
(**अलं॰ महो॰** पृ॰ २३२, **स॰ कं॰** पृ॰ ४८३)

નરેન્દ્રપ્રભ વિવરણ કરતાં જણાવે છે કે અહીં 'गलन्ति' = ગળે છે એ ક્રિયારૂપ ધર્મનું (અન્ય) સર્વ પદાર્થો (એટલે કે ધૈર્ય, રાત્રિ, હૃદય, ઉપદેશો વગેરે) પ્રત્યે એકધર્મત્વ છે. આથી આ દીપક પણ છે[૮].

ભોજ આને કર્ત્તાના અવિવિક્ત (મિશ્રરૂપે) ક્રિયાસમાવેશનું ઉદાહરણ માને છે. તેમના મત પ્રમાણે અહીં યામા વગેરે ઘણા બધાનું ધૈર્ય વગેરે સાથે ગલનક્રિયામાં એકત્વ જ અવિવિક્ત રૂપે સમાવિષ્ટ જણાય છે. આ પણ વૈસાદશ્યવતી સહોક્તિ છે[૯].

આમ પ્રસ્તુત ઉદાહરણની બાબતમાં પણ એમ જ કહેવાનું રહે કે નરેન્દ્રપ્રભે **स॰ कं॰**માંથી ઉદાહરણ સ્વીકાર્યું છે એટલું જ, પરંતુ તેમનું વલણ ભોજથી જુદું છે.

ગુણરૂપધર્મવાળી સહોક્તિનું ઉદાહરણ પણ નરેન્દ્રપ્રભે ભોજના **स॰ कं॰**માંથી ગ્રહ્યું છે : જુઓ :

सह दीर्घा मम श्वासैरिमाः सम्प्रति रात्रयः ।
पाण्डुराश्च ममैवाङ्गैः सह ताश्चन्द्रभूषणाः ॥
- (**अलं॰ महो॰** पृ॰ २३३, **स॰ कं॰** पृ॰ ४८४)

નરેન્દ્રપ્રભસૂરિ નાનકડી નોંધ મૂકતાં કહે છે - અહીં રાત્રિઓનું, શ્વાસોનું, અને અંગોનું અનુક્રમે દીર્ઘતા અને પાંડુતારૂપી ગુણો સાથે એકધર્મત્વ છે[૧૦]. આમ આ ગુણરૂપ ધર્મવાળી સહોક્તિ છે[૧૧].

ભોજે સહેજ વિસ્તારથી સમજાવ્યું છે કે, અહીં રાત્રિઓની દીર્ઘતા છે અને પાંડુરતા પણ છે. દીર્ઘત્વ અને પાંડુરત્વ એ બન્ને ગુણોનો અભેદથી રાત્રિઓમાં સમાવેશ થયો છે તથા શ્વાસ અને અંગ એ બન્નેનો એકસાથે સમાવેશ થયેલો જોવા મળે છે. 'इवादि'નો પ્રયોગ નથી છતાં પણ સસાદશ્યા સહોક્તિ છે[૧૨].

આમ નરેન્દ્રપ્રભ **स॰ कं॰**નું આ ઉદાહરણ અને અભિગમ સ્વીકારે છે. ફરક એટલો કે નરેન્દ્રપ્રભે ટૂંકી નોંધ દ્વારા જ સમજાવ્યું છે, જ્યારે ભોજે ખૂબ વિસ્તારથી સમજાવ્યું છે.

નરેન્દ્રપ્રભે ઉપમાલંકારની ચર્ચા દરમ્યાન ભોજે વાક્યોપમા માટે જે ઉદાહરણ આપ્યું છે તે જ આપ્યું છે. યથા :

कमलमिव चारु वदनं मृणालमिव कोमलं भुजायुगलम् ।
अलिमालेव च नीला तवैव मदिरेक्षणे ! कबरी ॥
- (**अलं॰ महो॰** पृ॰ २३५, **स॰ कं॰** पृ॰ ४०५)

નરેન્દ્રપ્રભે **વાક્યોપમા** માટે જ આ ઉદાહરણ સ્વીકાર્યું છે ને ત્યાં તેમણે કોઈ વિશેષ નોંધ નથી આપી. ભોજમાં '**नीला**' ને બદલે '**सुनीला**' પાઠ છે. તેમના મત પ્રમાણે અહીં કમળ, મૃણાલ, ભ્રમરોની હારમાળા, વગેરે ઉપમાનો, इवादि ઘોતક, તુલ્યધર્મ, અને ઉપમેયવાચક એમ ચાર પદાર્થોનો પૃથક્ પૃથક્ પ્રયોગ હોતાં બે પદાર્થોના સાદશ્યને કહ્યું હોવાથી આ 'પૂર્ણા' નામની પદાર્થોપમામાં વાક્યાર્થોપમાનો એક ભેદ છે[૧૩].

**વાક્યોપમા**માં ધર્મલુપ્તા ઉપમાનું ઉદાહરણ નરેન્દ્રપ્રભ ભોજને અનુસરીને આપે છે :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

राजीवमिव ते वक्त्रं नेत्रे नीलोत्पले इव ।
रम्भास्तम्भाविवोरू च करिकुम्भाविव स्तनौ ॥

– (अलं॰ महो॰ पृ॰ २३८, स॰ कं॰ पृ॰ ४०६)

નરેન્દ્રપ્રભ અહીં સાધારણધર્મનો લોપ છે એટલું જ નોંધે છે (પૃ૦ ૨૩૭). ભોજ નોંધે છે કે અહીં સામાન્યધર્મનો લોપ થયો છે. ભોજના ટીકાકાર રત્નેશ્વરના મત પ્રમાણે 'કાન્તિ' વગેરે સાધારણધર્મ લુપ્ત થયો છે. સાદશ્ય પ્રતીયમાન છે. ઉપમાનોપમેયત્વ પરિપૂર્ણ હોવાથી લુપ્તપૂર્ણા નામની ઉપમા છે[૧૪].

દ્યોતકલુપ્તા નામના ઉપમાભેદનું ઉદાહરણ નરેન્દ્રપ્રભે ભોજના स॰ कं॰ ને આધારે આપ્યું છે.

त्वन्मुखं पुण्डरीकं च फुल्ले सुरभिगन्धिनी ।
कोमलापटलौ तन्वि ! पल्लवश्चाधरश्च ते ॥

– (अलं॰ महो॰ पृ॰ २३८, स॰ कं॰ पृ॰ ४०६)

નરેન્દ્રપ્રભ નોંધે છે કે અહીં દ્યોતકનો (એટલે કે इवादिनो) લોપ છે. ભોજ પણ આને દ્યોતકલુપ્તા માને છે[૧૫]. ભોજના ટીકાકાર રત્નેશ્વર પ્રમાણે એકાર્થના પ્રયોજનથી અહીં મુખ અને પદ્મ બન્નેનું પ્રધાન અને અંગભાવ વડે અભિધાન છે[૧૬]. આ પ્રકારની બાબતમાં એમ કહી શકાય કે ઉદાહરણ અને પ્રકારસ્વરૂપ બન્નેમાં નરેન્દ્રપ્રભ ભોજને અનુસર્યા છે.

ઉપમાપ્રકારોની અંતર્ગત જ નરેન્દ્રપ્રભે સમાસમાં દ્યોતકના લોપનું ઉદાહરણ ભોજ પ્રમાણે આપ્યું છે : જુઓ

मुखमिन्दुसुन्दरं ते बिसकिसलयकोमले भुजालतिके ।
जघनस्थली च सुन्दरि ! तव शैलशिलाविशालेति ॥[१७]

– (अलं॰ महो॰ पृ॰ २३७, स॰ कं॰ पृ॰ ४००)

નરેન્દ્રપ્રભ અહીં દ્યોતકનો લોપ છે એટલી જ નોંધ મૂકે છે, ઝીણું કાંતતા નથી, જ્યારે ભોજ આને અંતર્ગતઇવાર્થ જેમાં છે તેવી સમાસોપમામાં 'પદોપમા' નામનો પ્રકાર માને છે.

પ્રત્યયમાં દ્યોતકનો લોપ એ ઉપમાપ્રકારને સ્પષ્ટ કરતાં નરેન્દ્રપ્રભ ભોજના स॰ कं॰ નું ઉદ્ધરણ જ પસંદ કરે છે. જેમ કે,

सूर्यीयति सुधारश्मिमनाथतिमृतायते ।
मृतस्य कान्ताविरहे स्वर्गेऽपि नरकायते ॥[१८]

– (अलं॰ महो॰ पृ॰ २३८, स॰ कं॰ पृ॰ ४०४)

નરેન્દ્રપ્રભ નોંધે છે કે, अनाथति'માં દ્યોતક અને સાધારણધર્મ બન્નેનો લોપ થયો છે. ભોજ પ્રમાણે सूर्यीयति॰ વગેરેમાં આચરણક્રિયા છે, જે ઉપમાન અને ઉપમેય બન્નેમાં સાધારણ છે. પ્રસ્તુત ઉદાહરણમાં પણ નરેન્દ્રપ્રભ ઉદાહરણ પૂરતા જ ભોજને અનુસર્યા છે, ભોજ જેટલી દીર્ઘ ચર્ચા કરતા નથી.

પુનઃ દ્યોતકના લોપમાં જ પ્રત્યયોપમાનું ઉદાહરણ નરેન્દ્રપ્રભ ભોજ પ્રમાણે ટાંકે છે : જેમ કે,

हंसो ध्वाङ्क्षविरावी स्यादुष्ट्रक्रोशी च कोकिलः ।
खरनादी मयूरोऽपि त्वं चेद्वदसि वाग्मिनि ॥

– (अलं॰ महो॰ पृ॰ २३८, स॰ कं॰ पृ॰ ४०२)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નરેન્દ્રપ્રભ कर्तुणिन् (૫ / ૧ / ૧૫૩) એ સિદ્ધહેમનું સૂત્ર ટાંકીને 'णिनि' પ્રત્યયમાં ઘોતકલોપ થયો છે એમ નોંધે છે. (પૃ૰ ૨૩૮) विरौति॰ ઇત્યાદિમાં 'णिन्' પ્રત્યય છે તેમાં 'इवादि' ઘોતકનો લોપ થયો છે[૧૯]. જ્યારે ભોજ कर्तर्युपमाने (**पाणिनि** सूत्र ३।२।७९) ટાંકીને 'ઉપમાનમાં ઉપપદમાં 'કાગડાની જેમ બોલે છે' એમ સામાનાધિકરણ્ય વડે કર્ત્તામાં જ પ્રત્યય ઉપમેયને માટે યોજાયો છે એમ સમજાવે છે. આ પ્રત્યયોપમામાં પદોપમા નામનો ભેદ છે એમ પણ તેઓ નોંધે છે[૨૦].

સ્પષ્ટ છે કે પ્રસ્તુત ઉદાહરણ માત્ર જ નરેન્દ્રપ્રભે **स॰ कं॰**માંથી આપ્યું છે, બાકી તેમનું વલણ ભોજથી જુદું છે. તેઓ હેમચન્દ્રને અનુસર્યા છે.

ઉપમાપ્રકારોમાં સાધારણધર્મના લોપમાં નરેન્દ્રપ્રભસૂરિ ભોજે આપેલ ઉદાહરણ આપે છે. જેમ કે,

पूर्णेन्दुकल्पवदना मृणालीदेश्यदोर्लता ।
चक्रदेशीयजघना सा स्वप्नेऽपि न दृश्यते ॥
– (**अलं॰ महो॰** पृ॰ २३८, **स॰ कं॰** पृ॰ ४०३)

નરેન્દ્રપ્રભ અનુસાર અહીં ધર્મનો લોપ થયો છે, પરંતુ તે કલ્પત્વ વગેરે વડે સાક્ષાત્ કહ્યો છે. ईषद् થોડુંક સહેજ-અપરિસમાપ્ત અપૂર્ણ એટલે પૂર્ણચન્દ્ર જેવું એવો અર્થ છે. આથી 'પૂર્ણેન્દુ' જ એમ નહીં, માટે **રૂપક**ની શંકા કરવી નહીં[૨૧].

જ્યારે ભોજ આને ઉપમાનાર્થે પ્રત્યયનું ઉદાહરણ માને છે. તેમના મતે પૂર્ણેન્દુ વગેરે ઉપમાનભૂત શબ્દો ઉપમેયભૂત વદન વગેરેમાં રહેલા છે. આ કલ્પ વગેરે (ઈષદ્ અસમાપ્ત) શબ્દો સ્વાર્થિક છે, છતાં શબ્દશક્તિના સ્વભાવથી ગુણભૂત બનેલા ઉપમાનાર્થમાત્રને જ કહે છે, જે ઉપચારથી ઉપમેયવૃત્તિવાળા હોય છે. (પૃ૰ ૪૦૩)

यान्त्या मुहुर्वलित॰ વગેરે ઉદાહરણ પણ નરેન્દ્રપ્રભે ભોજમાંથી ગ્રહ્યું છે; પરંતુ ભોજમાં તે અલંકારના ઉદાહરણ તરીકે નથી, રસના અનુબન્ધના ઉદાહરણરૂપે અપાયેલું છે. (**स॰ कं॰** पृ॰ ५७२) જ્યારે નરેન્દ્રપ્રભસૂરિ પ્રતિવસ્તૂપમાની જેમ જેમાં ઉપમેય અને ઉપમાનના ધર્મોનો પૃથક્ પૃથક્ નિર્દેશ થયો હોય તેવા ઉપમાના પ્રકારવિશેષ તરીકે તેને ઉદ્ધૃત કરે છે. (**अलं॰ महो॰** पृ॰ २३९).

રુય્યક વગેરેમાં પણ આવતા બિંબપ્રતિબિંબભાવની સુંદરતાના ઉદાહરણ पाण्ड्योऽयं॰ પરત્વે નરેન્દ્રપ્રભ અને ભોજ જુદું વલણ ધરાવે છે. નરેન્દ્રપ્રભે ઉપમાના આ ઉદાહરણમાં રુય્યકને અનુસરીને દૃષ્ટાંતની જેમ બિંબપ્રતિબિંબભાવ માન્યો છે, જેમ કે, અહીં હાર અને અંગરાગ એ ધર્મોમાં નિર્ઝર અને બાલાતપ પ્રતિબિંબરૂપે નિબદ્ધ થયાં છે[૨૨]. ભોજ આને વાક્યાર્થોપમાના 'વાક્યોપમા' નામના ભેદરૂપે ઓળખાવે છે. એક જ 'इव' પદથી રાજા અને પર્વતરાજનો ઉપમાનોપમેયભાવ કલ્પ્યો છે. એટલે એક इव શબ્દવાળી વાક્યાર્થોપમા છે[૨૩].

આમ સ્પષ્ટ છે કે પ્રસ્તુત ઉદાહરણ બન્નેમાં સમાન છે પણ અહીં નરેન્દ્રપ્રભનો ઝોક રુય્યક તરફી છે, ભોજને તેઓ અનુસરતા નથી.

કેટલાક ઉપમાભેદોનાં ઉદાહરણ નરેન્દ્રપ્રભે દંડી અને ભોજને અનુસરીને આપ્યાં છે : જુઓ (**अलं॰ महो॰** ૮/૧૨,૧૩)

જેમ કે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) दिने दिने सा परिवर्धमाना० (**अलं० महो०** पृ० २४०, **स० कं०** पृ० ४०८) ઇત્યાદિ. **નરેન્દ્રપ્રભે** આને 'અનેકદ્યોતકા' તરીકે ઓળખાવી છે અને ભોજે આને અનેક इव શબ્દવાળી કહી છે.

(૨) अलिवलयैरलकैरिव० .... વગેરે (**अलं० महो०** पृ० २४०, **स० कं०** पृ० ४०९) નરેન્દ્રપ્રભ આને સર્વ ઉપમાનગતદ્યોતકનું માને છે, ભોજ સમસ્તોપમાનું.

(૩) दिवो जागर्ति रक्षायै० (**अलं० महो०** पृ० २४१, **स० कं०** पृ० ४०८) નરેન્દ્રપ્રભ નામભેદે આને 'દ્યોતકોજ્ઝિતા' કહે છે. ભોજ અનિવાદિ (ઇવ વગેરે શબ્દ સિવાયની) ઉપમા માને છે. દંડી(૨/૪૯)માં આ ઉદાહરણ 'તુલ્યયોગોપમા' નામે અપાયું છે.

ઉપમાન અને ઉપમેયનો જ્યાં વિપર્યાસ થયો હોય, જે દંડીની વિપર્યાસોપમા છે તેનો નરેન્દ્રપ્રભ અને ભોજ બન્ને ઉલ્લેખ કરે છે, જેમ કે,

यत् त्वन्नेत्रसमानकान्ति सलिले०..... વગેરે.

નરેન્દ્રપ્રભ વિવરણ કરતાં જણાવે છે કે, અહીં કમળ વગેરેનાં નેત્રો વગેરે ઉપમાનો છે એટલે વિપર્યાસ થયો છે. અહીં હવે પછી કહેવાનારા **'પ્રતીપ'** અલંકારની શંકા ન કરવી, કારણ કે અહીં ઉપમાનનો વિપર્યાસ હોય છે, તેના તિરસ્કારનો હેતુ હોતો નથી[૨૪]. મમ્મટ-રુય્યક આ પ્રકાર સ્વીકારતા નથી, પરંતુ નરેન્દ્રપ્રભે દંડી અને ભોજને અનુસરીને આ ભેદ આપ્યો છે[૨૫].

ભોજ પ્રસિદ્ધિના વિપર્યાસ વડે પરસ્પરનો ઉપમાનોપમેયભાવ આમાં કલ્પવામાં આવ્યો છે એટલું જ નોંધે છે. (**स० कं०** पृ० ४१२).

આમ નરેન્દ્રપ્રભે ભોજનું ઉદ્ધરણ સ્વીકાર્યું છે. તેમનો 'વિપર્યાસોપમા' અલંકાર પ્રત્યેનો અભિગમ પણ લગભગ સમાન છે. નરેન્દ્રપ્રભ 'પ્રસિદ્ધિનો વિપર્યાસ' એમ સ્પષ્ટ શબ્દોમાં નથી કહેતા એટલો ફેર છે.

વૈધર્મ્યમૂલક ઉપમાના ઉદાહરણ તરીકે નરેન્દ્રપ્રભ ભોજના **स० कं०**માંથી નીચેનું 'शिशुपालवध' १६/ ૫૨ નું ઉદ્ધરણ ટાંકે છે.

प्रहितः प्रधनाय माधवानहमाकारयितुं महीभृता ।
न परेषु महौजसश्छलादपकुर्वन्ति मलिम्लुचा इव ॥
– (**अलं० महो०** पृ० २४१, **स० कं०** पृ० ४०९)

નરેન્દ્રપ્રભ અહીં 'अपकुर्वन्ति'નું વિપક્ષભૂત नापकुर्वन्ति એમ વૈધર્મ્ય છે, એવું નોંધે છે[૨૬].

ભોજ આને વાક્યાર્થોપમામાં વૈધર્મ્યવતી નામની વાક્યોપમાનો પ્રકાર માને છે. તેમના મત પ્રમાણે 'છલાપકરણ' નામનો વસ્તુધર્મ છે તે નકાર વડે ઉપમાનમાં જ નિયમિત થયો છે. (**स० कं०** पृ० ४०९)[૨૭]

નરેન્દ્રપ્રભે ભોજના વિક્રિયોપમાના એક ભેદના ઉદાહરણને અનન્વયના ઉદાહરણ તરીકે ઘટાવ્યું છે : જેમ કે,

त्वन्मुखं त्वन्मुखमिव त्वद्दृशौ त्वद्दृशाविव ।
त्वन्मूर्तिरिव मूर्तिस्ते त्वमिव त्वं कृशोदरि ॥
– (**अलं० महो०** पृ० २४४, **स० कं०** पृ० ४१३)

ભોજ અનન્વયોપમા એવું જ નામ આપે છે, પરંતુ વિકૃતરૂપ ઉપમામાં આ એક ભેદ છે એવું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નોંધે છે.

સ્મરણાલંકારમાં સ્વરૂપની બાબતમાં નરેન્દ્રપ્રભ રુય્યકને અનુસર્યા છે અને અનુભૂત વસ્તુની સદૃશ વસ્તુને જોઈને જ્યારે સ્મૃતિ થઈ આવે ત્યારે સ્મરણાલંકાર થાય છે એમ લક્ષણ બાંધે છે. જ્યારે ભોજ ચિંતાદિના સ્મરણને સ્મરણાલંકાર માને છે. નરેન્દ્રપ્રભે ભોજનું એક ઉદ્ધરણ સ્વીકાર્યું છે, સદૃશના દર્શનથી થતું સદૃશનું સ્મરણ - એ ભેદ માટે, જેમ કે,

अदृश्यन्त पुरस्तेन खेलाः खञ्जनपङ्क्तयः ।
अस्मर्यन्त विनिःश्वस्य प्रियानयनविभ्रमाः ॥[२८]

- (**अलं॰ महो॰** पृ॰ २४५, **स॰ कं॰** पृ॰ ३७५)

અહીં ખંજનપક્ષીઓના સમૂહને જોઈને તેના જેવા પ્રિયાના નયનવિભ્રમોનું સ્મરણ થવાથી સ્મરણાલંકાર થયો છે આવી ભોજની નોંધ છે. નરેન્દ્રપ્રભસૂરિ કોઈ નોંધ મૂકતા નથી.

સંશય અલંકારનાં કેટલાંક ઉદાહરણ નરેન્દ્રપ્રભે **स॰ कं॰**માંથી સ્વીકાર્યાં છે : જેમ કે,

आहारे विरतिः समस्तविषयग्रामे निवृत्तिः परा
नासाग्रे नयनं यदेतदपरं यच्चैकनिष्ठं मनः ।
मौनं चेदमिदं च शून्यमखिलं यद् विश्वमाभाति ते
तद् ब्रूयाः सखि ! योगिनी किमसि भोः ! किं वा वियोगिन्यसि ?

- (**अलं॰ महो॰** पृ॰ २४६, **स॰ कं॰** पृ॰ ४४५)

નરેન્દ્રપ્રભ પ્રમાણે અહીં આર્થ સાદૃશ્ય છે, ભોજના મત પ્રમાણે અહીં એક વસ્તુમાં (= સખીના વિષયમાં) બે વસ્તુનું (= યોગ અને વિયોગ) અભિધીયમાન એવું સામ્ય છે, જે પ્રત્યક્ષ છે. સમાનધર્મના દર્શનથી બન્નેના વિશેષ પ્રકારના સ્મરણથી જે વિમર્શ થયો તે એકવિષય સંશય અલંકાર છે[૨૯].

આમ નરેન્દ્રપ્રભ પ્રસ્તુત ઉદાહરણ સંક્ષેપમાં સમજાવે છે. ભોજની સમજૂતીનો કોઈ નિર્દેશ તેઓ કરતા નથી.

નિશ્ચયાન્ત સંદેહના ઉદાહરણરૂપે નરેન્દ્રપ્રભે ભોજમાંથી मैनाकः किमयं रुणद्धि गमने॰ ...... આદિ ઉદાહરણ આપ્યું છે (**अलं॰ महो॰** पृ॰ २४७, **स॰ कं॰** पृ॰ ३७०). જો કે ભોજમાં પ્રસ્તુત ઉદાહરણ 'વિતર્કાલંકાર' તરીકે આપવામાં આવ્યું છે, પરંતુ નરેન્દ્રપ્રભ ભોજથી જુદા પડે છે, અને અહીં સંશય જ માને છે તથા 'વિતર્ક'નું ખંડન કરે છે[૩૦].

આ સિવાય अस्याः सर्गविधौ॰ વગેરે પ્રસિદ્ધ ઉદાહરણમાં પણ નરેન્દ્રપ્રભ સંદેહ માને છે. અહીં સાદૃશ્ય સિવાય પણ પ્રકૃતિવિષય સંદિહ્યમાન છે. અત્રે અતિશયોક્તિ સાથે સંદેહનો સંકર થયો છે (પૃ॰ ૨૪૭). જ્યારે ભોજ અહીં अतत्त्वानुपाती વિતર્ક માને છે. આવું રૂપ નિર્માણ કરવા શું પુરાણો મુનિ શક્તિમાન હોય ? આથી ચન્દ્રાદિને જે પ્રજાપતિ માનવાં તે થયો અતત્ત્વાનુપાતી વિતર્ક, જે નિર્ણયાન્ત છે, કારણ આનો સર્જક પુરાણો મુનિ (= નારાયણ મુનિ) ન હોઈ શકે એમ અંતે નિર્ણય થાય છે (**स॰ कं॰** पृ॰ ३७०).

આમ નરેન્દ્રપ્રભનું વલણ ફરી વાર ભોજથી જુદું જણાઈ આવે છે.

अयमसौ भगवानुत॰ (**अलं॰ महो॰** पृ॰ २४७, **स॰ कं॰** पृ॰ ३७१)માં નરેન્દ્રપ્રભ સંશય જ માને છે, જેમાં સાદૃશ્ય સિવાયનો સંબન્ધ છે, જ્યારે ભોજ અહીં અનિર્ણયાન્ત અમિથ્યારૂપ વિતર્ક માને છે. આમ સંશયની બાબતમાં પણ ભોજનાં ઉદાહરણ નરેન્દ્રપ્રભે ગ્રહ્યાં હોવા છતાં તેઓ તેમના પ્રત્યે આગવું વલણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધરાવે છે.

ભ્રાન્તિમાન્ અલંકારનાં ઘણાં ઉદાહરણ નરેન્દ્રપ્રભે ભોજના **स० कं०** માંથી સ્વીકાર્યાં છે; એટલું જ નહીં નરેન્દ્રપ્રભે રચેલા ભ્રાન્તિમાન્‌ના લક્ષણ ઉપર પણ ભોજનો પ્રભાવ જણાય છે; જેમ કે, તુલના કરો - भ्रान्तिमान् वैपरीत्येन प्रतीतिः सदृशेक्षणात् ।[31] (**अलं० महो०** ८।१३)

ભોજ - भ्रान्तिर्विपर्ययज्ञानं द्विधा सापि प्रयुज्यते । (**स० कं०** ३।३५ ઉપર )

આમ સદૃશ વસ્તુને જોઈ વૈપરીત્યથી જે પ્રતીતિ થાય તે ભ્રાન્તિમાન્ કહેવાય. ભોજ જો કે 'ભ્રાન્તિ' એવું નામ આપે છે.

હવે ભ્રાન્તિમાન્‌નાં ઉદાહરણો જોઈએ.

(૧) **અતત્ત્વમાં તત્ત્વબુદ્ધિ**, જેમ કે, બહુ પ્રસિદ્ધ ઉદાહરણ

कपोले मार्जारः....... વગેરે (નરેન્દ્રપ્રભે कपाले० પાઠ રાખ્યો છે.) (**अलं० महो०** पृ० २४८, **स० कं०** पृ० ३६६)

નરેન્દ્રપ્રભસૂરિ પ્રમાણે અહીં ચન્દ્રકિરણોમાં ક્ષીર વગેરેની ભ્રાન્તિ થાય છે. આ પ્રકારને અતત્ત્વમાં તત્ત્વરૂપ ગણ્યો છે. ચન્દ્રકિરણોમાં અતત્ત્વરૂપ દૂધ વગેરેને ગણી લેવામાં આવે છે. ભોજ આ પ્રકારને મૂળ 'ભ્રાન્તિ' અલંકારના એક ભેદ 'ભ્રાન્તિમાન્' તરીકે ઓળખાવે છે. ટૂંકમાં નરેન્દ્રપ્રભ ભ્રાન્તિમાન્‌ના લક્ષણમાં ભોજને અનુસરતા હોવા છતાં પ્રકારોની બાબતમાં પોતાનો આગવો મત ધરાવે છે. આમ અતત્ત્વે તત્ત્વરૂપા ભ્રાન્તિ ભોજે આપેલ આ ભેદનો વિનિયોગ નરેન્દ્રપ્રભે યથેષ્ટ કર્યો છે.

ભોજના **स० कं०**માંથી નરેન્દ્રપ્રભે અતત્ત્વમાં તત્ત્વરૂપ પરંતુ બાધિત થતી ભ્રાંતિનું ઉદ્ધરણ સ્વીકાર્યું છે, જે **ગાથાસપ્તશતી**નું છે :

हसियं सहत्थयालं सुक्कवडं आगएहिं पहिएहिं ।
पत्त-प्फलसारिच्छे उड्डीणे पूसवंदम्मि ॥

**છાયા** -

हसितं सहस्ततालं शुष्कवटमागतैः पथिकैः ।
पत्रफलसदृशे उड्डीने शुकवृन्देऽस्मिन् ॥[32]

- (**अलं० महो०** पृ० २४८, **स० कं०** पृ० ३६४)

નરેન્દ્રપ્રભના મત પ્રમાણે દૂર રહેલા વડલા પરના શુકવૃન્દમાં પાંદડાં-ફળની ભ્રાન્તિ થાય છે. ભોજ પ્રમાણે અહીં વડલા પરના શુકવૃન્દમાં પાંદડાં અને ફળની ભ્રાંતિ થાય છે, પછી પક્ષીઓ ઊડી જતાં તે ભ્રાન્તિ બાધિત થાય છે. આમ અતત્ત્વમાં તત્ત્વરૂપ પણ બાધિત થતી ભ્રાન્તિનું ઉદાહરણ છે.

તત્ત્વમાં અતત્ત્વબુદ્ધિ એવા પ્રકાર માટે નરેન્દ્રપ્રભે અને ભોજે समर्थये यत् प्रथमं प्रियां.......વગેરે 'વિક્રમોર્વશીયમ્'નું પ્રસિદ્ધ ઉદાહરણ પસંદ કર્યું છે. નરેન્દ્રપ્રભ નોંધે છે કે અહીં લતારૂપ પ્રાપ્ત કરેલી ઉર્વશીને ભેટ્યા પછી તેના આલિંગનસુખથી બંધ આંખોવાળા પુરૂરવાને શાપના અંતે આવિર્ભાવ પામેલી સાચી ઉર્વશીમાં પણ બીજી વસ્તુની ભ્રાન્તિ થાય છે.

ભોજમાં આવી જ સમજૂતી છે, જેને નરેન્દ્રપ્રભ અનુસર્યા છે. વિશેષમાં ભોજ આને ઉપાદાનહેતુરૂપ ગણે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ જ પ્રકારમાં હાનહેતુ પણ હોય છે, જેનું ઉદાહરણ પર નરેન્દ્રપ્રભે ભોજ પાસેથી ગ્રહ્યું છે. જેમકે,

सो मुद्धमिओ मायाण्हिआहिं तह दूमिओ तुह हयासाहिं ।
सब्भावमईण वि नईण वि परंमुहो जाओ ॥

છાયા-

स मुग्धमृगो मृगतृष्णिकाभिस्तथा दूनो हताशाभिः ।
यथा सद्भाववतीभ्योऽपि नदीभ्योऽपि पराङ्मुखो जातः ॥[33]

– (अलं० महो० पृ० २४९)

નરેન્દ્રપ્રભ નોંધે છે કે અહીં ખરેખરી નદી હોવા છતાં પણ મૃગતૃષ્ણિકાની ભ્રાંતિ થાય છે. ભોજ પ્રમાણે આવી ભ્રાંતિથી મૃગ પાણી પીતો નથી તેથી તત્ત્વમાં અતત્ત્વરૂપ હાનહેતુ ભ્રાન્તિ છે.

એ પછી માલારૂપ ભ્રાન્તિનું ઉદાહરણ બન્નેમાં સમાન છે. જેમ કે,

नीलेन्दीवरशङ्कया० વગેરે (અનુક્રમે પૃ૦ ૨૪૯, પૃ૦ ૩૬૭)

એમાં યુવતીનાં નયન વગેરેમાં મધુકરને નીલોત્પલની ભ્રાન્તિ થાય છે.

ભોજના ઉપમાભ્રાંતિ વગેરે પ્રકારો નરેન્દ્રપ્રભ સ્વીકારતા નથી.

'રૂપકાલંકાર'નાં કેટલાંક ઉદાહરણ પણ નરેન્દ્રપ્રભે ભોજમાંથી સ્વીકાર્યાં છે.

(૧) अङ्गुल्यः पल्लवान्यासन्० (**अलं० महो०** पृ० २५२, **स० कं०** पृ० ४१५). નરેન્દ્રપ્રભ અસમસ્તરૂપક કહે છે તો ભોજ આને વ્યસ્તરૂપક કહે છે. આમાં સમાસ નથી.

(૨) स्मितं मुखेन्दौ० (**अलं० महो०** पृ० २५२, **स० कं०** पृ० ४१५).

નરેન્દ્રપ્રભ આને 'સમસ્તાસમસ્ત'રૂપક કહે છે. કારણ કે, અહીં मुखेन्दौ० ..... વગેરેમાં સમાસ છે, स्मित, ज्योत्स्ना વગેરેમાં અસમાસ છે. ભોજ સમસ્તવ્યસ્ત નામ આપે છે.

(૩) अकस्मादेव ते चण्डि० (**अलं० महो०** पृ० २५२, **स० कं०** ४२०)

નરેન્દ્રપ્રભ આને એકદેશવિવર્તિરૂપક કહે છે. કારણ અહીં મુખનું લતાદિરૂપ રૂપણ નથી. ભોજ અસમસ્તરૂપક કહે છે.

(૪) કેવળ નિરંગ, જેમ કે, वल्गितभ्रू० ઇત્યાદિ (**अलं० महो०** पृ० २५३, **स० कं०** पृ० ४२५) નરેન્દ્રપ્રભ પ્રમાણે આ કેવળ અથવા અવયવિરૂપક છે, ભોજ તેને શુદ્ધરૂપકમાં ઉભયનિષ્ઠરૂપકનો ભેદ કહે છે[34].

अनाघ्रातं...વગેરે ઉદાહરણને નરેન્દ્રપ્રભ અને ભોજ (**अलं० महो०** पृ० २५६-७, **स० कं०** पृ० ४२६) બન્ને વ્યતિરેકાંક માને છે. નરેન્દ્રપ્રભ એટલું નોંધે છે કે, અહીં પુષ્પ વગેરેનું અનાઘ્રાતત્વ વગેરે હોવાથી આઘ્રાતપુષ્પ વગેરેથી ચઢિયાતાપણું હોવાથી વ્યતિરેકાંકરૂપક છે. ભોજના શ્લેષોપહિત વગેરે ભેદો નરેન્દ્રપ્રભે સ્વીકાર્યા નથી, ભોજ પ્રસ્તુત ઉદાહરણમાં શુદ્ધરૂપકમાં ઉભયનિષ્ઠરૂપકનો ભેદ માને છે, સાદૃશ્ય અહીં પ્રતીયમાન છે.

અપહ્નુતિ અલંકારની ચર્ચા દરમ્યાન નરેન્દ્રપ્રભસૂરિ ભોજનું એક ઉદાહરણ ટાંકે છે.

જેમકે, मौलौ धारय० .... (**अलं० महो०** पृ० २५९, **स० कं०** पृ० ६४). આમાં રાજાને તું રાજા નહીં પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હરિ જ છે એમ કહેવામાં આવ્યું છે. નરેન્દ્રપ્રભ અહીં नञ्, छल વગેરે શબ્દો વગરની અપહ્નુતિ માને છે, જ્યારે ભોજ આને 'ध्वनिमत्ता तु गाम्भीर्यम्' એમ કહીને આમાં નાભિમાં પુંડરીક, પરિમિત વિક્રમત્વ, ચક્રનું ધારણ કરવું, દાઢથી પૃથ્વીનો ઉદ્ધાર કરવો, લક્ષ્મીનું વક્ષઃસ્થળમાં રહેવું અને ઇન્દ્રનું અવરજત્વ ધ્વનિત થાય છે — એમ સમજાવે છે. ભોજના ટીકાકાર રત્નેશ્વર અહીં શબ્દધ્વનિ અને પ્રતીયમાનોત્પ્રેક્ષા માને છે. નરેન્દ્રપ્રભે ભોજની આ ચર્ચાની ઉપેક્ષા કરી છે.

નરેન્દ્રપ્રભ સાદશ્યેતર સંબન્ધમાં પણ અપહ્નુતિ સ્વીકારે છે. आनन्दाश्रु અને उरपेल्लय વગેરે ઉદાહરણ **स॰ कं॰** માંથી ઉદ્ધરે છે, પરંતુ તેમના મત પ્રમાણે તો આ વ્યાજોક્તિ છે, અપહ્નુતિ તો અન્ય મત પ્રમાણે કહી[૩૫].

'ઉત્પ્રેક્ષા' અલંકારનાં બે ઉદાહરણમાં પણ નરેન્દ્રપ્રભ પર ભોજનો પ્રભાવ વરતાય છે. લક્ષણમાં નરેન્દ્રપ્રભ મમ્મટને અનુસર્યા છે.

(૧) દ્રવ્યોત્પ્રેક્ષા જેમ કે दर्पणे हरदेहस्था॰ વગેરે (**अलं॰ महो॰** પૃ॰ ૨૬૩, અને **स॰ कं॰** પૃ॰ ૪૬૬)

નરેન્દ્રપ્રભ નોંધે છે કે આમાં અર્ધનારીશ્વરત્વનું એકત્વ છે, તે દ્રવ્ય છે. તેની ઉત્પ્રેક્ષા કરવામાં આવી છે. ભોજ અહીં દ્રવ્યનું અર્ધનારીશ્વરરૂપ રૂપાંતર છે એ રૂપે ઉત્પ્રેક્ષણ માની દ્રવ્યોત્પ્રેક્ષા સિદ્ધ કરે છે.

(૨) **માલારૂપા** ઉત્પ્રેક્ષામાં નરેન્દ્રપ્રભે ભોજનું लीनेव... વગેરે ઉદાહરણ આપ્યું છે. અહીં 'લાગી ગઈ છે-' એ ક્રિયા 'લીન થઈ છે' વગેરે ક્રિયારૂપે ઉત્પ્રેક્ષિત થઈ છે. (**अलं॰ महो॰** પૃ॰ ૨૬૮, **स॰ कं॰** પૃ॰ ૪૩૯) ભોજના મતે આ ઉત્પ્રેક્ષાવયવ અલંકાર છે. પૃ॰ ૨૬૪ પર ભોજ આને 'इवादि'ની આવૃત્તિના ઉદાહરણરૂપે અનુપ્રાસમાં પણ ઉદ્ધરે છે.

असारं संसारं... વગેરે ભોજનું પદ્ય નરેન્દ્રપ્રભમાં પણ મળે છે, પરંતુ નરેન્દ્રપ્રભે આને દીપકાલંકારનું ઉદાહરણ માન્યું છે. જ્યારે ભોજ આમાં અલંકાર નથી માનતા પણ રસના આક્ષેપથી વક્રતાથી બોલાયેલ તે ગુણત્વને પ્રાપ્ત થયેલ છે, અને એટલે દોષનો પરિહાર થયો છે. એવું જણાવે છે. નરેન્દ્રપ્રભ પણ આને પુનરુકતદોષના ગુણ ત્વનું ઉદાહરણ માને છે.

प्राप्तश्रीरेष॰... વગેરેમાં નરેન્દ્રપ્રભ આનંદવર્ધન અને મમ્મટને અનુસરીને રાજા, વિષ્ણુથી ચડિયાતા છે એમ અને રૂપકાશ્રિત હોવાથી રૂપકમિશ્રિત વ્યતિરેક અલંકાર થયો છે એમ માને છે[૩૬]. (**अलं॰ महो॰** પૃ॰ ૨૭૭), જ્યારે ભોજ અહીં સમાધિ અલંકાર માને છે. (**स॰ कं॰** પૃ॰ ૪૫૫). તેમના મત પ્રમાણે એમાં ધર્મીના અધ્યાસરૂપ સમાધિ છે, જેમાં શ્લેષ વડે વિષ્ણુસ્વરૂપ ધર્મીનો જ રામ પર અધ્યાસ કરવામાં આવ્યો છે. ટૂંકમાં પ્રસ્તુત ઉદાહરણ જ નરેન્દ્રપ્રભ અને ભોજનું સમાન છે, બાકી નરેન્દ્રપ્રભ ભોજના પ્રભાવથી મુક્ત જણાય છે. ભોજ પર તો દંડીના સમાધિગુણનો ચોખ્ખો પ્રભાવ છે. (**का॰ द॰** ૨૧૯૭)

વિનોક્તિ અલંકારનું નરેન્દ્રપ્રભસૂરિનું निरर्थकं जन्म... વગેરે ઉદાહરણ ભોજના **स॰ कं॰**માં વાકોવાક્યમાં ગૂઢોક્તિના ઉદાહરણ તરીકે આપવામાં આવ્યું છે. નરેન્દ્રપ્રભ આ સંદર્ભમાં પણ રુય્યકને જ અનુસર્યા છે. (**अलं॰ महो॰** પૃ॰ ૨૭૧. **स॰ कं॰** પૃ॰ ૨૯૮)

ભોજે જે સમાસોક્તિ અલંકારનાં ઉદાહરણ આપ્યાં છે તે નરેન્દ્રપ્રભસૂરિમાં પ્રાપ્ત થાય છે ખરાં પરંતુ અપ્રસ્તુતપ્રશંસાલંકારના ઉદાહરણ તરીકે, જેમકે,

उत्तुङ्गे कृतसंश्रयस्य शिखरिण्युच्चावचग्रावणि
न्यग्रोधस्य किमङ्ग ! तस्य वचसा श्लाघासु पर्याप्यते ।
बन्धुर्वा स पुराकृतः किमथवा सत्कर्मणां संचयो
मार्गे रूक्षविपत्रशाखिनि जनो यं प्राप्य विश्राम्यति ॥

(**अलं॰ महो॰** પૃ॰ ૨૮૫, **स॰ कं॰** પૃ॰ ૪૫૭,૮)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નરેન્દ્રપ્રભ પ્રમાણે અહીં સ્તુતિરૂપ અપ્રસ્તુતપ્રશંસા છે જ્યારે ભોજ પ્રમાણે શ્લાઘાવતી સમાસોક્તિ છે. 'સ્તુતિ'નો ભાવ બન્ને સ્વીકારે છે પણ અલંકારઘટનની બાબતમાં બન્ને જુદાં મંતવ્યો ધરાવે છે.

એ જ રીતે નિન્દાસ્તુતિ ઉભયરૂપ સમાસોક્તિનું ભોજનું निष्कन्दामरविन्दिनीं० ઇત્યાદિ પદ્ય નરેન્દ્રપ્રભે નિન્દા-સ્તુતિ ઉભયરૂપા અપ્રસ્તુતપ્રશંસાનું આપ્યું છે. ભોજના મત પ્રમાણે આમાં પૂર્વાર્ધમાં ગર્હા છે, ઉત્તરાર્ધમાં શ્લાઘા ગમ્ય છે. આ પ્રતીયમાન સાદૃશ્યયુક્ત સમાસોક્તિ છે[૩૭]. નરેન્દ્રપ્રભ આટલું ઝીણું કાંતતા નથી.

એ પછી પૂર્વાર્ધમાં સ્તુતિ અને ઉત્તરાર્ધમાં નિન્દાનું ઉદાહરણ, જેમ કે, उपाध्वं तत्पान्थाः०..... વગેરે પણ નરેન્દ્રપ્રભે **स० कं०** માંથી ગ્રહ્યું છે, પરંતુ નરેન્દ્રપ્રભ એને અપ્રસ્તુતપ્રશંસાનું માને છે, જ્યારે ભોજ સ્તુતિ-નિન્દા ઉભયરૂપ સમાસોક્તિનું જ માને છે, જેમાં તુલ્યાતુલ્યવિશેષરૂપ છે.

(**अलं० महो०** पृ० २८५, **स० कं०** पृ० ४६१)

इतो वसति केशवः (**अलं० महो०** पृ० २८५)

ઉદાહરણમાં નરેન્દ્રપ્રભ અન-ઉભયરૂપ અપ્રસ્તુતપ્રશંસા માને છે તો ભોજ સમાસોક્તિ. ભોજમાં इतः स्वपिति એવો પાઠ છે. આમાં સ્તુતિ કે નિન્દા કશું જ નથી. (પૃ૦ ૪૬૦)

नालस्य प्रसरो०..... વગેરે ઉદાહરણ બન્નેમાં સમાન છે. નરેન્દ્રપ્રભ આને શ્લેષમૂલક અપ્રસ્તુતપ્રશંસા માને છે. નરેન્દ્રપ્રભના મત પ્રમાણે આમાં પદ્મ પ્રસ્તુત હોતાં સત્પુરુષની સ્તુતિ ગમ્ય છે[૩૮]. (**अलं० महो०** पृ० २८६, **स० कं०** पृ० ४६०) ભોજના મત પ્રમાણે આમાં કમળ અને સત્પુરુષનો પરસ્પર ઉપમાનોપમેયભાવ છે, જે અતિશય પ્રસિદ્ધ છે. તેથી ઉપમાન વડે જ શ્લેષની જેમ તુલ્ય વિશેષણો કહ્યાં હોવાથી સાદૃશ્ય અભિધીયમાન થયું છે. અહીં ઉપમેયોપમાનભાવ ગમ્ય થાય છે. આથી અભિધીયમાનસાદૃશ્યશ્લાઘાયુક્ત સમાસોક્તિ છે.

लावण्यसिन्धुरपरैव० વગેરે પદ્ય નરેન્દ્રપ્રભ અને ભોજ (**अलं० महो०** पृ० २८७, **स० कं०** पृ० ४६४) બન્ને આપે છે. નરેન્દ્રપ્રભસૂરિના મત પ્રમાણે એમાં અપ્રસ્તુતપ્રશંસા નથી. પરંતુ ભેદમાં પણ અભેદ એવી અતિશયોક્તિ વડે અલંકૃત થયેલો 'સૌન્દર્યનો બીજો જ સમુદ્ર' એવી અભેદમાં ભેદરૂપ અતિશયોક્તિનો અથવા વ્યતિરેકનો વિષય છે[૩૯], જ્યારે ભોજ આમાં સમાસોક્તિ જ સ્વીકારે છે.

એ જ રીતે इन्दुर्लिप्त० (**अलं० महो०** पृ० २८३, **स० कं०** पृ० ४६५) વગેરેમાં નરેન્દ્રપ્રભ કારણ દ્વારા કાર્યની અપ્રસ્તુતપ્રશંસા માને છે, જ્યારે ભોજ આમાં પણ સમાસોક્તિ જ સ્વીકારે છે.

गच्छ गच्छसि० વગેરે વિધિ આક્ષેપનું ઉદાહરણ નરેન્દ્રપ્રભ અને ભોજમાં સમાન છે. બન્ને પર દંડીનો પ્રભાવ છે[૪૦]. જો કે નરેન્દ્રપ્રભ આમાં "હું પ્રાણ ત્યજીશ" એવો વિશેષ પ્રકાશે છે એમ નોંધે છે. (**अलं० महो०** पृ० २९०, **स० कं०** पृ० ४९८)

कुतः कुवलयं०.... વગેરે નિષેધાક્ષેપ છે, નરેન્દ્રપ્રભ પોતે આ પ્રકાર સ્વીકારતા નથી. પરંતુ નામોલ્લેખ વગર इत्यादावप्याक्षेपमित्येके । એવી નોંધ મૂકે છે. સ્પષ્ટ છે કે ઇશારો ભોજ પ્રત્યે છે. ભોજ આમાં શુદ્ધાક્ષેપ સ્વીકારે છે. (**अलं० महो०** पृ० २९०, **स० कं०** पृ० ४९४)

**ફલશ્રુતિ :-**

આમ ભોજ અને નરેન્દ્રપ્રભના સાદૃશ્યમૂલક અલંકારો અને તેનાં ઉદ્ધરણોનો અભ્યાસ કર્યા પછી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નીચેનાં તારણો આપી શકાય.

(૧) નરેન્દ્રપ્રભે ભોજના ઉદાહરણનો વિનિયોગ ત્રણ રીતે કર્યો છે : (૧) જે તે અલંકારનું ઉદાહરણ જે તે અલંકાર માટે ભોજની જેમ = તેમને અનુસરીને સ્વીકારી લીધું છે. (૨) ક્યારેક ઉદાહરણ ભોજમાંથી લેવામાં આવ્યું છે. પણ સમજૂતી આગવી આપી છે અથવા મમ્મટ-રુય્યકમાં જો તે ઉદાહરણ હોય તો નરેન્દ્રપ્રભ તેમને અનુસર્યા છે. (૩) ક્યારેક ભોજનું ઉદાહરણ જે બીજા જ અલંકારનું કે ધ્વનિપ્રકારનું હોય તેને લઈને પછી નરેન્દ્રપ્રભે તેનો વિનિયોગ પોતાને યોગ્ય લાગતા અને મમ્મટ-રુય્યક તથા હેમચન્દ્રે સ્વીકારેલા અલંકારમાં કર્યો છે. આમ સહોક્તિના उहसे प्रियया० વગેરે ઉદાહરણમાં (પાઠ પણ નરેન્દ્રપ્રભે જુદો સ્વીકાર્યો છે) ભોજ વિવિક્તકર્મક્રિયા સમાવેશવાળી વૈસાદશ્યમૂલક સહોક્તિ — એવો ભેદ જુએ છે, જ્યારે નરેન્દ્રપ્રભ આમાં કર્મનું ક્રિયા સાથે ધર્મૈક્ય જુએ છે તો कोकिलालाप અને धैर्येण समं यामा० આ બન્નેમાં પણ નરેન્દ્રપ્રભની સમજૂતી જુદી છે, પરંતુ सहदीर्घा०..માં તેઓ ભોજને અનુસર્યા છે.

(૨) राजीवमिव० વગેરે ઉપમાના ઉદાહરણની ચર્ચામાં નરેન્દ્રપ્રભે લાઘવ જાળવ્યું છે. ઘોતકલુપ્તામાં પણ તેમ જ છે, જ્યારે ભોજે આ ચર્ચા વિસ્તારથી યોજી છે.

(૩) કેટલાક ઉપમાપ્રકારોમાં નરેન્દ્રપ્રભ ભોજનું ઉદાહરણ સ્વીકારીને પછી હેમચન્દ્રને અનુસરે છે, જેમ કે, हंसो ध्वाङ्क्ष०.... વગેરે.

(૪) **अलं० महो०** ૮।૧૨।૧૩ના ઉપમાભેદો નરેન્દ્રપ્રભે ભોજની જેમ દંડી અનુસાર આપ્યા છે.

(૫) ભ્રાન્તિમાન્‌માં નરેન્દ્રપ્રભ લક્ષણોદાહરણ ભોજ પ્રમાણે આપે છે, પરંતુ ઉદાહરણની સમજૂતી મોટેભાગે રુય્યકાદિ અનુસાર છે. સ્મરણાલંકારમાં લક્ષણ રુય્યક પ્રમાણે છે જ્યારે ઉદાહરણ ભોજ પ્રમાણે. કદાચ પ્રકારોની નવીનતા અને ભ્રાંતિની હૃદયંગમ છાયાઓ તથા સ્મરણાલંકારના ઉદાહરણમાં રહેલું સૌંદર્ય નરેન્દ્રપ્રભના કવિજીવને સ્પર્શી ગયાં હશે. આ સિવાય પણ ભોજનાં અન્ય કવિત્વમય ઉદાહરણ પણ નરેન્દ્રપ્રભે ઉદ્ધર્યાં છે.

(૬) ભોજના સમાસોક્તિનાં સઘળાં ઉદાહરણ નરેન્દ્રપ્રભે અપ્રસ્તુતપ્રશંસારૂપે જ ગ્રાહ્ય કર્યાં છે, જેમાં રુય્યક-મમ્મટનું અનુસરણ પણ ખરું.

(૭) ભોજના સંશયનાં ઉદાહરણ પણ તેમણે સ્વીકાર્યાં છે, પરંતુ ભોજના વિતર્કાલંકારનું તેઓ ખંડન કરે છે, જ્યારે ભોજ વિતર્કને સ્વતંત્ર અલંકાર તરીકે સ્વીકારે છે.

(૮) અપહ્નુતિ અલંકારમાં ભોજનું એક ઉદાહરણ લઈને નરેન્દ્રપ્રભે તેને 'વ્યાજોક્તિ'નું કહી પોતાનો જુદો મત આપ્યો છે.

(૯) ક્યારેક નરેન્દ્રપ્રભે ભોજનું ઉદાહરણ જુદા જ અલંકારવર્ગમાંથી સ્વીકાર્યું હોય. જેમ કે, વાક્યન્યાયમૂલક સમાધિ અલંકારનું ભોજે प्राप्तश्रीरेषः कस्मात् એ પ્રસિદ્ધ ઉદાહરણ આપ્યું છે. પરંતુ નરેન્દ્રપ્રભ તેમાં ધ્વન્યાલોક અને કાવ્યપ્રકાશને અનુસરીને વ્યતિરેકમિશ્રિતરૂપક માને છે. અને એ રીતે એને સાદશ્યમૂલક વર્ગનું સિદ્ધ કરે છે.

(૧૦) નરેન્દ્રપ્રભ કાશ્મીરી પરંપરાના આલંકારિક છે અને ભોજ માલવપરંપરાના. આમ છતાં નરેન્દ્રપ્રભનું વલણ સમન્વયાત્મક હોઈ તેમણે **स० कं०**માંથી કેટલાંક ઉદ્ધરણો સ્વીકાર્યાં છે. આમાંથી કેટલાંકની ગંગોત્રી બન્ને માટે સમાન હોય એમ બની શકે, જેમ કે, **गाथासप्तशती, शिशुपालवध,** ઇત્યાદિ સાહિત્યિક કૃતિઓ, જેમાંથી ભોજ અને નરેન્દ્રપ્રભ બન્નેએ સીધું જ ઉદ્ધરણ પસંદ કર્યું હોય, એમ પણ બની શકે. જે ઉદાહરણનાં ઉદ્‌ગમસ્થાન આપણને નથી મળ્યાં તે અંગે પણ એમ જ કહી શકાય કે ભોજ અને નરેન્દ્રપ્રભ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બન્ને પાસે એ કૃતિઓ હોવાનો સંભવ છે. અથવા નરેન્દ્રપ્રભે એ ઉદ્ધરણો માટે સંપૂર્ણપણે ભોજ પર જ આધાર રાખ્યો હોય, છેલ્લે નરેન્દ્રપ્રભ ભોજના **'શૃંગારપ્રકાશ'** કરતાં **સ. કં.**ની વધુ નજીક છે એમ જણાય છે.

આમ તુલનાત્મક અધ્યયનની દૃષ્ટિએ જોઈએ તો નરેન્દ્રપ્રભે ભોજનું અંધાનુસરણ નથી કર્યું. તેમણે સારાસારનો વિવેક તારવ્યો છે. ધ્વનિસિદ્ધાંતથી તેઓ વિરુદ્ધ ગયા નથી અને **સ. કં.** ના હૃદયંગમ ઉદાહરણ પણ પોતાની રીતે સંચિત કરી વિવેકશક્તિની સહાયથી અલંકારોમાં તેમનો યથેષ્ટ વિનિયોગ કર્યો છે. ભોજના અલંકાર-વર્ગીકરણને પણ નરેન્દ્રપ્રભે સ્વીકાર્યું નથી. મમ્મટના અન્વયવ્યતિરેક સિદ્ધાંતને અને રુય્યકના અલંકારવર્ગીકરણ તથા ક્રમને તેઓ મહદંશે અનુસર્યા છે. આથી તેમનું અલંકારનિરૂપણ સુરેખ બન્યું છે. રસના આરાદ્ અને પ્રત્યાસન્ન ઉપકારી અલંકારોનો ક્રમ નરેન્દ્રપ્રભે મોટે ભાગે જાળવ્યો છે, જ્યારે ભોજમાં સમાસોક્તિ અને અપ્રસ્તુતપ્રશંસા જેવા અલંકારોનું સ્વરૂપ મિશ્રિત થઈ ગયું છે. વૈજ્ઞાનિક વર્ગીકરણની દિશાનો અભાવ છે. આથી અલંકારોનો સુયોગ્ય ક્રમ પણ જળવાયો નથી અને રસધ્વનિની દૃષ્ટિએ સમાયોજન પણ સધાયું નથી. આથી અલંકારનિરૂપણની છબી ધૂમિલ જણાય છે, સુરેખ નહીં. વળી ભોજનું પ્રકારનિરૂપણ પણ સંખ્યાલક્ષી બની ગયું છે, હાર્દલક્ષી નહીં.

---

**ટિપ્પણો અને સંદર્ભો :-**

૧. તપસ્વી નાન્દી, **ભારતીય સાહિત્યશાસ્ત્રની વિચારપરંપરાઓ**, દ્વિતીય સંશોધિત આવૃત્તિ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ ૧૯૮૪, પૃ૰ ૫.

૨. આ ઉદાહરણ દંડી પણ આપે છે. જુઓ **काव्यादर्श ( का॰ द॰ )** ૨।૩૫૪, સં૰ જાગૃતિ પંડ્યા, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ ૧૯૯૪.

૩. अत्र वासराणां जनानन्दानां च कर्तृभूतानां वृद्धिं यान्तीति क्रियारूपमेकधर्मत्वम् । धर्मसंबन्धश्च वासराणां शाब्दो जनानन्दानां पुनरर्थः । **अलं॰ महो॰** નરેન્દ્રપ્રભસૂરિકૃત, સં૰ લાલચન્દ ભગવાનદાસ ગાંધી, Oriental Institute, વડોદરા ૧૯૪૨, પૃ૰ ૨૩૨.

૪. ભોજની નોંધ આ પ્રમાણે છે - अत्र सुरभिवासरा इति कर्तृपदार્થઃ केवल एव जनानन्दैः सह वृद्धिप्राप्तिक्रियायां समाविष्ट इति सेयं विविक्तकर्तृक्रियासमावेशा नाम वैसादृश्यवती सहोक्तिः ।

– **स॰ कं॰** ભોજદેવકૃત, સં૰ કેદારનાથ તથા વાસુદેવ શાસ્ત્રી, નિર્ણયસાગર, મુંબઈ ૧૯૨૪, પૃ૰ ૪૮૧.

૫. દંડીમાં આ ક્રિયાસહોક્તિનું ઉદાહરણ છે. વસંતના દિવસોની વૃદ્ધિ અને લોકોના આનંદની વૃદ્ધિ એ બે ક્રિયાઓ એકસાથે હોવાનું વર્ણન છે, તેથી તે ક્રિયાસહોક્તિનું ઉદાહરણ છે. દંડીમાં कोकिलालापसुभगा॰ એમ પાઠભેદ છે. આમાં વૃદ્ધિરૂપ ગુણ અને વ્યાપ્તિરૂપ ક્રિયાનું એકસાથે નિરૂપણ હોઈ આ ગુણક્રિયાસહોક્તિનું ઉદાહરણ છે, એવો તરુણવાચસ્પતિ વગેરેનો મત છે, એમ 'પ્રભા' (પૃ૰ ૩૦૫) નોંધે છે. **का॰ द॰** पृ॰ ३१९ (ટિપ્પણ અંતર્ગત)

૬. अत्रापि युष्मदर्थप्रिययोः कर्मभूतयोरुल्लास इति क्रियारूपं धर्मैक्यम् । **(अलं॰ महो॰** पृ॰ २३२)

૭. अत्र संबोध्यमान युष्मदर्थः कर्मतामापन्न उल्लास इति क्रियायां केवल एव क्रियापदार्थेन सह समाविष्टः सेयं विविक्तकर्मक्रियासमावेशा नाम वैसादृश्यवती सहोक्तिः । **(स॰ कं॰** पृ॰ ४८२)

૮. अत्र गलन्तीति क्रियारूपं सर्वान् प्रत्येकधर्मत्वमिदमेव दीपकं च । **(अलं॰ महो॰** पृ॰ २३३)

૯. अत्र यामादीनां बहूनां धैर्यादिभिः सह गलनक्रियायामेकस्यामेवाविविक्तः समावेशो दृश्यते; सेयमविविक्तकर्तृक्रियासमावेशा नाम वैसादृश्यवती सहोक्तिः ॥ - **(स॰ कं॰** पृ॰ ४८३)

૧૦. अत्र रात्रीणां श्वासाङ्गानां च दैर्घ्यगुणेन पाण्डुरत्वगुणेन चैकधर्मत्वम् । - **(अलं॰ महो॰** पृ॰ २३३)

૧૧. દંડીમાં આ ઉદાહરણ ગુણસહોક્તિ નામે છે. **(का॰ द॰** ૨।૩૫૨), હેમચન્દ્રમાં પણ છે, જોકે તેઓ કોઈ વિશેષ નોંધ આપતા નથી. **(काव्यानुशासन (का॰ शा॰)** સં૰ ૨૦ છો૰ પરીખ, મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ ૧૯૩૮, પૃ૰ ૩૭૮.

૧૨. ...सेयमविविक्तगुणसमावेशानामेवाद्यप्रयोगेऽपि ससादृश्या सहोक्तिः । **(स॰ कं॰** पृ॰ ४८४)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૩. **स॰ कं॰ पृ॰** ४०५
૧૪. દંડીમાં (જુઓ **का॰ द॰** ૨/૧૬) આ ઉદાહરણનો પૂર્વાર્ધ છે અને આને તેમણે પ્રતીયમાન સમાનધર્મા વસ્તૂપમા તરીકે મૂલવી છે.
૧૫. દંડી (**का॰ द॰** ૨/૧૯૩)માં પૂર્વાર્ધ સમાન છે.
૧૬. જુઓ. **स॰ कं॰** ૪૦૭, રત્નેશ્વરની ટીકા.
૧૭. **स॰ कं॰**માં 'विशालेयम्' એવો પાઠ દ્વિતીય પંક્તિનો છે (પૃ. ૪૦૦).
૧૮. ભોજમાં જુદો પાઠ વાંચવા મળે છે. જેમ કે, सूर्यीयति सुधारश्मिर्मन्मथोऽतिमृतायते । (**स॰ कं॰** पृ॰ ४०४)
૧૯. अत्रापि 'कर्तुर्णिन्' (**हैम॰** ५/१/१५३) इति णिनि प्रत्यये द्योतकलोपः । (**अलं॰ महो॰** पृ॰ २३८) હેમચન્દ્ર પણ આ ઉદાહરણ આપે છે, જેમાં નિત્યસમાસમાં કર્તામાં 'णिनि' પ્રત્યયનો અને ઉપમાવાચકનો લોપ છે, એમ સમજાવ્યું છે. (**का॰ शा॰** पृ॰ ३४३)
૨૦. सेयमुपमानार्थप्रत्ययानाम प्रत्ययोपमासु पदोपमाभक्तिः । (**स॰ कं॰ पृ॰** ४०३)
૨૧. अत्र धर्मलोपो द्योतकार्थस्तु कल्पत्वादिभिः साक्षादभिहितः । ईषदपरिसमाप्तः पूर्णेन्दुरिति पूर्णेन्दुसदृशमित्यर्थः । न तु पूर्णेन्दुरेवेति रूपकं नाशङ्कनीयम् । (**अलं॰ महो॰** पृ॰ २३८)
૨૨. अत्र हाराङ्गरागयोर्धर्मयोर्निर्झर बालातपौ प्रतिबिम्बत्वेन निबद्धौ ॥ (अलं॰ महो॰ २४० અને अलं॰ स॰ રુય્યકકૃત **अलंकारसर्वस्व** સં૦ પં૦ રેવાપ્રસાદ દ્વિવેદી, ચૌખમ્બા, સંસ્કૃત સીરીઝ, વારાણસી ૧૯૭૧, પૃ૦ ૮૧.)
૨૩. अत्र हिमवत्पाण्ड्यगोर्निर्झरहारयोर्बालातपहरिचन्दनयोश्च परस्परमुपमानोपमेयविवक्षायां विशेषणविशेष्यभावपरिकल्पनेन वाक्यार्थयोर्द्वयोरपि कल्पितत्वादेकेनैवेवशब्देन तयोः परस्परमुपमानोपमेयभावोऽभिहितः इतीयमेकेवशब्दानाम वाक्यार्थोपमासु वाक्योपमाभक्तिः ॥-(**स॰ कं॰** पृ॰ ४०७)
૨૪. अत्रेन्दीवरादीनां नेत्रादीन्युपमानानीति विपर्यासस्योपमानतिरस्कारहेतुत्वाभावात् ।- (**अलं॰ महो॰** पृ॰ २४१)
૨૫. દંડી (**का॰ द॰** ૨।૧૭) પ્રસિદ્ધ વિગતના વિપર્યાસરૂપે આને સ્વીકારે છે.
૨૬. **अलं॰ महो॰** પૃ૦ ૨૪૧.
૨૭. મલ્લિનાથ અહીં વાક્યાર્થહેતુ કાવ્યલિંગ માને છે, જે ઉપમાથી મિશ્ર છે, પરંતુ 'અપકાર' શબ્દ વૈધર્મ્ય જ સૂચિત કરે છે. **સર્વંકષા** સાથે **શિશુપાલવધ**, સં૦ પં૦ દુર્ગાપ્રસાદ, નિર્ણયસાગર, મુંબઈ ૧૯૧૪, પૃ૦ ૪૧૬.
૨૮. **स॰ कं॰** पृ॰ ३७५ ५२ खेलत्खञ्जनपङ्क्तयः આવો પાઠ વાંચવા મળે છે.
૨૯. अत्रैकस्मिन्वस्तुनि वस्तुद्वयस्याभिधीयमानसामान्यप्रत्यक्षं तद्विशेषप्रत्यक्षावुभयविशेषस्मरणाच्च यो विमर्शः सोऽयमेकविषयः संशयः ॥ (**स॰ कं॰** पृ॰ ४४५)
૩૦. सादृश्यव्यतिरिक्तविषयं तु सन्देहं वितर्काख्यमलङ्कारान्तरमन्ये मन्यन्तेऽस्मन्मते तु विना सादृश्याधिकारमनेनैव सङ्गृहीतत्वान्न पृथग् लक्षणारम्भः । (**अलं॰ महो॰** पृ॰ २४७)
૩૧. મૂળમાં वैपरीत्येनाप्रतीतिः છે, પણ वैपरीत्येन प्रतीतिः પાઠ બરાબર લાગે છે. (પૃ. ૨૪૮)
૩૨. **स॰ कं॰**માં उवगएहिं એવું પાઠાન્તર છે. (પૃ. ૩૬૪) (**अलं॰ महो॰**માં शुकवृन्दे એવી છાયા છે. (પૃ. ૨૪૮)
૩૩. **स॰ कं॰**માં मिअतहिणआहि અને तह दूमि એવું પાઠાન્તર વાંચવા મળે છે. (પૃ. ૩૬૫).
૩૪. **स॰ कं॰** (પૃ. ૪૨૫)માં **'वेल्लितभ्रु'** પાઠ છે.
૩૫. इयं च मतान्तराभिप्रायेण स्वमते तु व्याजोक्तिरेवेयम् । (પૃ. ૨૫૧).
૩૬. આમ બે રીતે આ અલંકારનું અર્થઘટન થયું છે, વર્ણ્યમાન રાજાનું વિષ્ણુત્વરૂપે રૂપણ પ્રતીયમાન છે, જુઓ - इह प्राप्तश्रीकत्वात् पूर्वावस्थायाः प्राप्तश्रीकत्वादिना वर्ण्यमाननृपारोपितो विष्णुर्व्यतिरिच्यत इति **व्यतिरेकः** । (**अलं॰ महो॰** पृ॰ २७७).
૩૭. अत्र पूर्वार्धे गर्हा, उत्तरार्धे श्लाघा गम्यते, सेयं प्रतीयमानसादृश्योभयवती समासोक्तिः । (**स॰ कं॰** पृ॰ ४५९)
૩૮. अत्र पद्मे प्रस्तुते सत्पुरुषस्तुतिर्गम्या । (**अलं॰ महो॰** पृ॰ २८६)
૩૯. इत्यादावप्यप्रस्तुतप्रशंसां मन्यन्ते, तदसत्, यत्रोत्पलानीत्यादौ भेदेऽभेदरूपयाऽतिशयोक्त्यालङ्कृत्यात्मनो लावण्यसिन्धुरपरैव हीत्यत्राभेदेभेदरूपाया अतिशयोक्तेर्व्यतिरेकस्य वा विषयत्वात् । (**अलं॰ महो॰** पृ॰ २८७)
૪૦. **का॰ द॰** २/१४१.

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# મુનિ યશસ્વત્સાગર કૃત શબ્દાર્થસમ્બન્ધઃ

જિતેન્દ્ર શાહ

અઢારમી સદીના પ્રારંભે થયેલા ત્રણ મહાન્ જ્યોતિર્ધરો નિર્ગ્રન્થ દર્શનમાં વિશેષ ખ્યાતિપ્રાપ્ત છે. (૧) નવ્યન્યાયના પ્રકાંડ વિદ્વાન્, તાર્કિકશિરોમણિ મહામહોપાધ્યાય યશોવિજયજી; (૨) સિદ્ધાન્તશિરોમણિ મુનિ વિનયવિજયજી; તથા (૩) વ્યાકરણ, કાવ્ય, અને જ્યોતિષ્શાસ્ત્રના મહામનિષી મુનિ મેઘવિજયજી. આ ત્રણ શ્વેતામ્બર મુનિવરોની કૃતિઓનું આજેય આદર અને વિનયપૂર્વક અધ્યયન-અધ્યાપન થઈ રહ્યું છે. તેમાંય ઉપા૦ યશોવિજયજીના ગ્રંથો તો વિશેષ આદરણીય મનાય છે. એ યુગમાં જ થઈ ગયેલા એક અલ્પજ્ઞાત મુનિ યશસ્વત્ અપર નામ જશવંતસાગરની એક અપ્રગટ કૃતિ, **શબ્દાર્થસંબંધ,** અત્રે પ્રકાશિત કરવામાં આવી રહી છે.

ઉપાધ્યાય યશોવિજયની તીક્ષ્ણ તાર્કિક શૈલી અને કાવ્યાત્મક ભાષામાં રચાયેલી જટિલ કૃતિઓ કરતાં સરળ અને સુબોધ રીતે દર્શનશાસ્ત્રનો અભ્યાસ કરવા ઇચ્છતા પ્રારંભિક અભ્યાસી માટે ઉપયોગી કૃતિ રચવાનું શ્રેય મુનિ યશસ્વત્સાગરને પ્રાપ્ત થાય તેમ છે. જૈન પરંપરાના ન્યાય-દર્શનના ગ્રંથો રચવાની પરંપરા તો સિદ્ધસેન દિવાકરથી શરૂ થઈ જ ગઈ હતી અને આ જ પરંપરામાં આચાર્ય મલ્લવાદી, સિંહશૂર, અકલંક, હરિભદ્રસૂરિ, વિદ્યાનંદ, હેમચંદ્ર આદિ અનેક પૂર્વાચાર્યોએ પ્રૌઢ રચનાઓ કરી હતી અને તે સૌમાં દાર્શનિક ચર્ચાઓ કરવામાં આવી તો છે : પરંતુ ન્યાયદર્શન કે વૈશેષિક દર્શનનો અભ્યાસ કરવા ઇચ્છતા વિદ્યાર્થીને માટે જેવી રીતે અન્નંભટ્ટ રચિત **તર્કસંગ્રહ** અને વિશ્વનાથ પંચાનનકૃત **મુક્તાવલી** અત્યંત પ્રચલિત છે તેવી કૃતિની જૈનદર્શનમાં ઊણપ હતી. આ ઊણપને ઉપા૦ યશોવિજયજીએ **તર્કભાષા** દ્વારા પૂરી તો કરી પણ તેમની સાંપ્રત કૃતિ પણ સાવ સરળ નથી. તેનો અભ્યાસ કરવા માટે થોડી વધુ સજ્જતાની આવશ્યકતા રહે છે. આવી પરિસ્થિતિમાં સરળ ગ્રંથો રચવાનો પ્રયાસ મુનિશ્રી યશસ્વત્સાગરે કર્યો છે. તેમણે અન્નંભટ્ટના **તર્કસંગ્રહ**ની તોલે આવી શકે તેવી લઘુ કૃતિ **જૈની સપ્તપદાર્થી**ની રચના કરી છે. જ્યારે **મુક્તાવલી**ની તોલે આવી શકે તેવી **સ્યાદ્વાદમુક્તાવલી**ની રચના કરી છે. આ બન્ને કૃતિ પ્રકાશિત થઈ ચૂકી છે. પરંતુ પૂર્વે જૈન ધર્મમાં દર્શનનો અભ્યાસ કરવા માટે સર્વપ્રથમ **તર્કસંગ્રહ** અને **મુક્તાવલી**નો જ અભ્યાસ કરાવવામાં આવતો હતો. અને આજે પણ આ જ પ્રણાલિકા પ્રવર્તતી હોવાથી ઉક્ત બન્ને કૃતિઓની પ્રસિદ્ધિ થઈ શકી નથી એટલું જ નહીં, જૈન દર્શનના અભ્યાસીઓને આવા પ્રકારની કૃતિઓની રચનાનો ખ્યાલ સુધ્ધાં નથી.

## મુનિ યશસ્વત્સાગર

અન્ય લેખકોની જેમ જ મુનિ યશસ્વત્સાગર કિંવા જશવંતસાગરનાં જન્મ, જન્મસ્થળ, માતા-પિતા, અવસ્થા આદિ અંગે કોઈ પણ પ્રકારની વિશેષ માહિતી પ્રાપ્ત થતી નથી. (સ્વ૦) મોહનલાલ દલીચંદ દેસાઈના **જૈન સાહિત્યના સંક્ષિપ્ત ઇતિહાસ** અંતર્ગતમાં તેમની કૃતિઓ અંગે અને ગુરુ અંગેની માહિતી આપવામાં આવી છે, પરંતુ તેથી વિશેષ કોઈ માહિતી ઉક્ત ગ્રંથમાં દર્શાવવામાં આવી નથી. **જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ** ભા૦ ૩માં પ્રા૦ હિરાલાલ રસિકદાસ કાપડિયાએ યશસ્વત્સાગરની કૃતિઓ અંગે અછડતો ઉલ્લેખ કર્યો છે જરૂર, પણ તેમના સંપૂર્ણ સાહિત્ય અંગે કોઈ પણ પ્રકારની વિશેષ ચર્ચા કરી નથી. સહુ પ્રથમ વિશેષ માહિતી મુનિવર હિમાંશુવિજયજી સંપાદિત **જૈની સપ્તપદાર્થી**ની પ્રસ્તાવનામાં પ્રાપ્ત થાય છે. તે ઉપરાંત ભારતીય વિદ્યાભવન દ્વારા પ્રકાશિત યશસ્વત્સાગરની **સ્યાદ્વાદમુક્તાવલી**ની પ્રસ્તાવનામાં માહિતી આપવામાં આવી છે. તથા તેમણે રચેલી કૃતિઓમાં આપવામાં આવેલી પ્રશસ્તિઓને આધારે માત્ર તેમની ગુરુપરંપરા અંગેની જ માહિતી પ્રાપ્ત થાય છે. તેમના પૂર્વ ગુરુ તરીકે અનુક્રમે વિજયપ્રભસૂરિ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કલ્યાણસાગર, તથા તપાગચ્છીય શ્રી યશઃસાગરનો ઉલ્લેખ કર્યો છે. અહીં પ્રગટ કરેલી આવેલી કૃતિના અંતે ગુરુ આદિનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. વળી **સ્યાદ્વાદમુક્તાવલી**ના દરેક સ્તબકને અંતે ચારિત્રસાગરનો બહુમાનપૂર્વક ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેથી એવું અનુમાન કરી શકાય કે ચારિત્રસાગર તેઓશ્રીના વિદ્યાગુરુ હોય અથવા તેમના દાદા ગુરુ હોઈ શકે, અથવા ધર્મમાં જોડનાર પ્રેરક સાધુ હોઈ શકે.

**કૃતિઓ :**

યશસ્વત્સાગરે નીચે જણાવેલ ૧૪ કૃતિઓની રચના કરી છે. તેમાંથી ત્રણ કૃતિઓ જ પ્રકાશિત થઈ છે. બાકીની બધી કૃતિઓ અદ્યાવધિ અપ્રાપ્ય તેમ જ અપ્રકાશિત છે.

| ગ્રંથનામ | સંવત્ |
|---|---|
| ૧. **વિચારષટ્ત્રિંશિકાવચૂરિ** | ૧૭૨૧ |
| ૨. **ભાવસપ્તતિકા** (પ્રકાશિત) | ૧૭૪૦ |
| ૩. **જૈની સપ્તપદાર્થી** (પ્રકાશિત) | ૧૭૫૭ |
| ૪. **શબ્દાર્થસંબંધ** | ૧૭૫૮ |
| ૫. **પ્રમાણવાદાર્થ** | ૧૭૫૯ |
| ૬. **જૈનતર્કભાષા** | |
| ૭. **વાદસંખ્યા** | |
| ૮. **સ્યાદ્વાદ મુક્તાવલી** (પ્રકાશિત) | |
| ૯. **માનમંજરી** | |
| ૧૦. **સમાસશોભા** | |
| ૧૧. **ગૃહલાઘવવાર્તિક** | ૧૭૬૦ |
| ૧૨. **યશોરાજપદ્ધતિ** | ૧૭૬૨ |
| ૧૩. **વાદાર્થનિરૂપણ** | |
| ૧૪. **સ્તવનરત્ન** | |

ઉપરોક્ત ગ્રંથોની સૂચિ જોતાં જ ખ્યાલ આવી શકે તેમ છે કે તેઓ દર્શનશાસ્ત્ર તથા જ્યોતિષ્શાસ્ત્રના વિદ્વાન્ હતા. અને અન્ય વિદ્વાનોની જેમ વિશાળકાય, તર્કજાળ યુક્ત, અને એથી જટિલ ગ્રંથો ન રચતા પ્રારંભિક અભ્યાસી માટે ઉપયોગી એવા લઘુ ગ્રંથોની રચના કરી છે. આ ગ્રંથોનો અભ્યાસ કરવાથી તદ્તદ્ વિષયના વિશેષ અભ્યાસ અંગેની યોગ્યતા પ્રાપ્ત થઈ શકે તેમ છે.

**શબ્દાર્થસમ્બન્ધ :**

ભારતીય દર્શનશાસ્ત્રમાં શબ્દ અને અર્થના સંબંધ વિશે પૂર્વ કાળથી જ ઘણી ચર્ચાઓ થઈ છે. પ્રાયઃ દરેક દર્શનમાં અને દરેક દાર્શનિકે આ વિષય ઉપર ચર્ચા કરી છે. દર્શનશાસ્ત્રમાં પાંચ પ્રકારના સંબંધો માનવામાં આવ્યા છે. (૧) સંયોગ, (૨) સમવાય, (૩) તાદાત્મ્ય, (૪) તદુત્પત્તિ, અને (૫) વાચ્ય-વાચક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવ સંબંધ. આ પાંચેય સંબંધો અંગે પ્રસ્તુત કૃતિમાં ક્રમશઃ ચર્ચા કરવામાં આવી છે. સંયોગ, સમવાય, તાદાત્મ્ય, અને તદુત્પત્તિ સંબંધ શબ્દ અને અર્થમાં કોઈ રીતે ઘટી શકે તેમ નથી તેની સયુક્તિક ચર્ચા કરી છે. છેલ્લે વાચ્યવાચક સંબંધ જ યુક્તિયુક્ત છે તેમ જણાવ્યું છે.

પ્રસ્તુત કૃતિ **પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર**ની **રત્નાકરાવતારિકા-ટીકા**માં થયેલી ચર્ચા સાથે મહદંશે શબ્દશઃ સામ્ય ધરાવે છે. તેથી આ કૃતિનો મૂળ આધાર **રત્નાકરાવતારિકા-ટીકા** હોવાનું સ્પષ્ટ છે.

## शब्दार्थसम्बन्धः

**ॐ नमः**

वागर्थयोः शब्दपदार्थयोः को नाम सम्बन्धः ? संयोगो वा समवायो वा तादात्म्यं वा तदुत्पत्तिर्वा वाच्यवाचकभावो वेति पंचकं विचारणीयं वक्तव्यमेतत् न तावत् संयोग-सम्बन्धो द्रव्यद्वयोरेव संयोगस्य सत्त्वात् घटपटयोरिव सह्यविंध्याचलयोरिव । नापि समवायः गुणगुणिनोरेव समवायादात्मभूतमग्ने-रौष्ण्यमनात्मभूतं दंडीपुरुष इति । नापि तृतीयस्तयोस्तादात्म्यं न घटते, अत्र पक्षद्वयं शब्दात्मा अर्थो वाऽर्थात्माशब्दो वाच्यतयात्वच्चित्ते चकास्यात् ? यदि शब्दात्मा शब्दस्तदा समस्ता अपि शब्दाः स्वं स्वमात्मानमात्मना ख्यापयेयुः यथाऽशेषेभ्यः शब्देभ्यः शब्दाद्वैते प्रसर्पति सति...... तंति-तल-ताल-वेणु-वीणा-मृदङ्ग सङ्गि-संगीतकारम्भनिभृत भुवनत्रयं भवेदित्यथ तच्छब्द वाच्यश्चेदर्थस्तर्हि तुरग-तरंग-शृंगार-भृंगारानलानिल-मोद-मोदकादिशब्दोच्चारणे चूरण-प्लावन-संभोग-वदनदाहोड्डयन-प्रीति-तृप्त्यादि-प्रसङ्गप्रसक्तेः । किंचातीतानागत सङ्ग वर्त्तमानकालत्रितया विवर्त्ति पदार्थसार्थकथा प्रथाऽवृथाऽपि यथा-तथा स्यात् न हि वृक्षात्मा शिंशपा तमन्तरेण क्वापि संपद्यते वृक्षात्मा शिंशपा एव वृक्षत्वमन्तरा नोपपद्यते यदा स नैव तथात्वे हि स्वरूपमेवासौ जह्यात् येव स्तंभकुंभांभोरुहादिवत् । प्रत्यक्षेनैतयोः शब्दार्थयोस्तादात्म्यं न क्षमते । यथा ताल्वोष्ठरसनारदन-व्यापार-परायणः शब्दः कर्णकोटरकुटुम्बी खल्वभिलापः प्रत्यक्षेण लक्ष्यते, क्षितितलावलम्बी कलशकुलिशादिभावराशिरिति कथमेतयोरैक्यं वक्तुं शक्येत ? तन्न तादात्म्यपक्षोपक्षेपः सूक्ष्मः । तुरायस्तदुत्पत्तिपक्षः शब्दादर्थ उन्मज्जेदर्थाद्वा शब्दः ? प्राचिपक्षे कलशादि शब्दादेव तदर्थोत्पत्तिर्न कापि दरीदृश्यते । सूत्रदण्डचक्रचीवरादिकारणकलापमीलनक्लेशं किमर्थमाश्रयेत् । शब्दोच्चारणमात्रादेव तत्सिद्धेः प्रकृतप्रयोगारम्भाभियोगो निरुपयोगः स्यात् । द्वितीये पुनरनुभवबाधनम अधररदनरसनादिभ्यः शब्दोत्पत्तिसंवेदनादिति तदुत्पत्तिसम्बन्धसम्भवनिराकरणम् । अथ वाच्यवाचकभावपक्षोऽपि न क्षेमकारः । यतोऽसौ वाच्यवाचकयोः स्वभावभूतस्तदतिरिक्तो वा भवेत् प्राचिविकल्पे तौ शब्दार्थावेव न कश्चिद्वाच्यवाचकभावसम्बन्धः । द्वितीयपक्षे एकान्तेन भेदो वा कथञ्चिद्भेदो वा तत्त्वेकान्तभेदे भेदत्रितयं त्रोकते किमयं नित्यो वाऽनित्यो वा नित्यानित्यो वा ३ नित्यश्चेत् सम्बन्धिनोरपि नित्यत्वापत्तेः अन्यथा सम्बधस्याप्यनित्यत्वानुषंगात् तत्संबंधि संबद्धश्चभावद्रव्य.....ते स्तै सम्बन्धिभिरुभयः सम्बन्धस्तस्यस्वभावस्य पतनात् । अथानित्यस्तदा सर्ववाच्यवाचकेष्वेकः, प्रतिवाच्यवाचकं भिन्नो वा ? एकश्चेत्तर्हि तदेकस्मादेव शब्दादशेष पदार्थप्रतिपत्तिप्रसङ्गः । द्वितीयपक्षे तु किमसौ तत्र सम्बद्धोवाऽ सम्बद्धो वा भवेद्?असम्बद्धश्चेत्तर्हि घटशब्दात्पटप्रतीतिः पटशब्दाद्घटप्रतीतिः । द्वयोरपि वाच्यवाचकयोरुभयत्राविशेषात् । अथ **सम्बद्धसम्बन्ध**स्तादात्म्येन वा तदुत्पत्त्या वा ? न तावत्तादात्म्येन भेदपक्ष कक्षीकारात् । न तावत्तदुत्पत्यात् [यतः] किमयं वाच्योत्पत्तिकाले जायेत वाचकोत्पत्तिकाले वा युगपदुभयोत्पत्तिकाले वा एकस्य प्रथममुत्पादेऽपि यदैव द्वितीय उत्पद्येत तदैव वेति? विकल्पचतुष्टयम् । तत्राद्यौ द्वावेव पक्षावक्षूणौ, द्वयाधारत्वेनास्यान्यतरस्याप्यसत्तायामुत्पत्तिविरोधात् । तार्तीयीक विकल्पे तु क्रमेणोत्पदिष्णवः पदार्थाः शब्दार्थाऽवाच्या अवाचकाश्च भवेयुस्तुरीयपक्षे तु किमसौ वाच्यवाचकाभ्यामेव सकाशादुल्लसेद्, अन्य एव संकेतादपि

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

शब्दाद्वाच्यवाचकाभ्यामपि सकाशादन्यतोऽपि वा ? आद्य कल्पनायांमनाकलित संकेतस्यापि नालिकेरद्वीपवासिनः शब्दोच्चारणानन्तरमेव पदार्थसार्थप्रतीतिः स्यात्। तदानीं तस्य वाच्यस्य दर्शने तस्य सम्बन्धस्योत्पादनाद अथोत्पन्नोप्यसौ संकेताभिव्यक्त एव वाच्यप्रतिपत्ति-निमित्तम् ननु कार्यकारणभावविशेष एवाभिव्यंग्याभिव्यंजक-भावस्तत्र चान्यतोऽपीति विकल्पप्रतिविधानमेव समाधानम् न हि शब्दाः श्वपाका इव वराकाः स्वलक्षण ब्राह्मणं क्षणमपि स्प्रष्टुमर्हति, विकल्पशिल्पिकल्पितार्थमात्रगोचरात्वात् तेषाम्। विकल्पानां चोत्प्रेक्षा-लक्षण-व्यापार-पर्यवसितत्वात् । तदुक्तम्

> विकल्पयोनयः शब्द विकल्पाः शब्दयोनयः ।
> कार्यकारणता तेषां नार्थं शब्दाः स्पृशन्त्यमी ॥१॥

तदेतदखिलमनिलांदोलितार्कतूल सदृशमिति शब्दार्थयोः सम्बन्ध निराकरणं तत्स्थापने च युक्तियुक्तावस्तु युक्तय **रत्नाकरावतारिकातो** विज्ञेयास्तत्स्थापनार्थं परप्रणीत कंटकोद्धार प्रकार विशेषण संदर्भितानि वाक्यानि यथा वाच्य-वाचकोत्पत्ति-समय-संभूष्णु-शक्ति स्वभावस्याऽबाधितस्तथानुभवेन चित्रज्ञारूपस्पष्टदृष्टान्ता वष्टम्भेन च कृतविरोधपरिहारत्वान्नित्यानित्यस्य वाच्यवाचकाभ्यां कथञ्चिद्भिन्नस्य सामान्यविशेषोभयस्वभाववस्तुगोचरो-परचित-संकेताभिव्यक्तस्य वाच्यवाचक भाव-सम्बन्धस्य बलेन शब्दानामर्थस्य प्रतिपादकत्वं प्रतिपद्य शब्दमेव प्रामाण्यमङ्गीकृतमिति शब्दार्थयोः सम्बन्धसंबद्धत्वं लिखिते ।

पं. **यशस्वत्सागरेण** संवत् १७५८ वर्षे संग्रामपुरे स्वेन गणिश्री **मुनीन्द्रसागर** वाचनार्थम् ॥श्री॥

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# "સિદ્ધમેરુ" અપરનામ "જયસિંહમેરુપ્રાસાદ"
## તથા
# "સહસ્રલિંગતટાક"ના અભિધાનનું અર્થઘટન

**મધુસૂદન ઢાંકી**

ચૌલુક્ય સમ્રાટ જયસિંહદેવ-સિદ્ધરાજનાં બે વાસ્તુ-નિર્માણો સુવિશ્રુત છે : એક તો અણહિલ્લપાટકનું "સહસ્રલિંગ-તટાક", અને બીજું તે સિદ્ધપુરનો "રુદ્રમહાકાલ" વા "રુદ્રમહાલયપ્રાસાદ."[1] તદતિરિક્ત તેણે અણહિલ્લપત્તનમાં જિન ઋષભનો "રાજવિહાર" અને સિદ્ધપુરમાં વર્ધમાન-મહાવીરનો ચતુર્મુખ "સિદ્ધવિહાર," એમ બે જિનપ્રાસાદો કરાવ્યા હોવાનું સમકાલિક, સમીપકાલિક, અને ઉત્તરકાલિક જૈન સ્રોતોથી સુસ્પષ્ટ છે[2]. સિદ્ધરાજના સમયમાં ગૂર્જર મહારાજ્ય રાજકીય, આર્થિક, તેમ જ સાંસ્કૃતિક ક્ષેત્રે સિદ્ધિઓની ચરમ સીમાએ પહોંચી ગયેલું. યશોવિસ્તાર અને સમૃદ્ધિના એ ઓજસ્વી કાળમાં થયેલી ઉપર કથિત સંરચનાઓ સુવિશાલ અને આલંકારિક હોવાનાં પ્રત્યક્ષ[3] વા સાહિત્યિક[4] પ્રમાણો છે; પણ સિદ્ધરાજનું શાસન દીર્ઘકાલ પર્યંત રહ્યું હોઈ[5] તેણે વિશેષ રચનાઓ કરાવી હોવાની અપેક્ષા સંભવિતતાની સીમા અંતર્ગત રહે છે. તેના બે'એક બીજાં પ્રમુખ નિર્માણો—સહસ્રલિંગ-તટાક પર "દશાવતાર-વિષ્ણુ"ના પ્રાસાદનો અને "કીર્તિસ્તંભ"નો—ઉલ્લેખ સમકાલીન લેખક (પૂર્ણતલ્લગચ્છીય) આચાર્ય હેમચંદ્રે **દ્વયાશ્રયમહાકાવ્ય** (આ૦ ઈ૦ સ૦ ૧૧૪૦-૧૧૫૦)માં કર્યો છે; અને દ્વયાશ્રયવૃત્તિકાર ખરતરગચ્છીય અભયતિલક ગણિએ (સં૦ ૧૩૧૨/ઈ૦ સ૦ ૧૨૫૬) તે સૌ પર વિશેષ સ્પષ્ટતા કરી છે[6]. પણ સિદ્ધરાજે આ ઉપરાંત પણ ઓછામાં ઓછાં બે અન્ય મહાન્ દેવકલ્પો કરાવેલાં, જેનાં ઉપલબ્ધ પ્રમાણો અહીં પ્રસ્તુત કરીશું.

સિદ્ધપુરમાં રુદ્રમાળ સરખો નવ્ય-ભવ્ય અને અપશ્ચિમ પ્રાસાદ કરાવનાર, કુલપરંપરાએ પરમ શૈવ એવા સિદ્ધરાજે ગૂર્જરકર્ણિકા અણહિલ્લપત્તનમાં પણ કોઈ વિશાલકાય શિવમંદિરનું નિર્માણ કરાવ્યું હશે તેવો આકલ્પ સ્વાભાવિક જ થાય. સિદ્ધરાજ-પિતૃ કર્ણદેવે (ઈ૦ સ૦ ૧૦૬૬-૧૦૯૫) રાજધાની અણહિલ્લપુરમાં "કર્ણમેરુપ્રાસાદ" બંધાવ્યાનું નાગેન્દ્રગચ્છીય મેરુતુંગાચાર્ય **પ્રબન્ધચિંતામણિ** (વિ૦ સં૦ ૧૩૬૧/ઈ૦ સ૦ ૧૩૦૫)માં નોંધે છે[7]; અને સિદ્ધરાજના અનુગામી કુમારપાળે પાટનગરમાં "કુમારપાલેશ્વર"નું દેવળ કરાવ્યાનું આચાર્ય હેમચંદ્રનું, અને તેમને અનુસરીને વૃત્તિકાર અભયતિલક ગણિનું કથન છે[8] : એ વાત ધ્યાનમાં લેતાં જયસિંહદેવે પણ ત્યાં એકાદ તો શિવમંદિર પોતાનાં નામ, સામ્રાજ્ય-લક્ષ્મી, અને પ્રભુત્વને અનુરૂપ બંધાવ્યું હશે તેવી ધારણા સ્વાભાવિક રીતે જ જન્મે. વસ્તુતયા એણે પાટણમાં પ્રશસ્ત એવો મેરુ જાતિનો, વિશાળ અને ઉત્તુંગ શિવપ્રાસાદ કરાવેલો, જેની યોગ્ય નોંધ લેવાનું ગુજરાતના સોલંકીયુગીન ઇતિહાસના સાંપ્રતકાલીન આલેખકો પ્રાયઃ ચૂકી ગયા છે. પ્રકૃત પ્રાસાદ સંબંધી વર્તમાને જે કંઈ મધ્યકાલીન સાહિત્યિક પ્રમાણો લભ્યમાન બને છે તે અહીં ક્રમશઃ રજૂ કરીશું :

(૧) અજ્ઞાત-કર્તૃક **કુમારપાલપ્રબોધપ્રબન્ધ**માં સિદ્ધરાજના મરણ પછી તેના અનુગામી કુમારપાળની મંત્રીપરિષદ અને અન્ય રાજપુરુષો દ્વારા વરણી (અને અભિષેક-યજ્ઞ ?) **"જયસિંહમેરુપ્રાસાદ"**માં થયેલાં તેવી નોંધ મળે છે[9] : યથા :

आजूहवत् **कुमारं** च **श्रीजयसिंहमेरुके** ॥२०९॥

પ્રસ્તુત અજ્ઞાતકાલીન પ્રબન્ધનો પછીથી આધાર રુદ્રપલ્લીયગચ્છના સંઘતિલકસૂરિ-શિષ્ય સોમતિલક સૂરિએ લીધેલો હોઈ તેની રચના ઈસ્વીસનના ચૌદમા શતક મધ્યાહ્નના અરસામાં કે તે પછી નજીકનાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્ષોમાં, ને કારણ કે તેમાં ક્યાંક ક્યાંક **પ્રબન્ધચિંતામણિ** (ઈ૦ સ૦ ૧૩૦૫) અને ખરતરગચ્છીય જિનપ્રભસૂરિ કૃત **કલ્પપ્રદીપ** (આ૦ ઈ૦ સ૦ ૧૩૩૫)નો પરિચય વરતાય છે તેથી, ઈ૦ સ૦ ૧૩૩૫ પશ્ચાત્, પણ તુરતમાં, થઈ હશે : (આ પ્રબન્ધની પ્રતિલિપિની મિતિ સં૦ ૧૪૬૪/ઈ૦ સ૦ ૧૪૦૮ છે.)[૧૦]

(૨) ઉપરના સંદર્ભમાં કહેલા સોમતિલક સૂરિએ રચેલા **કુમારપાલદેવચરિત**માં પણ પ્રસ્તુત હકીકત નોંધાયેલી છે અને ત્યાં પણ જયસિંહમેરુપ્રાસાદનો યથાસ્થાને નિર્દેશ મળે છે[૧૧].

**प्रासादे** श्रीजयसिंहमेरौ द्वावपि संगतौ ॥८३॥

સોમતિલક સૂરિની કૃતિઓ — **વીરકલ્પ** તથા **ષડ્દર્શનચરિત્ર-ટીકા** (બંને સં ૧૩૮૯/ઈ૦ સ૦ ૧૩૩૩)[૧૨] અને **લઘુસ્તવટીકા**[૧૩] (સં૦ ૧૩૯૭/ઈ૦ સ૦ ૧૩૪૧) — નો રચના સમય ધ્યાનમાં લેતાં પ્રકૃત **કુમારપાલદેવચરિત**નો સરાસરી કાળ ૧૪મી સદીના મધ્યાહ્ન નજીકનો હોવાનું અંદાજી શકાય[૧૪]. (પ્રસ્તુત કૃતિની ઉપલબ્ધ જૂની હસ્તપ્રતની મિતિ સં૦ ૧૫૧૨/ઈ૦ સ૦ ૧૪૫૬ છે[૧૫].)

(૩) ઉપર કથિત બન્ને પ્રબન્ધોથી પ્રાચીન પણ એક અન્ય અજ્ઞાત કર્તાનું પણ એક **કુમારપાલદેવચરિત** છે, જેની સં૦ ૧૩૮૫/ઈ૦ સ૦ ૧૩૨૯માં લખાયેલી હસ્તપ્રત મળી છે[૧૬]. (વસ્તુતયા **કુમારપાલપ્રબોધપ્રબન્ધ**માં, તેમ જ સોમતિલક સૂરિ વિરચિત ચરિત્રકૃતિમાં પ્રસ્તુત ચરિતનો ખૂબ ઉપયોગ થયો હોવાનું જણાય છે[૧૭].) સંદર્ભગત આ પ્રાચીનતર ચરિતમાં 'જયસિંહમેરુપ્રાસાદ'ના ઉલ્લેખવાળા (તેમ જ તેની આજુબાજુના) શ્લોકો **કુમારપાલપ્રબોધપ્રબન્ધ**માં મળે છે તે જ છે. જયસિંહમેરુનો ઉલ્લેખ થોડાક જ ફરક સાથે અહીં આ પ્રમાણે છે :

आजाहावतुः **कुमारं श्रीजयसिंहमेरुके** ॥२०८॥

ઉપર્યુક્ત પ્રબન્ધોથી પ્રાચીન, અને સોલંકીયુગના અંતિમ ચરણમાં રચાયેલા, રાજગચ્છીય પ્રભાચંદ્રાચાર્યના **પ્રભાવકચરિત** (સં૦ ૧૩૩૪/ઈ૦ સ૦ ૧૨૭૮) અંતર્ગત ''હેમચંદ્રસૂરિ-ચરિત''માં પણ તત્સમ્બન્ધ એક ઉલ્લેખ મળે છે[૧૮]. ત્યાં કુમારપાળની ઉત્તરાધિકારી રૂપે થયેલ વરણીનો પ્રસંગ વિસ્તારથી વર્ણવ્યો છે; અને ત્યાં પણ પ્રસ્તુત પસંદગીનું સ્થળ ''સિદ્ધરાજમેરુ'' હોવાનું બતાવ્યું છે : યથા :

श्री**सिद्धराजमेरौ** च संजग्मुः **शिवमन्दिरे** ।
प्रधाना राज्यसर्वस्वं राज्ययोग्य परीक्षिणः

– **श्रीप्रभावकचरित**, ''हेमचन्द्रसूरि-चरित'', ४०४

પ્રકૃત ચરિતમાં આ પ્રાસાદનો એક વિશેષ ઉલ્લેખ પણ મળી આવે છે; જેમકે ભાગવત દેવબોધિએ ''જયસિંહમેરુ'' નામક મહેશભુવનને જોઈને ઉચ્ચારેલ પદ્યોદ્ગાર એક સ્થળે ટાંક્યા છે[૧૯] : યથા :

**देवबोधो**ऽपि सत्पात्रं तत्राहूयत हर्षतः ।
समायातेन भूपेन धर्मे ते स्युः समायतः ॥
**श्रीजयसिंहमेर्वाख्य महेशभुवना**ग्रतः ।
आगच्छन् शङ्करं दृष्ट्वा शार्दूलपदमातनोत् ॥

–**श्रीप्रभावकचरित**, ''हेमचन्द्रसूरि-चरित'', २२४-२२५

''પ્રાસાદ''નો અર્થ નિવાસયોગ્ય ''મહાલય'' પણ થાય છે; પ્રાચીનતર સાહિત્યમાં મૌલિક અર્થ અને સંદર્ભો તો વિશેષે એ પ્રકારે જ મળે છે : પણ પ્રભાવકચરિતકારે બન્ને સ્થળે જયસિંહમેરુને સ્પષ્ટતઃ મહેશ્વરનું મંદિર કહ્યું હોઈ તે મુદ્દા પર આથી સાંપ્રત સંદર્ભમાં કોઈ સંશય-સ્થિતિ રહેતી નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંપ્રતિ વિષયસંબદ્ધ ઉપર રજૂ કરેલ જૈન સ્રોતો અતિરિક્ત બ્રાહ્મણીય ગ્રંથ **સરસ્વતીપુરાણ**માં[૨૦] પણ પ્રસ્તુત શિવાલયનો ઉલ્લેખ થયો છે અને ત્યાં તેનું નામ સંદર્ભ અને નિર્દેશ પરથી "સિદ્ધમેરુ" હોવાનું સાફ અનુમાન થઈ શકે છે : યથા :

> कारितः **सिद्धराजेन** स्वपुरस्य तु मध्यतः ।
> **प्रासादो मेरु**रित्यस्ति तस्य नाम्नोपलक्षितः ॥
> –**सरस्वतीपुराण**–सर्ग १५-२०१

એ તો સ્પષ્ટ જ છે કે "જયસિંહમેરુ" અને "સિદ્ધરાજમેરુ" એ બન્ને પર્યાયવાચી અભિધાનો છે. આ સ્વતન્ત્ર અને સમર્થક પૌરાણિક ગ્રન્થ ઉપર ટાંક્યો છે તે **પ્રભાવકચરિત** ગ્રન્થથી પણ વિશેષ પ્રાચીન[૨૧], મોટે ભાગે તો સિદ્ધરાજકાલીન જ, હોઈ એથી પણ અધિક વિશ્વસનીય છે. સિદ્ધરાજના નામ પરથી નિર્માણ થયેલા, અને કુમારપાળના રાજ્યારોહણ પૂર્વે રચાઈ ગયેલ, મેરુવર્ગના મહાન્ પ્રાસાદનો કર્ત્તા સ્વયં સિદ્ધરાજ જ હોઈ શકે. પ્રાસાદ નગરના મધ્યભાગમાં રચાયો હતો તેવી વિશેષ હકીકત પણ અહીં જાણવા મળે છે.

પ્રસ્તુત "સિદ્ધમેરુપ્રાસાદ"ના નિર્માણકાળ વિષે કેટલોક પ્રાથમિક અંદાજ થઈ શકે તેમ છે. સિદ્ધપુરના "રુદ્રમહાલય"ની રચના સિદ્ધરાજના માલવવિજય પછી જ, અને એથી ઈ૰ સ૰ ૧૧૩૫-૩૬ બાદ જ, મોટે ભાગે ઈ૰ સ૰ ૧૧૪૨ના અરસામાં, થઈ હોવાનો સંભવ છે[૨૨] : સિદ્ધપુર-સ્થિત "સિદ્ધવિહાર" પણ એ જ અરસામાં બન્યો હશે[૨૩]. "સહસ્રલિંગતટાક" જ્યારે સિદ્ધરાજ અવંતિના યુદ્ધમાં રોકાયેલો (ઈ૰ સ૰ ૧૧૩૫-૩૬) ત્યારે પૂર્ણ થઈ ગયેલું એવું **પ્રબન્ધચિન્તામણિ** પરથી સૂચિત છે[૨૪] : જ્યારે પાટણના "રાજવિહાર"ની પ્રતિષ્ઠામિતિ **પ્રભાવકચરિત** અનુસાર સં૰ ૧૧૮૩/ઈ૰ સ૰ ૧૧૨૭ના અરસાની છે[૨૫]. "સિદ્ધમેરુ" પ્રસ્તુત "રાજવિહાર"થી કેટલાંક વર્ષો પૂર્વે બંધાઈ ચૂક્યો હશે, જેનાં બે કારણો છે : એક તો એ કે રાજધાનીમાં સિદ્ધરાજ મોટું એવું જૈન મંદિર બંધાવે તેવી ઘટના પૂર્વે તેણે પોતાના કુલક્રમાગત ઈષ્ટદેવ શંભુનું એક મહાન્ મંદિર બંધાવી લીધું હોય તે વિશેષ યુક્ત અને સ્વાભાવિક છે. બીજું આ પ્રમાણે છે : શ્વેતામ્બરાચાર્ય વાદિ દેવસૂરિ અને દિગંબર ભટ્ટારક કુમુદચંદ્રના સિદ્ધરાજની સભામાં થયેલા વાદ સમયે "કેશવ" નામધારી ત્રણ વ્યક્તિઓ ઉપસ્થિત હોવાનું **પ્રભાવક-ચરિત**માં જણાવ્યું છે તે : આમાંની એક તે **સરસ્વતીપુરાણ** અન્તર્ગત (અન્યત્રે ઉલ્લિખિત) સિદ્ધમેરુ (ના પરિસર)માં રહેનાર, કેશવ પંડિત હોવાનું (સ્વ૰) કન્હૈયાલાલ ભાઈશંકર દવેનું અનુમાન સતર્ક લાગે છે[૨૬]; આ અંદાજના આધારે એમ કહી શકાય કે 'સિદ્ધમેરુ' કિંવા 'જયસિંહમેરુ' પ્રાસાદ શ્વેતામ્બર-દિગંબર વાદના સમયથી પૂર્વે, એટલે કે ઈ૰ સ૰ ૧૧૨૫ પહેલાં, બંધાઈ ગયો હશે. ચોલુક્યકાલીન ઇતિહાસના પીઢ વેત્તાઓ સિદ્ધરાજનો સોરઠ-વિજય "સિંહ-સંવત"ના પ્રારંભના વર્ષમાં, એટલે કે ઈ૰ સ૰ ૧૧૧૪ના અરસામાં, મૂકે છે. પ્રસ્તુત વિજય બાદ, અને ઈ૰ સ૰ ૧૧૨૫ પહેલાં, શિવના આ મહાન્ પ્રાસાદનું નિર્માણ થયું હોવાનું સંભવે છે[૨૭].

મહમૂદ ગઝનીના આક્રમણ પછી બંધાયેલા સોલંકીકાલીન અણહિલ્લપાટણનાં દેવમંદિરોનો પહેલી વાર વિધ્વંસ તો ભીમદેવ દ્વિતીયના સમયમાં ઈ૰ સ૰ ૧૧૯૭ તેમ જ ૧૨૧૯ના અરસાનાં ખતરનાક મુસ્લિમ આક્રમણોમાં થઈ ચૂકેલો. તેમાંથી બચ્યું હશે તે, અને વાઘેલા યુગમાં સર્જાયું હશે તે, સૌનો ઘોર વિનાશ ખીલજી સમયના મુસ્લિમ આક્રમણથી (ઈ૰ સ૰ ૧૨૯૮-૧૩૦૫) અને પછીના મુસ્લિમ શાસનને કારણે થઈ ચૂક્યો જણાય છે. ત્યાંની ભૂમિતળ ઉપરના ભાગે દેખાતી હશે તે તમામ ધાર્મિક અને નાગરિક સંરચનાઓ ૧૪મી શતાબ્દીના આરંભે પૂર્ણતયા નષ્ટ થઈ ચૂકી છે[૨૮]. તદન્વયે આજે પાટણમાં સોલંકીયુગનાં મંદિરોના અવશેષો-અભિલેખો અતિ અલ્પ માત્રામાં મળે છે; પણ મધ્યકાલીન સાહિત્યમાં તેમાંથી ઘણાના સગડ મળતા હોઈ તેમની એક કાળે રહેલી હસ્તીનું પ્રાથમિક અને નિઃશંક પ્રમાણ સાંપડી રહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સિદ્ધરાજ-કારિત એક અન્ય બૃહદ્દ્કાયપ્રાસાદ વડનગર—વૃદ્ધનગર, પુરાણા આનંદપુર—માં હતો એવી ધારણા થવા માટે થોડાંક કારણો છે. ઉપલબ્ધ મધ્યકાલીન સાહિત્યમાંથી તો અલબત્ત એવું કોઈ સૂચન મળતું નથી[૨૯]; કે નથી તત્સંબંધ લભ્ય કોઈ અભિલેખીય પ્રમાણ; પરન્તુ આ ઘટના અનુલક્ષે પુરાતત્ત્વનો એક સ્પષ્ટ પુરાવો છે વડનગરમાં બે પ્રસિદ્ધ અને અત્યુન્નત અને અલંકાર-પ્રચુર તોરણો, જે મૂળે કોઈ (હાલ વિલુપ્ત એવા) મહામંદિરના પરિસરમાં હતાં; તેની અવસ્થિતિ જોતાં અસલમાં ત્યાં પણ રુદ્રમહાલયની જેમ ત્રણ મુક્ત તોરણો મુખ્ય મંદિરના સંદર્ભમાં હતાં તેમ લાગે છે[૩૦]. તેમાં વચ્ચેનું હશે તે તોરણના ઉપરના ઇલ્લિકાવલણમાં મધ્યમૂર્તિરૂપે સ્કન્દ-કાર્તિકેય બિરાજમાન છે[૩૧]. મુખ્ય તોરણ શૈવ હોઈ પ્રાસાદ શિવનો હશે અને તેનું કદ લગભગ રુદ્રમહાલયપ્રાસાદ જેવડું જ હશે તેમ તોરણોની અવગાહનાને આધારે કલ્પી શકાય[૩૨]. પ્રાસાદ આથી વાસ્તુશાસ્ત્રોમાં વર્ણિત મેરુ જાતિનો હોવો જોઈએ. તોરણોની વાસ્તુ-શૈલી નિર્વિવાદ સિદ્ધરાજના કાળની છે. અને મેરુ જાતિના પ્રાસાદો રાજન્યો સિવાય અન્ય કોઈ ન કરાવી શકે તેવું 'મરુગૂર્જર' વાસ્તુશાસ્ત્રોમાં સ્પષ્ટ વિધાન હોઈ[૩૩], તેમ જ બહુ મોટાં, ગગનગામી શિખરોવાળાં, મંદિરો ઊભાં કરવાનું સાહસ તો અતિ ધનિક શ્રેષ્ઠીવરોની કે સંપન્ન દંડનાયકો-મંત્રીઓએ પણ વ્યાવહારિક કિંવા લોકધર્મની મર્યાદાને કારણે કર્યું નથી, તેમ જ આ કાર્ય પાશુપતાચાર્યોની પણ ગુંજાશ બહાર હોઈ વડનગરનો હાલ વિનષ્ટ એવો શિવનો મહાપ્રાસાદ એ કાળે તો જયસિંહદેવ સિદ્ધરાજ સિવાય બીજા કોણે કરાવ્યાનું કલ્પી શકાય ?[૩૪] સિદ્ધરાજનાં સુકૃતોની નોંધ લેતે સમયે અદ્યાવધિ ઉપેક્ષિત રહેલ અણહિલપત્તનના "સિદ્ધમેરુ" કિંવા "જયસિંહમેરુપ્રાસાદ"નો, અને વડનગરના આ સિદ્ધરાજ વિનિર્મિત મેરુ-મંદિરનો પણ સોલંકી ઇતિહાસને સવિગત આલેખનાર ભવિષ્યના ઇતિહાસવેત્તાઓ સમાવેશ કરશે તેવી આશા વધુ પડતી નથી.

લેખની કેન્દ્રવર્તી વાત તો અહીં સમાપ્ત થાય છે; કિન્તુ સહસ્રલિંગ-તડાગ સમ્બદ્ધ પ્રકાંડ પુરાવિદ્ રમણલાલ નાગરજી મહેતાના આ પૂર્વે પ્રકાશિત થયેલા અભ્યસનીય લેખ (વિગત માટે જુઓ અહીં ટિપ્પણી ૨૪)નાં બે'એક અવલોકનો વિચારણીય હોઈ અહીં આડપેદાશ રૂપે તેનું કેટલુંક પરીક્ષણ આવશ્યક માન્યું છે. "સહસ્રલિંગ" શબ્દથી શું અભિપ્રેત છે તે સંબંધમાં અહીં એમના ઉદ્ગારો-વિચારો ઉટ્ટંકી આગળ અવલોકન કરીશું :

"દશાશ્વમેધતીર્થ પછી સરસ્વતીપુરાણ સહસ્રલિંગની હકીકત આપે છે. તેથી કેટલીક ચર્ચા જરૂરી છે. પાટણના સહસ્રલિંગ તળાવ પર નાની નાની હજાર દેરીઓ હોવાની કલ્પના આજે સ્વીકારાય છે. આ કલ્પનાનુસાર તળાવને કાંઠે અસંખ્ય શિવમંદિરોની હસ્તી હોવાની શક્યતા જણાય. સરસ્વતીપુરાણ આ કલ્પનાને ટેકો આપતું નથી. પુરાવસ્તુ પણ આ કલ્પનાની વિરુદ્ધ હોવાનાં પ્રમાણો છે. તેથી સહસ્રલિંગ માટે બીજો વિકલ્પ વિચારવો પડે.

પાટણમાં સહસ્રલિંગની પરિપાટીમાં બે વિકલ્પો છે. પ્રથમ વિકલ્પ હિંગલાજ માતાના મંદિરમાં નાનાં નાનાં શિવલિંગોની સ્થાપના છે. ઋષિકેશના મંદિરમાં એક લિંગ પર ઘણા આંકા પાડીને સહસ્રલિંગ બનાવ્યાં છે એ બીજો વિકલ્પ છે. સરસ્વતીપુરાણ દશાશ્વમેધતીર્થ પછી સહસ્રલિંગનું વર્ણન કરે છે. તે જોતાં તળાવના પૂર્વ કિનારે તે હોવાનું લાગે છે. આ સ્થળે હાલની રેલવેની દક્ષિણે રાજગઢી પાસે આરસપહાણના ઉપયોગવાળું શિવાલય હોવાનું તેના અવશેષો પરથી સમજાય છે. આ મોટું શિવાલય સહસ્રલિંગનું હોવાનો સંભવ છે. આથી સહસ્રલિંગનું એકમાત્ર સુંદર શિવાલય હિંગલાજ કે ઋષિકેશ દર્શાવે છે તેવા વિકલ્પ પૈકી એક વિકલ્પનું રાજગઢી પાસે બાંધવામાં આવ્યું હોવાની સપ્રમાણ કલ્પના થઈ શકે છે."[૩૫]

શ્રી મહેતાનાં વિધાનો જૂનાં મૂળ સ્રોતોના સંદર્ભ જોતાં પરીક્ષણીય જણાતાં હોઈ અહીં તે પર હવે વિગતવાર જોઈએ. **સરસ્વતીપુરાણ**માં સિદ્ધરાજે સિદ્ધરાજસર તટે એક હજાર લિંગોની એક સમયે સ્થાપના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્યાનું કહ્યું છે. ('લિંગ' શબ્દ અહીં બહુવચનમાં છે, જે સૂચક છે[૩૬].) યથા :

क्षेत्रमेतत्समाख्यातं, **सिद्धराजसरः** स्थितम् ॥३७६॥
यदा तु **सिद्धराजेन**, समकालं प्रतिष्ठितम् ।
**सहस्रं** तत्र **लिङ्गानां** तस्यैव च **सरस्तटे** ॥३७७॥
समाराध्य तथा देवी तत्रानीता **सरस्वती** ॥३७८॥

– **सरस्वतीपुराण** सर्ग १५. ३७६-३७७-३७८

જો કે પુરાણકાર અહીં ૧૦૦૦ "લિંગો" સ્થાપ્યાનું કહે છે, પણ તેનાથી પ્રસ્તુત "લિંગો ધરાવતી કુલિકાઓ" એવો અર્થ પણ વ્યવહારમાં અયુક્ત નથી. (સિદ્ધરાજ જેવો રાજા પોતાના તળાવ કાંઠે નાનાં નાનાં હજાર શિવલિંગોનો ખડકલો એક સ્થાને એક જ મંદિરમાં કરી દે કે કેવળ એક લિંગ પર હજાર લિંગ કોતરાવે તે વાત કઈ ગળે ઊતરે તેવી લાગતી નથી.) ઉદાહરણરૂપે વાતાપિપતિ કર્ણાટરાજ વિનયાદિત્ય ચાલુક્યની રાણી વિનયવતીએ નગરના તટાકના ઉપકંઠમાં ત્રૈપુરુષદેવ (બ્રહ્મા-વિષ્ણુ-શિવ) સ્થાપ્યાના ઈ૦ સ૦ ૬૯૯ના શિલાલેખમાં પ્રાસાદનું નામ સરખું આપ્યું નથી; છતાં આ મૂર્તિઓ જેમાં હશે અને જેના મુખમંડપના સ્તંભ પર પ્રસ્તુત લેખ કંડારેલો છે, તે દેવાલય-ત્રયનું ઝૂમખું આજ પણ ત્યાં ઊભું છે. એ જ પ્રમાણે કમ્બુજ-દેશના ઘણા શિલાલેખોમાં ભાષા જોતાં ઉપલક દૃષ્ટિએ એમ લાગે કે તે સૌ દાખલાઓમાં કેવળ લિંગ-પ્રતિમાદિ સ્થાપનાની જ વાત છે; પણ વાસ્તવમાં તો સ્રોતગત સન્દર્ભથી લિંગ વા પ્રતિમાયુક્ત દેવાલય અભિપ્રેય હોવાનું જ જોવા મળ્યું છે[૩૭].

છતાં **સરસ્વતીપુરાણ**નું કથન દ્વિધાપૂર્ણ લાગતું હોય તો પ્રસ્તુત પુરાણના કર્ત્તા અતિરિક્ત રાજા સિદ્ધરાજના સમકાલિક લેખક આચાર્ય હેમચંદ્રનું એ મુદ્દા પરનું કથન અસંદિગ્ધ શબ્દોમાં ઉપલબ્ધ છે[૩૮] : યથા :

**शंभोः सहस्रमष्टौ चायतनानि** सरस्तटे ॥

–**द्व्याश्रयमहाकाव्य** सर्ग १५.११७

આ સૂત્રનો સીધો અને સાફ અર્થ "તળાવને કાંઠે શિવનાં ૧૦૦૮ "આયતનો" એટલે કે દેવકુલો કરાવ્યાં એવો જ નીકળે છે. વૃત્તિકારે પણ **स्पष्टः** એટલું જ કહી ત્યાં કોઈ વ્યાખ્યા કરી નથી. (વૃત્તિકારે માન્યું છે કે આ વાત સ્વતઃ સિદ્ધ છે; એથી તે સંબંધી વિવરણ દેવાનું અનાવશ્યક છે.) જો સહસ્રલિંગનું કેવળ સંકેત-સ્વરૂપ "એક જ લિંગયુક્ત મંદિર," કે "નાનાં નાનાં હજારેક લિંગોનો સમૂહ સ્થાપ્યો હોય તેવું એક મંદિર" ઉપલક્ષિત હોત તો **शंभुसद्मः** सहस्रलिङ्गाभिधानः सरस्तटे ॥ એના જેવું કંઈક વિધાન મળત; आयतनानि અને **शंभोः** એવા બહુવચનદર્શક શબ્દો ત્યાં ન હોત. **દ્વ્યાશ્રયમહાકાવ્ય**ની રચના સરોવર અને તેના ઉપકંઠ પરની અન્ય મુખ્ય મુખ્ય દેવસ્થાનોની રચનાઓ થઈ ગયા પછી, લગભગ ૧૩-૧૪ વર્ષના ટૂંકા ગાળા બાદ પૂર્ણ થઈ હોઈ (આ૦ ઈ૦ સ૦ ૧૦૪૦-૧૧૫૦), તેમજ આચાર્ય હેમચંદ્ર અન્યથા સિદ્ધરાજના સમકાલીન હોઈ, અને અણહિલ્લપત્તનથી પણ ખૂબ પરિચિત હોઈ, તેમના આ સ્પષ્ટ વિધાન પર ધ્યાન દેવું ઘટે. એ જ પ્રમાણે વૃત્તિકાર અભયતિલક ગણિ પણ ૧૩મા શતકના મધ્ય ભાગે થઈ ગયા છે, અને તેમના સમયમાં તળાવ કાંઠે રહેલી સરસ્વતીપુરાણોક્ત તેમ જ **દ્વ્યાશ્રય**-કથિત રચનાઓમાંથી ઘણીખરી હજુ મોજૂદ હશે; તેથી તેમનું કથન પણ વિશ્વાસપાત્ર માની શકાય.

સાંપ્રત ચર્ચાને ઉપકારક એક વિશેષ પ્રમાણ ભૃગુકચ્છના જિન મુનિસુવ્રતના પુરાતન મંદિરના આસ્થાન વિદ્વાન્, મુનિ જયસિંહસૂરિના રચેલ **હમ્મીરમદમર્દન** નાટક (આ૦ ઈ૦ સ૦ ૧૨૨૫)માં મળે છે. ત્યાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગૂર્જર નૃપની રાજધાની (અણહિલપત્તન) સંબદ્ધ રાણક વીરધવળ દ્વારા થયેલ વર્ણનમાં સહસ્રલિંગ તટાકનું "સિદ્ધરાજસાગર" નામક "સર" એવું અભિધાન મળે છે અને તેના ઉપલક્ષમાં **सहस्र-सङ्ख्य-शशिशेखर-सुरगृह** તથા **हर-सहस्रालिक**[39] સરખા ઉપલી વાતને પુષ્ટિ દેતા ઉલ્લેખો પ્રાપ્ત થાય છે[40]. સોલંકીકાલીન લેખકોનાં આ લેખિત પ્રમાણો લક્ષ્યમાં લેતાં સાંપ્રત વિદ્વાનોએ સહસ્રલિંગ-તટાકને કાંઠે શિવની હજાર દેહરીઓ હોવાની જે કલ્પના કરી છે તે અવશ્ય સ્વીકારવા યોગ્ય છે.

શ્રીમન્ મહેતાએ તળાવ સંબંધી તળચ્છન્દનું માનચિત્ર પ્રગટ કર્યું છે[41]. તેમાં પૂર્વ બાજુની પાળ પાસેના દશાશ્વમેધતીર્થ અને પશ્ચિમ પાળ સમીપ ક્યાંક રહેલ શક્તિપીઠ વચ્ચેનો પરિધિ પરનો બહુ મોટો ગાળો, લગભગ ૨૫૦૦-૩૦૦૦ ફીટ જેટલો, ખાલી રહે છે : અને બરોબર ત્યાં આગળ ક્યાંક સહસ્રલિંગ-તીર્થ હોવાનું **સરસ્વતીપુરાણ** કહે છે. સહસ્રલિંગ-તીર્થની ૧૦૦૮ દેવકુલિકાઓ અહીં પર—જે મૂળે બાંધેલી પાકી પાળ હશે તે પર—સ્થાપેલી હશે[42].

આ અનુલક્ષે વીરમગ્રામના, વાઘેલા રાણક વીરમદેવના તટાક (આ૰ ઈ૰ સ૰ ૧૨૩૯-૪૦)નું દૃષ્ટાંત સમર્થન રૂપે ટાંકી શકાય. ત્યાં તળાવના કાંઠા અંદરની પથ્થરની પાજ પર અસલમાં લગભગ ૫૨૦ દેવકુલિકાઓ હતી, જેમાંની કેટલીક તો ઠીક ઠીક સંખ્યામાં આજે પણ ત્યાં ઊભેલી છે[43]. સંભવ છે કે ત્યાં તળાવની પાળે દેવકુલિકાઓ કરવાની પ્રેરણા સહસ્રલિંગના દૃષ્ટાંત પરથી મળી હોય[44]. ફરક એટલો છે કે વીરમગ્રામમાં પાળ પર ચારે દિશામાં ફરતી દેહરીઓ હતી તેવું અનુમાન થઈ શકે છે; જ્યારે પાટણના વિશાલતર તળાવની કેવળ અર્ધી પાળ તે માટે રોકાયેલી હશે એવું અનુમાન થઈ શકે. (વીરમગ્રામ આમ આ મુદ્દા પર આયોજનનો વિશેષ વિકાસ દર્શાવી જાય છે.)

સરસ્વતીપુરાણકાર પ્રસ્તુત કાસારને "સિદ્ધરાજસર" કહે છે. સોમેશ્વર કવિ[45], અરસી ઠક્કુર[46] તથા જયમંગલસૂરિ[47] "સિદ્ધભૂપતિસર", અને જયસિંહસૂરિ "સિદ્ધરાજસાગર" નામ આપે છે[48]. તળાવનું વિધિસરનું નામ તો આ જ જણાય છે; પણ એ યુગમાં નવીન અને અને ધ્યાન ખેંચે તેવી અંતર-પાળ પરની ૧૦૦૮ શિવકુલિકાઓની રચનાને લીધે લોકવાણીમાં તે "સહસ્રલિંગ-તડાગ" નામે સુવિશ્રુત હશે અને એથી પ્રબંધકારોએ પ્રધાનતયા તત્ અભિધાન વાપરવું પસંદ કર્યું છે : અને જનભાષામાં આજ દિવસ સુધી "સહસ્રલિંગ તળાવ" નામ જ પ્રસિદ્ધિમાં છે.

મહાભાગ મહેતા સહસ્રલિંગ-સરને અનુલક્ષીને જયમંગલસૂરિએ આપેલી વીણાના તુમ્બ અને દંડની ઉપમા સંબંધમાં "તોરણને દંડની ઉપમા" અપાયાનું કહે છે[49]; પણ સહસ્રલિંગને કાંઠે "તોરણ" હોવાનું તો કોઈ પણ મધ્યકાલીન લેખકે કહ્યું હોવાનું મારા તો ધ્યાનમાં નથી. હેમચંદ્રાચાર્યે પણ ત્યાં "કીર્ત્તિસ્તંભ" હોવાનું જણાવ્યું છે[50] : વાઘેલા માંડલિક રાણક વીરધવલના રાજપુરોહિત અને વસ્તુપાલ-મિત્ર કવિ સોમેશ્વર પણ **કીર્ત્તિકૌમુદી** (આ૰ ઈ૰ સ૰ ૧૧૨૫-૧૨૩૦)માં[51], તેમ જ કવિવર ઠક્કુર અરસિંહ સ્વકૃત **સુકૃતસંકીર્તન-મહાકાવ્ય** (આ૰ ઈ૰ સ૰ ૧૨૩૦-૩૨)માં કીર્ત્તિસ્તંભની જ નોંધ લે છે[52]. અને છેલ્લે નિવૃત્તિગચ્છીય અંબદેવસૂરિના **સમારારાસુ** (સં૰ ૧૩૭૧/ઈ૰ સ૰ ૧૩૧૫)માં પણ કીર્ત્તિસ્તંભનો જ ઉલ્લેખ છે[53].

જયમંગલ સૂરિના મૂળ શ્લોક તથા ઉદ્ધરણના સ્થાન વિષે તલાશ કરતાં શ્રી મહેતા દ્વારા ઉલ્લિખિત "પ્રબંધચિંતામણિ પરની રાજશેખરની ટીકા" તો ક્યાંયથી પ્રાપ્ત ન થઈ શકી[54], પણ સ્વયં **પ્રબંધચિંતામણિ**માં જ તે જોવા મળ્યાં. ત્યાં ઉદ્ધરણ આ પ્રમાણે છે[55] :

अथ कदाचिद्राज्ञा ग्रथिलाचार्या **जयमङ्गलसूरयः** पुरवर्णनं पृष्टा ऊचुः ।
एतस्यास्य पुरस्य पौरवनिताचातुर्यतानिर्जिता
मन्ये हन्त सरस्वती जडतया नीरं वहन्ती स्थिता ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**कीर्त्तिस्तम्भ**मिषोच्चदण्डरुचिरामुत्सृज्य बाहोर्बलात्तन्त्रीकां
गुरु**सिद्धभूपतिसर**स्तुम्बां निजां कच्छपीम् ॥

અહીં પણ સ્પષ્ટતઃ કીર્ત્તિસ્તંભને (કચ્છપી-વીણાનો) દંડ માન્યો છે[૫૬], તોરણનો ઉલ્લેખ નથી. (જયમંગલ સૂરિ બૃહદ્ગચ્છીય વાદીન્દ્ર દેવસૂરિ-શિષ્ય રામચંદ્ર સૂરિના શિષ્ય હતા. તેમની વિદ્યમાનતાનો સમય ઈસ્વીસનની ૧૩મી શતાબ્દીનું બીજું-ત્રીજું ચરણ છે[૫૭].)

જયમંગલસૂરિ, અરસી ઠક્કુર, કે **સમરારાસુ**ના કર્ત્તા અંબદેવસૂરિ ઇજનેર કે પુરાતત્ત્વવિદ્ નહીં પણ કવિજન હોઈ તેમની વાત સ્વાભાવિક જ કવિસુલભ ઉપમાઓ દ્વારા જ વ્યક્ત થાય[૫૮]. બીજી બાજુ મધ્યકાલીન પૌરાણિક પરંપરામાં પણ તીર્થોનાં માહાત્મ્યો ગાવા સિવાય તેના વાસ્તવિક ઇતિહાસ કે સંરચનાની વિગતો બિલકુલ આપવામાં આવતી નથી; પણ **સરસ્વતીપુરાણ** તેમાં એક વિરલ અપવાદ છે અને તેમાં સહસ્રલિંગસર વિષયે અપાયેલી માહિતી આશ્ચર્યકારક રીતે સવિગત હોવા ઉપરાંત સાચી હોવા અંગે સંદેહને સ્થાન નથી.

---

**ટિપ્પણો** :

૧. આ બે વાસ્તુકૃતિઓનાં સર્જન સંબંધમાં વિદ્વદ્વર્ગને જ્ઞાત એવા મધ્યકાલીન સાહિત્યના ઉલ્લેખો ઉપરાંત (ઐતિહાસિક દૃષ્ટિએ કેટલેક અંશે અવિશ્વસનીય એવી) સિદ્ધરાજોપલક્ષિત લોકકથાઓ પણ જાણીતી છે.

૨. જુઓ મારો લેખ "સિદ્ધરાજ-કારિત-જિનમંદિરો," **ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક** અંક ૧, મુંબઈ જાન્યુઆરી-માર્ચ ૧૯૭૭, પૃ૦ ૧-૧૨.

૩. રુદ્રમહાલયના અવશેષો તેમ જ સહસ્રલિંગ-તટાકના ઉત્ખનન દ્વારા પ્રકાશમાં આવેલા એના પરિસરના થોડા મંદિરાદિ ભગ્નાવશેષો.

૪. "રાજવિહાર" અને "સિદ્ધવિહાર" સંબંધમાં હાલ તો માત્ર વાઙ્મયના ઉલ્લેખો જ પ્રાપ્ત છે.

૫. ઈ૦ સ૦ ૧૦૯૫થી ૧૧૪૪-૪૫.

૬. યથા :

**दशावतारीं** प्रकृतव्याख्यामत्र व्यधत्त सः ।
- **द्वयाश्रयकाव्य** सर्ग १५.११९
स राजात्र सरस्तटे "**दशावतारीं**" नारायणदशावतारप्रतिमाप्रासादं "व्यधत्त" कारयत् ।
- **वृत्ति**

તથા

न्युरून्**कीर्त्तिस्तम्भा**निव सुरगृहाणि व्यरचयत् ॥
- **द्वयाश्रयकाव्य**, सर्ग १५-१२२"
स राजा "सुरगृहाणि" प्रासादान् महाकीर्त्तिहेतुत्वेनोरून्महतः "**कीर्त्तिस्तम्भा**निवाशु "व्यरचयत्" अकारयत् ।
- **वृत्ति**

(*Cf.* Abji Vishnu, Kathvate, Bombay Sanskrit and Prakrit Series, No. LXXVI, Bombay 1915, pp. 257 and 259.)

૭. જુઓ સિંધી જૈન ગ્રન્થમાલા, ગ્રન્થાંક ૧, સં૦ જિનવિજય મુનિ૦, શાન્તિનિકેતન ૧૯૩૩, પૃ૦ ૫૫. ૭૦-૭૧. 'કર્ણમેરુ' સમ્બન્ધમાં અન્ય પણ ઉલ્લેખો સંપ્રાપ્ત છે.

૮. **દ્વયાશ્રય**, સર્ગ ૨૦. ૧૦. તથા વ્યાખ્યા.

૯. જુઓ **कुमारपालचरित्रसंग्रह**, सं० आचार्य जिनविजयमुनि, સિંધી જૈન ગ્રન્થમાલા, ગ્રન્થાંક ૪૧, મુંબઈ ૧૯૫૬,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૃ૰ ૫૧.

૧૦. એજન; "प्रास्ताविक", પૃ૰ ૪.

૧૧. એજન, પૃ૰ ૧૫.

૧૨. મોહનલાલ દલીચંદ દેશાઈ, **જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ,** મુંબઈ ૧૯૩૩, પૃ૰ ૪૩૨, કંડિકા ૬૩૩.

૧૩. એજન; તથા જિનવિજયજી, "પ્રાસ્તાવિક," **कु॰ च॰ सं॰** पृ॰ ३. મુનિજીએ પ્રસ્તુત સ્તવનું પૂરું નામ ત્યાં "ત્રિપુરાભારતીલઘુસ્તવ' નોંધ્યું છે.

૧૪. દેશાઈ (પૃ૰ ૪૩૨ ઉપર) આનો સમય સં૰ ૧૪૧૮/ઈ૰ સ૰ ૧૩૬૨નો પ્રશ્નાર્થ સહ સૂચવે છે પણ ત્યાં તે માટેનો આધાર બતાવ્યો નથી.

૧૫. જિનવિજયજી, "प्रास्ताविक", **कु॰ चं॰ सं॰** पृ॰

૧૬. એજન, પૃ૰ ૨.

૧૭. એજન, પૃ૰ ૨-૬.

૧૮. **प्रभावकचरित,** સં૰ જિનવિજયમુનિ, સિંઘી જૈન ગ્રન્થમાલા, ગ્રન્થાંક ૧૩, અહમદાબાદ-કલકત્તા ૧૯૪૦.

૧૯. જિનવિજય, **प्रभावक॰,** પૃ૰ ૧૧૧.

૨૦. સં૰ કન્હૈયાલાલ ભાઈશંકર દવે, શ્રીફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ વિ૰ સં૰ ૧૯૯૬ (સન્ ૧૯૪૦). એમની સંપાદકીય પ્રસ્તાવના મહત્ત્વપૂર્ણ છે. એનો અમુકાંશે આધાર આ લેખમાં લીધો છે.

૨૧. **સરસ્વતીપુરાણ**નો રચનાકાળ સિદ્ધરાજના શાસનનાં અન્તિમ વર્ષો અંતર્ગત હશે તેવું અંદરની વસ્તુના નિરીક્ષણ પરથી જણાય છે.

૨૨. સિદ્ધપુરના રુદ્રમહાલયના બાંધકામની અને તે પછીની દેખરેખ રાખવાનો ભાર જેને સોંપેલો તે આલિગ મંત્રીને સિદ્ધરાજે અરસામાં ગ્રામ-ગ્રાસ આપ્યાનું (સ્વ૰) મુનિ જિનવિજયજીએ "પ્રાચીન ગુજરાતના સાંસ્કૃતિક ઈતિહાસની સાધન-સામગ્રી" (ગુજરાત સાહિત્ય સભા, અમદાવાદ)માં નોંધ્યું છે તેવું (સ્વ૰) દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી કહે છે : (જુઓ એમનો **ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઈતિહાસ,** સંશોધન ગ્રંથમાળા, ગ્રંથાંક ૪૧મો, સંસ્કરણ ૨જું, અમદાવાદ ૧૯૫૩, પૃ૰ ૩૭૭.) (શાસ્ત્રીજીએ જિનવિજયજીનો પ્રસ્તુત નિબંધ કઈ સાલમાં વંચાયો હતો, અને છપાયો હતો કે કેમ તે વિષય પર કોઈ જ નોંધ ત્યાં લીધી નથી. આની ખોજ કરતાં ખબર પડી કે મુનિજીએ સન્ ૧૯૩૩માં ગુજરાત સાહિત્ય સભામાં આપેલ વ્યાખ્યાનમાં આવી નોંધ લીધેલી. પ્રસ્તુત વ્યાખ્યાનનું પુનર્મુદ્રણ (અમદાવાદ ૧૯૯૫) થયું છે તેમાં પૃ૰ ૩૭ પર તે વિષયમાં ટૂંકી નોંધ આપેલી છે. ત્યાં ઘટના સંવત્ 1189 / ઈ૰ સ૰ ૧૧૩૩ નોંધાયેલો છે.)

રુદ્રમહાલય બાંધવાની પ્રેરણા સિદ્ધરાજને ઉજ્જયનીના સુપ્રસિદ્ધ મહાકાલેશ્વરના મંદિર પરથી મળી લાગે છે. સિદ્ધરાજે રુદ્રમહાલયના ધ્વજારોહણ સમયે જૈન મંદિરો (તેમ જ સંભવતયા શૈવેતર બ્રાહ્મણીય દેવાલયો) પરની ધ્વજા ઉતારી નાખવાની આજ્ઞા, ઉજ્જયનીના મહાકાલ મંદિર સંબંધી એવી પ્રથાના અનુકરણ રૂપે, આપેલી તેવું **પ્રબન્ધચિન્તામણિ** આદિ જૈન પ્રબન્ધોનું કથન છે, જે સામ્પ્રત સંદર્ભમાં સૂચક બની રહે છે. વિશેષમાં રુદ્રમહાલયના સ્તંભો પર માલવી સ્થાપત્યની સ્પષ્ટ અસર, અને એથી માલવાનો પરિચય-પરામર્શ વરતાય છે, જે ગુજરાતમાં આ પૂર્વેનાં કોઈ દૃષ્ટાંતોમાં જોવા મળતો નથી. આ પરિસ્થિતિ સિદ્ધરાજના માલવ-વિજય પછી ઘટી હોવાની કલ્પના ઐતિહાસિક ઘટનાક્રમ સાથે સુસંગત છે.

૨૩. પ્રસ્તુત ગ્રામ-દાન આલિગ મંત્રીને 'રુદ્રમહાલય' તથા 'રાજવિહાર' એમ બન્ને દેવાલયોની રચના સિદ્ધપુરમાં પૂરી થઈ તેમાં પ્રતિષ્ઠા થયાના શુભાવસરે દેવાયું હશે તેવું અનુમાન સમુચિત જણાય છે.

૨૪. યથા :

ततस्तेनैवामर्षेण मालवमण्डलं प्रति प्रतिष्ठासुः सचिवान् शिल्पिनश्च **सहस्त्रलिङ्ग**-धर्मस्थानकर्मस्थाये नियोज्य, त्वरितगत्या तस्मिन्निष्पद्यमाने नृपतिः प्रयाणकमकरोत् । જિનવિજયજી, **प्रबन्धचिंतामणि,** (સિંઘી જૈન ગ્રન્થમાલા ગ્રન્થાંક ૧), શાંતિનિકેતન, ૧૯૩૩, પૃ૰ ૫૮; અને ત્યાં સ્કન્ધાવારમાં રાજાને સહસ્રલિંગતટાક વર્ષાકાળ પછી પાણીથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભરાઈ ગયા હોવાના સમાચાર મળેલા (......सहस्रलिङ्गसरो भृतमिति स्वामिन्....... ઇત્યાદિ : એજન, પૃ૦ ૬૨.)

માલવયુદ્ધ પછી પરમારરાજ યશોવર્માને કેદ કરી પાટણ લાવ્યા બાદ સિદ્ધરાજે તેને રાજધાનીમાં ત્રિપુરુષપ્રાસાદાદિ મહત્ત્વની વાસ્તુકૃતિઓ બતાવેલી, જેમાં સહસ્રલિઙ્ગસરનો પણ સમાવેશ હતો : યથા :

अथ श्री**सिद्धराजेन** पत्तने यशोवर्मराज्ञस्त्रिपुरुषप्रभृतीन् सर्वानपि राजप्रासादान् **सहस्रलिङ्ग**प्रभृतीनि च धर्मस्थानानि दर्शयित्वा.....इत्यादिः એજન, પૃ૦ ૬૧.

શ્રી રમણલાલ નગરજી મહેતાના સોળેક વર્ષ પૂર્વે પ્રકાશિત થયેલા ઉપયુક્ત લેખ ''સહસ્રલિંગ તળાવ'' (**સ્વાધ્યાય**, પુ૦ ૧૭. અંક ૪, વિ૦ સં૦ ૨૦૩૬)માં આથી વિપરીત કહેવામાં આવ્યું છે : યથા : ''ઉપલબ્ધ પુરાવાઓ પ્રમાણે માલવાથી આવ્યા પછી સિદ્ધરાજે ઈ૦ સ૦ ૧૧૩૫-૩૬ પછી અર્થાત્ તેની આશરે ૫૮ વર્ષની ઉંમરે આ કામ કરાવ્યું. સિદ્ધરાજ ૧૧૪૩માં, એટલે કે આ કામ શરૂ કરાવીને સાત, આઠ વર્ષે મરણ પામ્યો તેથી તેનું સહસ્રલિઙ્ગના જીર્ણોદ્ધારનું કામ સાત વર્ષમાં પૂરું થયું હોવું જોઈએ.'' (મહેતા, પૃ૦ ૩૮૫) શ્રી મહેતાએ આમ કહેવા માટે (એમને પ્રાપ્ત થયાં હશે તેવાં) આધારભૂત નવીનતમ પ્રમાણો—અભિલેખીય વા સાહિત્યિક, વા બન્ને—ત્યાં ટાંક્યાં ન હોઈ હાલ તો તે વિષયમાં વિશેષ જાણી શકાય તેમ નથી.

૨૫. ત્યાં ''देवसूरिचरित'', ૨૭૫.

૨૬. **ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ,** ગ્રંથ ૪, સોલંકીકાલ, (સં૦ રસિકલાલ છોટાલાલ પરીખ અને હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી), સંશોધન ગ્રંથમાલા - ગ્રંથાંક ૬૯, ''આનુશ્રુતિક વૃત્તાંતો'', અમદાવાદ ૧૯૭૬, પૃ૦ ૫૪૨.

૨૭. સોરઠવિજય બાદ જયસિંહદેવે ''સિદ્ધ-ચક્રવર્તિ' બિરુદ ધારણ કર્યું હોવાનું પરિપક્વ ઇતિહાસવેત્તાઓનું અનુમાન છે. એ જ પ્રમાણે 'મેરુ' જાતિના મહાન્ પ્રાસાદનું નિર્માણ આવા કોઈ જવલંત વિજય બાદ વિશેષ શોભે તેવો તર્ક કરી શકાય.

૨૮. માત્ર રાણીવાવનાં ''હાડ'' અને સહસ્રલિઙ્ગ-તટાકના રુદ્રકુપ અને નાળ આદિ (જે જમીનના તળથી નીચે રહેલાં અને સરસ્વતીના મહાપુરની રેતીમાં દટાઈ ગયેલાં), તે થોડેક અંશે બચ્યાં છે.

૨૯. **પ્રબન્ધચિંતામણિ**માં ''સિદ્ધરાજાદિપ્રબન્ધ'' અંતર્ગત નગર-મહાસ્થાનના જિન ઋષભ તેમ જ બ્રહ્માના પ્રાસાદોની વાત આવે છે. (પૃ૦ ૬૨-૬૩). ખંભાત પાસેના નગરકમાં ૧૧મી શતાબ્દીના પૂર્વ ભાગમાં મૂકી શકાય તેવી બ્રહ્મદેવ, સાવિત્રી અને (સરસ્વતી?) અને બે ઋષિ-પાર્ષદોની આરસની મૂર્તિઓનું પંચક છે. એટલે આ નગરક તે 'નગર-મહાસ્થાન' હશે તેવું પ્રાથમિક દૃષ્ટિએ લાગે. પણ **પ્રબન્ધચિંતામણિ** સમેત અન્ય મધ્યકાલીન જૈન સાહિત્યમાં ''નગર''થી ''વૃદ્ધનગર'' વિવક્ષિત છે. **પ્રબન્ધચિંતામણિ** નગર-મહાસ્થાનના ઋષભ જિનાલયને ભરત-કારિત કહે છે : અને વિશેષમાં 'નગર' શત્રુંજયની (અતિ પુરાતન કાળે) તળેટી હોવાનું કહે છે. આવી દંતકથાઓ અન્યત્ર જૈન મધ્યકાલીન સાહિત્યમાં વડનગર અને તેના આદિનાથ મંદિર સંબંધે જ મળે છે. જિનપ્રભસૂરિએ પણ **કલ્પપ્રદીપ** અંતર્ગત ૮૪ મહાતીર્થ સંબદ્ધ કલ્પમાં नगरमहास्थाने **श्रीभरतेश्वरकारितः** श्रीयुगादिदेवः । એમ કહ્યું છે : જુઓ, **विविध तीर्थकल्प** (સં૦ જિનવિજય) સિંઘી જૈન ગ્રન્થમાલા ગ્રન્થાંક ૧૦, શાન્તિનિકેતન ૧૯૩૪, પૃ૦ ૮૫) તપગચ્છીય મુનિસુન્દરસૂરિ (ઈસ્વીસનની ૧૫મી શતાબ્દીનું પ્રથમ ચરણ). રચિત **શ્રીજિનસ્તોત્રરત્નકોશ**માં પણ વૃદ્ધનગરાલઙ્કાર શ્રીઋષભદેવસ્તોત્ર''માં વૃદ્ધપુરમાં ભરત ચક્રી પ્રતિષ્ઠિત આદિપ્રભુની લેપ્યમયી મૂર્તિની સ્તુતિ કરી છે. (જુઓ **श्रीजैनस्तोत्रसंग्रह,** द्वितीयो भाग, (સં૦ પં૦ હર્ષચન્દ્ર), શ્રીયશોવિજય જૈન ગ્રન્થમાળા, વારાણસી વી૦ સં૦ ૨૪૩૮ (ઈ૦ સ૦ ૧૯૧૨), પૃ૦ ૫૯). આથી **પ્રબન્ધચિંતામણિ**માં જે 'નગર મહાસ્થાન'ની વાત છે તે વડનગર સંબંધિત જણાય છે અને ત્યાં વિશેષમાં બ્રહ્માનો પુરાતન પ્રાસાદ હતો તેવું સૂચન મળે છે.

30. *Cf.* H.D. Sankalia, *Archaeology of Gujarat*, Bombay 1941, Fig. 56.

૩૧. સન્ ૧૯૫૭માં મેં જ્યારે તોરણોનું સર્વેક્ષણ કરેલું ત્યારે સ્કન્દની મૂર્તિવાળા તોરણના ખંડો નીચે ઉતારી નાખેલા જોયેલા.

૩૨. ઊંચાઈ લગભગ ૩૫' (કે ૩૩' ?) જેટલી છે. સિદ્ધપુરનાં તોરણોની પીઠ દબાયેલી છે, પણ વડનગરનાં તોરણોની પીઠ સિદ્ધપુરનાં દૃષ્ટાંતોથી દોઢેક ફીટ ઊંચેરી હોવાનો અંદાજ સન્ ૧૯૫૭માં મેં કરેલો તેવું સ્મરણ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩૩. **અપરાજિતપૃચ્છા,** ''મેરુપ્રાસાદવર્ણનિર્ણય'' (સૂત્ર ૧૮૩), શ્લોક ૬-૮; ત્યાં બીજા ઉપયોગી શ્લોકો ૧૦ તથા ૧૬-૧૯ : (Ed. Popatbhai Ambashankar Mankad, Gaekwad's Oriental Series, No. CXV, Baroda 1950, pp. 473-474.)

૩૪. કંડાર શૈલી સ્પષ્ટતયા સિદ્ધરાજના સમયની છે.

૩૫. જુઓ, મહેતા, ''સહસ્રલિંગ,'' પૃ૰ ૩૮૪.

૩૬. સં૰ કન્હૈયાલાલ ભાઈશંકર દવે, શ્રીફાર્બસ ગુજરાતી સભા : ગ્રંથાવલિ અંક ૩૨, મુંબઈ ૧૯૪૦. **સરસ્વતીપુરાણ**માં સહસ્રલિંગ અભિધાનને સ્પષ્ટ કરતા ઉપર ટાંક્યા તેને મળતા બીજા પણ કેટલાક શ્લોકો છે : યથા :

तथा नागाः सुपर्णाश्च सिद्धाश्चक्रधराश्च ये ।
सरितः सागराः सर्वे यक्षविद्याधरास्तथा ॥
**सहस्रं** यत्र **लिङ्गानां** सिद्धेशेन प्रतिष्ठितम् ।
निवासं रोचयामास तस्मिन्नमृतसागरे ॥
— **सरस्वतीपुराण** १६.३३-३४.

एकस्मिन् शिवकुण्डेऽपि सलिलं मुक्तिदं नृणाम् ।
किं पुनर्यत्**सहस्रस्य लिङ्गानां** पुरतः स्थितम् ॥
-**सरस्वतीपुराण** १६.४०

सर्वेषामेव तीर्थानामिदमेवाधिकं सरः ।
**सहस्रं** यत्र **लिङ्गानां** स्थितं देवगणैः सह ॥
— **सरस्वतीपुराण** १६.४८

૩૭. આને લગતા સન્દર્ભો સંપ્રતિ વિષયમાં ગૌણ હોઈ અહીં દીધા નથી.

૩૮. द्व्याश्रयकाव्य, द्वितीय खण्ड, સાંચોર વિ૰ સં૰ ૨૦૪૩ / ઈસ્વી ૧૯૮૭, પૃ૰ ૨૫૬

૩૯. *Cf. Hammîra-mada-mardana* of Jayasimha Sûri, Ed. C. D. Dalal, G.O.S. No. X, Baroda 1920, pp. 47-48. ત્યાં અપાયેલું વર્ણન નીચે મુજબ છે :

एतां पुनरनन्तश्रीमण्डनीयां मण्डयत्येककुण्डलमिव **सहस्रसङ्ख्यशशिशेखरसुरगृह**कच्छलमुक्ताफलपटलजटिलान्तं मध्यस्फुरदुरुतरतरुलतावितानवलयितान्तरीपमयमरकतमणिनिकुरंबकान्तं नितान्ततान्तनीरजरजःपरिरम्भसम्भावितशातकुम्भशोभमम्भो बिभ्राणं जगदानन्दनिधानं **सिद्धसागराभिधानं सरः** ।

૪૦. ઉપર ટિપ્પણ ૩૯માં તળાવ સંબદ્ધ હજાર દેવકુલિકાઓની વાત આવી ગઈ છે. બીજા ''હરસહસ્રાલિક''ના સન્દર્ભ માટે નીચેનું પદ્ય મળે છે :

सदा पूर्णेऽभ्यर्णस्थित**हरसहस्रालिक**राशि-
प्रभाचञ्चच्चन्द्रोपलपटलसोपानसलिलैः ।
क्क सम्भाव्यो यत्र प्रलयसमयद्वादशरवि-
च्छविप्लोषैः शोषः क्वथितपृथुपाथोधिभिरपि ॥
- **हम्मीरमदमर्दनम्,** अंक ५, २६.

૪૧. મહેતા, ''સહસ્રલિંગ,'' પૃ૰ ૩૭૬.

૪૨. એજન.

૪૩. તળાવનાં તળ-આયોજનના માનચિત્ર તથા તેની પાળ પર શેષ રહેલી દેવકુલિકાઓ માટે જુઓ JAS Burgess, *The Mohmadan Architecture of Ahmedabad* Pt II, ASIWI Vol VIII, London 1905, Plate LXX II અને ત્યાં દેહરીના નમૂના માટે જુઓ Plate LXX III.

૪૪. અજમેર પાસે (સરોવર પર) દશમા શતકમાં પુષ્કરતીર્થમાં સહસ્રલિંગ હોવાનું અને ત્યાં ચાહમાન ચન્દનરાજની રાણી રુદ્રાણી તરફથી નિત્ય હજાર દીપ પ્રગટાવવામાં આવતાં હોવાનું **પૃથ્વીરાજવિજય** (કે પછી અન્યત્ર ક્યાંક) વાંચ્યાનું સ્મરણ છે. આ વાત તથ્યપૂર્ણ હોય તો પાટણના સહસ્રલિંગ પૂર્વે પણ આ પ્રકારના સ્થાપત્યની પરંપરાનો પ્રારંભ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થઈ ચૂક્યો ગણાય.

૪૫. જુઓ ત્યાં. સ. ૧.૭૮. મૂળ ગ્રન્થ ટિપ્પણ લખતે સમય ઉપલબ્ધ થઈ શક્યો નથી.

૪૬. याकारितं सिद्धसरः सरस्व-
त्यातायि पातुं घटपुरशक्रः ।
न मान्यशोभाङ्गभयादुपैति-
च्छद्यैव विन्ध्याचल वृद्धिरज्या ॥३५॥
(અરિસિંહ વિરચિત **सुकृतसंकीर्त्तनम्,** સં. ચતુરવિજય, શ્રીજૈન આત્માનન્દ - ગ્રન્થરત્નમાલા, ૫૧મું રત્ન, ભાવનગર વિ. સં. ૧૯૭૪ (ઈ. સ. ૧૯૧૮), પૃ. ૧૬, ૨-૩૫.)

૪૭. જયમંગલસૂરિવાળું મૂળ સ્રોત વર્તમાને ઉપલબ્ધ નથી. પણ પ્ર. ચિં. અંતર્ગત તેમના (અણહિલવાડ) પુરવર્ણનના ઉપલક્ષ સમેતનું નીચેનું ઉદ્ધરણ દેવામાં આવ્યું છે.
एतस्यास्य पुरस्य पौरवनिताचातुर्यतानिर्जिता
मन्ये हन्त सरस्वती जडतया नीरं वहन्ती स्थिता ।
कीर्तिस्तम्भमिषोच्चदण्डरुचिरामुत्सृज्य बाहोर्बला-
त्तन्त्रीकां गुरुसिद्धभूपतिसरस्तुम्बां निजां कच्छपीम् ॥
-प्र. चि. पृ. ६३.
(આ ઉદ્ધરણ મેં ફરીને પૃ. ૬૪ પર આપ્યું છે.)

૪૮. જુઓ ઉપરનું ટિપ્પણ ૪૭.

૪૯. "આ તળાવનો બાલચંદ્રસૂરિએ વસંતવિલાસમાં "વલય" તરીકે ઉલ્લેખ કર્યો છે. સમરારાસુમાં તેને પૃથ્વીનું કુંડળ કહ્યું છે. પ્રબંધચિંતામણિની રાજશેખરની ટીકામાં તેને જયમંગલસૂરિના શ્લોકને આધારે વીણાના તુંબડાની અને તોરણને દંડની ઉપમા આપી છે. પાટણના આ લેખકો દરબારીઓ કે જૈન સાધુઓ હતા અને તેથી તેમનાં વર્ણનો ઉપલક દૃષ્ટિએ થયાં હોય એ સ્વાભાવિક છે." (મહેતા પૃ. ૩૭૭.) શ્રીમન્મહેતાએ ઉપર એમણે નોંધેલા ગ્રન્થો અંગે કોઈ જ વિગતો નથી આપી કે નથી તેમાંથી સંદર્ભગત ઉદ્ધરણો ટાંક્યાં.

૫૦. **द्व्याश्रयमहाकाव्यम्,** द्वितीय खण्ड, સાંચોર, વિ. સં. ૨૦૪૩ (ઈ. સ. ૧૯૮૭), પૃ. ૨૫૯. જુઓ ત્યાં ૧૫-૧૨૨નું ચોથું ચરણ : આ ચરણ પણ મેં પાછળ લેખમાં ૩૮ ક્રમાંકનું ટિપ્પણ આવે છે ત્યાં આપી દીધું છે.
न्युरून्कीर्तिस्तम्भानिव सुरगृहाणि व्यरचयत् ॥

૫૧. જુઓ **कीर्त्तिकौमुदी** તથા **सुकृतसंकीर्त्तन,** સં. પુણ્યવિજય સૂરિ, મુંબઈ ૧૯૬૧, પૃ. ૬.
यस्योच्चैः सरसस्तीरे, राजते रजतोज्ज्वलः ।
**कीर्त्तिस्तम्भो** नभोगङ्गाप्रवाहोऽवतरन्निव ॥ પ્રથમ સર્ગ, શ્લોક ૭૫.

૫૨. જુઓ મૂળ ગ્રન્થ પૃ. ૧૬, ૨.૩૭
विश्वं जगद्येन विजित्य कीर्तिस्तम्भस्तथा कोऽपि महानकारि ।
यथा हिमाद्रेरिव यस्य मूर्ध्नि नभोनदी केतुपदं प्रपेदे ॥३७॥

૫૩. "સમરારાસુ", **प्राचीनगूर्जरकाव्यसंग्रह,** pt.1, sec. ed., Ed. C. D. Dalal, G.O.S. No. 13, p. 26. ત્યાં 'દ્વિતીય ભાષા' અંતર્ગત નીચેની કડી મળે છે.
अमियसरोवरु **सहस्त्रलिंगु** इकु धरणिहिं कुडलु ।
**कित्तिखंभु** किरि अवरेसि मागई आखंडलु ॥७॥

૫૪. શ્રીમન્ મહેતાની કંઈક સરતચૂક થઈ હશે ?

૫૫. જુઓ અહીં ટિપ્પણ ૪૭.

૫૬. તોરણ બે સ્તંભો પર ઊભું થતું હોઈ, તેને વીણાદંડની ઉપમા ઘટિત થઈ શકતી નથી, પણ કીર્તિસ્તંભ-વાસ્તવિક થાંભલા રૂપે કે પછી ચિત્તોડમાં છે તેમ માડયજલા વાળી ઇમારત હોય, તેને વીણાના દંડની ઉપમા બંધબેસતી થાય ખરી.

૫૭. જુઓ મારો લેખ, "કવિ રામચન્દ્ર અને કવિ સાગરચન્દ્ર," *Sambodhi*, Vol 11, Nos. 1-4, April 1982-Jan. 1983, પૃ. ૬૮-૮૦. ત્યાં જયમંગલસૂરિ અને તેમની ગુર્વાવલી ગચ્છ અને સમયાદિ વિષે ચર્ચા પૃ. ૭૨-૭૩ પર કરી છે.

૫૮. અને એને શબ્દાર્થને જ પકડીને ભાવાર્થને એક કોર રાખી ઘટાવવું ન તો ઔચિત્યપૂર્ણ, ન તો સુસંગત કહી શકાય.

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રીપાલ-પરિવારનો કુલધર્મ

**મધુસૂદન ઢાંકી**

સોલંકી સમ્રાટ જયસિંહદેવ સિદ્ધરાજ તેમ જ કુમારપાલના સભાકવિ, પ્રાગ્વાટવંશીય કવિરાજ શ્રીપાલ, તેમના પુત્ર કવિ સિદ્ધપાલ, તથા પૌત્ર વિજયપાલ ધર્મે જૈન હતા તેવું ઉપલબ્ધ મધ્યકાલીન સાધનોથી ઇતિહાસવેત્તા મુનિ જિનવિજય એવં જૈન સાહિત્યવેત્તા મોહનલાલ દલીચંદ દેશાઈ[૧], મુનિવર કલ્યાણવિજય[૨], મુનિ ચતુરવિજય[૩], દા૦ ભોગીલાલ સાંડેસરા[૪], પ્રા૦ હીરાલાલ રસિકદાસ કાપડિયા[૫], મુનિ ત્રિપુટી[૬], તથા પં૦ અંબાલાલ પ્રેમચંદ શાહ[૭] ઇત્યાદિ સાંપ્રતકાળમાં થઈ ગયેલા જૈન વિદ્વાનોનું કથન છે. સોલંકીકાલીન જૈનો એવં જૈનદર્શન પરત્વે ખાસ સહાનુભૂતિ ન ધરાવતા હોવા છતાં દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી પણ શ્રીપાલને ''જૈન પોરવાડ વૈશ્ય'' માનતા હતા[૮]. પ્રસ્તુત સર્વ વિદ્વાનોની માન્યતાથી ભિન્ન મત તાજેતરમાં શ્રીમદ્ શાંતિકુમાર પંડ્યાએ પ્રકટ કર્યો છે[૯]. તેમના કહેવા પ્રમાણે લભ્યમાન પ્રમાણોથી શ્રીપાલ અને તેમના વંશજ ''જૈન નહીં પણ હિન્દુધર્મી હોવાની સ્પષ્ટ છાપ પડે છે''[૧૦]. સામ્પ્રત લેખમાં આથી આ બન્ને મતોની સમીક્ષા કરી તથ્ય શું હોઈ શકે તે અંગે વિચારી જોવા યત્ન કરીશું.

શ્રીપાલ અને તેના વંશજ જૈન હોવાના પક્ષમાં જે મત છે તે તો અસ્તિત્વમાન સમકાલિક તથા ઉત્તરકાલિક પ્રમાણોનો પ્રથમ દૃષ્ટિએ જે સીધો અર્થ થઈ શકે છે તેના આધારે, વિશેષ વિચારણા કર્યા સિવાયનો છે; પ્રસ્તુત વિદ્વાનોના મનમાં એ વિષય સમ્બદ્ધ સ્વાભાવિક જ કોઈ શંકા ઊઠી જ નથી; એટલે તેમણે તે સંબંધમાં કોઈ સાધક-બાધક પ્રમાણોના આધારે ચર્ચા કરી નથી. આથી અહીં સૌ પ્રથમ એ વિષય પર જે ઐતિહાસિક નોંધો એવં પ્રમાણાદિ ઉપલબ્ધ છે તે પેશ કરી, તે પછી તેનું જે પ્રકારે અર્થઘટન શ્રીપંડ્યાને અભિમત છે તે બાબત પર એમનાં મંતવ્યો ઉદ્ધૃત કરી, વિસ્તારથી નિરીક્ષણ-પરીક્ષણ કરવાનો જ માર્ગ ગ્રહણ કરવો જોઈશે.

શ્રીપાલ-સિદ્ધપાલ-વિજયપાલ અંગે ઉપલબ્ધ થતાં જે સૌથી મહત્ત્વપૂર્ણ પ્રમાણો છે તે તેમની પોતાની કૃતિઓનાં છે, અને કોઈક કોઈક સમકાલિક અન્ય લેખકોનાં સાક્ષ્યો પણ મોજૂદ છે, જે આ પ્રમાણે છેઃ

(૧) જયસિંહ સિદ્ધરાજે માળવામાં રતલામ-કોટા પંથકમાં (પુરાણા ઉપલા માળવામાં) આવેલા બિલ્પાંકના શિવાલયના સં૦ ૧૧૯૮/ઈ૦ સ૦ ૧૧૪૨માં કરાવેલા ઉદ્ધારની શ્રીપાલ કવિ વિરચિત પ્રશસ્તિ[૧૧];

(૨) કુમારપાળે બંધાવેલા આનંદપુર (વડનગર)ના પ્રાકારની કવિ શ્રીપાલે રચેલી સં૦ ૧૨૦૮/ઈ૦ સ૦ ૧૧૫૨ની પ્રશસ્તિ[૧૨];

(૩) બૃહદ્ગચ્છીય અજિતદેવસૂરિ-શિષ્ય હેમચન્દ્રના **નાભેયનેમિદ્વિસંધાનકાવ્ય**નું સંશોધન શ્રીપાલે કર્યા સંબંધનો મૂલકર્તાનો ઋણ-સ્વીકાર[૧૩]. એની મિતિ પ્રાપ્ત નથી પણ રચના સંભવતયા કુમારપાળ-યુગના પૂર્વાર્ધમાં થઈ હોવી ઘટે.

(૪) શ્રીપાલ-કારિત **ચતુર્વિંશતિજિનસ્તવન**[૧૪]

કવિરાજ શ્રીપાલની આ સિવાયની અનુપલબ્ધ કૃતિઓમાં સિદ્ધરાજ દ્વારા નિર્માપિત સહસ્રલિંગ-તટાક (પુરાણું અભિધાન દુર્લભરાજસર; નવનિર્માણ પ્રાયઃ ઈસ્વી ૧૧૩૭)ની, તથા સિદ્ધપુર ખાતેના રુદ્રમહાલય (પ્રાયઃ ઈસ્વી ૧૧૩૮-૧૧૪૪ના ગાળામાં ક્યારેક)ની પ્રશસ્તિઓ, અને તેમણે **વૈરોચનપરાજય** નામક સાહિત્યિક કૃતિ (નાટક ? કાવ્ય ?) રચેલી તેવા ૧૩મા-૧૪મા શતકના ચરિતાત્મક-પ્રબન્ધાત્મક ઉલ્લેખો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(તદતિરિક્ત શ્રીપાલની વર્તમાને અપ્રાપ્ય કાવ્ય-કૃતિઓમાંથી ચૂંટી કાઢેલાં પદ્યો જલ્હણની **સૂક્તિમુક્તાવલી** (ઈસ્વી ૧૨૪૭-૬૦) તેમ જ શાઙ્ગર્ઘર કૃત **શાઙ્ગર્ઘરપદ્ધતિ** (આ૦ ઈ૦ સ૦ ૧૩૬૩) અંતર્ગત મળે છે; પણ પ્રસ્તુત સૂક્તિઓનો તો શુદ્ધ લલિત સાહિત્યના ક્ષેત્રમાં સમાવેશ થતો હોઈ સાંપ્રત ચર્ચામાં તેની ઉપયુક્તતા નથી.)

(૫) શ્રીપાલપુત્ર સિદ્ધપાલે પૌષધશાલા બંધાવેલી; અને તેમાં વાસ કરીને બૃહદ્‌ગચ્છીય વિજયસિંહસૂરિ શિષ્ય સોમપ્રભાચાર્યે સં૦ ૧૧૪૦/ઈ૦ સ૦ ૧૧૮૪માં **જિણધમ્મપડિબોહો/જિનધર્મપ્રતિબોધ** નામે કુમારપાળની જૈન ગાર્હસ્થ્યધર્મ-શિક્ષાદીક્ષા સમ્બન્ધની હકીકતને કેન્દ્રમાં રાખીને ઉપદેશાત્મક ગ્રન્થ રચેલો. સિદ્ધપાલની કોઈ અખંડ કૃતિ પ્રાપ્ત નથી; પણ તેની લુપ્ત કૃતિનાં, ઉજ્જયન્તગિરિતીર્થ સમ્બદ્ધ બે'એક પદ્ય સોમપ્રભાચાર્યે ઉદ્ધૃત કરેલાં છે[૧૫].

(૬) શ્રીપાલ-બન્ધુ શોભિતના સ્વર્ગગમન પશ્ચાત્‌ની, તેના સ્મારક રૂપેની, અર્બુદ પર્વત પર દેલવાડાગ્રામની વિખ્યાત વિમલવસહીના પશ્ચાત્‌કાલીન બલાનક-મંડપમાં રાખવામાં આવેલ મિતિવિહીન પ્રતિચ્છાન્દક, ખાંભીરૂપી, પ્રતિમા[૧૬].

(૭) સિદ્ધપાલપુત્ર કવિ વિજયપાલની એક માત્ર કૃતિ **દ્રૌપદીસ્વયંવર (નાટક)** ઉપલબ્ધ છે[૧૭].

આટલાં સ્રોત તો સમકાલિક છે; પણ કવિવર શ્રીપાલના જીવન વિષે કંઈક વિશેષ અને નવીન હકીકતો રાજગચ્છીય પ્રભાચન્દ્રાચાર્યના **પ્રભાવકચરિત** (સં૦ ૧૩૩૩/ઈ૦ સ૦ ૧૨૭૭) તથા નાગેન્દ્રગચ્છીય મેરુતુંગાચાર્યના **પ્રબન્ધચિન્તામણિ** (સં૦ ૧૩૬૧/ઈ૦ સ૦ ૧૩૦૫) અંતર્ગત નોંધાયેલી છે. તે પછીના કાળની નોંધોમાં કોઈ ખાસ ઉપયુક્ત યા નવીન વાત નથી મળતી[૧૮].

હવે પ્રાયઃ ઉપરના સ્રોતોના આધારે એક એક મુદ્દા પર પંડ્યા મહોદયે જે છણાવટ કરી છે તે જોઈ તેના પર અહીં ક્રમશઃ વિચાર કરીશું. વિચારણા પ્રમાણોની જે ઉપર ક્રમવારી રજૂ કરી છે તે અનુસાર નહીં પણ શ્રીમાન્ પંડ્યા જે ક્રમમાં પ્રસ્તુત કરે છે તેને અનુસરીને કરીશું.

(૧) ''વિજયપાલના દ્રૌપદીસ્વયંવરના નાન્દી શ્લોકો અને શ્રીપાલના 'વડનાગર પ્રાકારપ્રશસ્તિ'ના ઘણા શ્લોકો આપણને વિજયપાલ અને તેના પૂર્વજો હિન્દુધર્મી હતા એવું અનુમાન કરવા પ્રેરે છે. 'દ્રૌપદીસ્વયંવર'ના પ્રથમ શ્લોકમાં કવિ વિજયપાલ ભગવાન શિવના ત્રિપુરાન્તક સ્વરૂપનું જે સુરેખ અને સસંદર્ભ વર્ણન કર્યું છે તે કવિનો આ પૌરાણિક કથાનક માટેનો ઊંડો આદર અને પરિચય પ્રગટ કરે છે''[૧૯]. ''બીજા નાન્દી શ્લોકમાં લક્ષ્મીપતિ વિષ્ણુની સ્તુતિ કરવામાં આવી છે. એમાં કવિનો દેવી લક્ષ્મી તથા ભગવાન વિષ્ણુ તરફનો આદર પ્રગટ થાય છે. કવિએ 'દ્રૌપદીસ્વયંવર' નાટકમાં ભગવાન કૃષ્ણને પણ જે રીતે કેન્દ્રસ્થાને મૂકી આપી એમના ચરિત્રને ઉઠાવ આપ્યો છે તે પણ કવિનો કૃષ્ણ તરફનો આદરાતિશય પ્રગટ કરે છે. ''દ્રૌપદીસ્વયંવર''નું વાચન કરતાં કવિ જૈન હશે એમ જરા પણ લાગતું નથી. ઊલટાનું તે હિન્દુધર્મી હોવાનું વિશેષ પ્રતીત થાય છે''[૨૦].

આ દલીલ પ્રથમ દૃષ્ટિએ તો ઘણી જ પ્રતીતિજનક લાગે છે; પણ આની સામે કેટલાક મુદ્દાઓ છે. પ્રસ્તુત નાટક વેદમાર્ગી રાજા ભીમદેવ દ્વિતીયની આજ્ઞાથી પાટણના પુરાણમાર્ગી ત્રિપુરુષપ્રાસાદમાં ભજવવા માટે રચાયું હતું. આથી નાંદીના શ્લોકો તેમ જ કથાવસ્તુ **પુરાણ** એવં **ભારતાદિ** સાહિત્ય આશ્રિત હોય તે ઉચિત, સયુક્ત, અને સ્વાભાવિક છે. આવો જ એક દાખલો જૈન પક્ષે મોજૂદ છે. જેમકે ભૃગુકચ્છના શકુનિકાવિહારના ચૈત્યવાસી અધિષ્ઠાતા જયસિંહસૂરિ દ્વારા વિરચિત **હમ્મીરમદમર્દન** નાટક ત્યાં ભીમેશ્વર મંદિરમાં ભજવવા માટે રચાયું હતું અને તેમાં નાંદી મંગલ રૂપે બ્રહ્મા, વિષ્ણુ, અને મહેશ દ્વારા ''જ્યોતિ''

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(પરબ્રહ્મ)ની સ્તુતિ છે, જિનેન્દ્રની નહીં[૨૧]. કાશ્મીરી મહાકવિ બિલ્હણે પોતાના જૈન પ્રશ્રયદાતૃ સાન્તૂમંત્રી કારિત શાન્ત્યુત્સવગૃહ (સાન્તૂ-વસહિકા ?)માં આદિનાથની રથયાત્રાના ઉત્સવ પ્રસંગે ભજવવા **કર્ણસુન્દરીનાટિકા** રચેલી અને તેમાં નાંદીના શ્લોક રૂપે જિનસ્તુતિ છે[૨૨]. એથી કરીને બિલ્હણ જૈન હોવાનું કોઈ જ કહેતું નથી ! તેમ છતાં વિજયપાલ મૂળે જૈન હોય, ને જૈનધર્મ છોડી માહેશ્વરી બન્યા હોય તો તે પણ અસંભવિત નથી[૨૩]. વાઘેલાયુગના મધ્યમાં આવા કોઈ કોઈ દાખલાઓ બન્યાનું નોંધાયું છે[૨૪].

(૨) શ્રીયુત પંડ્યા આગળ વધતાં લખે છે : ''વિજયપાળના પિતામહ શ્રીપાલ પણ હિન્દુ હશે એમ એમણે રચેલી 'વડનગરપ્રાકારપ્રશસ્તિ'ને આધારે કહી શકાય એમ છે''[૨૫]. ''શ્રીપાલે રચેલી 'વડનગરપ્રાકારપ્રશસ્તિ'ના પ્રારંભમાં ભગવાન શિવને પ્રણામ કરી પ્રથમ શ્લોકમાં એમની સંકલ્પશક્તિને પ્રણામ કર્યા છે. આ જ પ્રશસ્તિના અઢારમા શ્લોકમાં ગણેશનો અને શત્રુમંડળનો સંહાર કરનાર દેવીમંડળનો પણ ભાવપૂર્વક ઉલ્લેખ છે. પંદરમા શ્લોકમાં ચંડીનું રક્ત પીને પ્રસન્ન થતાં દેવી તરીકે ઉલ્લેખ છે. વીસમા અને એકવીસમા શ્લોકમાં અનુક્રમે બ્રહ્માજીએ કરેલા મહાયજ્ઞોને અવસરે ઊભા કરેલા યજ્ઞસ્થંભોનો અને બ્રાહ્મણોના અવિરત વેદઘોષનો ઉલ્લેખ છે. શ્લોક ૧૪મામાં પૃથ્વીનો ઉદ્ધાર કરનાર સિદ્ધરાજ જયસિંહને દેવાધિદેવ મહાદેવની આજ્ઞાથી પૃથ્વીનો ઉદ્ધાર કરનાર ભગવાન વિષ્ણુ સાથે સરખાવ્યા છે. જ્યારે કુમારપાલને સ્વર્ગમાંથી ઊતરેલા હરિ સાથે સરખાવ્યા છે. શ્લોક ૨૩માં વડનગરના બ્રાહ્મણો યજ્ઞો વડે દેવોનું પણ રક્ષણ કરે છે અને શાન્તિક તથા પૌષ્ટિક કર્મ વડે ભુવન અને રાષ્ટ્રની પણ રક્ષા કરે છે એવો બ્રાહ્મણને માટે આદરભર્યો ઉલ્લેખ છે. કવિ પ્રશસ્તિમાં વારંવાર બ્રાહ્મણોના વેદઘોષનો ઉલ્લેખ કરે છે અને શ્લોક ૨૪માં આ કિલ્લાની રચના બ્રાહ્મણોના રક્ષણ માટે કરવામાં આવી હોવાની નોંધ કરે છે. ''આ કોટ અમર રહો,'' એવી અભિલાષા પ્રગટ કરતાં કવિ અંત ભાગમાં પૃથુ અને સગર રાજાના અક્ષુણ્ણ યશનો ઉલ્લેખ કરે છે જે એનું પુરાણકથાઓનું જ્ઞાન પ્રગટ કરે છે.

''આમ સમગ્ર પ્રશસ્તિનું અનુશીલન કરતાં એ સ્પષ્ટ પ્રતીત થાય છે કે કવિને બ્રાહ્મણો માટે ઊંડો આદર છે અને બ્રાહ્મણધર્મ તથા હિન્દુપુરાણો સાથે એને ઘનિષ્ઠ નાતો છે. હિન્દુ ધર્મના દેવદેવીઓનો પણ તે એમના પૌરાણિક સંદર્ભો સાથે સાદર ઉલ્લેખ કરે છે. વારંવાર એનું ધ્યાન બ્રાહ્મણો અને એના વેદઘોષ તરફ વળે છે એટલે કવિ હિન્દુધર્મ પાળતો હોવાનું સબળ કારણ પ્રાપ્ત થાય છે. 'વડનગરપ્રાકારપ્રશસ્તિ' લેખ કુમારપાલે વડનગર ફરતો કિલ્લો બંધાવ્યો તેને લગતો અર્થાત્ નાગરિક સ્થાપત્યને લગતો વિ૦ પ્રશસ્તિલેખ છે, ધાર્મિક સ્થાપત્યને લગતો નહિ. આથી અહીં નાગરબ્રાહ્મણોનું કે હિન્દુ દેવદેવીઓનું આટલું સંકીર્તન કરવાની કવિને કોઈ અનિવાર્ય આવશ્યકતા ન હતી. દા૦ ત૦ સોમેશ્વર પોતે બ્રાહ્મણ પુરોહિત હોવા છતાં આબુ ઉપર તેજપાલે બંધાવેલા નેમિનાથચૈત્યની પ્રશસ્તિ રચતાં મંગલાચરણમાં તથા અંતમાં નેમિનાથની સાદર સ્તુતિ કરે છે તે એ સ્થાપત્ય ધાર્મિક હોઈ ત્યાં આવશ્યક ગણાય. એવી રીતે વસ્તુપાલે રચેલા **'નરનારાયણાનંદ'**માં પણ મહાકાવ્યના નાયક તરીકે શ્રીકૃષ્ણની સ્તુતિ હોય તે સ્વાભાવિક છે.''[૨૬]

શ્રી પંડ્યાએ ઉઠાવેલ આ મુદ્દો પણ પહેલી દૃષ્ટિએ ધ્યાન ખેંચે તેવો જ નહીં, જચી જાય તેવો પણ લાગે છે. પણ કવિવર્ણિત વિભાવો મરુગૂર્જર નાગરિક વાસ્તુશાસ્ત્રના દુર્ગવિધાનના પરિપ્રેક્ષ્યમાં તો બરોબર બંધબેસતા થાય છે. દુર્ગનો હેતુ સંરક્ષણનો અને એથી વીર અને રૌદ્ર રસનો છે, જિનેશ્વર-યોગ્ય પ્રશમરસને ત્યાં સ્થાન નથી. એથી જ તો દુર્ગની પ્રતોલી-પુરદ્વારમાં કોષ્ઠકનાં ખત્તકો પર વિઘ્નહર્તા વિનાયક તેમ જ ભૈરવ, ચણ્ડિકા, કાત્યાયિની આદિ ઉગ્ર દેવતાઓની મૂર્તિઓ તેમજ અંદરની ભિત્તિઓ પર માતૃકાદિનાં રૂપો કંડારવામાં આવે છે. ઝીંઝુપાટક (ઝીંઝુવાડા) તેમજ દર્ભાવતી (ડભોઈ)ના ૧૨મી-૧૩મી શતાબ્દીના સોલંકી એવં વાઘેલાકાલીન પુરદ્વારોના નિરીક્ષણથી આ વાત સ્પષ્ટ બનશે. કવિ જૈન ઉપાસક હોય તો પણ લૌકિક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દૃષ્ટિએ આવી પ્રશસ્તિ રચી શકે છે. ત્યાં તે સ્વધર્મને નહીં, રાજકુલધર્મ એવં પ્રચલિત લોકધર્મને અનુસરે છે. આથી શ્રીપાલ પૌરાણિક પરંપરા અને આલેખનોને અનુરૂપ દેવસ્તુતિ પ્રશસ્તિ અંતર્ગત કરે તે સન્દર્ભના સ્વરૂપને જોતાં સુસંગત મનાય, યોગ્ય જ ગણાય. બીજી વાત એ છે કે દુર્ગ-પ્રતોલી આદિ 'દેવાલય' ન હોવા છતાં વાસ્તુવિધિના કર્મકાંડ અનુસાર તેમની સ્થાપના કિંવા પ્રતિષ્ઠા દેવતાઓના આહ્વાન-પૂજન-યજનાદિ ક્રિયાઓ દ્વારા સમ્પન્ન થાય છે. જો મનુષ્યને રહેવાના આવાસ પણ ખાતમુહૂર્તથી લઈ ગૃહપ્રવેશ પર્યન્ત વાસ્તુગ્રન્થો અને કર્મકાંડના ગ્રન્થો કથિત ધાર્મિક વિધિપૂર્વક થતાં હોય તો નગરદુર્ગ, કુંડ, વાપી આદિની શું વાત કરવી[૨૭] ! પૌરાણિક ક્રિયાકાંડ-વિધિ મધ્યકાળમાં તો જીવનમાં સર્વત્ર વણાઈ ગયેલી. આથી વડનગરનો પ્રાકાર 'નાગરિકવાસ્તુ'ની વ્યાખ્યા અંતર્ગત આવી જતો હોવા છતાં એની રચનાથી લઈ સ્થાપના સુધીની બ્રાહ્મણીય કિંવા પૌરાણિક ધર્મવિધિઓથી પર નથી. આથી કવિ સોમેશ્વર વેદવાદી બ્રાહ્મણ હોવા છતાં મંત્રી તેજપાળ નિર્માપિત દેલવાડા સ્થિત જિનમન્દિરની પ્રશસ્તિ પ્રસ્તુત સંરચના 'દેવાલય' જિનદેવની સ્તુતિથી પ્રારંભ કરી શકે, પણ એ જ ન્યાયે, કવિ શ્રીપાલ જૈન હોય તો પણ વડનગરના દુર્ગની પૌરાણિક દેવતાપરક પ્રશસ્તિ તે નાગરિક વાસ્તુકૃતિ હોવાથી રચે નહીં પણ એમનો પોતાનો ધર્મ વૈદિક હોય તો જ રચવા પ્રેરાય તેવી દલીલ તથ્યસમ્મત કે તર્કસમ્મત જણાતી નથી. જો નાગરિક સ્થાપત્યની રચનામાં ધાર્મિક-પૌરાણિક ઉલ્લેખો લાવી જ ન શકાતા હોત તો તો શ્રીપાલ બ્રાહ્મણમાર્ગી હોય તો યે તેમાં એવા ઉલ્લેખો લાવે જ નહીં ! વસ્તુતયા દેવમંદિરની હોય કે દુર્ગ સરખી નાગરિક સંરચનાની પ્રશસ્તિ હોય, પ્રશસ્તિકારનો વ્યક્તિગત ધર્મ તેમાં પ્રભાવી બની શકતો નથી. બ્રાહ્મણ સોમેશ્વર જિનાલયોની પ્રશસ્તિઓ રચી શકે તો જૈન શ્રાવક શ્રીપાલ શા માટે બ્રાહ્મણીય દેવમન્દિરોની એવં દુર્ગ-તટાકાદિની પ્રશસ્તિ ન રચે ? દિગમ્બર જૈન મુનિ રામકીર્ત્તિએ કુમારપાળની ચિત્રકૂટ (ચિતોડ)ના સમિદ્ધેશ્વરના મંદિરની ઈસ્વી૦ ૧૧૫૧ની દાન-પ્રશસ્તિ શિવસ્તુતિ સાથે રચી છે[૨૮]; અને શ્વેતામ્બર બૃહદ્‌ગચ્છીય જયમંગલાચાર્યે રાજસ્થાનમાં સૂંધા પહાડ પરની ચાહમાન ચાચિગદેવની ઈસ્વીસન ૧૨૬૯ની પ્રશસ્તિ પણ શિવની જટાના ચન્દ્રમાને તથા દેવી પાર્વતીને વંદના દઈને રચી છે[૨૯]. રાજાઓની વિનંતીને માન આપીને જો જૈન મુનિઓ પણ શિવાલયાદિની પ્રશસ્તિઓ રચી શકતા હોય તો ગૃહસ્થ જૈન કવિ, એમાંયે પાછા દરબારી શાયર, પૌરાણિક ઢંગની સ્તુતિ સમેતની પ્રશસ્તિ રચે તો તેમાં કશું અયુક્ત વા અજુગતું નથી, કે નથી એ કોઈ આશ્ચર્યજનક યા અસંભવિત ઘટના. એને લઈને પ્રશસ્તિકારના ધર્મ વિષેની કલ્પના બાંધવી તર્કપૂર્ણ નથી. આથી આ, અને તદ્ આનુષંગિક મુદ્દાઓ પર તો શ્રીપાલને પુરાણમાર્ગી ઠરાવી શકાય તેમ નથી. આખરે શ્રીપાલ કે વિજયપાલના પદ્યાદિમાં રસપૂર્વક સન્માનપૂર્વક પૌરાણિક દેવતાઓના જે પ્રાસંગિક ઉલ્લેખો છે તે પણ કાવ્યમય ઉક્તિઓમાં પૌરાણિક વર્ણના માત્ર છે. પોતે તેવું સ્વધર્મ-દૃષ્ટિથી આસ્થાપૂર્વક માને છે તેવું ત્યાં અભિપ્રેત નથી*.

એક ધ્યાનમાં રાખવા જેવી વાત એ પણ છે કે જૈન પંડિતો, કવિઓ બ્રાહ્મણીય દાર્શનિક તેમ જ કથા-સાહિત્યના ઉચ્ચ કોટીના અધ્યેતા હતા. બ્રાહ્મણધર્મી બહુમતી સમાજમાં રહેવાથી, અને અન્યથા ભારતની બૃહદ્ આર્ય સંસ્કૃતિની જ સંતતિ હોવાથી, શ્રમણમાર્ગી હોવા છતાંયે જૈનો બ્રાહ્મણીય દૃષ્ટિથી સારી રીતે પરિચિત હતા. આથી જ પ્રસંગ પડ્યે બ્રાહ્મણીય કથા-વિષયો પર પણ નૈપુણ્યપૂર્વક લખી શકતા, સરસ રચનાઓ કરી શકતા, કે એનો ઉલ્લેખ પોતાની રચનાઓમાં (ક્યારેક વ્યંગમાં પણ) કરતા*. (શ્રી પંડ્યાએ મંત્રીશ્વર વસ્તુપાલ વિરચિત **'નરનારાયણાનન્દકાવ્ય'** અંતર્ગત (મંગલાચરણમાં નહીં) કૃષ્ણ-પરમાત્માની જે ગંભીર શબ્દોમાં પ્રાસંગિક સ્તુતિ છે તેને સંદર્ભની દૃષ્ટિએ શ્રી પંડ્યાએ પ્રસ્તુત તો ઠરાવી છે, પણ ત્યાં તે કારણસર વસ્તુપાળ જૈન નહીં, ભાગવતધર્મી હશે તેવો તર્ક ઉપસ્થિત કર્યો નથી. વસ્તુપાલ સંબંધી તેઓ કુલધર્મે જૈન હોવાનાં ઢગલાબંધ પ્રમાણો મોજૂદ ન હોત તો શ્રી પંડ્યાએ શ્રીપાલ સંબંધમાં જે તર્કણા અને અભિગમ અપનાવ્યાં છે તેના અનુસરણમાં વસ્તુપાલને પણ વેદવાદી જ ઘટાવવા પડે.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વડનગરના અનુલક્ષમાં ત્યાંના બ્રાહ્મણો અને ત્યાં વેદઘોષાદિના ઉલ્લેખો પણ વડનગરના વિશિષ્ટ દરજ્જાના સન્દર્ભમાં સુસંગત છે. વડનગર નાગર-બ્રાહ્મણોનું જબરજસ્ત કેન્દ્ર હતું. ત્યાં વૈદિક ધર્મ અને બ્રાહ્મણોની બહુમતી જ નહીં, સર્વોપરીતા તેમ જ તેનું વડનગર સાથે એકત્વ હતું. ત્યાંના કર્મકાંડી વેદનિષ્ઠ બ્રાહ્મણોની ચતુર્દિશામાં પ્રસિદ્ધિ હતી. આનંદપુરના નગરદેવતા, હાટકેશરૂપે રહેલ, ભગવાન શંકરની ભારે પ્રતિષ્ઠા હતી. ૧૨મા શતકનાં ત્યાં અવશિષ્ટ રહેલાં જબ્બર તોરણો અને તેનું પ્રતિમાવિધાન દર્શાવે છે કે વડનગરમાં પણ રુદ્રમહાલયની બરોબરીનું એક મહાન્, હાલ વિનષ્ટ, મહામેરુ જાતિનું, (મોટે ભાગે સિદ્ધરાજ કારિત) શિવમન્દિર પણ હતું. બીજાં પણ અનેક પૌરાણિક દેવ-દેવીઓનાં મંદિરો ત્યાં હોવાનું **સ્કન્ધપુરાણ**ના "નાગરખણ્ડ"થી સિદ્ધ છે. આ બધું જોતાં જે નગરની રક્ષા ખાતર કુમારપાળ વપ્રની રચના કરાવે તેની પ્રશસ્તિમાં પ્રસંગોચિત યથાર્થવાદી ઉલ્લેખો આવે તેના આધારે પ્રશસ્તિકારના નિજી ધર્મનો નિર્ણય કરી શકાય નહીં.

(૩) મહાનામ પંડ્યા આગળ વધતાં અવલોકે છે : " 'પ્રભાવકચરિત' કે જ્યાં શ્રીપાલનું વૃત્તાન્ત કંઈક વિસ્તારથી પ્રાપ્ત થાય છે ત્યાં પણ એણે કરેલી પાદપૂર્તિઓમાં એનો હિન્દુધર્મ તરફનો પ્રેમ પ્રગટ થતો જણાય છે. શ્રીપાલ સાથે સ્પર્ધા કરનારા ગર્વિષ્ઠ દેવબોધે પાદપૂર્તિ માટે જે પાદો મૂક્યાં હતાં તેમાં એક પાદ આ પ્રમાણે હતું "पौत्र सोऽपि पितामहः" કવિ શ્રીપાલે એ પાદની પૂર્તિ આ પ્રમાણે કરી છે :

मूर्तिमेकां नमस्यामः शम्भोरम्भोमयीमिमाम् ।
अब्जोत्पन्नतया यस्याः पौत्रः सोऽपि पितामहः ॥

-**प्रभावकचरित** "हे० सू० चरित", श्लो० २१८, पृ० १९१.

અહીં કવિ શ્રીપાલ ભગવાન શિવનાં આઠ સ્વરૂપો પૈકી જલમયી મૂર્તિને જે ભાવથી પ્રણમે છે તે જોતાં પણ એનો હિન્દુધર્મ અને શિવ તરફનો ભક્તિભાવ પ્રગટ થતો જણાય છે. આમ શ્રીપાલ બ્રાહ્મણધર્મી હોવાનો પૂરો સંભવ છે. કવિ પ્રાગ્વાટવંશનો હતો એટલા માત્રથી એને જૈન માની લેવો તે બહુ પ્રતીતિકર લાગતું નથી, કારણ કે બધા જ પ્રાગ્વાટવંશીઓએ પહેલેથી જૈનધર્મ જ અંગીકાર કર્યો હતો એવું કોઈ પણ પ્રમાણ નથી. આ પ્રાગ્વાટવંશના વણિકો જ અત્યારે પોરવાડ તરીકે ઓળખાય છે અને પોરવાડમાં જૈન અને વૈષ્ણવો બન્ને પ્રકારના વણિકો હોય છે[૩૦]".

ઉપરના મુદ્દાનો મહદ્ અંશે ઉત્તર પાછળ થઈ ગયેલી ચર્ચામાં આવી જાય છે. પ્રાગ્વાટ વણિકોમાં આજે તો જૈન અને વૈષ્ણવ ધર્મીઓ દેખાય છે. પણ મધ્યયુગના પ્રાગ્વાટોના જે કુડિબંધ અભિલેખો મળ્યા છે તે લગભગ બધા જૈન જ છે. (ઘણા જૈનધર્મીઓએ ૧૬મા શતકના અંતિમ ચરણના અરસામાં શ્રીમદ્ વલ્લભાચાર્યની કંઠી બાંધેલી.) જો પ્રાગ્વાટ કવિ શ્રીપાલ વૈષ્ણવ હોત તો સ્વયૂથીય હોવાને કારણે ભાગવત આચાર્ય દેવબોધે તેની જે પ્રથમ મુલાકાતે જ, તેના અંધત્વને લક્ષ્ય કરીને, ક્રૂર ઉપહાસપૂર્વક વિડંબના કરેલી તે ન કરી હોત[૩૧]. એ કારણસર લાંબા સમય સુધી બન્ને વચ્ચે ચાલેલા વૈમનસ્યની **પ્રભાવકચરિત**માં લંબાણપૂર્વક નોંધ લેવાયેલી છે. બીજી વાત એ છે સમસ્યાપૂર્તિ સમ્બદ્ધ જે વાતો ચરિતકારો-પ્રબન્ધકારો લખે છે તેને પ્રામાણિક માની લેવાની જરૂર નથી. ઘણી વાર એવી ઉક્તિઓના કર્ત્તા જુદા જ કવિઓ હોય છે! પ્રબન્ધકારો પ્રસંગોચિત ગમે તે પાત્રના મુખમાં તે ગોઠવી દે છે. ઉપર્યુક્ત ઉક્તિ શ્રીપાલ કવિની જ હોય તો પણ એની કોઈ કૃતિમાંથી, પ્રશસ્તિમાંથી (જેવી કે સહસ્રલિંગતટાકની)માંથી તે લીધેલી હોઈ શકે.

કવિ શ્રીપાલ વિરચિત **ચતુર્વિંશતિજિનસ્તુતિ** પર મહાભાગ પંડ્યાના ખાસ વિચારો છે, યથા :

"કવિએ રચેલી "चतुर्विंशतिजिनस्तुति"નો અભ્યાસ કરતાં જણાય છે કે કવિ જૈનોના તીર્થંકરોને સ્તવે છે ખરા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ એમાં ભાવો કે ભક્તિની ઉત્કટતા કે ઊંડાણ જણાતાં નથી. એમાં જૈનધર્મ, પુરાણ કે તત્ત્વજ્ઞાનના સંદર્ભો પણ નથી. ત્રીજા તીર્થંકર સંભવનાથને કવિ 'શંભવ' તરીકે સંબોધે છે. આ સ્તોત્રમાં કવિએ અત્યંત પ્રાસાદિક, સરળ અને યમકમયી ભાષામાં તીર્થંકરોની સ્તુતિ કરી છે. તીર્થંકરોના ગુણોનું આલેખન સામાન્ય પ્રકારનું છે, અને કોઈ પણ તીર્થંકરનું વૈયક્તિક મહત્ત્વ કે સંદર્ભ પ્રગટ કરતું નિરૂપણ નથી. કવિ શ્રીપાલને હેમચંદ્રાચાર્ય અને શ્વેતામ્બરવાદી દેવસૂરિ સાથે નિકટનો સંબંધ હતો એટલે એમની સાથેના સંબંધોને કારણે પોતે હિન્દુધર્મી હોવા છતાં તીર્થંકરોની સર્વસાધારણ સ્તુતિ કરતું આ સ્તોત્ર રચી આપ્યું હોય એમ ન બને ? સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાલના જૈનધર્મ તરફના આદરને કારણે બ્રાહ્મણ અને જૈનધર્મીઓ વચ્ચેનું ઝનૂન મોટે ભાગે ઓસરી ગયું હતું તે આપણે જાણીએ છીએ એટલે જે રીતે હેમચંદ્રાચાર્યે સોમનાથની સ્તુતિ કરતું સ્તવન રચ્યું હતું તે જ રીતે શ્રીપાલે વેદધર્મી હોવા છતાં એનું ચોવીસ તીર્થંકરોની સ્તુતિ કરતું આ સ્તોત્ર રચ્યું હોવાનો સંભવ છે. બાકી વિજયપાલે બ્રાહ્મણધર્મ અંગીકાર કર્યો હોય એમ પણ માની શકાય એમ નથી, કારણ કે એને એ પ્રકારની ફરજ પડી હોય એવું લાગતું નથી. એટલે વિજયપાલનું કુળ પ્રથમથી જ હિન્દુધર્મી હોય અને શ્રીપાલ તથા સિદ્ધપાલે જૈનધર્મીઓ સાથેના ઘનિષ્ઠ સંબંધોને કારણે જૈનધર્મ તરફ આદર અને અહોભાવ રાખ્યા હોય એમ માનવાને કારણ છે. સિદ્ધપાલે પાટણમાં જૈન પૌષધશાળા બંધાવી હતી તેથી તેને જૈન ગણી શકાય નહિ. એમ તો મૂળરાજ અને સિદ્ધરાજ જયસિંહ જેવા રાજાઓએ પણ જૈન પ્રાસાદો બંધાવી આપ્યા હતા પરંતુ પોતે પરમ માહેશ્વર હતા."[૩૨]

બ્રાહ્મણધર્મીએ જૈન તીર્થંકરની સ્તુતિ રચી હોય તેવો મારા ધ્યાનમાં એક જ દાખલો છે : મહાકવિ બિલ્હણ (ઈસ્વી૦ ૧૧મી શતીનું અંતિમ ચરણ). એમણે **પાર્શ્વનાથ-અષ્ટક**[૩૩] કદાચ પોતાના પ્રશ્રયદાતા શાન્તૂમન્ત્રીના પરિતોષ માટે રચ્યું હોય. તેની શૈલી તેમ જ પદ્યગુમ્ફનનાં રીત-રંગ જૈન રચયિતાઓની મૌલિક રચનાઓથી જુદાં પડી જતાં હોવાનું મને લાગ્યું છે. પણ શ્રીપાલના વિષયમાં તેવું નથી. ત્યાં કવિએ ચોવીસે જિનની સ્તુતિ કર્યા બાદના પદ્યમાં સર્વ જિનની[૩૪], ત્યાર બાદ જિનાગમની, અને પછી વાગીશ્વરીની સ્તુતિ ધરાવતું પદ્ય દઈ, આખરી પદ્યમાં કર્ત્તારૂપે પોતાનું નામ પ્રગટ કર્યું છે. આ પ્રકારની ચતુર્વિધ સ્તુતિની પ્રથા બપ્પભટ્ટીસૂરિની **ચતુર્વિંશતિજિનસ્તુતિ** (પ્રાયઃ ઈસ્વી ૮મી શતી આખરી ચરણ)થી લઈ પછીથી અનેક શ્વેતામ્બર જૈન સ્તોત્રોમાં મળે છે. ઉપર્યુક્ત સ્તુતિના રચયિતા શ્રીપાલ બ્રાહ્મણમાર્ગી હોત તો પ્રસ્તુત પ્રણાલીની સૂક્ષ્મ વિગતો તેમના ખ્યાલમાં હોત કે કેમ તે વસ્તુ પ્રશ્નાર્થ બની રહે છે. જૈન સ્તોત્રો સાધારણતયા તીર્થંકરોના ગુણાનુવાદ-લક્ષી જ હોય છે અને તેમાં જૈન પૌરાણિક આખ્યાયિકાઓ-ચરિતોના સંદર્ભો—અરિષ્ટનેમિ સમ્બદ્ધ કોઈ કોઈ વિરલ સ્તોત્રના અપવાદ બાદ કરતાં—મળતા નથી : અને જે સ્તુતિકારો સૈદ્ધાન્તિક વા દાર્શનિક ઢંગની સ્તુતિ રચે છે—શ્વેતામ્બર પક્ષે સિદ્ધસેન દિવાકર (પંચમ શતી પૂર્વાર્ધ), હેમચન્દ્ર (૧૨મું શતક) ઇત્યાદિ સ્તુતિકારો અને દિગમ્બર પક્ષે સમન્તભદ્ર આ૦ ઈ૦ સ૦ ૫૭૫-૬૨૫), પાત્રકેસરિ (૭મી શતાબ્દી), ભટ્ટ અકલંકદેવ (૮મી સદી), વિદ્યાનંદ (૧૦મી સદી પૂર્વાર્ધ), અમિતગતિ (૧૦મી ૧૧મી સદી) ઇત્યાદિ—તેમાં જ તત્ત્વજ્ઞાનની ઝલક મળે છે, અન્ય મુનિઓ રચિત સ્તોત્રોમાં નહીં. વીતરાગરૂપ તીર્થંકરો આત્મિક ગુણો, સર્વથા સાત્ત્વિક સ્વભાવ, અને કર્મમુક્ત સ્થિતિને કારણે અનુગ્રહ કે અભિશાપ દેવા અસમર્થ છે : આથી તેમની પાસે ઐહિક વાસનાઓ-આકાંક્ષાઓ તૃપ્ત કરવાની, કે ભૌતિક કલ્યાણની કૃપા યાચનાઓ-પ્રાર્થનાઓ કરવી અર્થહીન બની જાય છે. વળી પૌરાણિક દેવતાઓની જેમ તેમના બહિરંગની સ્તુતિ[૩૫]—આભૂષણો, આયુધો, વાહન, સંગિની, ઇત્યાદિની સ્તુતિપૂર્વક વર્ણના કરવાની પ્રથા—સ્વાભાવિક રીતે જ જૈન સ્તવનોમાં જોવા મળતી નથી, કેમકે તેને ત્યાં અવકાશ નથી. ત્યાં તેમના આત્મિક ગુણોને સ્પર્શતી ઉક્તિઓ જ જોવા મળે છે. આથી શ્રીપાલ કારિત સ્તુતિ સંપૂર્ણપણે જૈન રીતિનું અનુસરણ અને જૈન સ્તુતિના વણલેખ્યા નિયમોનું પાલન વા અનુસરણ કરે છે. જૈન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્તોત્રમાં શ્વેતામ્બર માનતુંગાચાર્યકૃત **ભક્તામરસ્તોત્ર** (પ્રાયઃ ઈસ્વી છઠ્ઠી-સાતમી શતી), કે દિગમ્બર કુમુદચન્દ્રાચાર્યના **કલ્યાણમન્દિરસ્તોત્ર** (પ્રાયઃ ઈસ્વી ૧૨મી સદીનું પ્રથમ ચરણ) જેવી થોડીક કૃતિઓને બાદ કરતાં ભક્તિરસની ઉત્કટતા આદિ તત્ત્વો જોવા મળતાં નથી. એથી શ્રીપાલ કારિત સ્તુતિમાં એ તત્ત્વોની અનુપસ્થિતિને કારણે કર્ત્તા જૈન નથી તેમ કહી શકાય તેમ નથી. મેં હજારેક જેટલા જૈન સ્તોત્રોનો અભ્યાસ કર્યો છે, ને તેના આધારે કહી શકું છું કે શ્રીપાલની સ્તુતિ બહિરંગ-અંતરંગથી બિલકુલ જૈનકારિત હોવાનો જ ભાસ આપે છે, અને એથી તેના કર્ત્તા જૈન હોવાની સમીચીનતાને પડકારી શકાય તેમ નથી. કવિએ પદ્યોમાં પાદાન્તયમકનો ઉપયોગ કર્યો છે, જેવું તેમની પૂર્વે બપ્પભટ્ટીસૂરિ, શોભનમુનિ, જિનેશ્વર સૂરિ, ઇત્યાદિ અને તેમના પછી દિગમ્બર દ્વિતીય દેવનન્દી (ઈસ્વી ૧૨મી શતી ઉત્તરાર્ધ) એવં અનેક અજ્ઞાત મધ્યકાલીન-ઉત્તરમધ્યકાલીન શ્વેતામ્બર કર્ત્તાઓની કૃતિઓમાં જોવા મળે છે. આલંકારિક ચાતુરીના પ્રદર્શનથી રસાત્મકતાની થતી હાનિ તો કેટલાંયે જૈન સ્તોત્રોમાં જોઈ શકાય છે, જેવું શ્રીપાલની કૃતિમાં પણ બન્યું છે[૩૬]. અન્યથા કાવ્ય-ચમત્કૃતિની દૃષ્ટિએ ઊંચી ગુણવત્તા ધરાવતી કુડિબંધ જૈન સ્તુતિઓ પણ આ જ પ્રકારની, એટલે કે બુદ્ધિજનિત હોઈ, કંઠસ્થ કરવા યોગ્ય નથી હોતી[૩૭].

આ પળે મને એક સમાન્તર દૃષ્ટાન્ત યાદ આવે છે; દિગમ્બર પરમ્પરામાં પ્રાયઃ ઈસ્વી આઠમી શતાબ્દીમાં થઈ ગયેલા મહાકવિ ધનંજયના **રાઘવપાણ્ડવીયમ્** નામક દ્વિસંધાન કાવ્યનું. પ્રસ્તુત કાવ્યમાં બ્રાહ્મણીય **રામાયણ** તથા **ભારતકથા** અનુક્રમથી એકએક દ્વિ-અર્થક પદ્યમાં વણી લેવામાં આવી છે. દ્રાવિડસંઘીય દિગમ્બર મુનિ વાદિરાજે તેમના **પાર્શ્વનાથચરિત** (ઈ૦ સ૦ ૧૦૨૫)માં, અને તેમની પહેલાં પ્રતીહારરાજના બ્રાહ્મણીય સભાકવિ, મહાન્ કાવ્યશાસ્ત્રી રાજશેખરની એક ઉક્તિ (પ્રાયઃ ઈસ્વી૦ ૯૦૦)માં ઉપર્યુક્ત કાવ્યની પ્રશંસા કરી છે[૩૮]. કાવ્ય-વસ્તુ ઉપરથી તો પહેલી નજરે કવિ ધનંજય બ્રાહ્મણમાર્ગી જ જણાય : પણ તેમની પ્રસિદ્ધ કૃતિ **નામમાલા**માં જૈન નિર્દેશો છે. અને એમણે **વિષાપહારસ્તોત્ર** નામથી પ્રસિદ્ધ દર્શનપરક 'સાધારણ-જિનસ્તવ' પણ રચ્યું છે[૩૯]. શ્રી પંડ્યાની કવિ શ્રીપાલ અંગે પ્રસ્તુત કરેલી સ્થાપનાના મૂલગત સિદ્ધાન્તો પ્રમાણે તો આ જૈનધર્મી મનાતા કવિરાજ ધનંજયને પણ વેદવાદી જ ગણવા જોઈએ : અને ઉપર્યુક્ત સ્તોત્ર તેમણે કોઈ ને કોઈ દિગમ્બર જૈન મુનિ પરત્વેના તેમના આદર-અનુરાગને કારણે જ બનાવ્યું હશે તેમ કહેવું જોઈએ ! તેમ જ **નામમાલા**માં જિન મહાવીરને લગતા ઉલ્લેખો પણ એ જ કારણથી કર્યા હશે, તેમ માનવું ઘટે ! અલબત્ત, મને ધ્યાનમાં છે ત્યાં સુધી તો કોઈએ **રાઘવપાણ્ડવીયમ્**ને લઈને ધનંજય જૈન ન હોવાનો તર્ક કર્યો નથી તે અહીં જણાવવું જોઈએ[૪૦].

ચર્ચામાં એક નાનો મુદ્દો રહી જાય છે. વાદી દેવસૂરિ તેમ જ આચાર્ય હેમચન્દ્ર સ્વયં ઉચ્ચ કોટિના સ્તુતિકારો હતા. તેમની સાથે નિકટનો સંબંધ હોવાને કારણે "તેમને માટે" શ્રીપાલ **ચતુર્વિંશતીજિનસ્તુતિ** રચી આપે તેમ માનવું વધુ પડતું ગણાય.

હવે રહ્યો 'સંભવ' અને 'શંભવ' અંગેનો મુદ્દો. પ્રાકૃતોમાં તાલવ્ય 'શ'ને સ્થાને દન્ત્ય 'સ'નો પ્રયોગ થાય છે. તૃતીય તીર્થંકરનું 'સંભવ' રૂપે અભિધાન મૂળે અર્ધમાગધી ભાષામાં નિબદ્ધ સુપ્રસિદ્ધ આગમિક **ચતુર્વિંશતીસ્તવ**[૪૧] (પ્રાયઃ ઈસ્વી પ્રથમ શતાબ્દી), તેમ જ તે પછી દેવવાચક કૃત **નન્દીસૂત્ર** (પ્રાયઃ ઈસ્વી પંચમ શતી મધ્યભાગ)ની ઉત્થાનિકાના મંગલસ્તવમાં મળે છે. અને કેટલાક સંસ્કૃત જૈન સ્તુતિકારોએ તેમ જ ટીકાકારોએ તેનો યથાતથ સ્વીકાર પણ કર્યો છે. પણ બીજા ઘણા સ્તુતિકારોને સંસ્કૃત ભાષામાં તો મૂળ અભિધાન 'શમ્ભવ' હોવાનું અભિમત છે, જેના ઈસ્વી છઠ્ઠી શતાબ્દીથી લઈ ૧૭મી શતાબ્દીનાં અનેકાનેક દૃષ્ટાંતો છે. અહીં તેમાંથી થોડાંક પ્રમાણરૂપે ઉટ્ટંકીશું, જેથી એ મુદ્દાનું સ્વતઃ નિરાકરણ થશે.

દક્ષિણની દિગમ્બર જૈન પરમ્પરામાં થઈ ગયેલા દાર્શનિક કવિ, વાદિમુખ્ય સમન્તભદ્રના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**બૃહદ્સ્વયંભૂસ્તોત્ર** (પ્રાયઃ ઈસ્વી ૬૦૦) નામક 'ચતુર્વિંશતી જિનસ્તોત્ર'માં 'શમ્ભવ' રૂપ છે, 'સંભવ' નહીં[૪૨]. યથા :

त्वं **शम्भवः** सम्भव-तर्ष-रोगैः
सन्तप्यमानस्य जनस्य लोके ।
आसीरिहाऽऽकस्मिक एव वैद्यो
वैद्यो यथाऽनाथरुजां प्रशान्त्यै ॥१॥

નાગેન્દ્રકુલના વિમલસૂરિના **પઉમચરિય** (પ્રાયઃ ઈસ્વી ૪૭૩)માં ગ્રન્થારમ્ભે કરેલી સ્તુતિમાં 'સંભવ' રૂપ છે, કેમકે રચના પ્રાકૃતમાં છે; પણ તેના પલ્લવિત સ્વરૂપે રચાયેલા, દાક્ષિણાત્ય પરમ્પરાના આચાર્ય રવિષેણના સંસ્કૃત **પદ્મચરિત** (ઈસ્વી૰ ૬૭૭)માં, પાદાન્ત-યમક સાથે 'શંભવ' રૂપ જોવા મળે છે[૪૩].

शंभवं शं भवत्यस्मादित्यभिख्यामुपागतम् ॥
- **पद्मपुराण** १-४''

રવિષેણના પ્રાયઃ સમકાલીન અને કર્ણાટમાં થયાનું મનાતા જટાસિંહનન્દીના **વરાંગચરિતના** ચતુર્વિંશતિજિન સ્તુત્યાત્મક પદ્યસમૂહમાં પણ 'શંભવ'રૂપ જ મળે છે[૪૪]. યથા :

नाभेय आद्योऽजित **शंभवै** च
ततोऽभिनन्दः सुमतिर्यतीशः ।
-**वरांगचरित**, २७.३७'

પુન્નાટ સંઘના આચાર્ય જિનસેનના **હરિવંશપુરાણ** (ઈ૰ સ૰ ૭૮૪)માં પણ ગ્રન્થારમ્ભે ''ચતુર્વિંશતિ-જિનસ્તુતિ'' અંતર્ગત યમકાંકિત ચરણમાં શંભવ રૂપ જ જોવા મળે છે[૪૫]. યથા :

शं भवे वा विमुक्तौ वा भक्ता यत्रैव शम्भवे ।
भेजुर्भव्या नमस्तस्मै तृतीया च **शम्भवे** ॥
- **हरिवंशपुराण १.५**

શ્વેતામ્બરાચાર્ય ભદ્રકીર્તિ અપરનામ બપ્પભટ્ટીસૂરિની પદાન્તયમકયુક્ત **ચતુર્વિંશતિજિનસ્તુતિ** (પ્રાયઃ ૮મી શતાબ્દી અંતિમ ચરણ)માં પણ 'સંભવ'ને બદલે 'શમ્ભવ' જ રૂપ છે[૪૬]. પાદાન્તયમક પણ તેની પુષ્ટિ કરે છે. યથા :

नमो भुवनशेखरं दधति ! देवि ! ते वन्दिता-
मितिस्तुतिपराऽगमत्रिदशपावली वन्दिता ।
यदीयजननीं प्रति प्रणुत तं जिनेशं भवं
निहन्तु मनसः सदाऽनुपमवैभवं **शम्भवम्** ॥

ઉપરના ઈસ્વી૰ આઠમી શતીની સ્તુતિના દૃષ્ટાન્ત પછી, દશમી/૧૧મી શતાબ્દીના સંધિકાળે થયેલા, પરમારરાજ મુંજ અને ભોજના સભાકવિ ધનપાલના લઘુબન્ધુ શ્વેતામ્બર જૈન મુનિ શોભનની પદાન્તયમક યુક્ત **ચતુર્વિંશતિજિનસ્તુતિ** (પ્રાયઃ ઈસ્વી ૧૦૦૦)માં પણ 'શમ્ભવ'રૂપ છે[૪૭]. અહીં પણ પાદાન્તયમકથી 'શમ્ભવ' રૂપ જ હોવાનું સિદ્ધ થાય છે : યથા :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

निर्भिन्नशत्रुभवभय ! शं भवकान्तारतार ! तार ! ममारम् ।
वितर त्रातजगत्त्रय ! **शम्भव** ! कान्तारतारतारममारम् ॥

આ છ (વસ્તુતઃ સાત) દૃષ્ટાન્તો કવિરાજ શ્રીપાલના સમય પૂર્વેનાં છે. એમના કાળ પછીનાં તો અનેક દૃષ્ટાંતો છે, તેમાંથી માત્ર ત્રણેકનાં ઉદ્ધરણ આપી બાકીનાના સન્દર્ભો દર્શાવવા પર્યાપ્ત થશે. એમાં જોઈએ તો તપાગચ્છીય ધર્મકીર્ત્તિ અપરનામ ધર્મઘોષસૂરિ (ઈસ્વી ૧૩મી શતાબ્દી ઉત્તરાર્ધ)ના **ચતુર્વિંશતીજિનસ્તવન**માં 'શમ્ભવ' રૂપ આ રીતે મળે છે[૪૮] :

जय मदगजवारिः, **शम्भवा**न्तर्भवाऽरि-
व्रजभिदिह तवाऽरि-श्रीर्न केनाप्यवारि ।
यदधिकृतभवाऽरि-स्रंसन ! श्रीभवाऽरिः,
प्रशमशिखरिवारि, प्रोन्नमद्वानवारिः

મધ્યકાળમાં રચાયેલા, દિગમ્બર સમ્પ્રદાયમાં પ્રસિદ્ધ, "સુપ્રભાતસ્તોત્ર"માં પણ 'શમ્ભવ' રૂપ મળે છે[૪૯].

श्रीमन्नतामर कीरिटमणि प्रभाभि-
रालिढपादयुग दुर्ध्धर कर्म दूर ।
श्रीनाभिनन्दन ! जिनाजिन ! **शम्भवा**ख्य
त्वर्द्धयानतोऽसततं ममं सुप्रभातम् ॥

એ જ રીતે ખરતરગચ્છીય સુપ્રસિદ્ધ જિનપ્રભસૂરિ (કાર્યકાલ પ્રાયઃ ઈસ્વી૰ ૧૨૯૦-૧૩૪૦)ના **ચતુર્વિંશતિજિનસ્તવ**માં પણ વરતાય છે[૫૦].

श्रीमान् कैरवबन्धुरविलोचनो गारुडच्छविवपुर्वः ।
**शम्भव**जिनोऽस्त्वहीनस्थितिभाक् तार्क्ष्यध्वजः प्रीत्यै ! ॥

તે પછી તો ૧૫માથી ૧૭મા શતકનાં અનેક સ્તોત્રમાં એ જ તથ્ય સામે આવે છે : જેમકે તપાગચ્છીય યુગપ્રધાન આચાર્ય સોમસુંદરસૂરિ[૫૧] (ઈસ્વી ૧૩૯૦/૧૪૬૦), એમના મહાન્ શિષ્ય મુનિસુન્દરસૂરિ (૧૫મી શતી પૂર્વાર્ધ)[૫૨], અને એ બન્ને મહાન્ આચાર્યોના કેટલાક શિષ્ય-પ્રશિષ્યાદિની રચનાઓમાં અને છેવટે મોગલકાલીન સુપ્રસિદ્ધ દાર્શનિક વિદ્વાન્ ઉપાધ્યાય યશોવિજયની કૃતિમાં[૫૩] પણ એ જ રૂપ જોવા મળે છે : યથા :

**शम्भव** ! सुखं ददत्त्वं भाविनि
भावारवारवारण ! विश्वम् ।
वासवसमूहमहिताऽभाविनि-
भाऽवाऽरवारवाऽरण ! विश्वम् ॥

આ બધું જોતાં 'શમ્ભવ'ના પ્રયોગથી શ્રીપાલને અજૈન ઘટાવવાનું તો એક કોર રહ્યું, ઊલટું તેઓ આ સૂક્ષ્મતર વાતથી માહિતગાર હોઈ જૈન હોવાની વાતને વિશેષ પુષ્ટિ મળે છે ![૫૪]

હવે જોઈએ કવિરાજપુત્ર સિદ્ધપાલ કારિત જૈન વસતીની વાત. એ સંબંધમાં શ્રી પંડ્યાની વાત આમ તો ઠીક જણાય છે : પણ શૈવ સોલંકી રાજાઓ જિનમન્દિરો બંધાવે તે વાત સાથે માહેશ્વરી યા ભાગવત ગૃહસ્થો દ્વારા જિનાલયો વા પૌષધશાળાઓના નિર્માણને સરખાવી શકાય નહીં. રાજાઓનો ધર્મ સર્વ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મીઓના પાલન અને પ્રત્યેક ધર્મના ઈષ્ટદેવો પ્રતિ આદર દેખાડવાનો હોય છે. પણ ગૃહસ્થ સંબદ્ધ દાખલાઓ--એક અપવાદ સિવાય--વસ્તુતયા જૈન સન્દર્ભમાં જાણમાં નથી. પૂર્ણિમાગચ્છના મુનિરત્નસૂરિના **અમમસ્વામિચરિત** (ઈ૦ સ૦ ૧૧૬૯)ની પ્રાન્તપ્રશસ્તિમાં કુમારપાળના મહામૌહુર્તિક રુદ્રના પુત્ર મન્ત્રી નિર્નયભટ્ટ — ભૂદનનો જૈન શ્રાદ્ધ (શ્રાવક)ની જેમ જિનેન્દ્ર શાસનની ઉન્નતિ અર્થે ધનવ્યય કરનાર વિપ્રરૂપે ઉલ્લેખ છે[૫૫]. યથા :

श्रीरुद्रस्य कुमारभूपतिमहामौहूर्त्तिकस्यात्मजो
मंत्री निर्नय इत्युदात्तचरितो विप्रोऽपि सुश्राद्धवत् ।
भट्टः भूदनसंज्ञितश्च सुगुरोस्तस्यैव बोधाव्धधात्
सार्द्धं येन जिनेंद्रशासनधनौन्नत्यं धनस्य व्ययात् ॥

અને આ દાખલાના આધારે તો **દ્રૌપદીસ્વયંવરનાટક**ના રચયિતા એવં જૈન પૌષધશાલા બંધાવનાર સિદ્ધપાલને પણ પુરાણમાર્ગી ઘટાવી શકાય. ફરક (યા વાંધો) એટલો જ છે કે **અમમચરિત**ના પ્રશસ્તિકારે જિનશાસન પરત્વે સહાનુભૂતિ હોવા છતાં ત્યાં તેમને બ્રાહ્મણ જ અને શ્રાદ્ધ નહીં, શ્રાદ્ધવત્ એટલે કે જૈન શ્રાવકવત્ હોવાનું કહ્યું છે, સ્વીકાર્યું છે. જ્યારે કવિરાજ શ્રીપાલ કે કવિ સિદ્ધપાલ (કે વિજયપાલ) વેદમાર્ગી હોવા સંબંધમાં કોઈ જ નોંધ સમકાલિક યા ઉત્તરકાલીન જૈન લેખકોએ લીધી નથી ! આથી કવિ શ્રીપાલનો વાદીન્દ્ર દેવસૂરિ એવં હેમચન્દ્રાચાર્ય સાથેનો અનુરાગપૂર્વકનો સંબંધ, દેવસૂરિ-કુમુદચન્દ્રના સિદ્ધરાજની સભાના વાદ પ્રસંગે નાગર મન્ત્રી ગાંગિલ તેમ જ (સરસ્વતીપુરાણકાર) કેશવ અને એ જ નામધારી બે અન્ય બ્રાહ્મણ પંડિતોની જેમ કુમુદચન્દ્રનો પક્ષ લેવાને બદલે દેવસૂરિ પક્ષે રહેવાનું પસંદ કરવું, કુમારપાળની ઉજ્જયન્તગિરિ-શત્રુંજયગિરિની યાત્રામાં કવિનું શામિલ થવું, **ચતુર્વિંશતિજિનસ્તવ**ની જન્મજાત જૈન કવિની જેમ જ રચના કરવી, ભાગવત દેવબોધ દ્વારા કવિની નિર્દય નિર્ભર્ત્સના, કવિવરના બન્ધુ શોભિતની ખાંભીની સ્થાપના પાટણના કોઈ શિવમન્દિરના પ્રાંગણમાં થવાને બદલે, અને જો અર્બુદાચલ પરના દેવકુલગ્રામમાં જ કોઈ કારણસર એને થાપવાની હતી તો ત્યાંના જ પ્રસિદ્ધ અચલેશ્વરના પુરાતન મંદિરના પરિસરમાં ન થતાં વિમલવસહીમાં કેમ સ્થાપી એ બધા પ્રશ્નોનો શ્રીપાલને અને તેના પરિવારને જૈન કલ્પ્યા સિવાય સંતોષજનક ઉત્તર મળી શકતો નથી. શોભિતને શ્રી પંડ્યા જૈન હોવાનું કહે છે તેનું કારણ તો એના અભિલેખમાં જ એને નાભેય (જિન ઋષભ)ના પદપંકજનો ભ્રમર કહ્યો છે એ હોઈ શકે; પણ એ જ લેખમાં તેને વિષ્ણુ સાથે ને પત્ની શાન્તાને લક્ષ્મી સાથે સરખાવ્યાં છે અને પુત્ર શાંતકને પ્રદ્યુમ્ન કહ્યો છે તેનું શું[૫૬] ? પકડ જ કરવી હોય તો એમ કહી શકાય કે આવી ઉપમાઓ તો બ્રાહ્મણધર્મીને જ ઘટી શકે, જૈનને નહીં. મને લાગે છે કે સોલંકીકાલીન જૈન સમાજને, સોલંકીયુગની સંસ્કૃતિ, સંસ્કાર અને તે કાળે સર્જાયેલ જૈન સાહિત્યની સમગ્રતાના પરિપ્રેક્ષ્યમાં જોઈશું તો શ્રીપાલ, સિદ્ધપાલ, કે વિજયપાલ જૈન નથી અને વેદમાર્ગી છે તેવો આગ્રહ કે સ્થાપના કરવા કે તારતમ્ય દોરવા પ્રેરાઈશું નહીં. એમ કહેવા માટે તો તદ્દન સીધાં અને નક્કર પ્રમાણોની આવશ્યકતા રહે છે; અને એવાં પ્રમાણો મળે તો શ્રીપાલપરિવારના કુલધર્મ વિષે એટલો સુધારો કરી લેવામાં કોઈ જ બાધા ન હોઈ શકે.

વિદ્વદ્પુંગવ પંડ્યાનો લેખ વિચારણીય હોવા ઉપરાન્ત એમની આરપાર જતી નજર એવં આગવા અભિગમને સરસ રીતે પ્રકટ કરે છે. આવા ધ્યાન ખેંચે તેવા અભ્યાસપૂર્ણ, ચર્ચાભૂષિત, એવં ચર્ચાકર્ષક લેખન માટે તેઓ સોલંકીયુગના ઇતિહાસના અભ્યાસીઓ તરફથી સાધુવાદને પાત્ર સહેજે જ બની જાય છે. ખોજપ્રક્રિયામાં તાલીમ અર્થે આવા લેખોની ઉપયુક્તતા અપ્રશ્નીય બની રહે છે.

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ટિપ્પણો :

૧. ''પ્રસ્તાવના'', **द्रौपदीस्वयंवरम्**, પ્રવર્તક શ્રીકાંતવિજય-જૈન ઇતિહાસમાલા-પઞ્ચમ પુષ્પ, શ્રી જૈન-આત્માનન્દસભા-ભાવનગર ૧૯૧૮, પૃ૰ ૧-૨૩, તથા **જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ,** મુંબઈ ૧૯૩૧, પૃ૰ ૨૩૫, ૨૩૬, કં૰ ૩૨૧.

૨. ''પ્રબન્ધપર્યાલોચન'', 'શ્રીહેમચન્દ્રસૂરિ', **श्रीप्रभावकचरित्र** (ભાષાંતર), શ્રીજૈન આત્માનંદ સભા-ભાવનગર, ભાવનગર, વિ૰ સં૰ ૧૯૮૭ (ઈ૰ સ૰ ૧૯૩૦-૩૧), પૃ૰ ૧૦૨-૧૦૩.

3. ''प्रस्तावना'', **जैनस्तोत्रसन्दोह,** प्रथमो भाग; અમદાવાદ ૧૯૩૨, પૃ૰ ૪૯-૫૧.

૪. "'Śripāla—the blind poet-laureate at the court of Siddharāja Jayasiṁha, (1094-1143 A. D.) and Kumārapāla (1143-1174 A. D.)." *Journal of the Oriental Institute,* Vol. 13 No. 3 (March 1964), P.P 252-ff; તથા ''સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાલનો પ્રજ્ઞાચક્ષુ રાજકવિ શ્રીપાલ'', **ઇતિહાસ અને સાહિત્ય,** અમદાવાદ ૧૯૬૬, પૃ૰ ૧૨૨-૧૩૪; તેમ જ એ જ લેખ, **શ્રી મહાવીર જૈન વિદ્યાલય સુવર્ણમહોત્સવ ગ્રંથ,** મુંબઈ ૧૯૬૮, ગુજરાતી વિભાગ, પૃ૰ ૭૨-૭૮ પર પુનર્મુદ્રિત.

૫. **જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ** ખંડ ૨ : **''ધાર્મિક સાહિત્ય''** ઉપખંડ ૧ : લલિત સાહિત્ય, શ્રીમુક્તિ-કમલ જૈનમોહનમાલા : પુષ્પ ૬૪, વડોદરા ૧૯૬૮, પૃ૰ ૨૪૧-૨૪૨-૫૨૨, ૫૨૪.

૬. **જૈન પરંપરાનો ઇતિહાસ** (ભાગ બીજો) શ્રીચારિત્રસ્મારક ગ્રંથમાળા ગ્રં૰ ૫૪, અમદાવાદ ૧૯૬૦, પૃ૰ ૬૬૭-૬૭૨. (ત્યાં ક્રમશઃ શ્રીપાલ, સિદ્ધપાલ, તેમ જ વિજયપાલ વિષે મૂલ સાધનોના આધારે નોંધો લીધેલી છે.)

૭. ''ભાષા અને સાહિત્ય,'' **ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ,** ગ્રંથ ૪ સોલંકી કાળ, પ્ર૰ ૧૨, અમદાવાદ ૧૯૭૬. પૃ૰ ૨૯૭.

૮. **ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ,** સંશોધન ગ્રંથમાળા ગ્રંથાંક ૪૧મો, ગુજરાત વિદ્યાસભા, દ્વિતીય સંસ્કરણ, અમદાવાદ ૧૯૫૩, પૃ૰ ૩૦૬-૩૦૭.

૯. ''મહાકવિ શ્રીપાલ, સિદ્ધપાલ, વિજયપાલ અને એમનો ધર્મ'' **સ્વાધ્યાય** પુ૰ ૨૪, અંક ૩, ૪, મે, ઑગસ્ટ ૧૯૮૭, પૃ૰ ૩૧૯-૩૨૪. પ્રસ્તુત લેખ જરા શા ફેરફાર સાથે **દ્રૌપદીસ્વયંવર**ના પુનર્મુદ્રણમાં એમની ''પ્રસ્તાવના'' રૂપે ફરીથી છપાયો છે : (જુઓ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય નવમ જન્મશતાબ્દી સ્મૃતિ શિક્ષણ-સંસ્કાર નિધિ, ક્રમાંક ૭, અમદાવાદ ૧૯૯૩.)

૧૦. એજન, પૃ૰ ૩૨૪, આ વાક્ય લેખની ફલશ્રુતિરૂપે સૌથી આખરમાં છે; અને પૂરા લેખમાં પ્રસ્તુત અનુમાનના સમર્થનમાં મૂળ સ્રોતોના આધારે યુક્તિઓ રજૂ કરવામાં આવી છે.

૧૧. જુઓ અરવિન્દ કુમાર સિંહ, ''जयसिंह सिद्धराज का विरूपाक्ष मन्दिर (बिलपांक) का अभिलेख, संवत् ११६८,'' *Sambodhi,* Vol. 13, Nos. 1-4, April 2, 1984—March 1985, Ahmedabad, पृ. १-१६.

૧૨. સં૰ ગિરજાશંકર વલ્લભજી આચાર્ય, **ગુજરાતના ઐતિહાસિક લેખો,** ભાગ ૨, મુંબઈ ૧૯૩૫, પૃ૰ ૪૧.

૧૩. વિગત માટે જુઓ દેશાઈ, **જૈન સાહિત્યનો૰**, પૃ૰ ૨૩૫-૨૩૬.

૧૪. સં૰ ચતુરવિજય મુનિ, **જૈનસ્તોત્રસંદોહ,** પ્રથમ ભાગ, પ્રાચીન (જૈન) સાહિત્યોદ્ધારગ્રન્થાવલી, પ્રથમ પુષ્પ, સ્તોત્રાંક ૪૯, અમદાવાદ ૧૯૩૨, પૃ૰ ૧૨૧-૧૨૩.

૧૫. ઉપરકથિત શ્લોકો **કુમારપાલ પ્રતિબોધ** G.O.S. No. 14, First Ed. Baroda 1920, Reprint, 1992, સં૰ મુનિરાજ જિનવિજય. ટિપ્પણ લખતે સમયે મૂળ ગ્રન્થ ઉપલબ્ધ ન હોઈ, પૃષ્ઠ ક્રમાંક અને શ્લોકો ઉટ્ટંકિત કરી શકાયા નથી.

૧૬. સંદર્ભગત લેખ મુનિ જયન્તવિજયજી દ્વારા આબૂ ભાગ ૨માં પ્રસિદ્ધ થયો છે, પણ તે ગ્રન્થ સન્દર્ભાર્થે આ પળે લભ્ય ન હોતાં મુનિ કલ્યાણવિજયજી દ્વારા સંપાદિત પાઠ અહીં ટિપ્પણ ૫૬માં ઉદ્ધૃત કર્યો છે. (મૂળ સ્રોત ''(૩) आबू जैन लेख-संग्रह,'' **प्रबन्ध पारिजात**, જાલોર ૧૯૬૬, પૃ૰ ૩૭૫).

૧૭. જુઓ સ્રોત માટે ટિપ્પણ ૧.

૧૮. આથી અહીં તે સૌનો ઉલ્લેખ કરવો છોડી દીધો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૯. પંડ્યા, ''મહાકવિ શ્રીપાલ૦,'' પૃ૦ ૩૨૧.

૨૦. એજન.

૨૧. रोहन्मोहतमोतिव्यतिकरप्रस्तार सारस्वतं
ध्येयं ब्रह्महरीश्वरप्रभृतिभिर्ज्योतिर्जयत्यव्ययम् ।
यस्मिन्नद्भुतशुरमण्डल समुद्भूताखिलोकीगृह
क्रोडोद्दीपनदीपिकास्रृणलवायन्ते प्रतापोर्मयः ॥१॥
(સં૦ ચિમનલાલ ઓ૦ દલાલ, G. O. S. X, Baroda 1920, p. 1.

૨૨. પ્રસ્તુત નાટિકાનો નાન્દીનો શ્લોક આ પ્રમાણે છે :
अर्हन्नार्हसि मामुपेक्षितुमपि क्षामां त्वदर्थे तनुं किं नालोकयसे भविष्यति कुतः स्त्रीघाति नस्ते सुखम् ।
अङ्गैः काञ्चन कान्तिभिः कुरु परिष्वङ्गं सुपर्वाङ्गना लोकैरित्थमुदीरितः क्षितिधरस्थायी जिनः पातु वः ॥१॥
(મહાકવિ બિલ્હણ રચિત 'કર્ણસુન્દરી' દુર્ગાપ્રસાદ કાશીનાથ શર્મા સંપાદિત **काव्यमाला**, गु. ७, નિર્ણય સાગર પ્રેસ, મુંબઈ ૧૯૩૨).

૨૩. કેમ કે વિજયપાલ સ્પષ્ટ રૂપે પોતાને જૈન હોવાનું કહેતા હોય તેવું સીધું પ્રમાણ નથી.

૨૪. ઉદયન મંત્રીના વંશમાંથી ચોથી-પાંચમી પેઢીએ થયેલા મંત્રી સલક્ષણ, તદુપરાન્ત પાટણના છાડા શ્રેષ્ઠિની સંતતિમાંથી કોઈ કોઈ, ઇત્યાદિના દાખલાઓ અભિલેખ તથા ઉત્તર-મધ્યકાલીન પ્રબન્ધાદિ સાહિત્યમાં નોંધાયા છે. અહીં તે સૌનો ઉલ્લેખ ઉપયુક્ત ન હોઈ મૂળ સંદર્ભે ટાંકવાનું છોડી દીધું છે.

૨૫. પંડ્યા, પૃ૦ ૩૨૧.

૨૬. એજન, પૃ૦ ૩૨૧-૩૨૨.

૨૭. જુદાં જુદાં વાસ્તુશાસ્ત્રોમાં આ વિધિઓનાં વિધાનો મળી આવે છે.

૨૮. ॐ नमः ॥ सर्व्व(ज्ञा)यः ॥
नमो....[स]र्वार्च्चिर्दग्व(ग्ध)संकल्पजन्मने ।
शर्व्वाय परमज्योति(र्द्ध)स्तसंकल्पजन्मने ॥
जयतात्स मृडः श्रीमान्मृडादनाम्बुजे ।
यस्यकण्ठच्छवी रेजे से(शे)वालस्येव वल्लरी ।
यदीयशिखरस्थितोल्लसदनल्पदिव्यध्वजं
समण्डपमहो नृणामपि वि[दू]रतः पश्यतां
अनेकभवसंचितं क्षयमियर्त्ति पापं द्रुतं
स पातु पदपंकजानतहरिः समिद्धेश्वरः ॥
(જુઓ F. Kilhorn, "XXXIII. - Chitorgadh Stone Inscription of the Chaulukya Kumarapala. The [Vikrama] year 1207," *Epigraphia Indica* Vol. II, p. 422).

૨૯. ॐ ॥ श्वेताम्भोजातपत्र किमु गिरिदुहितुः स्वस्तमित्या गवाक्षः ।
किंवा सौख्यासनं वा महिमुखमहासिद्धिदेवीगणस्य ।
त्रैलोक्यानन्दहेतोः किमुदितमनघं श्लाघ्यनक्षत्रमुच्चैः ।
शंभोर्भालस्थलेन्दुः सुकृतिकृतनुतिः पातु वो राज्यलक्ष्मी ॥१॥
(F. kilhorn, "No. 9 — The Chahamanas of Naddula, G. — Saundhā Hill Inscription of Châchigadêva; [Vikrama-] Śaṁvat 1319", *Epigraphia Indica,* Vol. IX p. 74.

★ શ્રીપાલ વિરચિત માળવાસ્થિત બિલપાંકના વિરૂપાક્ષ મંદિરની પ્રશસ્તિનો આરંભ પણ શિવસ્તુતિથી જ થાય છે. યથા :
॥ ॐ नमः शिवाय ॥
यमष्टाक्षो ब्र(ब्र)ह्मा स्मरति भजति द्वादशाक्षः कुमारः
सहस्राक्षः शक्रो नमति नुवति द्विस्तदक्षः फणींद्रः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

असौ वामाक्षीणां स्मरपरवसं(शं) लक्षणीयोक्षिलक्षै-
र्विरूपाक्षः क्षिप्रं क्षपयतु सतां कर्मजातं विरूपं ॥१॥

૩૦. પંડ્યા, પૃ૰ ૩૨૨, ૩૨૩.

૩૧. **પ્રભાવકચરિત,** પૃ૰ ૧૯૦ પરનું વૃત્તાન્ત જોવું.

૩૨. પંડ્યા, પૃ૰ ૩૨૩.

૩૩. જુઓ **જૈન સ્તોત્ર સંગ્રહ,** ભાગ ૧ વારાણસી વી૰ નિ૰ સં૰ ૨૪૩૨ / ઈ૰ સ૰ ૧૯૧૨, પૃ૰ ૧૧૬-૧૧૮.

૩૪. જુઓ પ્રસ્તુત સ્તુતિનાં પદ્ય ૨૬-૨૮, (**જૈ૰ સ્તો૰ સં૰** ભાગ ૧, પૃ૰ ૧૨૩.)

૩૫. શિવ, વિષ્ણુ, દેવ્યાદિનાં અનેક સ્તોત્રોમાં આ બહિરાંગવર્ણના સ્પષ્ટ રૂપે જોવા મળે છે.

૩૬. આ વાત આમ સુસ્પષ્ટ છે.

૩૭. આના ઘણા દાખલાઓ જુદાં જુદાં જૈન સ્તુતિ-સ્તોત્રોમાં સારા પ્રમાણમાં આવે છે, અને જિજ્ઞાસુ પાઠકોએ ત્યાં જોઈ લેવા.

૩૮. જુઓ પં૰ નાથૂરામ પ્રેમી, "धनंजय का द्विसंधान", **जैन साहित्य और इतिहास,** बम्बई १९५६, पृ. १०९-११२.

૩૯. એજન.

૪૦ એમ બને કે જ્યારે એમણે **राघवपाण्डवीयम्** બનાવ્યું ત્યારે તેમણે હજી જૈન ધર્મનો સ્વીકાર ન કર્યો હોય. કર્ણાટકમાં બ્રાહ્મણોમાંથી કોઈ કોઈએ જૈન ધર્મ અંગીકાર કર્યાના દાખલાઓ છે.

૪૧. उसभमजितं च वंदे **संभवमभिनंदनं** च । આ અતિ પ્રસિદ્ધ સ્તોત્ર **ષડાવશ્યક**માં સમાવિષ્ટ હોઈ અનેક સ્થાનેથી પ્રકાશિત થયું છે.

૪૨. સં૰ આ૰ ને૰ ઉપાધ્યે, પુનર્મુદ્રણ (હિન્દી અનુવાદ સહિત), વારાણસી ૧૯૯૬, પૃ૰ ૫૩૯.

૪૩. સં૰ પં૰ ૩ દરબારીલાલ, માણિક્યચન્દ્ર-દિગમ્બર-જૈનગ્રન્થમાલા-સમિતિ, ગ્રન્થાંક ૧૯, મુંબઈ વિ૰ સ૰ ૧૯૮૫ (ઈ૰ સ૰ ૧૯૨૯).

૪૪. સં૰ આ૰ ને૰ ઉપાધ્યે, હિન્દી અનુવાદ સમેત પુનર્મુદ્રણ, પ્રકાશન સ્થળ અનુલ્લિખિત, ૧૯૯૬, પૃ૰ ૫૩૯.

૪૫. સં૰ પન્નાલાલ જૈન, જ્ઞાનપીઠ મૂર્તિદેવી જૈન ગ્રન્થમાલા સં૰ ગ્ર૰ ૨૭, તૃતીય આવૃત્તિ, દિલ્હી ૧૯૯૪, પૃ૰ ૧.

૪૬. **स्तुति तरंगिणी** [संस्कृत ભાગ ૨], સં૰ વિજયભદ્રંકરસૂરિ, મદ્રાસ વિ૰ સં૰ ૨૦૯૩ (ઈ૰ સ૰ ૧૯૮૭), પૃ૰ ૨.

૪૭. **स्तुति तरंगिणी** [संस्कृत ભાગ ૨], સં૰ વિજયભદ્રંકરસૂરિ, મદ્રાસ, વિ૰ સં૰ ૨૦૪૩ (ઈસ્વી ૧૯૮૭) પૃ૰ ૧૮.

૪૮. એજન પૃ૰ ૧૧૩.

૪૯. જુઓ સં૰ લલ્લૂલાલ જૈન, શ્રી દિગમ્બર જૈન કુન્થ વિજય ગ્રંથમાલા સમિતિ, પુષ્પ ક્રમાંક ૪, જયપુર ૧૯૮૨, પૃ૰ ૬.

૫૦. **જૈ૰ સ્તો૰ સં૰,** પૃ૰ ૨૧૭.

૫૧. મૂળ ગ્રન્થ આ સમયે ઉપલબ્ધ ન થતાં તેમાંથી ઉદ્ધરણ લઈ શકાયું નથી.

૫૨. स्मय स्मयतो मे त्वन्नुतौ चित्तमर्हन्
भवदभवदमेपि स्याद्यतोऽस्मात् विशुद्धम् ।
चरणचरणयोगः **शम्भवेशो**ऽथ तस्मा-
दरतिदरतिरस्कृन्निश्चितं मुक्तिर्शम ॥

**चतुर्विंशतिका,** ३.

(જુઓ **સ્તુતિ તરંગિણી** ભાગ ૩, મદ્રાસ વિ૰ સં૰, ૨૦૩૯ / ઈસ્વી ૧૯૮૩, પૃ૰ ૨૪૧.

૫૩. **स्तु. त.** [ ૨, ] પૃ૰ ૭૭.

૫૪. છતાં શ્રી પંડ્યાની વાત માની લઈએ તો જિનસ્તુતિઓમાં 'શંભવ' પ્રયોગ કરનારા સૌ કર્તાઓને જૈન મુનિ માનવાને બદલે બ્રાહ્મણીય પારિવ્રાજકો જ માનવા ઘટે !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫૫. **अममस्वामिचरित्र**, દ્વિતીય વિભાગ, સં૦ વિજયકુમુદસૂરિ, અમદાવાદ વિ૦ સં૦ ૧૯૯૯ / ઈ૦ સ૦ ૧૯૪૩, પૃ૦ ૫૪૯.

૫૬. प्राग्वाटाह्वय वंशमौक्तिकमणेः श्री लक्ष्मणस्यात्मजः,
श्री श्रीपालकवीन्द्रबंधुरमलप्रज्ञालतामंडपः ।
श्री नाभेयजिनांह्रिपद्ममधुपस्त्यागाद्भुतैः शोभितः,
श्रीमान् शोभित एव (ष) पुण्यविभवैः स्वर्णो (र्लो?)कमासेदिवान् ॥१॥
चित्तोत्कीर्णगुणः समग्रजगतः श्री शोभितः स्तंभकोत्-
कीर्णःशांतिकया समं यदि तया लक्ष्म्येव दामोदरः ।
पुत्रेणाशुकसंज्ञकेन च धृतप्रद्युम्नरूपश्रिया ।
सार्द्धं नंदतु यावदस्ति वसुधा पाथोधिमुद्रांकिता ॥२॥ ॥ मंगलं महाश्रीः ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# તારંગાના અર્હત્ અજિતનાથના મહાપ્રાસાદનો કારાપક કોણ ?

**મધુસૂદન ઢાંકી**

તારંગપર્વત-અલંકરિષ્ણુ દ્વિતીય તીર્થંકર અજિતનાથનું મહાચૈત્ય ચૌલુક્યપતિ ગૂર્જરેશ્વર કુમારપાળે કરાવેલું તેવી નિર્ગ્રન્થ-દર્શનના શ્વેતામ્બર સમ્પ્રદાયમાં પરંપરાથી, એવં જૂનાં લેખનોના આધારે, માન્યતા ચાલી આવી છે. નિર્ગ્રન્થેતર વિદ્વાનો પણ તે માન્યતાને ઐતિહાસિક તથ્ય રૂપે આજ દિવસ સુધી સ્વીકારતા આવ્યા છે; પરન્તુ તાજેતરમાં **સ્વાધ્યાય**માં મહાનામ ૨૦ ના૦ મહેતા/ક૦ પ્ર૦ શેઠના સહલેખનયુક્ત ''અજિતનાથ, અભયદેવ અને તારંગા'' નામક અભ્યાસપૂર્ણ લેખ પ્રકાશિત થયો છે[૧] તેમાં ઉપરકથિત પરિપાટિગત માન્યતાનું ખંડન કરી, તેને સ્થાને અભિનવ, ઉપલક દૃષ્ટિએ તર્કપુરઃસર, સ્થાપનાઓનું મંડન થયું છે; અને તદન્તર્ગત કેટલાંક આશ્ચર્યકારક એવં અશ્રુતપૂર્વ વિધાનો પણ દૃષ્ટિગોચર થાય છે. વિદગ્ધ અને પ્રાંજલ પ્રૌઢીમાં નિબદ્ધ આ માતબર લેખથી વિદ્વદ્દ્વયના આગવા અભિગમ, પદ્ધત્યાધિગમ, અને વિશિષ્ટ પૃથક્કરણ-પ્રણાલીનો પરિચય પણ પ્રાપ્ત થાય છે. આ ચિન્તનીય લેખનથી લેખકો ગુજરાત-વ્યાપ્ત વિદ્વદ્જગત્ના સાધુવાદને પાત્ર સહેજે બની જાય છે.

આ વિખ્યાત વિદ્વદ્વર્યોના નવતર તારતમ્યોમાંથી સહસા ઉદ્ભવતા પ્રકાશપુંજથી અંજાઈ જતી આંખો ફરીને દેખતી થાય ત્યારે તે સમગ્ર વિષય પર સ્વસ્થ ચિત્તે અને ગંભીરતાપૂર્વક વિચારવું આપોઆપ આવશ્યક બની જાય છે. લેખકોની યુક્તિઓ અને નિષ્કર્ષોને પ્રથમ તેમના શબ્દોમાં ઉદ્ધૃત કરી, તે પર ક્રમવાર, એવં સમીક્ષાત્મક, વિચારણા ચલાવવા સાંપ્રત શોધ-લેખનો ઉદ્દેશ છે.

લેખારંભે જે જે પૂર્વ લેખકો મંદિરને ''કુમારપાળ વિનિર્મિત'' હોવાનું માનતા હતા તેમાંથી ચારેકના લેખાદિની સૂચિ આપ્યા બાદ[૨] વિદ્વાન્ લેખકોએ પોતાનું વક્તવ્ય શરૂ કર્યું છે. અહીં તેમનાં સારગર્ભ કથનોને એક એક કરીને લઈ, તેમાં ઉપસ્થિત કરેલા (તેમ જ તેનાથી ઉપસ્થિત થતા) મુદ્દાઓ પર, ક્રમશઃ વિચાર્યું છે.

૧. લેખકો કહે છે : ''તારંગાનો અજિતનાથ ચૈત્ય [sic] અથવા દેરાસર તેની ભવ્યતા, સચવાયેલી પરિસ્થિતિ* અને કુમારપાળે તે બાંધ્યો [sic] હોવાની પરંપરાને લીધે માત્ર જૈનોમાં જ નહીં પરંતુ વિશ્વમાં જૈનોના ધાર્મિક સ્થાપત્ય તરીકે જાણીતો [sic] અને ભારતીય સ્થાપત્યના ઇતિહાસમાં પશ્ચિમ ભારતની વિશિષ્ટ શૈલીનો સારો નમૂનો ગણાય છે[૩].'' ''.......પરમ માહેશ્વર તથા પરમ અર્હત [sic] તરીકે સુપ્રસિદ્ધ રાજવી કુમારપાળ આશરે વિ૦ સં૦ ૧૨૦૦ થી ૧૨૩૦ (આશરે ઈ૦ સ૦ ૧૧૪૪થી ૧૧૭૪) સુધી શાસન કરતો હતો. આ પરમ અર્હત [sic] રાજાએ પોતાની માનતા પૂર્ણ કરવા માટે અજિતનાથનો ચૈત્ય [sic] બંધાવ્યાની માન્યતા વિ૦ સં૦ ૧૩૩૪ (ઈ૦ સ૦ ૧૨૭૮)થી [sic] પ્રભાવકચરિતમાં નોંધેલી પ્રાપ્ત થાય છે. આ પરંપરામાં ઘણું બળ છે[૪].''

**અવલોકન** :- વિદ્વદ્દ્વયની વાત સાચી છે કે પરમાર્હત્ કુમારપાળે પ્રસ્તુત જિનાલય બંધાવેલું તે ''પરંપરામાં ઘણું બળ છે.'' મુનિ જિનચન્દ્રની પ્રાકૃત ભાષા અને ઉપજાતિ છન્દમાં નિબદ્ધ એક **વિવિધતીર્થસ્તુતિ** જાણમાં છે, ત્યાં પણ ઉપર્યુક્ત માન્યતાનું સમર્થન છે[૫] : યથા :

**उत्तुंगपासायवडिंसरूवं**
**कुमाररण्णो** किरमुत्तपुण्णं ।
सिरि**अजिअसामी** पयसुप्पवित्तं
**तित्थं** जयउ **तारणदुग्गयंमि** ॥

–**विविधतीर्थस्तुति** २१

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રસ્તુત સ્તુતિમાં મંત્રી તેજપાલ કારિત અર્બુદપર્વતસ્થ નેમિનાથ (ના ભવનનો) તેમ જ આરાસણના સંભવનાથ જિન(ના આલયનો) ઉલ્લેખ હોઈ તેની રચના ઈ૰ સ૰ ૧૨૩૨ બાદની જ હોવી ઘટે : તો પછી પ્રસ્તુત જિનચન્દ્ર તે ખરતરગચ્છીય જિનચન્દ્રસૂરિ તૃતીય (આચાર્યપદ ઈ૰ સ૰ ૧૨૮૫, મૃત્યુ ઈ૰ સ૰ ૧૩૨૦) હોવાનો પૂરો સંભવ છે[૬]. એમની ઉપરકથિત પ્રાકૃત રચના ઈ૰ સ૰ ૧૩૦૪ના મુસ્લિમ આક્રમણ પૂર્વની હોવી ઘટે. આમ જિનચન્દ્ર રાજગચ્છીય પ્રભાચન્દ્રાચાર્યના લઘુવયસ્ક સમકાલિક આચાર્ય જણાય છે. પ્રસ્તુત જિનચન્દ્રસૂરિનું કાર્યક્ષેત્ર પ્રધાનતઃ રાજસ્થાન હતું, અને તેમણે જે લખ્યું છે તે પ્રભાચન્દ્રાચાર્યના કથનના આધારે લખ્યું હશે તેના કરતાં તે કાળે જ્ઞાત—સર્વસુવિદિત પારંપારિક તથ્ય—ના આશ્રયે, એવં સ્વગચ્છની પરંપરા અનુસાર, કહ્યું હશે તેમ કલ્પવું વધારે ઠીક જણાય છે. વિશેષમાં જિનચન્દ્રસૂરિના સમકાલિક નાગેન્દ્રગચ્છીય મેરુતુંગાચાર્યે પણ **પ્રબન્ધચિંતામણિ** (વિ૰ સં૰ ૧૩૬૧/ઈ૰ સ૰ ૧૩૦૫)માં (અન્ય અને વિશિષ્ટ સન્દર્ભમાં) તે જિનાલયને કુમારપાળ કારિત જ માન્યું છે[૭] : અને ત્યાં **પ્રભાવકચરિત**ના કથનથી વેગળો જ વિષય હોઈ તેનો આધાર પણ કર્ત્તાને જ્ઞાત આનુશ્રુતિક પરમ્પરા જ જણાય છે. બીજી વાત એ છે કે પ્રભાચન્દ્ર પણ જ્યારે (ઈ૰ સ૰ ૧૨૭૭માં) મંદિરના નિર્માતારૂપે કુમારપાળનું નામ આપે છે ત્યારે તેઓ તત્‌વિષય સમ્બદ્ધ પોતાના સમયમાં જે લેખિત તથા મૌખિક અનુશ્રુતિ જાણમાં હશે તેને આધારે લખતા હોવાનો સંભવ મોટો છે. આથી આવી માન્યતાની શરૂઆત તેમણે લખ્યું તે વર્ષમાં જ થઈ હોવાની (કે બહુ તો તેમનાથી થોડાંક જ વર્ષો પૂર્વે થઈ હોય) તેમ દૃઢપણે માનવાને કારણ નથી. વધુમાં વધુ તો એ જુદી જુદી શક્યતાઓમાંની એક હોઈ શકે; બીજી બાજુ પ્રબન્ધાદિ કર્ત્તાઓનું સન્દર્ભગત કથન નક્કર હકીકતની ભૂમિકા પર મંડાયેલું હોવાનો સંભવ પણ એટલો જ બલવત્તર છે. મંદિરની પ્રશસ્તિનો લેખ, જે મૂળે હશે જ, તે આજે ઉપલબ્ધ નથી; પરંતુ તેમણે લખ્યું છે તે અલ્લાઉદ્દીન ખિલજીના આક્રમણ અને વિધ્વંસ પૂર્વેની સ્થિતિ રજૂ કરતું હોઈ[૮], તેમના સમયમાં તો તે મોજૂદ હોવાનો પૂરો સંભવ છે, અને તે અભિલેખની સામે જઈ, મંદિર જો કુમારપાળનું બંધાવેલું ન હોય તો પણ ધરાર તેને નામે ચડાવી દેવાની ચેષ્ટા કે સાહસ તેઓ કરે નહીં. અહીં આગળ થનાર ચર્ચામાં આ વાત વિશેષ સ્પષ્ટ બની રહેશે.

૨. વિદ્વાન્ લેખકો આગળ ચાલતાં કહે છે : ''પરંતુ અજિતનાથના દેરાસરની પ્રમાણમાં સાદી જગતી તથા તેની કામદ પીઠની રચનામાં કંઈક આર્થિક સંકડામણના અંશો હોવાનું શિલ્પગ્રંથોને આધારે સમજાવતાં [sic] તેમ જ દેરાસરમાં સમકાલીન લેખનો અભાવ જોતાં સંશય પેદા થાય છે કે ઉપર્યુક્ત પરંપરા બરાબર છે કે કેમ[૯] ?''

**અવલોકન** :- અજિતનાથના મંદિરને જગતી તો સાવ સાદી, ઘાટડાં વગરની, અને નામ માત્રની કહેવાય[૧૦]. મંદિરની માંડણી વિશાળ ઉત્તાનપટ્ટ (ફરસબંધી) યુક્ત પ્રાંગણમાં થયેલી છે. તેની પીઠ, પ્રાસાદનાં જાતિ એવં માનાનુસાર, અષ્ટાંગ હોવી જોઈતી હતી પણ તેમ નથી તે હકીકત છે. વાસ્તુગ્રન્થ **અપરાજિતપૃચ્છા** (પ્રાયઃ ઈસ્વી ૧૧૭૦-૧૨૨૦)માં એવું વિધાન અવશ્ય અપાયેલું છે કે ઓછું ધન હોય તો પીઠમાં ગજ, અશ્વ, અને નરપીઠ સંભવી શકતાં નથી : યથા[૧૧] :

**गजाश्वनरपीठाद्यमल्पद्रव्ये न संभवेत् ।**

**-अपराजितपृच्छा** १२५.२२

તારંગાના આ મહામંદિરમાં સૌથી નીચે કરેલા 'ભિટ્ટત્રય' ઉપર જાડ્યકુમ્ભ, કર્ણાલિ, અંતરપટ્ટ, છાદ્યકી, અને ગ્રાસપટ્ટી કરેલાં છે, પણ પછી તેની ઉપર થવા ઘટે તે ગજપીઠ, અશ્વપીઠ, અને નરપીઠના ઘાટ કર્યા નથી. જો આ એક જ પાસા પર જોર દઈએ તો કહી શકાય કે કારાપકના ગજવામાં 'ઝાઝાં કાવડિયાં નહોતાં.' પરન્તુ બીજુ બાજુ જોઈએ તો પ્રાસાદ તો જબરજસ્ત છે, સાંધાર અને મેરુ જાતિનો છે :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભદ્રમાને લગભગ ૭૪ ફીટ અને ઊર્ધ્વમાને તેનું લગભગ ૧૩૦ ફીટ જેટલું વિશાળ અને ઉન્નત—પ્રભાસમાં કુમારપાળે ઈ. સ. ૧૧૬૯માં બંધાવેલા સોમનાથના કૈલાસમેરુ પ્રાસાદનું સમકક્ષ—કદ જોતાં, તેમ જ પ્રાસાદના તેમ જ ગૂઢમંડપના મંડોવરના યથાસ્થિત ઘાટડાંઓ, શોભનમંડિત બે ભિટ્ટો, રૂપમંડિત કુમ્ભાદિ એવં તલજંઘા અને ઊર્ધ્વજંઘા જેવાં પ્રતિમાયુક્ત સ્તરો (ચિત્ર ૧), તથા રથિકાયુક્ત શિખર પરની સૂક્ષ્મ કોરણી દર્શાવતી જાલક્રિયા (ચિત્ર-૨૩) જોતાં, તેમ જ ગૂઢમંડપની ભીંતો પરની કોરણી તેમ જ માતબર સંવરણા (ચિત્ર ૪)ને ધ્યાનમાં રાખતાં કારાપકને દ્રવ્યની ખોટ હોવાનું તો જરાયે જણાતું નથી. ગુજરાતના અસ્તિત્વમાન સોલંકીયુગીન મંદિરોમાં આજે તો આ સૌથી મોટું મંદિર છે. (લેખકો એમની યુક્તિની સામે જતા આ અનેક સ્પષ્ટરૂપે દૃશ્યમાન મુદ્દાઓનો ઉલ્લેખ કરતા નથી !)

અહીં પ્રાપ્ત થતી પરિસ્થિતિની તુલનારૂપે એક સમકાલીન દાખલો યાદ આવે છે. કુમારપાળના મન્ત્રી વાગ્ભટે શત્રુંજય પરના આદિનાથના જૂના મંદિરને કાઢી નાખી તેને સ્થાને પ્રાયઃ (બાવન) ફીટ પહોળો સાંધાર જાતિનો પ્રાસાદ ઈ. સ. ૧૧૫૫/૧૧૫૭માં કરાવેલો. તે પ્રાસાદનાં (અને તેના ગૂઢમંડપનાં) હાલ તો દબાયેલી) પીઠ તથા મંડોવરનો રૂપખચિત મોટો ભાગ હજી સાબૂત છે, અને ત્યાં પણ ગજાશ્વનરપીઠો છોડી દીધી છે. આ કારણસર મહત્તમ વાગ્ભટ્ટ પાસે પૂરતું દ્રવ્ય નહોતું તેમ તો કહી શકાય તેમ નથી : શત્રુંજયની તળેટીમાં તેમણે કુમારપાળના નામ પરથી 'કુમારપુર' નામક પ્રાકારયુક્ત વસાહત અને તેમાં રાજાના પિતાના નામ પરથી 'ત્રિભુવનપાલ વિહાર' બંધાવેલો; તે પછી ધોળકામાં પિતા ઉદયન મન્ત્રીના નામ પરથી ચતુર્વિંશતિ દેવકુલિકાયુક્ત વિશાળ 'ઉદયનવિહાર' બંધાવેલો[૧૨]. આ બધું કરાવનાર મન્ત્રી પાસે પૂરતાં પૈસા ન હોવાથી શત્રુંજય પરના સ્વકારિત મોટા મંદિરની પીઠ યથાર્થ ઘાટ-સ્તરોવાળી કરાવી શકેલ નહીં તેમ કહી શકાય ખરું ? ત્યાં, અને તારંગામાં—બન્ને પર્વતીય સ્થળો પર—પીઠની ઊંચાઈ અને સ્તરો ઘટાડવા પાછળ કોઈ અન્ય જ કારણ જણાય છે, જે અલબત્ત અન્વેષણીય છે. અને સ્થાપના-લેખની આજે અનુપસ્થિતિથી કુમારપાળે તારંગાનો મહાપ્રાસાદ બંધાવ્યો ન હોય તેવો સંશય ઊભો થતો જ નથી. બીજી બાજુ જોઈએ તો, શું દંડનાયક (કે મંત્રી) પ્રાસાદ બંધાવે તો ત્યાં એનો પ્રશસ્તિલેખ ન હોઈ શકે તેવો કોઈ નિયમ છે ? લેખ મોજૂદ નથી તો સાહિત્યિક પ્રમાણો તો છે જ !

૩. વિદ્વાનો હવે તેમના કથનના હાર્દની સમીપ આવતાં લખે છે : ''પ્રભાવકચરિતમાં નોંધાયેલી પરંપરા કુમારપાળના મરણ પછી આશરે એક સદી પછી પ્રચલિત થઈ હતી. એ વર્ષમાં [sic] પરંપરામાં ફેરફાર થવાની પૂરી શક્યતા છે એ વિચારને કુમારપાળ પ્રતિબોધના લેખક સોમપ્રભનું સમર્થન મળે છે. સોમપ્રભે કુમારપાળ પ્રતિબોધ વિ. સં. ૧૨૪૧ = ઈ. સ. ૧૧૮૫માં તૈયાર કરેલો હોઈ અજિતનાથનું દેરાસર જો કુમારપાળે બાંધ્યું હોય તો તેના અવસાન પછી અગિયાર વર્ષે તે રચાયો તેમાં સોમપ્રભે બીજી પરંપરા દર્શાવી છે[૧૩]." ત્યાં ''......દંડનાયક અભયદેવે અજિતનાથના દેરાસરને બંધાવ્યાનો સ્પષ્ટ ઉલ્લેખ છે. આ દંડનાયક અભયદેવની જસદેવના પુત્ર તરીકે નોંધ મળે છે. આમ કુમારપાલના જીવનની નજીકમાં લખાયેલા તેના પ્રતિબોધના જ આલેખનમાં આપેલી બીજી પરંપરામાં અજિતનાથના ચૈત્યની રચનાનું શ્રેય દંડનાયક અભયદેવને આપેલું.....''[૧૪] છે.

**અવલોકન** :- આમાં બે મુદ્દાઓ રહેલા છે અને બન્ને અંગે સ્પષ્ટતા થઈ જવી જરૂરી છે : એક તો એ કે સમ્બદ્ધકર્તા દંડનાયકનું અભિધાન લેખકો કહે છે તેમ ''અભયદેવ'' નહીં પણ ''અભયદ'' હતું[૧૫]. સોમપ્રભાચાર્યે તો ''અભય'' નામ એટલા માટે બતાવ્યું છે કે ''અભયદ'' (વા પ્રાકૃત રૂપે ''અભયડ'') લખવા જાય તો છન્દનો માત્રામેળ તૂટે તેમ હતું[૧૬]. પરંતુ મૂળ નામ ''અભયદ'' હતું તેમ માનવાને બે પરોક્ષ અને એક સીધું પ્રમાણ ઉપલબ્ધ છે. સં. ૧૩૦૫/ઈ. સ. ૧૨૪૯માં રચાયેલ **બૃહદ્દ્ખરતરગચ્છગુર્વાવલી**ના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂર્વાર્ધના કર્ત્તા જિનપાલોપાધ્યાયે સ્વગુરુ જિનપતિસૂરિ જ્યારે આશાપલ્લિ (કર્ણાવતી)માં આવ્યા ત્યારે ત્યાં ''દંડનાયક અભયદ''ની એક પ્રસંગના સંદર્ભમાં ઉપસ્થિતિ તથા તેણે ભજવેલ ભાગ વિષે જણાવ્યું છે[૧૭]; ત્યાં અલબત્ત તેમણે નામ ''અભયડ'' બતાવ્યું છે, પણ તે તો 'દ'ના પ્રાકૃત રૂપ'ડ'નો યથાતથ સ્વીકાર કરવાને લીધે છે. શ્રી લક્ષ્મણ ભોજકે પ્રસ્તુત અભયદના વંશજોનો એક ખંડિત સંસ્કૃત લેખ **નિર્ગ્રન્થ**ના પ્રથમ અંકમાં પ્રકાશિત કર્યો છે[૧૮] : તેમાં યશોદેવના (પુત્ર રૂપે) એક સ્થાને 'અભયદ મંત્રી', અને બીજે સ્થાને 'દંડનાયક' અભયદ', એમ સ્પષ્ટ રૂપે અભિધાન મળે છે[૧૯] જે ઉપલી વાતનું પૂર્ણતયા સમર્થન કરે છે. આ સિવાય ગિરનાર પરના કહેવાતા સંગ્રામ સોનીના મંદિરના મંડપમાં રહેલા નંદીશ્વરપટ્ટ પરના, શ્રીમાળી વસન્તપાલના સં૰ ૧૨૫૬/ઈ૰ સ૰ ૧૨૦૦ના લેખમાં પણ તેના પિતા રૂપે ''અભયદ'' એવું નામ આપ્યું છે[૨૦], જેનાથી ૧૨મા શતકમાં એ પ્રકારનું અભિધાન પ્રચલિત હોવાનું સ્પષ્ટતયા સૂચિત થાય છે.

તારંગાના મંદિરના કારપક દંડનાયક અભયદ (અભયદેવ નહીં) હતા કે સ્વયં કુમારપાળ તે વિષે, સોમપ્રભાચાર્ય **જિનધર્મપ્રતિબોધ**[૨૧]માં વસ્તુતયા શું કહેવા માગતા હતા તે વિષયમાં હવે જરા વિસ્તારથી જોઈએ. સોમપ્રભાચાર્યે ''આર્યખપુટાચાર્યકથા'' અંતર્ગત તારંગા વિષેની વાતમાં અજિતનાથના મંદિર સંબંધમાં રાજા કુમારપાળના મુખમાં નીચે મુજબના શબ્દો મૂક્યા છે[૨૧] :

तत्थ **ममाएसेणं अजिय जिणिंदस्य मंदिरं तुंगं ।**
**दंडाहिव अभयेणं जसदेवसुएण** निम्मिवियं ॥

અહીં ''અનુજ્ઞા'' (अण्णुणा) એટલે કે અનુમતિ, consent, જેવો શબ્દ નહોતાં ''આદેશ'' (आएस)—આજ્ઞા, હુકમ, command, order—શબ્દોનો પ્રયોગ થયો છે. દંડનાયક અભયદેવે મંદિરનું નિર્માણ જરૂર કરાવ્યું પણ સ્વકીય દ્રવ્ય-કાર્યણાદિથી નહીં, રાજાના 'આદેશ'થી, એટલે કે રાજા માટે જ કરાવેલું : અહીં આવો અર્થ જ અભિપ્રેત છે, તે વાત સોમપ્રભાચાર્યે કુમારપાળનાં નિર્માણો સંબંધમાં આપેલ એક અન્ય દૃષ્ટાન્તથી પૂર્ણપણે સિદ્ધ થઈ જાય છે : જેમ કે પાટણમાં રાજાના 'આદેશ'થી વાગ્ભટ્ટ મંત્રીએ વાયડ જ્ઞાતીય ગર્ગ શ્રેષ્ઠીના પુત્રોની દેખરેખ નીચે 'કુમારવિહાર' નામનું પાર્શ્વનાથ જિનનું ચતુર્વિંશતિ જિનાલય કરાવ્યું[૨૨]. આ કુમારવિહાર પર હેમચન્દ્રના પટ્ટશિષ્ય રામચન્દ્રે **કુમારવિહારશતક** કાવ્ય રચ્યું છે[૨૩]. સ્વયં હેમચન્દ્રે પાટણમાં કુમારપાળે પાર્શ્વનાથનું મંદિર કરાવ્યાનો ઉલ્લેખ **દ્વયાશ્રયકાવ્ય**માં કરેલો છે[૨૪], જે ઉપરકથિત કુમારવિહાર જ હોવાનું જણાય છે. આમ અહીં પણ आएस શબ્દ કુમારપાળનો રાજાદેશ અને એથી રાજકોશામાંથી ખર્ચાયેલ દ્રવ્યથી મંદિર બંધાયેલું એવા તથ્યનો દ્યોતક છે : પણ પ્રસ્તુત સંદર્ભમાં મહેતા-શેઠના સિદ્ધાન્તને માનીએ તો તે મંદિર કુમારપાળ કારિત નહીં પણ વાગ્ભટ્ટમંત્રીકર્તૃક (કે પછી ગર્ગ શ્રેષ્ઠીના પુત્રો કારિત) જ માનવું પડે; પણ ઉપરકથિત સમકાલીન લેખક હેમચન્દ્રે આપેલું પ્રમાણ એવી સ્થાપનાથી વિરુદ્ધ જાય છે. આથી આવી જ ઘટના તારંગાના મંદિર સંબંધમાં પણ બની તેમ માનવું સયુક્તિક છે. આખરે મેરુ જાતિનો પ્રાસાદ મોટા રાજાઓ સિવાય અન્ય કોઈ બંધાવતું નહીં તે હકીકત સિદ્ધરાજ કારિત સિદ્ધપુરના રુદ્રમહાલયથી અને કુમારપાળે નવ-નિર્માણ કરાવેલ પ્રભાસના સોમનાથના મંદિર (ઈ૰ સ૰ ૧૧૬૯)થી સિદ્ધ છે. અન્યત્ર પણ બહુ મોટાં મંદિરો રાજકારિત જ હોવાનું જ જાણમાં છે[૨૫]. જૈનોમાં શ્રેષ્ઠીઓ, ઠક્કુરો (જમીનદારો), મંત્રીઓ, મહામાત્યો, દંડનાયકો આદિમાંના ઘણાખરા ધનવાન અને વગદાર હતા, પણ તેમાંના કોઈએ પણ મોટા માનનો મેરુ જાતિનો પ્રાસાદ બંધાવ્યાની નોંધ હજી સુધી ક્યાંયથીયે પ્રાપ્ત નથી થઈ[૨૬].

૪. વિદ્વદ્પુંગવોનું આગળનું લખાણ જોતાં તેમાં ઇતિહાસવિષયને સ્પર્શતું એક નીચે પ્રમાણેનું વિધાન મળે છે. ''......અભયદેવ માટે બીજો કોઈ ઉલ્લેખ હોય તો તે તપાસતાં 'લઘુપ્રબંધ'માંથી કેટલીક સામગ્રી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાપ્ત થાય છે. લઘુપ્રબંધોમાં એક સહસ્રલિંગપ્રબંધ છે, તેમાં સિદ્ધરાજની સભાનું વર્ણન છે. આ વર્ણનમાં પ્રથમ સ્થાન સાન્તુ મન્ત્રીનું અને બીજું સ્થાન આભડ વસાહનું છે. આ પ્રબંધના સંપાદનમાં આભડ વસાહ દંડનાયક હોવાનું વિધાન થયું છે. તેથી આભડ દંડનાયક સિદ્ધરાજનો સમકાલીન હતો અને કુમારપાલના સમયમાં તેની સત્તા વધી હોવાના સંપાદકના વિધાનમાં શક્તિ છે. આભડ અને અભયદેવ એ બન્ને શબ્દો એક વ્યક્તિના સૂચક હોવાની માન્યતા સ્વીકારતાં, જૈન પરંપરા જુદી જુદી વહીઓ રાખનાર આભડ વસાહમાં આ દંડનાયકની પ્રવૃત્તિ સાચવતી દેખાય છે. આ બાબતે વધુ અન્વેષણને અવકાશ છે."..... [૨૭]

**અવલોકન** :- જ્ઞાત પ્રબન્ધોમાં તો 'આભડવસાહ'ને પાટણનો શ્રેષ્ઠી કહ્યો છે, દંડનાયક નહીં; અને તેના પિતાનું નામ ત્યાં 'જશદેવ' (યશોદેવ) ન હોતાં બીજું જ જોવા મળે છે. **પુરાતન-પ્રબન્ધ-સંગ્રહ** (પ્રત b, bA, p) (૧૫મી સદી મધ્યભાગ)ના "વસાહ આભડ પ્રબન્ધ"માં તેને અણહિલ્લપુરના 'શ્રેષ્ઠી નાગરાજ'નો પુત્ર કહ્યો છે[૨૮]. હર્ષપુરીયગચ્છના રાજશેખરસૂરિના **પ્રબન્ધકોશ** (ઈ○ સ○ ૧૩૪૯) અંતર્ગત "આભડપ્રબંધ"માં તેને અણહિલ્લપુરના શ્રીમાલવંશીય શ્રેષ્ઠી 'નૃપનાગ'નો પુત્ર કહ્યો છે[૨૯]. **જિનધર્મપ્રતિબોધ** (ઈ○ સ○ ૧૧૮૫)માં કુમારપાળે 'શ્રેષ્ઠી નેમિનાગ'ના પુત્ર અભયકુમારને ગરીબ જૈનો માટે પાટણમાં શરૂ કરેલા સત્રાગારની દેખરેખ માટે નિમણૂક કરેલી[૩૦] તે અભય પ્રસ્તુત આભડ જ લાગે છે. આ આભડ 'નેમિનાગ' વા 'નૃપનાગ' અપરનામે 'નાગરાજ'નો પુત્ર હતો, યશોદેવનો નહીં; અને તેને આ બધા, **લઘુપ્રબન્ધસંગ્રહ** (૧૫મી શતી)થી જૂના, ગ્રન્થોમાં ક્યાંય દંડનાયક કહ્યો નથી[૩૧]. આમ દંડનાયક અભયદ અને પાટણના આભડ વસાહની અનન્યતા સિદ્ધ થઈ શકે તેમ નથી. બન્ને સમકાલીન પણ ભિન્ન વ્યક્તિઓ હતી[૩૨].

**૫.** લેખક મહોદયો પોતે કરેલાં અર્થઘટન અને તેમાંથી નીપજતી કલ્પનાની માંડણી પર આગળ વધતાં આ પ્રમાણે લખે છે : ".....અભયદેવ દંડનાયક હતા, તેમણે અજિતનાથનું દેરાસર બાંધવાની બાબત શ્રીસંઘ તથા જૈનાચાર્યોની સાથે ચર્ચાવિચારણા કરીને તેમનો નિર્ણય અનુમતી (અનુમતિ) માટે કુમારપાલને મોકલીને તેમની આજ્ઞા મેળવીને કામ કર્યું લાગે છે. આ વ્યવહાર તત્કાલીન સમાજમાં જાણીતો હતો, એ બાબત ચંદ્રાવતીના દંડનાયક વિમલે ભીમદેવની આજ્ઞા વિમલવસહી માટે મેળવી હતી તે દૃષ્ટાંત સ્પષ્ટ કરે છે[૩૩]. "અજિતનાથના દેરાસરની સાદી જગતી, કામદ પીઠ જેવી રચનામાં કંઈક આર્થિક વ્યવસ્થા દેખાય છે+, તેથી દેરાસરના બાંધકામ માટે જરૂરી રાજાજ્ઞા મળી હતી, પરંતુ તેની અર્થવ્યવસ્થા અભયદેવ તથા શ્રીસંઘ દ્વારા થઈ હોવાનું અનુમાન પુષ્ટ થાય છે. વિમળશાહે આબૂ પર વિમળવસહી દંડનાયક તરીકે બાંધ્યું હતું તેમ અભયદેવે તારંગામાં અજિનાથનું દેરાસર બાંધ્યું"....[૩૪]

**અવલોકન** :- પાછળ જોઈ ગયા તેમ મંદિર તો રાજાનિર્મિત જ હતું, પણ તેનું નિર્માણ, એટલે કે પ્રસ્તુત સંદર્ભમાં અભયદ દંડનાયકે નિર્માણ કામની દેખરેખ માત્ર રાખેલી હશે તેમ જણાય છે. મંદિરની જગતી સાદી છે; અને જગતી ઉપરની ફરસબંધી લગભગ ૨૫૦ ફીટ × ૨૫૦ ફીટ જેટલા વિશાળ ક્ષેત્રમાં ફેલાયેલી છે તે કારણે એમ હશે ? પીઠમાં વિશેષ થરો લીધા નથી તે બાબત પર ઉપર ચર્ચા થઈ ચૂકી છે. મંદિરના નિર્માણ સંબંધમાં અભયદે આચાર્યો સાથે વિચારવિમર્શ કરેલો, કે સંઘ તરફથી આર્થિક સહાયતાદિ મળી હતી તેવી કલ્પના કરવા માટે તો કોઈ પણ સ્રોતમાંથી જરાપણ સૂચન મળતું નથી : मूलं नास्ति कुतः शाखा ? મંદિર બનાવવાનો આદેશ કુમારપાળનો પોતાનો હતો.

**૬.** મહાભાગ મહેતા તથા સહલેખક વિદ્વાન્નાં કેટલાંક અન્ય સન્દર્ભગત વિધાનો હવે તપાસીએ : ".....અભયદેવ જૈન ધર્મી હોવાથી તેના પ્રદેશને અજેય બનાવવાની જવાબદારી આવી પડે ત્યારે તેણે તીર્થંકરો પૈકી કોનો આશ્રય લેવો તે સ્વાભાવિક પ્રશ્ન ઊભો થાય. તીર્થંકરોની નામાવલી [,] તેમનાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માતાપિતા આદિનું અવલોકન કરતાં તેમાં અજિતનાથનું નામ મોખરે આવે. તેમના પિતા જિતશત્રુ, માતા વિજયા [,] જન્મસ્થાન અયોધ્યા જેવી તેમના જીવનની વિગતો આ માન્યતાને દૃઢ કરે એ સ્વાભાવિક છે. તદુપરાન્ત અભયદેવના નામના પ્રથમ અક્ષર 'અ' અને અજિતનાથના પ્રથમ અક્ષર વચ્ચે સુમેળ હોઈ જ્યોતિષની નજરે પણ તેમનો મેળ ખાય છે. આ સમગ્ર પરિસ્થિતિ અજિતનાથના દેરાસરની સ્થાપના માટેની પૂર્વ-ભૂમિકા પૂરી પાડે છે[૩૫]."

**અવલોકન** :- એ પંથકમાં અભયદ મન્ત્રી કેવળ રાજા વતી વહીવટ ચલાવનાર દંડનાયક રૂપે જ હતા, સામન્ત વા માંડલિક રાજા—મહામંડલેશ્વર—નહીં. એ પ્રદેશની રક્ષા માટે પોતે જૈન હોવાથી, અને પોતાના નામનો પ્રથમાક્ષર અ હોવાથી, દંડનાયક અભયદે અજિતનાથનું મંદિર બંધાવ્યું એવી પ્રમાણવિહીન કલ્પના અતિ સાહસની દ્યોતક છે. મંદિર રાજા કુમારપાળનું કરાવેલું હોઈ આવી કોઈ જ અટકળને ત્યાં અવકાશ નથી. છતાં વિદ્વાન્ લેખકોની વાત માની લઈએ તો પ્રશ્ન એ ઊભો થાય કે આબૂ-પર્વત પર વિમલમન્ત્રીએ પણ પોતે જ્યાં દંડનાયક હતા તે આબૂ પંથકની "સુરક્ષા" માટે અજિતનાથનું, અથવા પોતાના અભિધાનના પ્રથમાક્ષરને ધ્યાનમાં લેતાં "જિન વિમલનાથ"નું ન કરતાં આદિનાથનું મંદિર કેમ બંધાવ્યું ? સમગ્ર તર્ક પ્રમાણાધારિત ન હોઈ **પ્રભાવકચરિત**ના "હેમચન્દ્રસૂરિચરિત" અંતર્ગત તારંગાના મંદિર નિર્માણ સંબંધી જે ખુલાસો આપ્યો છે તે હાલ તો વિશેષ ભરોસો કરવા યોગ્ય જણાય છે. ત્યાં કહ્યા પ્રમાણે તો ચાહમાન અર્ણોરાજ પર કરેલા વિજયની સ્મૃતિમાં કુમારપાળે અજિતનાથનું મંદિર બંધાવવા પૂર્વે સંકલ્પ કરેલો તેનું સ્મરણ થઈ આવતાં સ્વગુરુ હેમચન્દ્રના સૂચનથી તારંગા પર પ્રસ્તુત જિનાલય બંધાવેલું[૩૬].

૭. એક અન્ય આડપેદાશ જેવો મુદ્દો પણ શોધપત્રકર્ત્તા વિદ્વાન્ લેખકોએ ઉપસ્થિત કર્યો છે, જેમાં તેમણે કુમારપાળના સમયમાં મહામાત્ય યશોધવલના માળવા-ઉદયપુરના સં૰ ૧૨૧૮/ઈ૰ સ૰ ૧૧૬૨ના અભિલેખનો આધાર લઈ દંડનાયક અભયદેવના પિતા "જસોદેવ" અને પ્રસ્તુત "યશોધવલ"ને એક ગણી કાઢ્યા છે; પણ તે સમીકરણ માટે કોઈ જ સાહિત્યિક યા અભિલેખીય પ્રમાણ ઉપસ્થિત કર્યું નથી[૩૭]. ઇતિહાસ સહી ન શકે તેવી કલ્પનાઓ કરવાથી શું લાભ ? આ સિવાય પણ પ્રસ્તુત લેખમાં કોઈ કોઈ નાના નાના ચર્ચાસ્પદ મુદ્દાઓ છે, જે ગૌણ હોઈ અહીં સમીક્ષામાં છોડી દીધા છે.

તારંગાના મંદિરના ગૂઢમંડપના કોઈ ગોખલા-ખત્તક-માં (કે પછી ગર્ભગૃહમાં પડખાની ભીંત સમાણી ?) મુકાઈ હશે તેવી એક આરસી પ્રતિમા (ચિત્ર ૫) હવે અહીં આખરી પ્રમાણરૂપે રજૂ કરીશું. અભિલેખ વગરની આ પ્રતિમા ઘોડેસવાર રાજપુરુષની છે : પરંતુ આ પ્રતિમા દંડનાયક અભયદની ન હોતાં સ્વયં રાજા કુમારપાળની હોવાનું જણાય છે : કેમકે તેમાં છત્રધર સાથે ચામરધારિણી વારાંગના પણ દર્શાવી છે. શૈલી પણ સ્પષ્ટતયા કુમારપાળના સમયની અને દેવાલયના નિર્માણની મિતિ, એટલે કે ઈસ્વીસન ૧૧૬૫ના અરસાની, છે[૩૮].

શોધકમુખ્ય મહેતા અને સહયોગી વિદ્વાન્ લેખકના આ અનોખી તર્કણા પર આધારિત વૈદુષ્યપૂર્ણ લેખ પાછળ શું ઉદ્દેશ હશે તે વિષે વિચારતાં એમ લાગે છે કે માધ્યમિક શાળા છોડી અને વિશ્વવિદ્યાલયના ઉંબરે ઊભેલા વિદ્યાર્થીઓને સમ્યગ્-શોધ અને શોધાભાસ વચ્ચે વ્યાવર્તક રેખા ક્યાં દોરવી તે દર્શાવવાનો હોય. જો એમ જ હોય તો તે હેતુ પૂર્ણતયા સફળ થયો માની શકાય. ગુજરાતના મધ્યકાલીન ઇતિહાસ અને કલા-સ્થાપત્યના ક્ષેત્રે કામ કરવા ઈચ્છતી આવનારી પેઢીઓ લેખકદ્વયના આ પ્રશસ્ય પુરુષાર્થ બદલ ચિરઃકાળ પર્યન્ત ઋણી રહેશે[૩૯].

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ટિપ્પણો :

૧. **સ્વાધ્યાય,** પુ૰ ૨૮, અંક ૩-૪, વડોદરા વિ૰ સં૰ ૨૦૪૭ (ઈ૰ સ૰ ૧૯૯૧), પૃ૰ ૧૩૭-૧૪૨.

૨. તેમાં મારા ધ્યાનમાં છે તે પ્રમાણે શેષ રહી જતા લેખકો અને તેમના લેખાદિની સૂચિ આ પ્રમાણે છે :

(૧) મુનિ કલ્યાણ વિજય, "શ્રી તારંગા તીર્થનું ઐતિહાસિક દર્શન," **શ્રી આત્માનંદ પ્રકાશ**, પુસ્તક ૧૮, અંક ૧, વીર ૨૪૪૬/ઈ૰ સ૰ ૧૯૧૯, ભાવનગર, પૃ૰ ૯-૨૩.

(૨) મોહનલાલ દલીચંદ દેશાઈ, **જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ,** મુંબઈ ૧૯૩૩, પૃ૰ ૨૬૩-૨૬૫, તથા ત્યાં "ચિત્ર પરિચય", પૃ૰ ૯૬, ૯૭.

(૩) Sarabhai Manilal Navab, *Jaina Tirthas in India and Their Architecture*, Ahmedabad 1944, pp. 47-48. and Figs. 175-171.

(૪) મુનિ ન્યાયવિજય, **જૈન તીર્થોનો ઇતિહાસ,** શ્રી ચારિત્ર સ્મારક ગ્રંથમાળા : પુષ્પ ૩૮મું, અમદાવાદ ૧૯૪૯, પૃ૰ ૧૯૨-૨૦૫.

(૫) અંબાલાલ પ્રેમચંદ શાહ, "તારંગા," **જૈન તીર્થ સર્વ સંગ્રહ,** ભાગ પહેલો (ખંડ પહેલો), અમદાવાદ ૧૯૫૩, પૃ૰ ૧૪૬-૧૫૨;

(૬) M. A. Dhaky, "The chronology of the solanki Temples of Gujarat," *Journal of the Madhya Pradesh Itihas Parishad*, No 3, Bhopal 1961, pp. 58-60.

(7) K. F. Sompura, "The Architectural Treatment of the Ajitnatha Temple at Taranga," *Vidya*, XIV, No. 2, Ahmedabad August 1971, pp. 5-99, અને ચિત્ર ૧-૪૩.

(૮) મનસુખલાલ સોમપુરા, "તારંગાનું અજિતનાથ જિનાલય," *Sambodhi, Vol. 3, No. 2-3*, Ahmedabad July-October 1974, પૃ૰ ૧-૨૦, ચિત્ર ૧-૧૫.

* કદાચ લેખકો અહીં મંદિરની ઠીક ઠીક રીતે "જળવાયેલી સ્થિતિ" (Well Preserved Condition) કહેવા માગતા હશે ?

૩. મહેતા / શેઠ, "અજિતનાથ૰," પૃ૰ ૧૩૭.

૪. એજન.

૫. **जैन स्तोत्र सन्दोह (प्राचीन-स्तोत्र-संग्रह),** प्रथम भाग, प्राचीन जैन साहित्योद्धार ग्रन्थावली, સં૰ સારાભાઈ મણિલાલ નવાબ, અમદાવાદ ૧૯૩૨, પૃ૰ ૩૭૭, પદ્ય ૨૨.

૬. એ કાળે અન્ય કોઈ જિનચન્દ્રસૂરિ થયાનું તો જાણમાં નથી.

૭. **प्रबन्धचिंतामणि**, સિંઘી ગ્રન્થ માલા, ગ્રન્થાંક ૧, સં૰ જિનવિજય મુનિ, શાંતિનિકેતન ૧૯૩૩, પૃ૰ ૯૬.

૮. તપાગચ્છીય મુનિસુન્દર સૂરિના "જિનરત્નકોશ" અન્તર્ગત તારંગા-સ્થિત અજિતનાથ જિન સમ્બદ્ધ (પ્રાયઃ ઈસ્વી ૧૪૨૫માં) રચાયેલા સ્તોત્રમાં પહેલાં બે પદ્યોમાં કુમારપાળ દ્વારા તારણદુર્ગના અજિતનાથનો ઉલ્લેખ છે; અને પદ્ય ક્રમાંક ૮-૧૧માં મ્લેચ્છો દ્વારા થયેલ ઉચ્છેદ તથા તપાગચ્છીય આચાર્ય સોમસુંદર સૂરિને હાથે થયેલ (નૂતન બિંબની) પ્રતિષ્ઠાનો ઉલ્લેખ છે. (જુઓ "श्रीजैनस्तोत्र संग्रह," દ્વિતીય ભાગ, આવૃત્તિ બીજી, શ્રી યશોવિજય જૈન ગ્રન્થમાલા [૯], વારાણસી વી૰ સં૰ ૨૪૩૯ (ઈ૰ સ૰ ૧૯૧૯), પૃ૰ ૭૭-૭૮.)

૯. મહેતા/શેઠ, પૃ૰ ૧૩૮. જુઓ ત્યાં '**ખૂટતા અંકોડા અને સંશય**'વાળી કંડિકામાં.

૧૦. આ અંગે વિગતવાર ઊહાપોહ મારા તારંગાના અજિતનાથ પ્રાસાદ પરના પુસ્તકમાં થનાર હોઈ અહીં વિશેષ કહેવા ધાર્યું નથી.

૧૧. જુઓ **अपराजितपृच्छा,** G. O. S. No. CXV, *ed.* P.A. Mankad, Baroda 1950, p. 313.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૨. આને લગતો ખંડિત મૂળ શિલાલેખ આ પૂર્વે પં. લાલચંદ ગાંધીના ગુજરાતી લેખમાં **જૈન સત્ય પ્રકાશ**માં, પ્રકાશિત થયેલો (હાલ પ્રસ્તુત અંક મારી સામે નથી.) ત્યાર બાદ કેટલાક વર્ષે તે દિનેશચન્દ્ર સરકાર તથા ડાઁ. મંજુલાલ મજમુદાર દ્વારા *Epigraphia Indica*માં છપાયો હોવાનું સ્મરણ છે. અહીંના સન્દર્ભમાં પ્રસ્તુત સ્રોતોનો વિશેષ ઉપયોગ ન હોઈ વિગતો આપવી જરૂરી માન્યું નથી.

૧૩. મહેતા/શેઠ પૃ. ૧૩૮ : જુઓ ત્યાં **'અન્વેષણ'** શીર્ષક હેઠળ અપાયેલી કંડિકામાં.

૧૪. એજન : જુઓ ત્યાં **'અન્યપરંપરા'** શીર્ષક નીચેની કંડિકામાં.

૧૫. અહીં આગળ ઉપર આ મુદ્દા પર સ-પ્રમાણ ચર્ચા કરેલી છે.

૧૬. જુઓ "આર્ય ખપુટાચાર્ય કથા," **कुमारपालप्रतिबोध**, G. O. S. No. 14, First Ed. Baroda, 1920, Reprint 1992, સં. મુનિરાજ જિનવિજય, પૃ. ૪૪૩.

૧૭. જુઓ **खरतरगच्छ-बृहद्गुर्वावलि**, સિંઘી જૈન ગ્રન્થમાલા, ગ્રન્થાંક ૪૨, સં. જિનવિજય મુનિ, મુંબઈ ૧૯૫૬, પૃ. ૩૯, ૪૦, ૪૨, ૪૩.

૧૮. જુઓ "ત્રણ પ્રકીર્ણ અભિલેખો," **નિર્ગ્રન્થ**, પ્રથમ અંક, અમદાવાદ ૧૯૯૫, પૃ. ૭૫-૭૭.

૧૯. એજન પૃ. ૭૬.

૨૦. મધુસૂદન ઢાંકી અને લક્ષ્મણ ભોજક, "ઉજ્જયન્તગિરિના પૂર્વ પ્રકાશિત અભિલેખો વિષે," *Aspects of Jainology*, Vol II, *Pandit Bechardas Commemoration Volume*, સં. M. A. Dhaky & Sagarmal Jain લેખાંક ૬, પૃ. ૧૯૬-૧૯૭.

૨૧. ગ્રન્થનું મૂળ અભિધાન આ જ છે, **कुमारपाल प्रतिबोध** નહીં. જિનવિજયજી પોતાના દૃષ્ટિકોણથી ગ્રન્થોના મૂળ શીર્ષક ક્યારેક બદલી નાખતા; જેમકે જિનપ્રભસૂરિના **कल्पप्रदीप**નું અભિધાન બદલી તેમણે **विविध तीर्थकल्प** કરેલું.

૨૨. જુઓ **कु. प्र.** પૃ. ૧૪૩-૧૪૪.

૨૩. આ **શતક** પ્રકાશિત તો થઈ ચૂક્યું છે પણ તે હાલ હાથવગું ન હોઈ અહીં પ્રકાશન સંબંધી વિગતો આપી શકતો નથી. હેમચન્દ્રાચાર્યના બીજા શિષ્ય વર્ધમાન સૂરિએ પણ **કુમારવિહારશતક** રચેલું પણ તેનું એક માત્ર અનેકાર્થી પદ્ય વૃત્તિ સહિત ઉપલબ્ધ છે. (જુઓ **अनेकार्थ साहित्य संग्रह** प्रथमो विभाग, સં. ચતુરવિજયમુનિ, અમદાવાદ ૧૯૩૫, પૃ ૧-૬૪.)

૨૪. आयुष्मांश्च **कुमारपाल** चिरमित्या शसितोत्राऽर्हतै-
**श्चैत्यं** स्फाटिक**पार्श्वबिम्बम**कृत स्वर्णेन्द्रनीलैर्नृपः ॥

-**द्व्याश्रयमहाकाव्य**, द्वितीयखण्ड, २०-९८.

(સાંચોર ૧૯૮૭, પૃ. ૬૩૭.)

૨૫. કલિંગદેશમાં રાજા ઉદ્યોતકેસરિએ નિર્માણ કરાવેલ ભુવનેશ્વરનું પ્રસિદ્ધ લિંગરાજ મંદિર (૧૧મી સદી ત્રીજું ચરણ), રાજા અનંગ ચોડ ભીમદેવે બંધાવેલ પુરીનું જગન્નાથ મંદિર (૧૨મી સદી પૂર્વાર્ધ), અને કોણાર્કનું નરસિંહદેવે બંધાવેલું જગતખ્યાત સૂર્યમંદિર (પ્રાયઃ ઈ. સ. ૧૨૫૦) બધા જ નિર્માતાઓ મહારાજાધિરાજ હતા. ખજુરાહોનું સૌથી મોટું મંદિર —કંદરિયા મહાદેવ—ચંદેલા રાજા વિદ્યાધરે ઈ. સ. ૧૦૨૫-૧૦૫૦ના અરસામાં કરાવેલું હોવાનો નિર્દેશ છે. તંજાવૂરનું જબ્બર બૃહદેશ્વર મંદિર ચોળ સમ્રાટ રાજરાજ દ્વારા ઈ. સ. ૧૦૧૦માં, અને ગંગાઈકોણ્ડચોળપુરમ્‌ના મહામંદિરનું એના પુત્ર રાજેન્દ્ર ચોળ દ્વારા (આ. ઈ. સ. ૧૦૨૫-૧૦૩૦)માં નિર્માણ થયેલું. ગુજરાતમાં પણ ઉપર કહ્યા તે સિવાય અન્ય પણ મેરુ પ્રાસાદો હતા; જેમકે કર્ણદેવનો પાટણમાં કરાવેલો 'કર્ણમેરુ' (પ્રાયઃ આ. ઈ. સ. ૧૦૭૦-૧૦૮૦), અને ત્યાંનો સિદ્ધરાજ કારિત "સિદ્ધમેરુ" પ્રાસાદ, જે બન્ને આજે તો કાળના ગર્ભમાં વિલીન થઈ ગયા છે.

૨૬. આ એક નક્કર હકીકત છે. આનું સમર્થન કુમારપાળનાં અન્તિમ વર્ષોમાં, કે પછી દ્વિતીય ભીમદેવની પ્રારંભિક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કારકિર્દીના અરસામાં રચાયેલા વાસ્તુગ્રન્થ **અપરાજિતપૃચ્છા**માં મળે છે. ત્યાં વૈશ્ય, ક્ષત્રિય, અને બ્રાહ્મણ જો રાજા ન હોય તો તેને મેરુ જાતિનો પ્રાસાદ બાંધવાનો નિષેધ કરેલો છે. યથા :

वैश्येनाऽपि यदा मेरुर्विना राज्ञा प्रकार्यते ।
विभ्रमस्तत्र राष्ट्रेषु दुःस्थिता भ्रमति प्रजा ॥६॥

क्षत्रियोऽपि विना राज्ञो यदि मेरुं च कारयेत् ।
तस्करोपद्रुता लोकास्तत्र राष्ट्रेषु नित्यशः ॥७॥

विप्रोपि कारयेन्मेरुं विना राज्ञो धनेश्वरः ।
परस्परं प्रजाकोपो भवति ग्रामदुःस्थितिः ॥८॥

**–अपराजितपृच्छा** ૧૮૩.૬-૮ (પૃ૦ ૪૭૩)

આ સૂત્રો લક્ષમાં લેતા વૈશ્ય દણ્ડનાયક અભયદ કેવી રીતે મેરુપ્રસાદ બંધાવી શકે ? વાત એટલેથી પતતી નથી. **અ૦ પૃ૦**માં વિશેષમાં એમ પણ કહેલું છે કે રાજેન્દ્રો (એટલે કે મોટા મહારાજાધિરાજો, સમ્રાટો આદિ) જ મેરુ પ્રાસાદ કરાવી શકે. અન્ય રાજાઓ મેરુમાનથી અર્ધા માનનો કરાવે; અને તેના અર્ધામાને અને અર્ધા અંડકવાળા (રાજપદથી વિભૂષિત ન હોય તેવા) અન્ય વર્ણના લોકો કરાવે તેવી આજ્ઞા કરેલી છે. યથા :

राजेन्द्रैर्यः कृतः पूर्वं महामेरुर्महोदयः ।
ततो हीनश्च कर्तव्यः शेषवर्णैस्तथैव च ॥१७॥

अधस्तान्मेरुतः कार्यः प्रासादोऽन्यश्च राजभिः ।
ततो हीनोऽन्यवर्णैश्च ह्यण्डकैर्हस्तकैस्तथा ॥१८॥

**–अपराजितपृच्छा** ૧૮૩. ૧૭-૧૮ (પૃ૦ ૪૭૩)

આ સૂત્રોના પ્રકાશમાં તો સ્પષ્ટ જ છે કે તારંગાનો પ્રાયઃ ૪૦૩ અંડકનો અને ૮૦ જેટલાં તિલકો ધરાવતો મોટા માનનો મેરુ પ્રાસાદ સમ્રાટ કુમારપાળનો જ કરાવેલો હોય, દંડનાયક અભયદે નહીં.

૨૭. મહેતા / શેઠ પૃ૦ ૧૩૮-૧૩૯ : જુઓ ત્યાં **'અભયદેવ'** વાળી કંડિકા નીચે.

૨૮. **પુરાતન પ્રબન્ધ સંગ્રહ,** સિંઘી જૈન ગ્રન્થમાળા ગ્રન્થાંક ૨, સં૦ જિનવિજય મુનિ, કલકત્તા ૧૯૩૬, પૃ૦ ૩૩.

૨૯. **પ્રબન્ધકોશ,** સિંઘી જૈન ગ્રન્થમાળા, ગ્રન્થાંક ૬, સં૦ જિનવિજય, શાન્તિનિકેતન ૧૯૩૫, પૃ૦ ૯૭.

૩૦. જુઓ **કુ૦ પ્ર૦** પૃ૦ ૨૧૯, ૨૨૦.

૩૧. મહેતા / શેઠ સામે આ વિષયમાં આમ કથન કરવા માટે કોઈ અન્ય ગ્રન્થ આધારરૂપે રહ્યો હશે ?

૩૨. સંપાદક ઠાકર દ્વારા જે વિધાનો થયેલાં છે તે આ પ્રમાણે છે : એમના **લઘુપ્રબંધસંગ્રહ**માં ''સહસ્રલિંગતટાક પ્રબન્ધ''માં પહેલી વાત તો એ છે કે રાજા જયસિંહદેવ સિદ્ધરાજની પરામર્શમંડલીમાં (કે સભામાં ઉપસ્થિત) બેઠેલ આઠ વ્યક્તિઓમાં શાન્તુ મન્ત્રી પછી ક્રમમાં બીજે 'આભડવસાહ' હતો, દંડનાયક અભયદ નહીં. અને ઠાકરે અન્યત્ર ''વસાહ એટલે વ્યાપારી'' એવો અર્થ કરેલો છે. (જુઓ એમનું **મંજુલ વિમર્ષ,** સયાજી સાહિત્યમાળા, વડોદરા ૧૯૯૧, પૃ૦ ૩૬૯ : અને મહેતા / શેઠે જેનો એમની પાદટીપમાં હવાલો આપ્યો તે પૃ૦ ૭૧૮ કે ૭૨૩ પર તો આ વિષયમાં ખાસ કોઈ સૂચન જ નથી; અને **લઘુપ્રબન્ધસંગ્રહ**માં પણ આવું કંઈ જ કહ્યું નથી. સંપાદકનું તો ત્યાં આ પ્રકારે વિધાન મળે છે : "ABHADA VASAHA was a generous merchant to whom are devoted separate *prabandhas* in such prominent works as PC, PK, and PPS. he seems, however, to have come into prominence during Kumārapāla's reign." (LPS, Baroda 1970, p.101.) અને ત્યાં સંપાદકે હવાલો આપેલા ત્રણે પ્રબન્ધગ્રન્થો પાટણના આભડ વસાહ સંબંધમાં છે, દંડનાયક અભયદના વિષયમાં નહીં. કુમારપાળના સમયમાં, અને તેના અનુગામી અજયપાળના સમયમાં પણ, આભડ પાટણના અગ્રગણ્ય શ્રેષ્ઠી રૂપે જ પ્રબન્ધોમાં દેખા દે છે. કુમારપાળ પછી ગાદી કોને આપવી તેની મંત્રણામાં તેણે અજયપાળનો પક્ષ લીધેલો, જે કારણે તેના અજયપાળ સાથેના સંબંધો સારા રહ્યા હોવાનું જણાય છે. કુમારપાળ (અને તેના માનીતા મંત્રીઓ, જેઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



૧. તારંગા, અજિતનાથ ચૈત્ય, પ્રાસાદ. પશ્ચિમ તરફનાં કોરણીયુક્ત પીઠ અને મંડોવરનું દર્શન.
પ્રાયઃ ઈ૦ સ૦ ૧૧૬૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



૨. તારંગા, અજિતનાથ ચૈત્ય, જાલયુક્ત શિખર. દક્ષિણ દિશા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



૩. તારંગા, અજિતનાથ ચૈત્ય, શિખરની સૂક્ષ્મ જાલક્રિયા. પશ્ચિમ બાજુ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org





૪. તારંગા, અજિતનાથ ચૈત્ય, ગૂઢ મંડપની ઘંટાયુક્ત સંવરણા અને પ્રાસાદનું શિખર.

૫. તારંગા, અજિતનાથ ચૈત્ય, સંભવત: રાજર્ષિ કુમારપાળની અશ્વારૂઢ પ્રતિમા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અજયપાળની વિરુદ્ધમાં રહેલા હોઈ તેમના) દ્વારા રચાયેલ કેટલાક પ્રાસાદો અજયપાળે તોડી પડાવેલ; તેમાંથી કુમારપાલ વિનિર્મિત તારંગાના અજિતનાથ પ્રાસાદને આભડે યુક્તિપૂર્વક ઉગારી લીધેલો તેવી અનુશ્રુતિ **प्र० चिं०** અને તે પછીના અન્ય કેટલાક પ્રબન્ધોમાં પણ નોંધાયેલી છે.

નેમિનાગપુત્ર આભડ વસાહ અને યશોદેવપુત્ર દંડનાયક અભયદ જુદી જ વ્યક્તિઓ હોવાનું આમ ચારે તરફથી મળતાં પ્રમાણોથી તદ્દન સ્પષ્ટ થાય છે. પ્રબન્ધોનાં આ અસંદિગ્ધ સાક્ષ્યો જોતાં વિદ્વદ્દપુંગવ મહેતા અને સહયોગી વિદ્વાન્ કનુભાઈ શેઠે એ બન્નેને શા માટે એક કરી દીધા છે તે સમજવામાં આવી શકે તેમ નથી.

૩૩. મહેતા / શેઠ પૃ૦ ૧૪૧. જુઓ ત્યાં '**તારણ માટે અજિતનાથ**'વાળી કંડિકા.

\+ આ વાક્યનો અર્થ શું કરવો !

૩૪. એજન.

૩૫. એજન.

૩૬. જુઓ "હેમચન્દ્રસૂરિચરિત," **प्रभावकचरित**, સિંઘી જૈન ગ્રન્થમાલા, ગ્રન્થાંક ૧૩, સં૦ જિનવિજય મુનિ, અમદાવાદ-કલકત્તા ૧૯૪૦, પૃ૦ ૨૦૭.

૩૭. જુઓ મહેતા / શેઠ '**જસદેવ**' નીચે, પૃ૦ ૧૩૯. લેખકોએ તો ત્યાં મહામાત્ય યશોધવલના પુત્ર યશોદેવને દંડનાયક અભયદનો ભાઈ પણ બનાવી દીધો છે !

૩૮. તારંગાચૈત્યની રચના **મિતિ** માટે જુઓ "વીરવંશાવલી," કંડિકા ૭૬, **विविधगच्छीय पट्टावली संग्रह** [પ્રથમ ભાગ], સિંઘી જૈન ગ્રન્થમાલા, ગ્રન્થાંક ૫૩, પૃ૦ ૧૯૯. આ રચના જોકે પ્રાયઃ સં૦ ૧૮૦૬/ઈ૦ સ૦ ૧૭૫૦ જેટલા મોડા સમયની છે, પણ કર્તા સમક્ષ કેટલાંક જૂનાં ચોક્કસ સાધનો હતાં, જેને આધારે આજે વધારે જૂના પ્રબન્ધાદિમાં નહીં જોવા મળતી કેટલીક કામની ઐતિહાસિક હકીકતો પણ ત્યાં પ્રાપ્ત થાય છે : જેમકે સં૦ ૧૩૬૩/ઈ૦ સ૦ ૧૩૦૭માં સિદ્ધપુરમાં સિદ્ધરાજ કારિત રુદ્રમહાલયનો ભંગ થયેલો તેવી હકીકત ત્યાં નોંધાયેલી છે : (એજન, પૃ૦ ૨૧૦).

સંદર્ભગત પ્રતિમા રાજાની જ હોઈ શકે તેવાં કેટલાંક તુલનાત્મક પ્રમાણો છે. કર્ણાટકમાં ચાલુક્યરાજ સોમેશ્વર પ્રથમના મૃત્યુ બાદ તેના સ્મરણમાં કુરુવત્તિના, પ્રાયઃ ઈ૦ સ૦ ૧૦૭૨-૧૦૭૫ના અરસામાં પૂર્ણ થયેલા, પ્રાસાદના મંડપમાં રાજા સોમેશ્વરની પ્રતિમા મૂકેલી છે જેમાં પણ ચામરાદિ રાજચિહ્નો છે. આ સિવાય હેમચન્દ્ર (યા સોમપ્રભાચાર્ય ?) ના કુમારપાળની દિનચર્યામાં ચામર ઢોળતી વારાંગનાઓનો ઉલ્લેખ હોવાનું સ્મરણ છે. ખજુરાહોના એક લેખમાં પણ વારવધૂઓથી વીંટળાયેલા રાજાનો ઉલ્લેખ વાંચ્યો હોવાની સ્મૃતિ છે. પણ આ તમામ ચોક્કસ સન્દર્ભો મૂળ સાધનો જોયા બાદ જ લખી શકાય. સમયાભાવે તે ખોળી શક્યો નથી.

૩૯. વિદ્વદ્વર્ય મહેતા દ્વારા એમની આ આગવી પદ્ધતિ અનુસાર સમય સમય પર આવા મનનીય, પઠનીય, અને ઉપયુક્ત લેખો પ્રકટ થતા રહ્યા છે.

## પરિશિષ્ટ

લેખ "કોમ્પઝ" થઈ પ્રાયઃ આખરી પ્રૂફસ જોવાઈ ગયા બાદ ડા૦ મહેતાના અવસાનના દુઃખદ સમાચાર મળ્યા. તેઓ આજે વિદ્યમાન હોત તો સાંપ્રત લેખના નિષ્કર્ષો (તેના વિનોદ એવં વ્યંગ્ય સમેત સસ્મિત) સ્વીકાર્યા હોત.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વિજયમાનસૂરિકૃત પટ્ટક

મુનિ મહાબોધિવિજય

**ભૂમિકા :**

વિક્રમના ૧૮મા સૈકામાં તૈયાર થયેલ પ્રસ્તુત પટ્ટક તર્કસમ્રાટ પૂ૰ પં૰ શ્રી જયસુંદર વિ૰ મહારાજના સંગ્રહમાંથી પ્રાપ્ત થયેલ છે. આચાર્ય વિજયમાનસૂરિ મહારાજની આજ્ઞાથી શ્રી લાવણ્યવિજયગણિએ સં૰ ૧૭૪૪ / ઈ૰ સ૰ ૧૬૮૮માં આ પટ્ટક લખ્યો છે. આનું બીજું નામ સામાચારી-જલ્પ-પટ્ટક છે. પ્રતિને અંતે 'ए अट्ठावीस' એમ લખેલું છે. ગણના કરતાં કુલ ૨૬ બોલ થાય છે.

ખાસ કરીને ગચ્છમાં વધી જતી શિથિલતાને નિવારવા અથવા ગચ્છમાં અનુશાસનને વધુ મજબૂત બનાવવા પટ્ટક તૈયાર કરવામાં આવે છે. વિક્રમના ૧૩મા સૈકાથી આવા પટ્ટકો બનાવાયા હોય તેવું જણાય છે.

પ્રસ્તુત પટ્ટકના પ્રત્યેક બોલમાં આગમો, પૂર્વાચાર્યો રચિત પ્રકરણો તેમ જ કેટલાક પટ્ટકોની સાક્ષી આપી છે. શ્રુતવ્યવહાર અને જિતવ્યવહારને પણ ઠેર ઠેર પ્રધાનતા આપી છે.

અહીં સાક્ષી તરીકે આપેલા તમામ જલ્પો પ્રાયઃ અપ્રગટ છે. જગદ્ગુરુ શ્રી હીરવિજયસૂરિ મહારાજે દ્વાદશજલ્પની રચના કરી છે તે પ્રસિદ્ધ છે, પ્રગટ છે. પરંતુ તે શ્રી વિજયદાનસૂરિકૃત પ્રસાદીકૃત ૭ બોલના અર્થના વિસંવાદ ટાળવા માટે રચાયેલ છે. અહીં જે ક્રમાંક ૧૪ અને ૨૦માં શ્રી હીરવિજયસૂરિ પ્રસાદિત સામાચારી જલ્પનો ઉલ્લેખ થયો છે તે દ્વાદશજલ્પથી ભિન્ન સમજવાનો છે. અલબત્ત, આ જલ્પ વર્તમાનમાં પ્રાપ્ત થયો નથી. પરંતુ તેવો એક જલ્પ રચાયો છે તે નક્કી છે. શ્રી વિજયદેવસૂરિ મહારાજે વિ૰ સં૰ ૧૬૭૨ વર્ષે અષાઢ સુદ બીજના દિવસે પાટણ નગરમાં આદેશ કરેલ પટ્ટકમાંથી આ વાત છતી થાય છે.

'भट्टा॰ श्रीहीरविजयसूरीश्वर इ जे बारबोल प्रसाद कर्या तथा भट्टा॰ श्री विजयसेनसूरीश्वरइं प्रसाद कर्या जे सात बोल **तथा भट्टारक श्रीहीरविजयसूरि** तथा भट्टा॰ श्रीविजयसेनसूरीश्वरइं **बीजाइ जे बोल प्रसाद कर्या** ते तिमज कहवा पणि कोणइ विपरित न कहवा, जे विपरित कहस्यइ तेहनइ आकरो ठबको देवरास्यइ ।२।'

પ્રસ્તુત પટ્ટક જૂની ગુજરાતીમાં છે. ક્રમાંક નવમાં આપેલો વૃદ્ધવાદ ખાસ ધ્યાન ખેંચે તેવો છે. 'છ માસ ઉપરાંત આચાર્ય શૂન્ય ગચ્છની મર્યાદા અપ્રમાણ થાય એહવો વૃદ્ધવાદ સંભલાઈ છે.'

આ સિવાય પણ અન્ય અનેક સામાચારીઓની વાતો આ પટ્ટકમાં છે, જે ધ્યાનથી પઠનીય છે. આચાર્યવિજયમાનસૂરિની ગુરુપરંપરા-શિષ્યપરંપરાનો ઉલ્લેખ મળતો નથી. તેથી એ અંગે વિશેષ પ્રકાશ પાડી શકાયો નથી.

શ્રી વિજયમાનસૂરિ પટ્ટક<br>
સં૰ ૧૭૪૪. કાર્તિક સુદ-૧૦<br>
પૂ૰ મહાબોધિવિજયજી મ૰ સા૰

ॐ ॥ संवत् १७४४ वर्षे कार्तिक सुदि १० शुक्रोभश्री **विजयमानसू**रिनिर्देशात् ।उ। श्री **लावण्यविजयगणिभिः** सामाचारी जल्पपट्टको लिख्यते ।

सुविहितसमवाययोग्यं ॥ श्रुतजीत व्यवहारनें अनुसारिं तपागच्छनी सामाचारी सन्मार्ग छे । जे मार्टि **वशेषावश्यक पन्नवजी प्रश्नोत्तरसमुच्चय छत्रीसजल्पा**दिकनें अनुसारिं आज सुधी तपागछमाहि श्रुतजीतव्यवहारविरुद्ध प्ररूपणा नथी प्रवर्त्ती । अनें कोइइं विरुद्ध प्ररूपणा करी विचारिं तेहनें ते समवायना

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आचार्योपाध्यायादिक गीतार्थ मिला सर्वसुविहित संमति उत्सूत्र प्ररूपणा दोष निवारिओ ते समंध प्रसिद्ध छें माटि तपागछ सुविहित सद्देहेवो ॥१॥

तथा **गछाचारवृत्ति निशीथचूर्णिकल्पभाष्या**दिकनें अनुसारि जघन्यथी **निशीथ**पर्यन्त शास्त्रना कोविद थइ मायामृषावाद छाडी निःशल्यपणें प्रवचनमार्ग कहे ते माटि तपागच्छनी वर्त्तमानपदस्थ गीतार्थ पिण सुविहित सद्देहवो ॥२॥

तथा **कल्पभाष्य उत्तराध्ययन ठाणांग दशवैकालिक उपदेशमाला पंचाशका**दिकने अनुसारि सुविहितपदस्थनी आज्ञा लोपी गच्छथी जुदा थइ स्वेच्छाइं टोली करी प्रवर्त्ते अने सुविहितगच्छनां गीतार्थ उपरि मत्सर राखे, लोक आगि छता अछता दोष देखाडें एहवा पूर्वोक्तश्रुतें ररित द्रव्यलिंगी ते मार्गानुसारी न कहिइ तो गीतार्थ किम सद्दहिइ ॥३॥

तथा **ठाणांग उत्तराध्ययना**दिकश्रुतव्यवहार श्री **आणंदविमलसूरि**प्रसादित**सामाचारीजल्पादि**कजीत व्यवहारनें अनुसारि सुविहितगच्छने सहवासे वर्त्तमानगच्छनायकनी आज्ञाइं योग वही—**दिगबंध** प्रवर्त्तिते प्रमाण ॥४॥

तथा **निशीथनंदिचूर्णि आवश्यक निर्युक्ति** अनुसारि ऋद्धिगारवनें वशि तथाविध पदस्थगीतार्थनी आज्ञा लोपी पूर्वोक्तविधि विना योग वही सभा समक्ष **आचारांगादि**क वांचे ते अरिहंतादिकनो द्वादशांगीनो प्रत्यनीक यथाछंदो कहिइं जे माटि तीर्थंकर अदत्त गुरुअदत्तादिकनो दोष घणां संभवे छे ॥५॥

श्रुतव्यवहारइं पूर्वोक्त जीतव्यवहारइं वर्त्तमान गच्छनायकनी आज्ञा विना गीतार्थे पिण भव्यनें दीक्षा न देवी । कदाचित् गछाचार्य देशांतरइं होइ तो वेषपालटो करावी चार अनी तुलना कराववा पिण योगपूर्वक सिद्धान्त न भणाववो ॥६॥

तथा **आचारदिनकर प्रश्नोत्तरसमुच्चया**दि कनइं अनुसारि **हैमव्याकरण द्व्याश्रयादिक**साहित्य **उत्तराध्ययना**दिसिद्धान्त भणाववा असमर्थ एहवा पन्यास गणेश बे उपरांत शिष्य निश्राइं न राखइं आचार्य पिण अधिकनी आज्ञा नापें । तपागछमांहि आचार्यनीज दीक्षा होइं अने सुविहित गछांतरें आचार्यादिक पू माहि एकनी दीक्षा होइ । श्रुतव्यवहारि तो गीतार्थने ज दीक्षानी अनुज्ञा छै ॥७॥

तथा **श्री सोमसुंदर**प्रसादित जल्पनें अनुसारि तथा **महानिशीथ आचारांगादि**कनें अनुसारि अगीतार्थसंयतविशेष गुणवंतगछने अयोगि शिथलसुविहितगछनी आज्ञादि स्वेछाइं प्रवर्त्ते ते सामाचारीना प्रत्यनीक जाणिवा ॥८॥

**उपदेशमालादशाश्रुतस्कंध निशीथभाष्य ज्ञाता**दिकनें अनुसारिं गुरुनी आज्ञाइं चोमासुं रहे विहारादिक करे अन्यथा सामाचारी माथा सूनीमाटि गुरु अदत्तादिक दोष संभवे जे माटिं **व्यवहारभाष्या**दिकने अनुसारिं स्वेदेशानुगतवाणिज्यादिककर्म साक्षिराजानी परिपंचाचारनो साक्षि सदाचार्य छइं । अत एव **छ मास उपरांत आचार्यशून्यगछनी मर्यादा अप्रमाण थाय एहवो वृद्धवाद संभलाइ** छे ॥९॥

**कल्पभाष्य दशवैकालिक भगवती पंचाशक गछाचारपइन्ना**दिकने अनुसारि स्वतःपरतः शुद्ध प्ररूपक ते सद्गुरु जाणिवो ॥१०॥

**आवश्यकनिर्युक्ति**नें अनुसारिं सुविहित वृद्ध गीतार्थने योगिं पाक्खी चोमासी संवत्सरीखामणां करवांज । अन्यथा सामान्य शुद्धि न थाइं पडिकमणुं पिण अप्रमाण थाइं । जे माटि **व्यवहार सूत्रा**दिकनें अनुसारि आचार्यादिकने अयोगि स्थापनाचार्य आगलि आलोचना प्रमाण होइ ॥११॥

**अष्टकवृत्ति विशेषावश्यकभाष्या**दिकने अनुसारिं वर्त्तमान पंचाचार्यमांहि थापनाचार्यनइ विषइं मुख्यवृत्ति गछाचार्यनी स्थापना संभविइ छइ पछे गीतार्थ कहे ते प्रमाण ॥१२॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**श्री सोमसुंदरसूरि** प्रसादित **सामाचारी कुलकने** अनुसारि तपागछीयसुविहितसाधुइ ४६ नियम गीतार्थ शाखि पडवजवा ॥१३॥

श्रुत-व्यवहारइं जीतव्यवहारइ लिहा पासि संयतें उत्सर्गथी **पुस्तक** लिखाववुं **नहीं** ! कारणें लिखावें तो **श्री सोमसुंदरसूरि श्री हीरविजय**प्रसादितजल्पनें अनुसारि ५०० अथवा १००० गाथा लगइं गुरुआदिक आज्ञाइं अन्यथा गुरुगच्छनिश्रित थाइं ते पुस्तक गुर्वादिकनी आज्ञा विना वांचवुं भणवुं न कल्पे ॥१४॥

श्रुत-जीतऽगीतार्थसंयत पुस्तक क्रय विक्रें न ल्यें कारणि लेवुं पडे तो गुरुनी आज्ञाइं गृहस्थ पासि लेवरावइ ॥१५॥

तथा श्रुतव्य० गुरुनी आज्ञा विना ऽगीतार्थ अपवाद सेवे नहीं ॥१६॥

जीतकल्पादिकनइं अनुसारि ऋण आपी विशुद्ध न थाइं तिहां सूधी देवाधिद्रव्यभक्षक साथि— आहारादिकपरिचय धर्मार्थी साधुइं श्रावकें न करवो । अनें ते दोषनी विपरीत (था) पना न करवी ॥१७॥

**आवश्यकभाष्या**दिकनें अनुसारि पोतानी टेलीना गृहस्थोने—आवर्जवानिमित्ते पूर्वोक्त दोष सेवी जे गीतार्थशाखि आलोयणा न ल्ये आप सुद्ध परूपक करी माने ते भूमीगतमिथ्यात्वी जाणिवा । तेहनुं उ—दर्शन न करवु ॥१८॥

**उपदेशमाला सुगडांगवृत्ति छत्रीसजल्प** तथा **उ० श्री यशोविजयग० प्रसादित श्रद्धानजल्पनें** अनुसारि मत्सरि सुविहितगछनी आज्ञा निरपक्ष्यथका सुद्ध सामाचारी विघटावी जे इहलोकानुरोधि अज्ञानकष्ट करी ते मायामृषावादी सद्देहवा ॥१९॥

तथा **श्री हीरप्रसादितसामाचारीजल्पा**नुसारि नगरनी निश्राइं २ मासकल्प उपरांत गुरुनी आज्ञा विना रहेवुं न कल्पे ॥ **कल्पभाष्य** श्री **जगच्चन्द्रसूरि** प्रसादित**सामाचारिजल्पा**नुसारि लोक आगलि सुविहितगछनां गुण ढांकी दोष प्रकासी लोकने व्युद्ग्रहसहित करी वंदनपूजनादिकव्यवहार टलावे ते शासनोच्छेदक सद्देहवा ॥२०॥

**निशीथचूर्ण्या**दिकने अनुसारि अगीतार्थ साधु गुरुनी आज्ञा विना नित्य वखाण करे नि:शूक थइ गृहस्थ आगि सिद्धांत वांचे ते संयम श्रेणि बाह्य पासत्था जाणवा ॥२१

**आवश्यकनिर्युक्ति, दशवै. दशाश्रुतस्कंधा**कने अनुसारि सांभोगिक पदस्थनें योगिं निमंत्रणा विना जे नित्यें आहारादिक करे तेहनां नोकारसी प्रमुख पच्चक्खाण तथा महाव्रतलोपाइ गुरु अदत्ताहारादिकमाटि ॥२२

सामाचारीग्रंथाने अनुसारि गणेश साधुइं गुरुनी आज्ञा विना उपधान वहेरावे नहीं व्रतोच्चार करावे नहीं माल पहेरावें नहीं वांदणां देवरावे नहीं पोसहप्रमुखना आदेश नापे । स्वेछाइः एतला वानां करावे ते गीतार्थनो प्रत्यनीक थाइ गुरुनी भक्तिभंगाशाताना संभवे माटि बीजुं एह विधि पिण गीतार्थगम्य छे । **पंचाशक**ने अनुसारि एहवा माईमृषावादीनें साधु सुद्धपरूपक सद्दहीं विनयादिक करे तेहने पिण माठां फल संभवे ॥२३॥

पंचांगीने अनुसारि खोटां आलंबन लेइ कदाग्रहथी सामाचारी विघटावे ते अवक्कर चंपकमाला सरिषा जाणिवा ॥ जिम समदृष्टि ए बोल विचारी आराधक थाइ तिम आत्मा सुविहितें करवो ॥२४॥

तथा सुवि०गछनायकें गणबहि:कृत संयतना शिष्यनें पिण गछवासी पदस्थ उपस्थापनापूर्वक दिग्बंध आचार्यादिकनी संमति ज करे अन्यथा तो पूर्वोक्त ४ श्रुतजीत व्य० ने अनुसारि स्वपर गछनो दिग्बंध सर्वथा न घटइं छ इम गणबहि: कृतसंजतने गछवासी पदस्थ स्वनिश्राइंकहि छे तेहने गुरुकुलवास स्वप्नगत राज्यलाभ वत् प्रमाण नहीं ॥२५॥

*श्रु० जी० लोकरूढि सुविहितगछव्यवहारि प्रवर्त्तता सगोत्रीय आचार्यनी शाखि विना आचार्यादिक पद* प्रमाण नहीं ॥२६॥

ए अठावीस ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# મુંડલનાં જિનાલયોની ધાતુપ્રતિમાઓના લેખો

લક્ષ્મણભાઈ ભોજક

માંડલ. મધ્યકાલીન મંડલીગ્રામમાં સોલંકીયુગમાં કેટલાંક જિનાલયો બંધાયેલાં જે સૌનો મુસ્લિમ આક્રમણો દરમિયાન સંપૂર્ણ વિનાશ થઈ ચૂક્યો છે. વર્તમાનમાં અસ્તિત્વ ધરાવતાં ત્રણ દહેરાસરો આધુનિક યુગમાં બંધાયેલાં છે, તેમાંનાં શાંતિનાથ-દહેરાસર અને મોટા દહેરાસરની ધાતુમૂર્તિઓ ઉપરના લેખો અહીં પ્રસ્તુત કરવામાં આવે છે. તેમાં કોઈ કોઈ મૂર્તિ ઉપર ૧૩મી સદીના લેખ છે પરંતુ તે પૂરા વંચાતા ન હોઈ છોડી દીધા છે. બાકીના છે તેમાં મોટા ભાગના ઈસ્વીસનની ૧૫મી શતાબ્દી અને કોઈ કોઈ સોળમી શતાબ્દીના તુલ્યકાલીન છે, જે બધા અહીં પ્રકાશિત કરવામાં આવે છે. પહેલાં શાંતિનાથના દહેરાસરના લેખો જોઈશું.

( ૧ )

પાટણના શ્રીમાલજ્ઞાતિના શ્રાવકાદિએ સં૦ ૧૫૦૭ / ઈ૦ સ૦ ૧૪૫૧માં ભરાવેલ પાર્શ્વનાથની આ પંચતીર્થી ધાતુપ્રતિમાની વૃદ્ધતપાગચ્છના પ્રસિદ્ધ આચાર્ય રત્નસિંહસૂરિએ પ્રતિષ્ઠા કરેલી હોઈ તે મહત્ત્વની છે.

सं० १५०७ वर्षे वैशाष वदि .... पत्तनवास्तव्य श्रीश्रीमालज्ञा० व्य० वाघा० भा० टबकू गाधा-जावडपुत्राभ्यां भली-झलीपुत्रीभ्यां युतेन बाई भली नाम्न्या स्वभर्तुर्मे० समधर श्रेयसे श्रीपार्श्वबिंबं कारितं प्र० श्री वृद्धतपापक्षे श्री रत्नसिंहसूरिभिः ॥श्रीः

( ૨ )

તીર્થંકર ધર્મનાથની ચતુર્વિંશતિપટ્ટયુકત આ ધાતુપ્રતિમા પણ પાટણના શ્રાવક-શ્રાવિકાદિએ ભરાવેલી છે. લેખ સં૦ ૧૫૦૯ / ઈ૦ સ૦ ૧૪૫૩નો છે. પ્રતિષ્ઠાપક આચાર્ય પિપ્પલગચ્છના ઉદયદેવસૂરિ છે.

संवत १५०९ वर्षे ज्येष्ठ बदि ९ ऊकेश श्रीश्रीमालज्ञातीय श्रे० षेता भा० षेतलदे भ्रातृव्य आसापांचा भा० डाही द्वि० भा० वाल्ही सुत जूठा-शाणा-जिणदासै सर्वपूर्वजश्रेयोर्थं श्रीधर्मनाथप्रमुखचतुर्विंशतिपट्टः कारितः प्रतिष्ठितः पिप्पलगच्छे भट्टा० श्री उदयदेवसूरिभिः शुभं भवतु ॥ श्रीः॥ पत्तनवास्तव्य ॥

( ૩ )

આ પંચતીર્થી ધાતુપ્રતિમા પણ પાટણના જ શ્રાવક-શ્રાવિકાઓએ ભરાવેલ છે. ભરાવનાર શ્રીશ્રીમાલજ્ઞાતિના ગાંધીકુટુંબના છે. પ્રતિમા જીવિતસ્વામી શીતલનાથની છે અને તે પૂર્ણિમાપક્ષના ભીમપલ્લીય જયચન્દ્રસૂરિના ઉપદેશથી સં૦ ૧૫૨૩ / ઈ૦ સ૦ ૧૪૬૭માં ભરાવવામાં આવી છે.

संवत् १५२३ वर्षे वैशाष बदि १ सोमे श्रीश्रीमालज्ञा० गांधी जावड भा० गुरी सुत धना द्वि० भा० हर्षादेनाम्न्या सु० शंकर-श्रीदत्त-सहितया स्वपुण्यार्थं जीवितस्वामि-श्रीशीतलनाथबिंबं का० पूर्णिमापक्षे भीमपल्लीय श्रीपार्श्वचन्द्रसूरिपट्ट श्री जयचंद्रसूरिणामुपदेशेन प्रतिष्ठितं श्रीपत्तनवास्तव्य ॥

( ૪ )

પ્રાગ્વાટ જ્ઞાતિના કુટુંબે સંભવનાથની ચતુર્વિંશતિપટ્ટ યુકત આ ધાતુપ્રતિમા સં૦ ૧૫૪૧ / ઈ૦ સ૦ ૧૪૮૫માં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભરાવેલી, જેની પ્રતિષ્ઠા (તપાગચ્છીય) સોમસુંદરસૂરિની પરંપરામાં થયેલા પ્રસિદ્ધ લક્ષ્મીસાગરસૂરિએ કરાવેલી છે.

सं० १५४१ वर्षे प्राग्वाटज्ञातीय मं० देवा भार्या श्रा० रूपिणि पुत्र मं० पुंजाकेन भार्या श्रा० चंपाई-प्रमुख-कुटुंबयुतेन श्रीसंभवनाथ-चतुर्विंशतिपट्टः कारितः प्रतिष्ठितः श्रीसोमसुंदरसूरिसंताने श्रीलक्ष्मीसागरसूरिभिः ।

( ५ )

જિન ચંદ્રપ્રભની, મૂળે પરિકરમાંથી છૂટી પડી ગયેલ, આ ધાતુમૂર્તિ ઉપર સં૰ ૧૬૫૪ / ઈ૰ સ૰ ૧૫૯૮નો લેખ છે. પ્રતિષ્ઠાપક આચાર્ય પૂર્ણિમાપક્ષના લલિતપ્રભસૂરિ છે.

सं० १६५४ माघ वदि १ रवौ सं० हीरजीकेन श्रीचंद्रप्रभस्वामिबिंबं का० श्रीपूर्णिमापक्षे श्रीललितसूरिभिःप्रतिष्ठितं ॥

માંડલમાં મોટા દહેરાસર તરીકે ઓળખાતા મંદિર સમુદાયમાં ત્રણ મંદિરો છે, જેમાં વચ્ચેનું અને ઉત્તર તરફનું મંદિર વધારે જૂનું છે અને તે બન્નેમાં લેખો ધરાવતી ધાતુમૂર્તિઓ છે તેના લેખો ઉતારી અહીં આપવામાં આવે છે.

( ६ )

સં૰ ૧૪૦૫ / ઈ૰ સ૰ ૧૩૪૯નો લેખ ધરાવતી આ એકતીર્થી પરિકર સહિત ધાતુપ્રતિમાને "શ્રી શાંતિનાથ ગોત્રબિંબ" રૂપે ઘટાવી છે. શ્રીશ્રીમાલજ્ઞાતિના કુટુંબે એને પૂર્ણિમાપક્ષીય નરસિંહસૂરિના ઉપદેશથી ભરાવેલી છે.

सं० १४०५ वर्षे वैशाष शुदि ५ सोमे श्रीश्रीमालज्ञा० व्य० वेला व्य० साजण व्य० अरसीह सा० गेला समस्त गोत्र-पूर्वज-संताने व्य० सामल व्य० सोना व्य० सांगा सा० वाच्छा व्य० रोहा व्य० नाना व्य० बाचा सु० ऊदा सम[स्त] गोत्राभ्युदयाय पूर्वजा० स्वगोत्रिभिः मिलित्वा निजनां श्रेयसे श्रीशांतिनाथ-गोत्र-बिंबं श्रीपूर्णिमापक्षीय श्रीरत्नसागरसूरिपट्टे श्रीनरसिंहसूरिणामुपदेशेन कारितं प्रतिष्ठितं श्रीसूरिभिः । श्रीः॥

( ७ )

શ્રી સંભવનાથની આ પંચતીર્થી ધાતુપ્રતિમા સં૰ ૧૫૦૧ / ઈ૰ સ૰ ૧૪૪૫માં શ્રીમાલજ્ઞાતિના પરિવારજનોએ ભરાવેલ છે. પ્રતિષ્ઠા બ્રહ્માણગચ્છના મુનિચંદ્રસૂરિએ કરી છે.

सं० १५०१ वर्षे माघ शु० ५ बुधे श्रीश्रीमालज्ञातीय श्रे० डाहा भार्या मलू सुत लालाकेन पितृ-मातृ-पितृव्य-श्रेयोर्थं श्रीसंभवनाथबिंबं का० प्रति० श्रीब्रह्माणगच्छे श्रीमुनिचंद्रसूरिभिः ।

( ८ )

અંચલગચ્છીય જયકેસરિસૂરિના ઉપદેશથી ઉકેશજ્ઞાતિના શ્રાવક કુટુંબે સં૰ ૧૫૧૩ / ઈ૰ સ૰ ૧૪૫૭માં જિન મુનિસુવ્રતની ભરાવેલ છે. આ પંચતીર્થી ધાતુમૂર્તિની પ્રતિષ્ઠા શ્રીસંઘે કરી છે.

सं० १५१३ वर्षे वैशाख मासे श्रीऊएस ज्ञा० सा० वीसा भा० वाहलदे सु० सा० झांझण-रतनाभ्यां भा० झटकादे पु० अमरादि-कुटुंबसहिताभ्यां श्रीअंचलगच्छेश श्रीजयकेसरिसूरीश्वरा श्रीमुनिसुव्रतस्वामिबिंबं स्वश्रेयसे कारि० प्र० श्रीसंघेन ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( ૯ )

સંવત્ વગરની આ જિન વાસુપૂજ્યની પંચતીર્થી પણ શિખર વિનાની આ ધાતુપ્રતિમાની કુમારગિરિ — હાલના કુણઘેર — માં નાગેન્દ્રગચ્છના કોઈ સૂરિએ પ્રતિષ્ઠા કરાવેલ છે.

भा० दे पुत्र व्य० अमा भा० नाकू लघुभ्रातृ व्य० दमा भा० मल्हाई पु० धर्मण प्रमुख-कुटुंबयुतेन स्वश्रेयोर्थं श्रीवासुपूज्यबिंबं का० प्र० नागेन्द्रगच्छे श्रीसूरिभिः कुमरगिरौ ॥

( ૧૦ )

શ્રીમાલજ્ઞાતિના કુટુંબીજનોએ સં० ૧૪૮૯ / ઈ० સ० ૧૪૩૩માં આ પંચતીર્થી પંચધાતુની મુનિસુવ્રતસ્વામીની પ્રતિમાની પ્રતિષ્ઠા પૂર્ણિમાપક્ષીય સાધુરત્નસૂરિએ કરી હોઈ તે મહત્ત્વની છે.

संवत् १४८९ वैशाष शुदि ३ श्रीश्रीमाली श्रे० देवा भा० लहिकू-पुत्र-गहगाकेन भा० गंगादे-पुत्र-डाहादि-कुटुंबयुतेन निजपुत्रश्रेयसे श्रीमुनिसुव्रतबिंबं कारितं प्रतिष्ठितं श्रीसूरिभिः ॥ श्रीपूर्णिमापक्षीय-श्रीसाधुरत्नसूरिभिः ॥

( ૧૧ )

સં० ૧૫૦૭ / ઈ० સ० ૧૪૫૧માં માંડલના શ્રીશ્રીમાલજ્ઞાતિના જૈન કુટુંબે જિન નમિનાથની આ પંચતીર્થી ધાતુપ્રતિમા આગમગચ્છના હેમરત્નસૂરિના ઉપદેશથી ભરાવેલી છે.

संवत् १५०७ वर्षे येष्ठ शु० ९ श्रीश्रीमालज्ञातीय व्य० धनपालभार्या-फदू-सुत-कर्मकेन कुटुंबयुतेन स्वपितृश्रेयोर्थं श्रीनमिनाथबिंबं कारितं आगमगच्छे श्रीहेमरत्नसूरिणामुपदेशेन प्रतिष्ठितं मांडलीवास्तव्य ॥श्री॥

( ૧૨ )

પાટણના રહેવાસી શ્રાવક-શ્રાવિકાઓના પરિવારે ભરાવેલી આ સુમતિનાથની પંચતીર્થી ધાતુપ્રતિમાની સં० ૧૫૧૩ / ઈ० સ० ૧૪૫૭માં (સોમસુંદરસૂરિની પરંપરાના) તપાગચ્છીય રત્નશેખરસૂરિએ પ્રતિષ્ઠા કરેલી હોઈ મહત્ત્વની છે.

संवत् १५१३ वर्षे ज्येष्ठ शु० ९ बुधे श्रीश्रीमालज्ञातीय व्य० मालदे-सुत-केल्हाभार्या-हरषूसुत-माणिक्य-भार्या-माणिकिदे श्रेयसे सुत-लखराजादियुतेन श्रीसुमतिनाथबिंबं कारितं प्र० तपा-श्रीरत्नशेखरसूरिभिः पत्तनवास्तव्य ॥श्री

( ૧૩ )

અંચલગચ્છીય જયકેસરિસૂરિના ઉપદેશથી સં० ૧૫૧૭ / ઈ० સ० ૧૪૬૧માં શ્રીવંશના કુટુંબે ભરાવેલ આ સંભવનાથ જિનની પંચતીર્થી ધાતુપ્રતિમાની પ્રતિષ્ઠા શ્રીસંઘે કરેલી છે.

सं० १५१७ वर्षे वैशाष शुदि ३ सोमे श्रीवंक्षे(शे) श्रे० मांडण भा० चापू-पु०-लाखाकेन भा० सोभागिणि पु०-सधारण-सहितेन लघुभ्रातृ-रवीमसी- पुण्यार्थं श्रीअंचलगच्छाधीश-श्रीजयकेसरि-सूरिणामुपदेशेन श्रीसंभवनाथबिंबं कारितं प्र० श्रीसंघेन ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( ૧૪ )

સં૦ ૧૫૨૩ / ઈ૦ સ૦ ૧૪૬૭માં બીબીપુરના પ્રાગ્વાટ જૈન કુટુંબે ભરાવેલ કુંથુનાથની આ પંચતીર્થી ધાતુપ્રતિમા વૃદ્ધ તપાગચ્છના જ્ઞાનસાગરસૂરિએ ભરાવેલ હોઈ અગત્યની છે.

सं० १५२३ वर्षे वैशाख शुदि १३ गुरौ श्रीबीबीपुरवास्तव्य-प्राग्वाटज्ञातीय-व्य० भूंभवभार्या-ललीसुत-व्य० सीवाकेन भार्या टबी व्य० वच्छा-मुख्य-समस्तपुत्रयुतेन आत्मश्रेयसे श्रीकुंथुनाथबिंबं कारापितं प्रतिष्ठितं श्रीवृद्धतपापक्षे श्रीज्ञानसागरसूरिभिः ॥

( ૧૫ )

ઉત્તર તરફના દહેરાસરમાં રહેલા આ કુંથુનાથની પંચતીર્થી ધાતુપ્રતિમા ઉકેશવંશના પરિવારજનોએ સં૦ ૧૫૨૩ / ઈ૦ સ૦ ૧૪૬૭માં પાટણમાં અંચલગચ્છીય જયકેસરિસૂરિના ઉપદેશથી ભરાવેલી. પ્રતિષ્ઠા અંચલગચ્છના શ્રીસંઘે કરાવેલી છે.

संवत १५२३ वर्षे वैशाष बदि ४ गुरौ श्रीऊएसवंशे दो० बडूआ भार्या मेघू-पु०-जय-सुश्रावकेण भा० जाल्हण भ्रातृ जैता पुत्र पूना सहितेन स्वश्रेयसे श्रीअंचलगच्छेश्वर-श्रीजयकेसरिसूरिणामुपदेशेन श्रीकुंथुनाथबिंबं कारितं प्रतिष्ठितं श्रीसंघेन पत्तने ॥

( ૧૬ )

સં૦ ૧૫૮૭ / ઈ૦ સ૦ ૧૫૩૧ની અજિતનાથની આ પંચતીર્થી ધાતુમૂર્તિ પણ ઉપર્યુક્ત દહેરાસરમાં છે. ભરાવનાર પ્રાગ્વાટ જ્ઞાતિના સભ્યો છે. પ્રતિષ્ઠાપક આચાર્ય તપાગચ્છીય હર્ષવિનયસૂરિ છે.

संवत् १५८७ वर्षे वैशाखमासे कृष्णपक्षे ७ दिने शनिवारे चांपानेरवास्तव्य प्राग्वाटज्ञातीय लघुशाषीय मं० राणा भा० रंगादे पु० श्रीनाकूनाम्न्या भ्रा० मं० विपा युतया श्रीअजितनाथबिंबं कारापितं प्रतिष्ठितं तपागच्छनायक श्रीहर्षविनयसूरिभिः

માંડલની આ ધાતુપ્રતિમાઓમાં કેટલી માંડલમાં ભરાયેલી અને કેટલી પાટણાદિ સ્થળોની હશે તેનો નિર્ણય કરવો કઠણ છે. માંડલમાં વર્તમાને તપાગચ્છ, અંચલગચ્છ, અને પાર્શ્વચન્દ્રગચ્છ અસ્તિત્વમાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ગુજરાતની એક વિરલ ધાતુપ્રતિમા

રવિ હજરનીસ

કેટલાંક વર્ષો પૂર્વે બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના વનવિસ્તાર ગઢમહુડીથી ગુજરાત રાજ્ય પુરાતત્ત્વખાતાના ઉત્તર વર્તુળ વિભાગને એક ધાતુપ્રતિમા પ્રાપ્ત થઈ હતી[૧]. આ પ્રતિમા તથાગત બુદ્ધની છે કે જૈન તીર્થંકરની તે અદ્યાપિપર્યન્ત અનિર્ણીત હતું. આ લેખકને તેની ઓળખ, શૈલી, અને સમયાંકન અર્થે જણાવાતા, વધુ અભ્યાસથી ફલસ્વરૂપ નીકળેલ નિષ્કર્ષ આ લેખમાં રજૂ કરેલ છે.

પ્રથમ તો સંશોધનના ઉદ્યોતમાં કયા કારણસર આ મૂર્તિની ચોક્કસ ઓળખ થઈ શકેલ નહોતી એ વિગત જોઈએ.

૧. દેવના વક્ષ:સ્થળને આવરતો કેટલોક ભાગ ખંડિત હોવાથી શ્રીવત્સચિહ્ન હશે કે કેમ તે જાણી શકાતું ન હોતું, જે બુદ્ધ કે જિન પ્રતિપાદિત થવા માટે જાણવું જરૂરી હતું;

૨. પ્રતિમાના મસ્તકનાં દક્ષિણાવર્ત ગૂંચળાવાળા કેશ, ઉષ્ણીષ, લંબિત કર્ણ, અને ત્રિવલ્લી વગેરે બુદ્ધ અને જિન મૂર્તિઓમાં એકસરખા હોવાથી ઓળખ (Identification) માટે ઉપયોગી થાય તેમ ન હતું;

૩. સલેખ મૂર્તિ ન હોવાથી લેખિત આધાર નહોતો.

આ સંક્ષિપ્ત ચર્ચા બાદ હવે ગઢમહુડીની આ હજી સુધી અપ્રસિદ્ધ રહેલી ધાતુપ્રતિમા (માપ ૧૨$^{૧}/_{૨}$ cms. x ૬$^{૧}/_{૨}$ x ૪$^{૧}/_{૨}$ cms. )નું વર્ણન જોઈએ.

દેવમસ્તકના દક્ષિણાવર્ત ગૂંચળાવાળા કેશ, ઉષ્ણીષ, લમ્બિત કર્ણ, અને કંઠે ત્રિવલ્લી વગેરે કંડાર રચના ઉક્ત વર્ણિત પ્રાચ્ય બુદ્ધ કે જિન શિલ્પો જેવી જ છે. દેવનો જરા શો લંબગોળ, ભાવપૂર્ણ, તેજોમય ચહેરો કોઈ મહાન્ તપસ્વી સરખો લાગે છે. એમાં ઢળેલાં પોપચાંયુક્ત નયનો ધ્યાનસ્થ ભાવ બતાવે છે. આ પ્રકારનાં ઢળેલાં પોપચાંયુક્ત નેત્રો અકોટાનાં અર્ધનિમીલિત ચક્ષુઓની રચના કરતાં ભિન્ન છે. પ્રશાન્ત જિનમુખ કરુણા, ત્યાગ, અને મૈત્રીના ભાવ દર્શાવે છે. નેત્રો પર ઉપસાવેલ ભ્રમરભંગી ધનુષ્યાકૃતિ છે. આ પરિપાટી જૂની હોઈ ક્વચિત્ ક્ષત્રપ શિલ્પોમાં દેખાય છે[૨]. વસ્તુતયા ચૌલુક્ય (સોલંકી) કાળ સુધીમાં સારાયે પશ્ચિમ ભારતમાં એ દૃષ્ટિગોચર થાય છે[૩].

બીડેલાં છતાં મધુર સ્મિતથી ઓપતાં અધરો ચૌસા(પટણા સંગ્રહાલયમાં સુરક્ષિત)ની ત્રણ જિન પ્રતિમાઓની ઓષ્ટ રચના સાથે સરખાવી શકાય છે[૪]. અંકોટક(અકોટા)ની કેટલીક મૂર્તિઓમાં નીચેનો હોઠ સહેજ જાડો અને ઉપલો માત્ર ધનુષ્યાકૃતિ બારીક રેખાથી અંકિત થયેલો છે[૫]. અહીં રજૂ થયેલ પ્રતિમાના અધરો અકોટાની પ્રતિમાઓની શૈલીથી ભિન્ન પરન્તુ ચૌસા સાથેનું નિકટનું સામ્ય દર્શાવે છે.

બુદ્ધ અને જિન પ્રતિમાઓમાં મસ્તક પાછળથી કે સ્કંધ પાછળથી જતો આડો પાટડો[૬], વ્યાલ[૭] સાથે કે ક્વચિત્ સાદો બતાવે છે. આસનમાં બે સ્તંભિકા અને વચ્ચે ઉત્કીર્ણ ઊભી રેખાની ભાત કાઢેલી છે. આ થાંભલાઓને રોડાના ખત્તકની સ્તંભિકાઓ સાથે સરખાવી શકાય[૮].

ગઢમહુડીની પ્રતિમાની ઓળખ માટે બે મહત્ત્વના મુદ્દાઓ નિર્ણાયક બન્યા છે.

૧. દેવની સપ્રમાણ દેહયષ્ટિ પર વસ્ત્રનો અભાવ છે. સામાન્ય રીતે બુદ્ધમૂર્તિઓ સંઘાટી સહિતની હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને આથી જ આ પ્રતિમા બુદ્ધની હોવાનું સ્વીકાર્ય લાગતું નથી. અને તે તીર્થંકરની, તેમ જ શ્વેતાંબરને બદલે 'અચેલ ક્ષપણક' સંપ્રદાયની હોવા અંગે કોઈ સંશય રહેતો નથી.

૨. પ્રતિમાના આસનને સંલગ્ન અને તીર્થંકરના શીર્ષ પાછળ જતું પતરું સીધું જતું ન હોઈ, આગળ તરફ જમણી બાજુથી અને ડાબા પડખેથી કેટલોક ભાગ ખાંચાઓ સાથે આગળ આવતો નજરે પડે છે (જુઓ ચિત્ર-૨), જે નાગફણા(?)નું સૂચક હોઈ આ પ્રતિમા પાર્શ્વનાથનો સંભવ દર્શાવી રહે છે.

પાર્શ્વનાથની અન્યથા સુડોળ દેહરચનામાં પગ કંઈક નાના લાગે છે, છતાં પ્રાચીન શિલ્પોમાં હોય છે તેવા સરખા કેશ અને મુખની ભાવપૂર્ણ રચના, આસનના સ્કંધ પાછળથી જતા પ્રાચીન લઢણના પાટડાની રચના, કંડારની સાદાઈ અને વિશિષ્ટ શૈલી ઇત્યાદિને ધ્યાનમાં રાખતાં તેને ઈસ્વીસનના સાતમા શતકના પ્રારંભે મૂકી શકાશે. ઉપલબ્ધ તમામ પાસાંઓની વિચારણા બાદ કહી શકાશે કે ગઢમહુડીની વિરલ પાર્શ્વનાથની અચેલ-ક્ષપણક સંપ્રદાયની ઓળખ સાથે મહત્ત્વના ધાતુશિલ્પનો ઉમેરો થયો છે[૯].

---

### ટિપ્પણો :-

૧. હાલ એ પ્રતિમા કચેરીના સંગ્રહમાં સુરક્ષિત છે. એનું ચિત્ર અને મંજૂરી માટે લેખક શ્રી દિનકર મહેતા, પુરાતત્ત્વ નિયામક, ગુજરાત રાજ્ય, અમદાવાદના આભારી છે. ચિત્ર પુરાતત્ત્વખાતાના સૌજન્યથી રજૂ કરેલ છે.

૨. રવિ હજરનીસ અને મુનીન્દ્ર જોષી, "ગુજરાતના એક અપ્રસિદ્ધ ક્ષત્રપકાલીન શિલ્પનું શીર્ષ", **સ્વાધ્યાય**, વડોદરા ફેબ્રુ૦-૧૯૮૭, પૃ૦ ૧૮૨.

૩. રવિ હજરનીસ અને મુકુંદ રાવલ, "બે દેવી મસ્તકો", **વિદ્યાપીઠ**, અમદાવાદ જાન્યુ૦-ફેબ્રુ૦-૧૯૮૨, પૃ૦ ૫૧.

૪. Umakant shah, *Akota Bronzes*, Bombay 1959, plates Ib, 2a, and 2b.

૫. *Ibid.*, plates 18, 39, 40, 43 and 58.

૬. *Ibid.*

૭. ગજ-વ્યાલ-મકર ત્રયી (Trio ); વ્યાલ શિલ્પો માટે જુઓ :

(અ) M. A. Dhaky, *The Vyāla Figures on thc Mediaeval Temples of India*, Varanasi 1965.

(બ) રવિ હજરનીસ, ગુજરાતનાં "વ્યાલશિલ્પો" (ઈ૦ સ૦ ૧૩૦૦ સુધી), **ચંદ્રક વિજેતા નિબંધો-૧૯૮૮**, (સં૦) પરમાર/શુક્લ, અમદાવાદ ૧૯૮૯.

(ક) દિનકર મહેતા, "જૂનાગઢનાં વ્યાલ શિલ્પો" (અદ્યાપિ અપ્રસિદ્ધ લેખ.)

૮. Umakant Shah, "Sculptures from Samlaji and Roda," *Bulletin of the Baroda Museum and Picture Gallery*, Baroda 1960, plates off.

૯. લેખ અંગેનાં સૂચનો માટે લેખક સ્થાપત્યકલાવિદ્ પ્રા૦ મધુસૂદન ઢાંકીના ઋણી છે. લેખમાં સહાય શ્રીમતી સ્વાતિ જોષીએ અને શ્રી ભા૦ રા૦ મકવાણાએ આપી છે.

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



સંભવતઃ પાર્શ્વનાથ ધાતુપ્રતિમા, ઈસ્વી ૭મી સદી, ગઢ મહુડી, બનાસકાંઠા, ગુજરાત.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# HINDĪ SECTION

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# शिरमोर दार्शनिक आचार्यप्रवर श्री सिद्धसेन दिवाकरजी की १९वीं द्वात्रिंशिका का एक अधिक प्राप्त हुआ पद्य

**मुनि जंबूविजय**

